CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३.2

श्री सामवेद संहिता

(१)

(गुजराती)

ालय
ाणसी-५

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૦)

નેક નામદાર ખુદાવિંદ મહારાણાશ્રી દોલતસિંહજી
બહાદુર કે.સી., એસ., આઈ., લીંબડી નામદાર સાહેબના હજુર
માં પોરબંદર તા. ૨૫-૭-૩૩ લી. વકીલ ગોવિંદજીભાઈ
ભેટ

सं० आर्य
नो. मठ ... १०६ .
लीलाधर ।
आनंद बाग
अहमदाबाद

आम्नाय-ग्रन्थालय,
सरस्वतिनिधि, करौंदी
वाराणसी-5

६।५६

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ 3/5

आम्नाय-ग्रन्थालय, भरतनिधि, करौंदी वाराणसी-5

ॐ

श्री गणेशाय नमः

॥ श्री सामवेदसंहिता ॥

(विभाग १) लो

पूर्वार्चिक ।

तेनुं

श्रीयुत मोतीलाल रविशंकर घोडा,
बी. ए. एल. एल. बी. वकील,
रे. जूनागढ (हाल–नडीआद.)–प्रणीत,

(સાયણભાષ્યાનુસાર)
ગુજરાતી ભાષાન્તર.
(समूल, सान्वय, सशब्दार्थ)

મુમુક્ષુઓને માટે પડત મૂલ્યે આપવા.

-: પ્રકટ કરનાર :-
(શ્રી કપડવંજનિવાસી સ્વર્ગસ્થ શેઠ, ત્રિવેદી શ્રીકમલાલ મથુરભાઈની સહાયથી)
શ્રી પોરબંદર વેદશાળા,
હા. ગોવિંદજી ડાહ્યાભાઈ લાખાણી વકીલ.
નોર્થબંદરરોડ,–પોરબંદર.

આવૃત્તિ પહેલી.
પ્રત. ૬૦૦

સંવત ૧૯૮૯
સને ૧૯૩૩

કિંમત રૂ. ૧–૧૨–૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઢાળ કલ્યાણ.

જોની જીવ તાહારા સ્વરૂપને, કરિને મૂલગો વિચાર,
કેહેવો તું શે આકારેં રહ્યો, આ દેહ નોહોતો જયવાર. ૧
શુક્ર શોણિતનો દેહ થયો પછે, તેહમાં દીસે શું સાર,
ત્વગ હાડ નાડી માંસ છે, રસ કફ મલનો ભંડાર. ૨
કયાંહાંથી આવ્યો તેહે માંહે તું, સ્મૃતિ થઇ જન્મ અપાર,
ત્યાંહાં પણ વીશરચું, અજ્ઞાનનો અંધકાર. ૩
ઉંધે મસ્તક ટંગાઇ રહ્યો, દેહનો ધરીને અહંકાર,
તાદાત્મે દુઃખ પામે ઘણું, કહીએ આવે નહિ પાર. ૪
જન્મથી માંડી મૃત્યુ લગે, દેહ હું જાણે નિરધાર,
આ માહારી માતા માહારો પીતા, આ માહારી જાત્ય પરિવાર. ૫
વ્યતિરિક દેહથી તે લહે નહિ, જાગ્રતનો તું જોનાર,
દેહ ઇંદ્રિનો દ્રષ્ટા સદા, પાષાણાદિકનો આધાર. ૬
તેહેને પણ તું જાણે સદા, મન બુધ્ય ચિત્ત અહંકાર,
સ્વપન સુષુપતિ પણ તું લહે, સાક્ષિ તું નિરધાર. ૭
સાક્ષિ બ્રહ્મ સ્વરૂપ છે, શ્રુતિયો કેહે વારંવાર,
અજ્ઞાન તું ને તાહારૂં થયું, તેણ્યે તું પાંમે સંસાર. ૮
ગુરૂશાસ્ત્ર શ્રધાએ સેવતાં, પામે મોક્ષનું દ્વાર,
નિત આત્મા ઓલખી શકે, કૃતકૃત માને ત્યવાર. ૯
વ્યાપક રૂપ તાહારૂં સદા, ન મલે કશોએ આકાર,
અનુભવાનંદ હ્યે ઓલખી, મિથ્યા જાએ અહંકાર. ૧૦
જોની જીવ તાહરૂં૦

(શ્રી જૂનાગઢનિવાસી શાકતકવિ શ્રી નાથભવાન ઉર્ફે સ્વામીશ્રી અનુભવાનંદ સરસ્વતી કૃત–શ્રી વિષ્ણુપદ.)

ડભાણભાગોળે માળીવાડામાં આવેલા યુનિવર્સલ સ્ટીમ પ્રેસમાં દેસાઈ મગનભાઇ છોટાભાઇએ પ્રકાશક માટે છાપ્યો–નડીઆદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पूज्यपाद ब्रह्मविद्वरिष्ट महात्मा श्रीमन्नथुरामशर्मा
प्राकटय सं. १९१४ ना आश्विन शुदि ४
સ્વરૂપાવસ્થાન સં. ૧૯૮૭ ના આશ્વિન વદિ ૧૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્પણપત્રિકા.

પરમકૃપાલુ પૂજ્યપાદ સદ્‌ગુરૂ પરમાત્મા શ્રી ૧૦૮

શ્રીમન્નથુરામશર્મા આચાર્યજીનાં

પરમપુનીત ચરણારવિંદમાં

સવિનય અનેકાનેક સાષ્ટાંગ દંડવત્ પ્રણામપૂર્વક વિનંતિ કે:—

સનાતનધર્મોદ્ધારક પ્રભો !

આપશ્રીએ આપશ્રીના દિવ્ય જીવનમાં સનાતન વેદધર્મને હૃદયપ્રિય ગણીને તેના ઉદ્ધારને અર્થે જે શ્રમ લીધો છે તે અવર્ણનીય હોઇ જગત્પ્રસિદ્ધ છે. આપશ્રીના શ્રમને પરિણામે ગુજરાત કચ્છ કાઠિયાવાડ તથા મુંબઇ-કરાચી-આદિ સ્થળે ગુજરાતી-ભાષા-જાણનારી પ્રજામાં વૈદિકધર્મનો પુનરૂદ્ધાર થયો છે દ્વિજો પોતાનાં નિત્યનૈમિત્તિક કર્મ ઉત્તમપ્રકારે આચરવા લાગ્યા છે. આપશ્રીના અનુપમ શાસ્ત્રોપદેશને પ્રતાપે બ્રાહ્મણો ઉપરાંત ક્ષત્રિયવૈશ્યોમાં પણ મહારૂદ્ર તથા વિષ્ણુયાગ-આદિ વૈદિકયાગો પુનઃ ચાલુ થયા છે, અને શૂદ્રવર્ગ તથા સ્રીવર્ગ પણ પોતાનાં ધાર્મિક કર્તવ્યો યથાશક્તિ આચરવા લાગ્યા છે. અષ્ટાંગયોગનું, પ્રભુભક્તિનું અને વેદાંતપ્રતિપાદિત બ્રહ્મજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ પણ આપશ્રીએ પ્રજાને બહુ સ્પષ્ટપણે સમજાવ્યું છે, અને એ સંબંધે પણ ભાગ્યશાળી પ્રજાને નવી જાગૃતિ આપી છે. ખરેખર, આ કળિકાળના ઘાટા અન્ધકારના સમયમાં આપશ્રીએ કોઇ નવો અલૌકિક પ્રકાશ પાડયો છે. આપશ્રીનો આ પ્રભાવ સનાતની પ્રજાએ સુભાગ્યે જોયો છે, અને હજી અધિકપણે જોશે એમ મારૂં અંતઃકરણ સાક્ષી પૂરે છે. જો કે આપશ્રીનું દિવ્યતનુ આ લોકમાંથી અદૃશ્ય થયું છે, તોપણ મહેશ્વર સ્વરૂપે આપ સદા સર્વત્ર વિરાજી રહ્યા છો. સનાતનધર્મના મૂળભૂત આ વેદગ્રંથ હૃદયની ભાવના વડે આપશ્રીની પરમપાવન સેવામાં ધરી અતિશય નમ્રતાપૂર્વક આપશ્રીનો આંતર આશીર્વાદ યાચું છું કે-પ્રભો ! આપશ્રીની મહત્કૃપાથી મારા સનાતની બંધુઓ જાગ્રત્ થઇ વેદો કે જે મહાજ્ઞાનના ભંડારરૂપ છે તેને શબ્દ, ઉચ્ચાર, અર્થ તથા રહસ્યપૂર્વક સારી રીતે સમજવા શક્તિમાન્ થાઓ, અને વેદોના ઉપદેશને હૃદયસ્થ રાખી વેદાજ્ઞાનુસારી સચ્ચારિત્ર્ય વડે પોતાનું અને અન્ય જીવાત્માઓનું આ લોકનું તથા પરલોકનું કલ્યાણ ઉત્તમ પ્રકારે સાધો.

આપનો આજ્ઞાંકિત સેવક,
ગોવિંદજી ડાહ્યાભાઈ લાખાણી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશકનું નિવેદન.

પરમકૃપાળુ પરમાત્મા તથા શ્રી સદ્‌ગુરૂદેવની મહત્કૃપાથી આ **શ્રી "સામવેદ સંહિતા"** નો ગૂજરાતી ભાષાન્તર પ્રકટ કરવાનો સંયોગ શી રીતે પ્રાપ્ત થયો તે સંબંધી સંક્ષિપ્ત હકીકત અત્ર નિવેદન કરવા રજા લઉં છું.

મ્હારા પ્રિયમિત્ર શ્રીયુત રા. રા. મોતીલાલ રવિશંકર ઘોડા, બી. એ એલ. એલ. બી. જેઓ જુનાગઢના રહીશ વડનગરા નાગર ગૃહસ્થ છે અને હાલમાં નડીયાદમાં વકીલાત કરે છે તેમનો સંસ્કૃત ભાષાનો ઉંચો અભ્યાસ છે અને તેમણે કેટલાએક પ્રાચીન વેદાંતાદિક ઉત્તમગ્રન્થોના ભાષાન્તર કર્યાં છે. સદરહુ ગ્રન્થો પૈકી શ્રી **'શંકરાનંદી'** ભગવદ્‌ગીતા તથા મધુસૂદનસ્વામીશ્રીકૃત "શ્રી **ભકિતરસાયનનાં**" ભાષાંતરો જોતાં મને તેઓશ્રીને પ્રત્યક્ષ મળવા ઉત્કંઠા થએલી. ત્યારબાદ, પ્રભુ ઇચ્છાથી કેટલાએક સમયપશ્ચાત્ તે સંયોગ પ્રાપ્ત થતાં તેઓશ્રીની વિદ્વતા તથા નિરભિમાનિતાનો મને અનુભવ થતાં અત્યંત આનંદ થયો. આ પ્રસંગે, આદ્યગુરૂ શ્રીશંકરાચાર્યપ્રણીત "**ઉપદેશસાહસ્ત્રી**" ના ગદ્યભાગનો ભાષાંતર પ્રસિદ્ધ કરવા તેઓશ્રીએ મને ઇચ્છા જણવતાં તે વાતનો મેં આનંદથી સ્વીકાર કર્યો અને તે ગ્રંથ મારા પુત્રોના નામથી પ્રસિદ્ધ થએલ છે.

આ ઉપરાંત, શ્રી વિદ્યારણ્યમુનિવિરચિત "**શ્રી અનુભૂતિપ્રકાશ**" નો ગૂજરાતી ભાષાંતર પણ શ્રી મોતીલાલભાઇએ કરેલો છે. બ્રહ્મીભૂત પરમપૂજ્ય ગુરૂશ્રી આ ગ્રન્થનું પ્રવચન કરતા હતા. આ ગ્રન્થ અપૂર્વ તથા વેદાંતપ્રચુર હોવાથી તેનો ગૂજરાતી ભાષાન્તર કરાવવા મને તીવ્રઇચ્છા થતાં મેં ગુરૂશ્રીને વિજ્ઞપ્તિ પણ કરેલી. પરન્તુ, તેઓશ્રીનું સ્વ-રૂપાવસ્થાન થતાં મારી તે ઇચ્છા ફળીભૂત થઇ શકી નહિ. કેટલાક સમય બાદ મેં શ્રી. મોતીલાલભાઇને તે કાર્ય પરિપૂર્ણ કરવા ઇચ્છા જણવતાં તેમણે તે ભાષાંતર કરતાં નામદારશ્રી લીંબડી નરેશની પુણ્યસહાયથી સ્વ. કુમારશ્રી રામરાજેન્દ્રસિંહજી સ્મારકગ્રન્થ-માળાના ગ્રન્થાંક રૂપે તે ગ્રન્થ પ્રસિદ્ધ થયો છે અને તેથી મને અધિક આનંદ થાય છે.

ત્યારબાદ, ગઇ સાલ તેઓશ્રીએ "**શ્રી શુકલયજુર્વેદસંહિતા,**" "**શ્રી સામવેદ સંહિતા,**" તથા "**શ્રી અથર્વવેદસંહિતા**"ના ભાષાંતર તૈયાર કરવાનો વિચાર જણાવી, તે પ્રસિદ્ધ કરાવવા સંબંધી બનતો પ્રયાસ કરવા મને ઇચ્છા પ્રદર્શિત કરતાં તે મેં અત્યંત આનંદ સાથે સ્વીકારી, તે સંબંધી પ્રભુપ્રેરણાપૂર્વક પ્રવૃત્તિ આરંભેલી.

આ પ્રવૃત્તિના પરિણામે નામદાર વઢવાણ ઠાકોર સાહેબ તથા નામદાર લીંબડી ઠાકોર સાહેબની સહાયથી "**શ્રી શુકલયજુર્વેદસંહિતા**" છપાવવાનું કામ ચાલુ છે.

વળી, શ્રી પોરબંદરના નામદાર મહારાણા સાહેબ તરફથી "શ્રી **અથર્વવેદસંહિતા**" નો પ્રથમ ભાગ પ્રસિદ્ધ કરાવવા રૂા. ૫૦૦) ની સહાય આપવા આજ્ઞા થએલી છે.

"**શ્રી સામવેદસંહિતા**" નો ભાષાંતર છપાવવા શ્રી કપડવંજનિવાસી તથા ભીમડી (જીલ્લે થાણા) ના રહીશ મ્હારા પૂજ્ય ગુરૂબંધુ સ્વ. શેઠ ત્રીકમલાલ મથુરભાઈને તીવ્ર ઉત્કંઠા હતી તે મને વિદિત હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમણે સંવત ૧૯૮૭ ના વૈશાખ માસમાં પોતાના વતન કપડવંજમાં અમારા પૂજ્ય-પાદ સદ્ગુરૂશ્રી ૧૦૮ **શ્રીમન્નથુરામશર્મા આચાર્યજી** ની ખાસ પધરામણી કરાવી, હોમાત્મક મહારૂદ્રયાગ બહુ ઉત્સાહપૂર્વક ભારે ધામધુમથી કરી, પોતાના ચિ. રામલાલને યજ્ઞોપવીત ધારણ કરાવેલું. આ શુભ પ્રસંગે તે મહોત્સવનો લાભ મેં તથા મ્હારા કેટલાક ગુરૂબંધુઓએ પણ લીધેલો.

આ શુભપ્રસંગે સ્વ. શેઠ ત્રીકમલાલજીએ પોતે સામવેદી હોવાથી "**શ્રી સામવેદ સંહિતા**" નો ગૂજરાતી ભાષાંતર કરવાની પૂજ્યપાદ ગુરૂશ્રીને અત્યંત ઉત્કંઠા-પૂર્વક વિજ્ઞપ્તિ કરેલી ને તે પરમપૂજ્ય ગુરૂશ્રીએ આનંદપૂર્વક સ્વીકારેલી પણ ખરી. કિન્તુ, દૈવવશાત્ ગુરૂશ્રી બ્રહ્મીભૂત થતાં તેઓશ્રીની તે ઉત્કંઠા પરિપૂર્ણ થઇ શકી નહિ.

આમ હોવાથી, શ્રીયુત મોતીલાલભાઇએ "**શ્રી સામવેદસંહિતા**"નો ભાષાંતર કરવા આરંભેલો તે વાત મને જણાતાં મેં ભીમડી લખી જણાવી તથા યાત્રાર્થે શ્રીનાસિક જતાં શેઠશ્રીને રૂબરૂ મળતાં તેઓશ્રીએ પોતાની મનોવાંછના સિદ્ધ થવાનું સમજી, ઘણા આનંદ સાથે આ આખોય ગ્રન્થ પોતાને ખરચે પ્રસિદ્ધ કરાવવા મને ઇચ્છા જણાવી. તેના પરિણામે ગુરૂ દયાથી આ ગ્રન્થ પ્રગટ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો.

મને અહીં જણાવતાં અત્યંત ખેદ થાય છે કે આ ગ્રન્થ (પૂર્વાર્ચિક) પ્રકટ થવાની લગભગ અણી ઉપર આવેલો તે ક્ષણે શ્રી.ત્રિકમલાલભાઈએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. તેઓશ્રીની ગુરૂભકિત, ઉંડીધર્મશ્રદ્ધા, મહત્કાર્યને ઉચિત ધૈર્ય તથા પ્રશસ્ય વ્યવહારિક ઉદારતા ઉદાહરણીય હતાં. તેમની પુણ્યભાવના તેમની પ્રજામાં અવિચ્છિન્ન ઉતરો તથા તેમનો પુણ્યાત્મા બ્રહ્મીભૂત પરમપૂજ્યગુરૂના સ્વરૂપમાં ભળો એવી પ્રભુ પાસે પ્રાર્થના કરૂંછું. પ્રભુઇચ્છા તો ઉત્તરાર્ચિકમાં સ્વ. ત્રિકમલાલભાઇના ક્ષરજીવનની રૂપરેખા વિગતથી અપાશે.

વળી, આ સ્થળે જણાવવું જોઇએ કે નામદાર શ્રી ગાયકવાડ સરકારના ઉદાર આશ્રયના પરિણામે શ્રીયુત મોતીલાલભાઇએ "**શ્રી ઋગ્વેદસંહિતા**" નો ભાષાંતર તૈયાર કરેલો. તેમાં પ્રથમઅષ્ટકના બે વિભાગો પ્રસિદ્ધ થએલા છે અને બીજું અષ્ટક છપાય છે.

આ ઉપ્રાંત, મારે છેવટમાં આ સ્થળે જણાવવું જોઇએ કે શ્રી. મોતીલાલભાઇએ, "**શ્રી ઉપદેશસાહસ્ત્રી**" "**શ્રી અનુભૂતિપ્રકાશ**" તથા "**શ્રી શુકલયજુર્વેદસંહિતા**", "**શ્રી સામવેદસંહિતા**" તથા "**શ્રી અથર્વવેદસંહિતા**"ના ગૂજરાતી ભાષાંતર કેવળ નિઃસ્વાર્થ-પણે તથા ધર્મબુદ્ધિપૂર્વક કરેલાં છે તે માટે તેને સર્વદા ધન્યવાદ ઘટે છે. અને વળી, સનાતનધર્મવિલમ્બી જનતા તેનાં આ ધર્મકાર્યમાટે સદા સર્વદા કૃતાભિજ્ઞ રહેશે એમ કહી, શ્રીયુત મોસુફને આવાં પરોપકારી ધર્મકાર્યો કર્યે જવા પૂર્ણ આરોગ્ય તથા શકિત આપો તથા ધર્મપ્રેમી મુમુક્ષુઓ આપણા આવા પ્રાચીન અપૌરૂષેય દૈવીગ્રન્થો મધ્યે રહેલ મધુર તત્વામૃતનું સદા પાન કરો એવી પ્રભુપ્રાર્થના સાથ હું વિરમુંછું.

સંવત ૧૯૮૯ના અષાડ સુદ ૧૫ શુક્રવાર લિ.

પોરબંદર. ધર્માવલમ્બી જનતાનો આજ્ઞાંકિત
તા. ૭-૭-૩૩ સેવક

ગોવિંદજી ડાહ્યાભાઈ વકીલ.
શ્રી પોરબંદર વેદશાળા વ્યવસ્થાપક.

. Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસ્તાવના.

સામ સંહિતા અને શાખાઓ.

મહર્ષિ વેદવ્યાસે મૂળવેદને ચાર સંહિતામાં ગોઠવી સામવેદની સંહિતા પોતાના શિષ્ય જૈમિનિને જણાવી. આ સામવેદની એકંદર ૧૦૦૦ શાખાઓ હતી. (જુઓ **मुक्तिकोपनिषद्** મંત્ર ૧૩) પરંતુ હાલ **कोथमी** શાખાનું સાહિત્ય ઉપલબ્ધ છે. **जैमिनीय** શાખા જેનું બીજું નામ **तलवकार** શાખા છે, તેનું સર્વાંશ સાહિત્ય મળી આવતું નથી. તે ઉપરાંત **राणायणीय** શાખાનું પઠનપાઠન દક્ષિણાપથમાં ચાલે છે. ઉત્તર હિંદુસ્થાનમાં **कौथमी** શાખાનું અધ્યયન અધ્યાપન ચાલે છે.

તેના વિભાગ અને રચના.

સામવેદની મંત્ર સંહિતાના બે વિભાગ છે દરેક વિભાગને **आर्चिक** એવું નામ આપવામાં આવે છે. **आर्चिक** એટલે ઋચાઓનો સંગ્રહ, સામવેદના ઋત્વિજને **उद्‌गाता** કહે છે કારણ કે તેનું કર્તવ્ય યજ્ઞવિધિમાં ઋચાઓને ગાનની રીતિએ ભણવાનું હોય છે. પ્રથમ ભાગને **पूर्वार्चिक** અને ઉત્તર ભાગને **उत्तरार्चिक** કહે છે. એકંદર ૧૮૧૦ ઋચાઓ પૈકી ઘણો મોટો ભાગ **ऋग्वेद** સંહિતાના મંત્રોનો ઘડાયલો છે અને તે **ऋग्वेद**ના આઠમા અથવા નવમા મંડળમાંના મંત્રોનો બનેલો છે. ઘણી ઋચાઓ ગાયત્રી, પંકિત, જગતી છંદોની છે. આ ઋચાઓને ગેય રૂપમાં લઇ જવાની પ્રથા ઘણી જૂની હતી, અને તેથી ગાયત્રી પંકિત અને જગતી પંકિત મેળવી **प्रगाथ** છંદમાં ગાવાનો સંપ્રદાય ઉત્પન્ન થયો હતો.

આ અનુવાદમાં સમાયેલો પૂર્વાર્ચિક અને તેની ઋચાઓ.

આ અનુવાદમાં **पूर्वार्चिक**ની ઋચાઓનો સંગ્રહ છે. **पूर्वार्चिक**ના આંતર વિભાગને **अध्याय** અથવા **प्रपाठक** કહે છે; અને તેના પેટાવિભાગને ખંડ કહે છે. પ્રત્યેક ખંડમાં **ઘણે ભાગે** દસ દસ ઋચાઓ હોય છે. જેને **दशती** કહે છે. આ રચના સર્વાંશ જળવાયલી નથી. કેટલાક ખંડમાં ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪. ઋચાઓનો સમૂહ જોવામાં આવે છે. **पूर्वार्चिक**માં દેવતા પરત્વે વિચારીએ તો પહેલા અધ્યાય અથવા પ્રપાઠમાં **आग्नेयपर्व** બીજા, ત્રીજા અને ચોથામાં **ऐन्द्र पर्व** અને પાંચમામાં **पवमान पर्व**નો સમાસ થાય છે. દેવતા સંબંધી પર્વોની ઋચાઓ પત્ય થાય છે. છટ્ઠા અધ્યાય અથવા પ્રપાઠકમાં **आरण्यक पर्व** છે. અને તેનો સંબંધ વેદના આરણ્યક સાથે હોવો જાઇએ. તેમાં ૫૫ ઋચાઓ છે. એકંદર આ અનુવાદમાં સમાયેલા **पूर्वार्चिक**માં ૬૪૦ ઋચાઓ છે.

साम સંજ્ઞાનું લક્ષણ.

આ ઋચાઓને **साम** સંજ્ઞા આપવામાં આવી છે. તેનું કારણ એવું જણાય છે કે ઋચા તે મંત્રની યોનિ છે અને તેના ઉપર ગાનની અથવા સૂરની પદ્ધતિ રચાયેલી છે. ઉપનિષદ્‌માં એવી ભાવનાં દાખલ કરવામાં આવી છે કે **वाक्** એ ઋચાની યોનિ છે. અને તેના ઉપર **प्राण** આરૂઢ થાય ત્યારે **साम**ની ઉત્પત્તિ થાય છે. સારાંશ **वाक्** શકિત સાથે **प्राण**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુરૂષના સંયોજનથી **साम** અથવા સ્વરસંવાદ ગેયરૂપે પ્રકટે છે. આ સ્વરસંવાદનું સર્વોત્તમ ફલ તે **उद्गीथ** અથવા પ્રણવ છે એટલે સામવેદનો પ્રણવ વિદ્યા સાથે નિકટ સંબંધ છે. (જુઓ **छान्दोग्य उ० प्र १ खंड ६-७**)

સામવેદના ગાન વિભાગ કરીએ તો:-

સામવેદના ગાન વિભાગ	સંખ્યા	
૧ **संहितागान.**	૧૨૩૨	સામ
૨ **आरण्यकगान.**	૨૯૧	,,
૩ **उव्हगान.**	૧૮૦૨	,,
૪ **रहस्यगान.**	૩૫૬	,,
કુલ	૩૬૮૧	

આ વિભાગ **जैमिनीय** શાખાના **सामवेदगान** ગ્રંથ ઉપરથી લીધા છે.

ગાનના વિષય વિભાગ.

સંહિતાગાનમાં ઉપર કહ્યા પ્રમાણે **आग्नेय, ऐन्द्र** અને **पवमान** એવા ત્રણ પર્વો છે. આરણ્યક ગાનમાં **व्रत, शुक्रीय, शक्वर** અને **औपनिषद्** એવા ચાર પર્વો છે.

સામવેદનું ગાન સંબંધી સાહિત્ય.

સામવેદના ગાન સંબંધમાં વિશેષ સ્વર સંબંધી અને ગાનની પદ્ધતી સંબંધી જેમણે માહિતી મેળવવી હોય તેણે સાંગ સામવેદના ઉદ્ગાતા પાસેથી શિક્ષણ લેવું જોઇએ. તે સંબંધી સાહિત્ય નીચે પ્રમાણે ઉપલબ્ધ છે, પરંતુ તે મુદ્રિત નથી.

१ **गीतिकल्प.**
२ **गायत्रविधान.**
३ **सामपरिभाषा.**
४ **स्वरवर्णलक्षण** અથવા **सप्तस्वरविधु.**
५ **स्वरमंजरी.**
६ **स्वरसिद्धांतचक्र.**
७ **स्वरसिद्धांतचन्द्रिका.**
८ **स्वरांकुश** [**जयंतस्वामी**ના ભાષ્ય સાથે.]
९ **स्वरावधानचक्र.**
१० **स्वराष्टक.**

ઉત્તરાર્ચિકની રચના.

સામવેદના **उत्तरार्चीक**માં ત્રણ ત્રણ ઋચાનું એક એક ગાન છે. તેનાં ચારસો ગાન તેમાં આવે છે. વિશેષ શોધમાં જણાય છે કે:—

૨૮૭ પદ્યો અથવા ગાન ત્રણ ત્રણ રુચાનાં છે.

૬૬ ... ... બબ્બે રુચાનાં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૩	...	...	એક એક રુચાનાં છે.
૧૦	...	...	૭ ૭ રુચાનાં છે.
૯	...	...	ચાર ચાર રુચાનાં છે.
૪	...	...	પાંચ પાંચ રુચાનાં છે.
૩	...	...	નવ નવ રુચાનાં છે
૭	...	...	સાત અને બાર રુચાનાં છે.
૧	...	...	આઠ રુચાનું છે.
૪૦૦			

શબ્દ જેની રીતે ઉચ્ચારવામાં આવે તેવા આંક ઋચાના અક્ષરો ઉપર મૂકવાની પદ્ધતિ છે. ગાન કરતી વખતે જે અક્ષરને લંબાવવામાં આવે અથવા પ્રક્ષેપ કરવામાં આવે તેને સ્તોત્ર કહે છે. ઉદાહરણ તરીકે **હોઈ, હુવા**, વિગેરે. સામના પંચ સામ અને સપ્તસામ– એવા વિભાગો ઉપનિષદ્‌માં આવે છે. તેની સંજ્ઞા નીચે પ્રમાણે તારવી શકાય છે:–

સ્વરની ઉત્પત્તિનાં સ્થાનો અને સ્વાભાવિક સ્વરની સમજણ.

પંચ સામ સંજ્ઞા.	સ્વર ઉચ્ચાર	સપ્ત સામ સંજ્ઞા
૧ હિંકાર	**हाउ**	૧ હિંકાર
૨ પ્રસ્તાવ	**हाइ**	૨ પ્રસ્તાવ
૩ ઉદ્‌ગીથ	**अथ**	૩ આગ્નેય
		૪ ઉદ્‌ગીથ
૪ પ્રતિહાર	**उह**	૫ પ્રતિહાર
		૬ ઉપદ્રવ
૫ નિધન	**ई**	૭ નિધન

પ્રણવ અથવા ઉદ્‌ગીથ સાથે સ્વર સપ્તક (**षड्जादि** અથવા સરીગમપધની) ની પદ્ધતિ જોડવામાં આવી છે; અને એમ સમજાવવામાં આવે છે કે પ્રથમ સામનો ઉદયક્રમ તાલુ સાથે, બીજાનો ભ્રૂમધ્યમાં, ત્રીજાનો કણ્ઠમા, ચોથાનો નાસિકાગ્રમાં, પાંચમાનો તથા છઠ્ઠાનો ઉરસ્ એટલે છાતીમાં અને સાતમાનો ઉરસના ઊંડા ભાગમાં થાય છે, એટલે કે અમુક સ્વરનો થડકો તે તે સ્થાનમાં થાય છે. નાદનો મૂલ ઉદય મૂર્ધાના સહસ્રદલમાં દૈવી ભૂમિકામાં થયા પછી એટલે **कृष्ट** સ્વર અથવા નાદનો આદ્ય ક્ષોભ થયા પછી ઉતરતા ક્રમમાં નાદલહરી આવે છે. એમ કહેવામાં આવે છે કે પ્રથમ સામનો સ્વર વસુદેવોનો સ્વાભાવિક છે, બીજાનો સ્વર ગંધર્વનો સ્વાભાવિક છે. ત્રીજાનો સ્વર અપ્સરાઓનો સ્વાભાવિક છે. (આ ત્રણે સ્વરો મનુષ્યપ્રાણીના સ્વાભાવિક હોય છે) ચોથાનો સ્વર પક્ષિ–સર્પનો સ્વાભાવિક છે; પાંચમાનો સ્વર પિશાચ, રાક્ષસ અને અસુરોનો સ્વાભાવિક છે અને સાતમાનો સ્વર સ્થાવર જંગમ પદાર્થોમાં સ્વાભાવિક થઇ ગયો હોય છે. મૂર્ધાના નાદના દેવતાને દૈવ્યદેવ કહે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

સાત સામના સ્વરો ઉપરના અધિદૈવતને અનુક્રમે ૧ સાહિત્ય, ૨ સાધ્ય, ૩ અશ્વિન્ ૪ વાયુ, ૫–૬ સૂર્ય અને, મૈત્રાવરૂણ કહે છે. એટલે કે તે તે દેવતાના સ્વાભાવિક ઉપકાર વડે તે તે સ્વરોનો ઉદય થઇ શકે છે. પાછળના ગાંધર્વ વેદમાં **સરીગમપધની**ના સ્વર સપ્તકના સ્વાભાવિક સ્વરોદય સારૂ ક્રમપૂર્વક મયૂર, ચાતક, ઘેટું, ક્રૌંચ, કોયલ, દેડકો અને હાથી એ પ્રાણીઓના કુદરતી સ્વરને ઉદાહરણ તરીકે આપવામાં આવે છે તેનું બીજ આ સામગાનની સ્વરપદ્ધતિ સાથે સરખાવી વિચારવા યોગ્ય છે.

સામવેદનાં મુખ્ય ગેય પદોનો સંગ્રહ નીચેની કારિકામાં કરવામાં આવ્યો છે;—

સામવેદનાં મુખ્ય ગેય પદો.

वैराजं[1] पौरुषंसूक्तं[2] सौपर्णं[3] रुद्रसंहिताम्[4] ।

शैशवं[5] पंचनिधनं[6] गायत्रं[7] ज्येष्ठसाम[8] च ॥

वामदेव्यं[9] बृहत्[10] सौम्यं[11] रौरवं[12] रथंतरम्[13]

गवांव्रतं[14] विकर्णं[15] च रक्षोघ्नं[16] च यशस्तथा[17]

गायेयुः सामगाः राजन् पश्चिमं द्वारमाश्रिताः ॥

આ ગેયપદોનાં પ્રતીકો નીચે મુજબ છે:—

		आ.	प्र.	अर्ध.
१	पिबा सोम मदन्तुत्वा० इति	उ	३	१
२	सहस्रशीर्षा० ,,	पू	६	३
३	मुदद्ये दर्भि श्रुतामह्यम् ,,			
४	आपो राजाराम्०	पू	१	२
५	उच्चा ते जातमंधस०	उ	१	१
६	रहस्य०			
७	तत्सवितु०	उ	६	३
८	मूर्धानं दिव०	पू	१	४
९	कया नश्चित्र०	पू	२	२
१०	त्वामिद्धि हवामहे०	पू	३	१
११	संते पमांसि०	पू	३	३
१२	पुनर्मार्मि०			
१३	अभित्वा शूरनोनुम०	पू	३	१
१४	अग्निमीळे०	पू	६	३
१५	विभार०	पू	६	२
१६	अग्नेरेक्षाण० । अग्नेयुथवाह्नि०	पू–उ	१–६	१–२
१७	बृहदिन्द्राय०	पू	३	२

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સામવેદની સંહિતા ઉપરાંત વેદ સાહિત્યમાં અંતર્ગત **કૌથમી** શાળાના બ્રાહ્મણ ગ્રંથોનું **સામવેદના બ્રાહ્મણ ગ્રંથો** વિપુલ સાહિત્ય છે. બ્રાહ્મણ ગ્રંથો એકંદર સામવેદના આઠ છે.

૧ आर्षेय, २ देवताध्याय, ३ वंशब्राह्मण, ४ संहितोपनिषद्, ५ उपनिषद् ब्राह्मण, ६ प्रौढ ब्राह्मण અથવા **तांडय, ७ षाड्विंश ब्राह्मण, ८ सामविधि ब्राह्मण.**

પ્રૌઢ બ્રાહ્મણને મહા બ્રાહ્મણ, તાંડય બ્રાહ્મણ અથવા પંચવિંશ બ્રાહ્મણ પણ કહે છે. આઠે બ્રાહ્મણ ગ્રંથો **छान्दोग्यब्राह्मण** સંજ્ઞાથી પણ ઓળખાય છે. બ્રાહ્મણ ગ્રંથના વિભાગની સંજ્ઞા–અધ્યાય, પાંચ પાંચ અધ્યાયની પંચિકા, અને અધ્યાયના ખંડો સુપ્રસિદ્ધ **छान्दोग्य** ઉપનિષદ્ તે ઉપર પાંચમાં આંકનું છે અને તે **कौथमी** શાખાનું ગણાય છે; આંક ૪ અને ૫ સાથે વિચારવાના ગ્રંથો છે. પહેલા બે પ્રપાઠક (આંક ૪) "બ્રાહ્મણ" સાહિત્ય છે; અને છેલ્લા આઠ પ્રપાઠક તે વાસ્તવ **उपनिषद्** છે.

जैमिनीय શાખાના બ્રાહ્મણો નીચે પ્રમાણે આઠ છે:–

	સંજ્ઞા.	ખંડ
૧	**महाब्राह्मण**	૩૬૦ ખંડ
૨	**द्वादशाह**	૩૮૮ ,,
૩	**महाव्रतम्**	૧૫૨ ,,
૪	**एकाहम्**	૧૫૩ ,,
૫	**अहीनम्**	૯૯ ,,
૬	**सत्रम्**	૩૭ ,,
૭	**आर्षेयम्**	૮૪ ,,
૮	**उपनिषद्**	૧૫૪ ,,

પ્રસિદ્ધ **केन** અથવા **तलवकार** ઉપનિષદ્ આઠમા ગ્રંથમાં સમાયેલું છે.

ઉપરના બ્રાહ્મણ ગ્રંથોમાં સમાયેલાં **छान्दोग्य** અને **केन** ઉપનિષદ્ ઉપરાંત બીજાં **સામવેદનું ઉપનિષદ્ સાહિત્ય=** ચૌદ ઉપનિષદો સામવેદની શાખાનાં ગણવામાં આવે છે.

+

૧ आरुणि, २ मैत्रायणि, ३ मैत्रेयी, ४ वज्रसूची, ५ योगचूडामणि, ६ वासुदेव, ७ महत्, ८ संन्यास, ९ अव्यक्त, १० कुंडिका, ११ सावित्री, १२ रुद्राक्ष, १३ जाबालदर्शन, १४ जाबाल.

સામવેદનાં ઉપનિષદોના શાંતિપાઠ:—

आप्यायंतु ममांगानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च । सर्वाणि

= બૌદ્ધ અશ્વઘોષાચાર્યની મૂળકૃતિનો અનુવાદ ઉપનિષદ્ સાહિત્યમાં પેઠો છે.

\+ આ મંતવ્ય ભુલ ભરેલું છે. **मैत्रायणि** શાખા યજુર્વેદની છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोत् अनिराकरणमस्तु अनिराकरणमऽस्तु तदात्मनि निरते ये उपनिषत्सु धर्मास्ते मयि संतु ॥

ॐ शांतिः शांतिः शांतिः ॥

મારાં સ્થૂળ શરિરનાં સર્વ અંગો વાક્ પ્રાણ ચક્ષુ શ્રોત્ર વીર્ય અને ઇન્દ્રિયો પુષ્ટ બનો સર્વ બ્રહ્માત્મક છે એવી રહસ્યમયી દૃષ્ટિ ઉઘડો; હું વેદની અવગણના ન કરૂં, અને વેદ મને છોડે નહિ; વેદાર્થ મારા મનમાંથી કદી ખસો નહિ. અંતર્નિષ્ઠ આત્મામાં ઉપનિષદ્‌માં પ્રતિપાદન કરેલા ધર્મો આવીને ઠરો. ૐ શાંતિ! શાંતિ!! શાંતિ!!!

સામવેદના આવા મંત્ર બ્રાહ્મણ અને ઉપનિષદ્‌ના વિપુલ સાહિત્ય પૈકીનો પૂર્વાર્ચિકનો પહેલો ભાગ અનુવાદના રૂપમાં ગુજરાતીમાં પ્રકટ કરવાની યોજના અને અનુકુળતા કરનારનો આ ઉપોદ્‌ઘાત વડે હું માત્ર પુરસ્કારજ કરૂં છું. અનુવાદ ખરી રીતે અભ્યાસનું એક સહાયક અંગ છે, પરંતું વેદાર્થની સિદ્ધિ પઠન-પાઠન અને વિચારણા વિના કોઇને થઇ નથી અને થવી સંભવતી નથી, જેથી વેદાભ્યાસીએ પઠન-પાઠન અને વિચારણા કરવામાં તત્પર રહેવું જોઇએ.

ખંભાત
તા. ૪-૬-૩૩

નર્મદાશંકર દેવશંકર મ્હેતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મ જાણ્ય તું જાણ્ય તું જાણ્ય તું રે, હું હું કરછ તે તો કોણ હું રે,
તું શું દેહ આ, દેહ તો પંચભૂતનો વિકાર;
જડ મલિન અશુચિ, એ તાહરૂં રૂપ નહિ નિરધાર. ૧ બ્રહ્મ.
પ્રાણ તે શું તું, બાહ્ય વાયુ જ્યમ વેહે ત્યમ વેહે છે પ્રાણ;
શ્વાસોશ્વાસ કરે છે નિરંતર, તે તું નહિ નિરવાણ. ૨ બ્રહ્મ.
સંકલ્પ વિકલ્પ કરે મન, તે તો ક્ષણ ક્ષણ થઇને જાએ;
તે તું જાણે તો, તાહારૂં રૂપ તે કયમ કહેવાએ. ૩ બ્રહ્મ.
અહંકાર બુદ્ધ તે પણ, થાએ સુષુપતિ માહે લીન;
તે કારણ તેહેનું કારણ, નહિ દાતા નહિ દીન. ૪ બ્રહ્મ.
કારણથી સૂક્ષ્મ, સૂક્ષ્મથી થાએ સ્થૂલ શરીર;
કારય કારણનું તું કારણ, તું ચેતન અશરીર ૫ બ્રહ્મ.
જાગ્રત સ્વપ્ન સુષુપતિ ત્રણે, એ તાહરિ છે દૃશ્ય;
તે તું જાંણે તે તું વડીએ, તું દૃષ્ટા અદૃશ્ય. ૬ બ્રહ્મ.
અનાત્મ શું આત્મા બુદ્ધિ થઇ, એજ વાસના લિંગ;
આત્મા શું આત્મ બુદ્ધિ થઈ, એજ લિંગનો ભંગ. ૭ બ્રહ્મ.
આદિ મધ્ય અંતે ભરપૂરણ, જ્યમ સઘળે આકાશ;
કલ્પિત દેહ ઉપાધ્ય ટાલે, પણ તાહરો ન થાએ નાશ. ૮ બ્રહ્મ.
આદિ મધ્ય અંતે તું સરખો, સ્વપ્રકાશ ચિદ્રુપ;
એજ **અનુભવાનંદ** પ્રગટ તું, ઓલખ્ય સત્ય સ્વરૂપ, ૯ બ્રહ્મ.

(શ્રી નાથભવાન કૃત–વિષ્ણુપદ.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વ. શેઠ. ત્રીવેદી. ત્રીકમલાલ મથુરભાઈ.



જન્મ:
સંવત ૧૯૩૮ના ભાદરવા વદ ૨
શુક્રવાર, તા. ૨૯-૯-૧૮૮૨

મૃત્યુ:
સંવત ૧૯૮૯ ના વૈશાખ સુદ ૫
શનિવાર તા. ૨૯-૪-૧૯૩૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय, भारतनिधि, काशी वाराणसी-

અનુવાદકના બે બોલ.

આ "શ્રી સામવેદસંહિતા" નામક સંસ્કૃત ગ્રન્થનો ગુજરાતી અનુવાદ કરવાનો તથા તેના પ્રકાશનાદિકનો યોગ મને શી રીતે પ્રાપ્ત થયો તેનું અત્રે સંક્ષિપ્ત નિરૂપણ કરવું અસ્થાને નહિ ગણાય.

મ્હારા અમદાવાદના નિવાસ દરમ્યાન, મેં સને ૧૯૨૨-૨૩ના અરસામાં "શ્રી ઋગ્વેદ-સંહિતા" આખીયનો ગૂજરાતીમાં અનુવાદ તૈયાર કરેલો. તે પૈકી પ્રથમ અષ્ટકના બે વિભાગો **"શ્રી સયાજી સાંહિત્યમાલા"**માં તા. ૧૦-૬-૩૦ના રોજ પુષ્પ ૧૮૨+૧૯૫મે પ્રસિદ્ધ થએલા છે.

ત્યારબાદ, કેટલાક સમયે મારા પરમપૂજ્ય વડીલભાઇ શ્રી જીવણલાલે બીજા ત્રણે વેદોના ભાષાંતર પણ તૈયાર કરવા ઇચ્છા મને જણાવેલી. તેવામાં મ્હારા જ્યેષ્ઠ પુત્ર સૂરેન્દ્રલાલ (ઉર્ફે-બાબુભાઇ)ની છેવટ બીમારી તથા અવસાન વેળા હું બીકાનેર (રજપૂતાના) ગએલો. તે પ્રસંગે તેમના સસરા રા. બા. દીલસુખરાય મનસુખરાય નાણાવટીએ પણ આ ગ્રન્થનો ગૂજરાતી ભાષાંતર કરવા મને ઉત્કટ ઇચ્છા જણાવેલી.

ઉપર કહેલી સૂચનાનુસાર મ્હારા સ્વ. પુત્રના સ્મરણાર્થ આ ગ્રન્થનો ભાષાંતર કરવા સંકલ્પ કરી, મેં સં. ૧૯૮૮ના વૈશાખ સુદી ૩ રવી તા ૮-૫-૩૨ના રોજ તેનો આરંભ કરી અષાઢ સુદી ૬ શનિ તા. ૯-૭-૩૨ના રોજ પૂર્વાર્ચિકભાગ પૂર્ણ કર્યો.

ત્રણે વેદોના ભાષાંતર કરવા સંબંધી મ્હારા આ સંકલ્પવિષયમાં મેં શ્રીયુત ગોવિંદજી-ભાઈને લખી તે ગ્રન્થો પ્રકટ કરાવવા યોગ્ય પ્રયાસ કરવા વિનંતી કરેલી તે ઉપરથી મને અહીં જણાવવાને આનંદ થાય છે કે :તેઓશ્રીએ પ્રેમપૂર્વક અવિરત પ્રયત્ન કરી ટુંક સમયમાં તે સંબંધી યોજના પરિપૂર્ણ સિદ્ધ કરી આપી. આ માટે તેઓશ્રીનો હું સદા-સર્વદા ઋણી છું.

શ્રી કપડવંજ (તાબે નડીઆદ)ના રહીશ શ્રીમાન્ ત્રીકમલાલ મથુરભાઇ ત્રિવેદી શ્રીયુત્ ગોવિંદજીભાઇના ગુરૂબંધુ થાય. તેમને આ ગ્રન્થના ભાષાંતર સંબંધી શ્રી. ગોવિંદજીભાઇએ લખી જણવતાં :તેઓશ્રીએ ઉત્સાહપૂર્વક પોતાની અનુમતિ દર્શાવેલી. આ સંબંધમાં તેમના પત્રનો જરૂરનો મજકૂર નીચે પ્રમાણે છે:—

ભીમડી. ૧૯૮૯ કારતક સુદ ૬ શુક્ર.

મુ. નડીઆદ. શ્રીયુત્ રા. રા. મોતીલાલભાઈ રવીશંકરની સેવામાં લી. આજ્ઞાંકીત સેવક ત્રીવેદી ત્રીકમલાલ મથુરભાઇના સા. દં. પ્રણાંમ સ્વીકારશો. × × × × × × × × × મુરાદાબાદવાળા તરફથી હીંદી ભાષામાં શ્રી સામવેદસંહિતાનું ભાષ્ય થએલું છે તે આપના જાણવામાં હશેજ. તે સંબંધમાં મારા પરમપૂજ્ય ગુરૂવર્ય શ્રીમન્નાથભગવાનને બે વર્ષ પૂર્વે તેઓશ્રીની હયાતીમાં ગુજરાતી ભાષાંતર માટે મેં વિનંતી કરેલી તે પ્રમાણે તેઓશ્રીએ કૃપા કરીને સમય પરત્વે તે પુસ્તક ભાષાંતર કરીને બહાર પાડવાને હા કહેલું પણ મ્હારા દુર્દૈવને લઇને તેઓશ્રીનું અંતર્ધાન થયું અને તે ઇચ્છાને પરિપૂર્ણ કર-વાને આપશ્રીનેજ પરમાત્મા તરફથી પ્રેરણા થઇ હોય તેમ સમજાય છે. × × × × ×

મને અહીં જણાવવાને અત્યંત આનંદ થાય છે કે ઉપર જણાવેલ મુરાદાબાદવાળાના હિંદી પુસ્તકાનુસાર મેં પણ આ ભાષાંતર આરંભેલોજ હતો એટલે, સ્વ. ત્રિકમલાલભાઇની ઇચ્છા સર્વાંશે પરિપૂર્ણ થવામાં મને આ અણચિંતવ્યો સુયોગ મળ્યો અને તે માટે હું મ્હારા પરિશ્રમને સફળ સમજું છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દૈવની ગતિ અત્યંત ગહન હોય છે. શ્રી. ત્રિકમલાલભાઇએ અત્યંત ઔદાર્યતાપૂર્વક આ ગ્રન્થ પ્રસિદ્ધ કરવામાં સહાય કરી અને ગ્રન્થ છપાઇ પ્રસિદ્ધ થવા પર આવ્યો તેજ અરસામાં તેમનું અકાળ અવસાન થયું અને તેથી તેમના પ્રત્યક્ષ સમાગમનો પ્રસંગ મને પ્રાપ્ત થયો નહિ તે માટે મને બહુ ગ્લાનિ થાય છે. પરમાત્મા તેમના પુણ્યાત્માને પરમશાંતિ આપો.

મ્હારા સ્વ. પુત્ર અમદાવાદની ટયુટોરીઅલ હાઇસ્કુલમાં અભ્યાસ કરી, ગૂજરાત કોલેજમાંથી સને ૧૯૨૪માં બી. એ. (ઓનર્સ) થએલા. બાદ મુંબઇ લો–કલાસમાં એક ટર્મ ભરી તબીયત નરમ રહેતાં સને ૧૯૨૫માં ડીસેમ્બરમાં દીલ્હી મુકામે લેવાયલી પ્રથમની "ઇમ્પીરીયલ-સેક્રેટરીયટ-કોમ્પીટીટીવ" પરીક્ષામાં ઉંચે નંબરે ઉત્તીર્ણ થતાં સને ૧૯૨૬ના મેમાસમાં એજયુકેશન, હેલ્થ એન્ડ લેન્ડઝ ડીપાર્ટમેન્ટમાં નીમણુંક થએલી.

ત્યારબાદ, એચ. બી. કલેટન, સી. આઇ ઇ. એસ્કવાયરના અધ્યક્ષપણ નીચે "**હજ ઇન્કવાયરી કમીટી**" ના સેક્રેટરી ખા૦ બા૦ મોહમદ ઇનામુલ હક્ક પુના મુકામે એકાએક ગુજરી જતાં તે કામ કરવા સુરેન્દ્રલાલને દીલ્હીથી ડીપ્યુટ કરતાં એમાસ ત્યાં (પુને) કામ કરી સીમલે જઇ ક્ષયની બીમારી લાગુ પડતાં બીકાનેર ગએલા. ત્યાં સંવત ૧૯૮૬ના શ્રાવણ વદી ૧૪ ને શનિવાર, તા. ૨૩–૮–૩૦ના રોજ ૨૬ વર્ષની વયે મ્હારા સન્મુખ પ્રભુને બંને હાથ જોડી ૐકારનો આઠવાર ઉંચે સ્વરે ઉચ્ચાર કરી, "**वासांसि जीर्णानि यथा विहाय**" આટલો ગીતાનો શ્લોક બોલતાં સાથ આ મિથ્યા દુનિયાનો ત્યાગ કરી ગયા. શ્રી વેદભગવાન્ તેના આત્માને શાંતિ આપો.

ઉપકાર દર્શન. અત્યંત સમયસંકોચ હોવા છતાં દી. બા. સાક્ષરવર્ય મુ૦ નર્મદાશંકરભાઇ દેવશંકર મહેતાએ આ ગ્રન્થની સમર્થ પ્રસ્તાવના લખી આપી તે માટે તેમનો, શ્રી પોરબંદરના વે૦ શા૦ સં૦ વિદ્વાન્ શાસ્ત્રીજી રેવાશંકર બેચરે પોતાના વડીલોની જૂની હસ્તલિખિત સંહિતાનુસાર સ્વરાદિકની પ્રુફ સુધારણા કરી આપેલી તે માટે તેમનો, શ્રી કપડવંજ નિવાસી શ્રીયુત્ મણિલાલ જાદવરાય ત્રિવેદીએ પોતાનું મુરાદાબાદવાળું હિંદી પુસ્તક તથા દેવ દેવીઓના કેટલાક સુંદરબ્લોકો જે ખંડો નીચે છાપવામાં આવેલા તે આપતાં તેમનો, તથા અહીંના યુનિવર્સલ સ્ટીમ પ્રી. પ્રેસના મેનેજર દેસાઈ મગનભાઇ છોટાભાઇ તથા કમ્પોઝીટર મગનલાલ ઇશ્વરભાઇએ જે ત્વરા તથા કાળજીથી આ ગ્રન્થ છાપેલો તે માટે તેમનો ઓભાર માનુ છું.

આ ગ્રન્થનો બીજો ભાગ (ઉત્તરાર્ચિક) તૈયાર છે તે હવે પછી પ્રસિદ્ધ થશે.

છેવટમાં જણાવવાનું કે આ [અસલહિંદી] ગ્રન્થમાં શાસ્ત્રીજી રેવાશંકરના હસ્તલિખિત ગ્રન્થ સાથે મેળવતાં સ્વરાદિકના ઘણા દોષો જણાયલા તે સૂધારતાં શુદ્ધિપત્ર વધૂ લંબાણવાળુ થયું છે તો તેની તથા બીજા દોષો આ અનુવાદમાં જણાય તેની ઉપેક્ષા કરી, આ ગ્રન્થનું નિરીક્ષણ થવા વિનંતિ છે. વેદાભ્યાસી અર્થ પ્રત્યેક ખંડના અંતભાગમાં શબ્દાર્થ કોશ આપેલો છે તે ઉપયોગી થશે એમ આશા છે.

અનુવાદ ખરીરીતે અભ્યાસનું એક સહાયક અંગ છે અને વેદાર્થની સિદ્ધિ પઠન–પાઠન અને વિચારણાથી થઇ શકે છે તો કોઇ વેદાભ્યાસી આ અનુવાદની સહાયથી પઠન–પાઠન તથા વિચારણામાં તત્પર થશે તો આ ગ્રન્થના સહાયકનો, પ્રકાશકનો તથા મ્હારો પરિશ્રમ સફળ થશે એમ જણાવી વિરમું છું.

સંવત ૧૯૮૯ના અષાઢ સુદી ૧૧ સોમ.
તા. ૩–૭–૩૩ મુ. નડીઆદ. } **મોતીલાલ રવિશંકર ઘોડા.**

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વ. સુરેન્દ્રલાલ (ઊર્ફે બાબુભાઈ) મોતીલાલ ઘોડા

જન્મ:
સંવત ૧૯૬૦ દ્વિ. જ્યેષ્ઠ વદ ૪
શુક્રવાર, તા. ૧-૭-૧૯૦૪

મૃત્યુ:
સંવત ૧૯૮૬ શ્રાવણ વદ ૧૪
શનિવાર, તા. ૨૩-૮-૩૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વીકાસ્યું સાક્ષીરૂપ તમારૂંજી, અવળૂં માંને સદા હું મ્હારૂંજી;
જાંણે નહિ કોઇ નિરતૂં ને સારૂંજી, સૂઝે નહીં કાંઇ શું સંભારૂંજી ૧ ઢ.ળ
સૂઝે નહિ કાંઇ શું સંભારૂં, 'હું' કોણ તે જાણે નહિ;
દેહાસક્તિ જીવ થઈ રહ્યો, અવળો ભાવ રહ્યો ગ્રહી. ૨
મેં કીધૂં આ પાપ પૂન્ય, જ્યમ માંને તેમ બંધાય;
જ્યમ છે ત્યમ ત્યમ ભાસે, કર્મ કરી ભ્રમાય. ૩
કર્મથી વળી દેહ પાંમે, દેહથી વળી કર્મ.
કલ્પ પર્યંત અંત નાવે, ત્યમનો ત્યમ રહે ભ્રમ. ૪
દેહાધ્યાસે જીવ થઈ રહ્યો, દીન હીન થઈ જાય;
લક્ષચોરાસી ફરે ફેરા, કલ્પ કલ્પ અવટાય. ૫
હું પાપી દીન હીન હત્યારો, કામી ક્રોધી અતિ લોભીયો;
અવળો પડી એ રીતિ માંને, ઉપાય છૂટવાનો કીયો. ૬
જાંણે પછે હરિશર્ણ જાઉં, નવધા ભકિતને આચરે;
હરિ જાંણી હરિજન સેવે, ઉપાય તરવાનો કરે. ૭
મન કર્મ વચને સંત સેવે, એ લક્ષણ જે માંહે;
પ્રગટ દીસે છાનૂં નહિ, કાંઇ ગીતા પુરાંણે ગવાયે. ૮
ભજન પ્રતાપેં પાપ બળે, તહિયેં યથાર્થ સમઝાય;
સાક્ષીરૂપ તમારૂં જાણે, તિહાં જીવપણું ટળી જાય. ૯
સંત સંગ સમઝી કરે પ્યાર, નિઃકપટ ગર્વ પરહરી;
અનુભવાનંદ પ્રગટ લાગે, નાશે ભ્રમ ગ્રંથી ખરી. ૧૦

[શ્રી નાથભવાન ઉર્ફે અનુભવાનંદ કૃત-ચ્યાતુરિ પદ ૩]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अध्यायानुक्रमणिका.

अध्याय.	विषय.	खण्ड.	पृष्ठ
१	आग्नेयपर्व	१-१२	१--४७
२	ऐन्द्रपर्व	,,	४८--९६
३	,,	,,	९७-१५८
४	,,	,,	१५९-२१३
५	पवमानं पर्व	१-११	२१४-२६६
६	आरण्यकं पर्व	१—५	२६७-२९२
७	महानाम्नि आर्चिक	१	२९२ अ

卐

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीगणेशाय नमः ॥ श्रीसरस्वत्यै नमः ॥ श्रीवेदपुरुषाय नमः ॥

ॐ

श्री सामवेदसंहिता ।

(विभाग १) लो

पूर्वार्चिक ।

आग्नेय पर्व ।

अध्याय १. खण्ड १ लो

२ ३ १ २ ३ १२ ३ २ ३ १ २

अग्न आ याहि वीतये गृणानो हव्यदातये ।

१ २र ३ १ २

नि होता सत्सि बर्हिषि ॥१॥

अन्वयः—अग्ने वीतये गृणानः आयाहि हव्यदातये होता बर्हिषि निषत्सि ॥

अर्थ०-હે અગ્નિદેવ! હવ્યનું ભક્ષણ કરવા અમે સ્તુતિ કરતાં તૂં આવ તથા (દેવતાઓને) હવ્ય પહોંચાડવા તેમને બોલાવવાવાળો બની (પાથરેલ) કુશાસન ઉપર વિરાજમાન હો. ૧

१ २ ३ २ ३ २ ३ १ २ ३ २

त्वमग्ने यज्ञानाꣳ होता विश्वेषाꣳ हितः ।

३ २ ३ १ २ ३ १ २

देवेभिर्मानुषे जने ॥२॥

अन्व० अग्नेत्वम् विश्वेषाम् यज्ञानाम् होता (यद्वा) यज्ञानाम् विश्वेषाम् होता मानुषे देवेभिः हितः॥

अ. હે અગ્નિદેવ! સકલયજ્ઞોના હોમને સિદ્ધ કરવાવાળો અથવા યજનને યોગ્ય દેવતાઓનું આહ્વાન કરવાવાળો તૂં મનુષ્ય-યજમાન-વિષયમાં સ્તુતિ કરવાવાળા ઋત્વિજો વડે (ગાર્હપત્ય આદિ રૂપે) સ્થાપન કરાય છે. ૨

३ २ ३ १ २ ३ १ २ ३ १ २

अग्निं दूतं वृणीमहे होतारं विश्ववेदसम् ।

३ २ ३ १ २ ३ १ २

अस्य यज्ञस्य सुक्रतुम् ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અન્વ० होतारम् विश्ववेदसम् अस्य यज्ञस्य सुक्रतुम् दूतम् अग्निम् वृणीमहे॥

અ० અમે દેવતાઓનું ભલેપ્રકારે આહ્વાનકરવાવાળા સકલના જ્ઞાતા અથવા, સકલધનના સ્વામિ આ વર્તમાન યજ્ઞને સુસિદ્ધ કરવાવાળા દેવતાઓના દૂતકર્મ કરનાર **અગ્નિદેવ**ને ભલે પ્રકારે ભજીએ છીએ. ૩

३ २३ १ २ ३ १२३ १२
अग्निर्वृत्राणि जंघनद्द्रविणस्युर्विपन्यया ।
१ २ ३ २र
समिद्धः शुक्र आहुतः ॥४॥

અન્વ० द्रविणस्युः समिद्धः शुक्रः आहुतः अग्निः विपन्यया वृत्राणि जंघनत्॥

અ० પોતાના ઉપાસકોને ધનદેવાચાહનાર વા પોતાના માટે હવિરૂપ ધનની ઇચ્છાવાળા સમિધ્ આદિવડે પ્રજ્વલિત- પ્રદીપ્ત તથા હવ્ય વડે આહુત **અગ્નિદેવતા**, અમોએ કરેલી સ્તુતિવડે રાક્ષસાદિકનો વા બલાત્કારે જગત્‌ને આચ્છાદિત કરનાર અજ્ઞાનાન્ધકારનો નાશ કરો. ૪

१२ ३ १ २ ३ २ ३ १ २ ३ २
प्रेष्ठं वो अतिथिं स्तुषे मित्रमिव प्रियम् ।
२ ३ २ ३ १ २र
अग्ने रथं न वेद्यम् ॥५॥

અન્વ० अग्ने प्रेष्ठम् अतिथिम् मित्रमिव प्रियम् रथं न वेद्यम् वः स्तुषे ॥

અ० હે **અગ્નિદેવ** ! સ્તુતિકરવાવાળાને ધનદેનાર હોવાથી પરમપ્રિય અતિથિતુલ્ય સર્વને પૂજ્ય સખાસમાન પ્રસન્નતાદેવાવાળા રથસમાન લાભના હેતુરૂપ તથા પૂજ્ય તૂંને હું સ્તુતિવડે પ્રસન્ન કરૂ છું. ૫

१ २ ३ १ २ ३ १ २र ३ १ २
त्वं नो अग्ने महोभिः पाहि विश्वस्या अरातेः ।
३ २ ३ १ २र
उत द्विषो मर्त्यस्य ॥६॥

અન્વ० अग्ने त्वम् नः महोभिः अरातेः उत द्विषः मर्त्यस्य पाहि ॥

અ० હે **અગ્નિદેવ**! તૂં અમને બહુ ધન દઇને તે વડે ધન-ન-દેવાવાળા તથા દ્વેષકરવાવાળા મનુષ્યો થકી રક્ષા કર. ૬

२ ३ १ २र ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
एह्यूषु ब्रवाणि तेऽग्न इत्थेतरा गिरः । एभिर्वर्धास इन्दुभिः ॥७॥

અન્વ० अग्ने एहि ते गिरः इत्था सुब्रवाणि उ इतराः एभिः इन्दुभिः वर्धास॥

અ० હે **અગ્નિદેવ**! આવો. તમારે માટે સ્તુતિઓ આ પ્રકારે ભલી રીતે ઉચ્ચારણ કરીશ તેને સાંભળો તથા અસુરોની સ્તુતિઓ સાંભળો. તથા આવીને આપ આ સોમરસોથી વૃદ્ધિ પામો. ૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २र ३ १ २ ३ १ २
आ ते वत्सो मनो यमत्परमाच्चित्सधस्थात् ।
२ ३ १ २ ३ २
अग्ने त्वां कामये गिरा ॥८॥

अन्व० अग्ने वत्सः गिरा ते मनः परमाच्चित् सधस्थात् आयमत् त्वाम् कामये ॥

અ० હે અગ્નિદેવ! કણ્વગોત્રના વત્સઋષિ, સ્તુતિવડે ત્હારા મનનું પરમોત્તમ દ્યુલોકધામથી પણ આકર્ષણ કરે છે. (હે અગ્નિદેવ!) હું ત્હારી ચાહના કરૂં છું. ૮

१ २ ३ १ २ ३ १ २र ३ १ २
त्वामग्ने पुष्करादध्यथर्वा निरमन्थत ।
३ १ २र ३ १ २
मूर्ध्नो विश्वस्य वाघतः ॥९॥

अन्व० अग्ने अथर्वा त्वाम् मूर्ध्नः विश्वस्य वाघतः पुष्करात् अधि निरमन्थत ॥

અ० હે અગ્નિદેવ! અથર્વાઋષિએ તૂંને મસ્તકની પેરે ધારણકરનાર કમલના પાંદડા વિષે અરણિઓ વડે મથી ઉત્પન્ન કર્યો. ૯

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २र ३ २
❀ अग्ने विवस्वदा भरास्मभ्यमूतये महे । देवो ह्यसि नो दृशे ॥१०॥

अन्व० अग्ने त्वम् अस्मभ्यम् महे ऊतये विवस्वत् आभर हि नः दृशे देवः असि॥

અ० હે અગ્નિદેવ! તૂં અમારી મહાન રક્ષાને લઇને સ્વર્ગાદિલોકોમાં વિશેષરૂપે નિવાસના હેતુરૂપ આ કર્મને સિદ્ધ કર. કેમકે, તૂં અમને દર્શન દેવા પ્રકાશમાન થયો છે. १०

इति प्रथमः खण्डः समाप्तः ॥१॥

खण्ड. १

१ वीतये–ભક્ષણાર્થ.

२ सुक्रतुम्–શોભનકર્મા.

३ द्रविणस्युः–ધનદેવાની ઇચ્છાવાળો.

४ विपन्यया–સ્તુતિવડે (पनतिः स्तुत्यर्थः)।

५ वेद्यं–धनहितं અર્થાત્ લાભના હેતુરૂપ.

६ सधस्थात्–सहस्थान અર્થાત્ દ્યુલોક; તે થકી.

८ वाघतः–वाहकात् ।

८ विवस्वत्–સ્વર્ગાદિવિષે વિશેષ કરીને નિવાસના હેતુરૂપ (આ કર્મને).

---

* આ સામવેદનો સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड २ जो.

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
नमस्ते अग्न ओजसे गृणन्ति देव कृष्टयः ।
१ २ ३ १ २
अमैरमित्रमर्दय ॥१॥

अन्व० अग्नेदेव कृष्टयः ओजसे ते नमः गृणन्ति अमैः अमित्रम् अर्दय ॥

અ૦ હે અગ્નિદેવ! મનુષ્ય–યજમાનો–બલનિમિત્ત તૂં–અર્થે નમઃ–શબ્દનું ઉચ્ચારણ કરે છે. (એથી હું પણ તૂંને નમસ્કાર કરૂં છું.) તૂં બલો વડે શત્રુનો નાશ કર. ૧

३ १ २ ३ १ २ ३ २ ३ १ २
दूतं वो विश्ववेदसꣳ हव्यवाहममर्त्यम् ।
१ २ ३ २
यजिष्ठमृञ्जसे गिरा ॥२॥

अन्व० विश्ववेदसम् हव्यवाहम् अमर्त्यम् यजिष्ठम् दूतम् वः गिरा ऋञ्जसे ॥

અ૦ (હે અગ્નિદેવ!) સર્વજ્ઞ દેવતાઓને–હવ્ય–પ્હોંચાડનાર અમર યજ્ઞના પરમસાધનરૂપ દેવતાઓના દૂતરૂપ તૂંને હું–યજમાન સ્તુતિરૂપ વાણી વડે વૃદ્ધિને પ્રાપ્ત કરૂં છું. ૨

१ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २
उप त्वा जामयो गिरो देदिशतीर्हविष्कृतः ।
३ १ २र
वायोरनीके अस्थिरन् ॥३॥

अन्व० हविष्कृतः गिरः जामयः देदिशतीः त्वा उप वायोः अनीके अस्थिरन् ॥

અ૦ (હે અગ્નિદેવ!) યજમાનની સ્તુતિઓ બ્હેનની પેરે ગુણકીર્ત્તન કરતી ત્હારી સમીપ ઉપસ્થિત થાય છે. તેઓ વાયુની સમીપ (તૂંને પ્રજ્વલિત કરતી) સ્થિત હોય છે. ૩

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २
उप त्वाग्ने दिवे दिवे दोषावस्तर्धिया वयम् ।
२ ३ १ २ ३ १ २
नमो भरन्त एमसि ॥४॥

अन्व० अग्ने वयम् दिवे दिवे दोषावस्तः धिया नमः भरन्तः त्वा उप एमसि ॥

અ૦ હે અગ્નિદેવ! અમે અનુષ્ઠાનકરવાવાળા પ્રતિદિન રાત્રિમાં તથા દિવસમાં બુદ્ધિવડે નમસ્કાર કરતા ત્હારી સમીપમાં પ્રાપ્ત થઇએ છઇએ. ૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ १ २ ३ २ २
जराबोध तद्विविड्ढि विशे विशे यज्ञियाय ।
१ २ ३ १ २ ३ २
स्तोमꣳ रुद्राय दृशीकम् ॥५॥

अन्व० जराबोध विशे विशे यज्ञियाय तत् विविड्ढि रुद्राय दृशीकम् स्तोत्रम्॥
અ૦ હે સ્તુતિવડે બોધ્યમાન **અગ્ને**! પ્રત્યેક યજમાનરૂપપ્રજા ઉપર અનુગ્રહ કરવા યજ્ઞસંબંધી અનુષ્ઠાનની સિદ્ધિનિમિત્ત યજ્ઞસ્થાનમાં પ્રવેશ કર. યજમાન પણ ક્રૂર અગ્નિ અર્થે દેખવાયોગ્ય સુંદર સ્તુતિ કરે છે. ૫

२ ३ १ २र ३ १ २ ३ २ ३ १ २
प्रति त्यं चारुमध्वरं गोपीथाय प्रहूयसे ।
३ १ २ ३ १ २
मरुद्भिरग्न आ गहि ॥६॥

अन्व० अग्ने तम् चारुम् अध्वरं प्रति गोपीथाय प्रहूयसे मरुद्भिः आगहि ॥
અ૦ હે **અગ્નિદેવ**! તૂં આ અંગવૈકલ્યરહિત–સાંગોપાંગસિદ્ધ–યજ્ઞ પ્રતિ સોમપાનાર્થ અધિકતાએ આહ્વાન કરાય છે તેથી તૂં **મરૂદ્દેવો** સહ આવ. ૬

२ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र
अश्वं न त्वा वारवन्तं वन्दध्या अग्निं नमोभिः ।
३ १ २ ३ १ २
सम्राजं तमध्वराणाम् ॥७॥

अन्व० वारवन्तम् अश्वं अध्वराणाम् सम्राजम् तं त्वां अग्निम् नमोभिःवन्दध्यै ॥
અ૦ પૂંછડાવાલા અશ્વની સમાન યજ્ઞોના સ્વામિ તે પ્રસિદ્ધ તૂં–અગ્નિને અમે સ્તુતિઓ વડે વન્દન કરવા પ્રવૃત્ત થયા છઇએ. અર્થાત્ અશ્વ જેમ પૂંછડાના વાળવડે પીડાદેનાર મચ્છરાદિકને દૂર કરે છે તેમ તૂં જ્વાલાઓ વડે અમારા વિરોધિઓને હટાડ. ૭

३ १ २र ३ १ २र
और्वभृगुवच्छुचिमप्नवानवदाहुवे ।
३ १ २ ३ १ २
अग्निꣳ समुद्रवाससम् ॥८॥

अन्व० और्वभृगुवत् अप्नवानवत् समुद्रवाससम् शुचिम् अग्निम् आहुवे ॥
અ૦ **ઔર્વભૃગુની**સમાન તથા **અપ્નવાનની**સમાન સમુદ્રમધ્યે વર્તમાન **વાડવ**નામના શુદ્ધઅગ્નિને હું આહ્વાન કરૂં છું. ૮

३ १ २ ३ १ २र ३ १ २ ३ १ २
अग्निमिन्धानो मनसा धियꣳ सचेतमर्त्यः ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २ ३ १ २
अग्निमिन्धे विवस्वभिः ॥९॥

अन्व० मर्त्यः अग्निम् इन्धानः मनसा धियम् सचेत विवस्वभिः अग्निम् इन्धे॥

અ૦ મનુષ્ય અગ્નિને સમિધ્ વડે પ્રજવલિત કરતો માનસિકશ્રદ્ધાપૂર્વક યથાસમય કર્મ કરે તથા ઋત્વિજો દ્વારા અગ્નિને પ્રજવલિત કરે. ૯

२उ ३ २ ३ १ २ ३ १ २ ३ २
आदित्प्रत्नस्य रेतसो ज्योतिः पश्यन्ति वासरम् ।
३ २उ ३ १ २ ३ २
परो यदिध्यते दिवि ॥१०॥

अन्व० दिवि परः यत् इध्यते आदित् प्रत्नस्य रेतसः वासरम् ज्योतिः पश्यन्ति॥

અ૦ દ્યુલોકના ઉપર જ્યારે આ વૈશ્વાનરઅગ્નિ સૂર્યરૂપે દેદીપ્ત થાય છે તદનન્તર સકલ જીવ ચિરન્તન-ગમન-કરવાવાળા સૂર્યના નિવાસહેતુભૂત પ્રકાશવાન્ તેજને દેખે છે. ૧૦

इति द्वितीयः खण्डः समाप्तः ॥२॥

खण्ड २

१ कृष्टयः–मनुष्याः। મનુષ્યો.
२ अमैः–બલો વડે.
३ अर्दय–નાશ કરો.
४ ऋञ्जसे–प्रसाधयामि। વૃદ્ધિને પ્રાપ્ત કરૂં છું.
५ जामयः–બ્હેનો
६ देदिशतीः–दिशन्त्यः। ગુણકીર્ત્તન કરતી.
७ अनीके–સમીપમાં.
८ दोषावस्तः–રાતદિવસ.
९ भरन्तः–સંપાદન કરતા.
१० जराबोध–जरया स्तुत्या बोध्यमान સ્તુતિવડે બોધ્યમાન.
११ विविड्ढि–પ્રવેશ કર.
१२ दर्शीकम्–દેખવાયોગ્ય.
१३ गोपीथ–સોમપાન.
१४ वारवन्तं–વાળવડે યુક્ત.
१५ वन्दध्या–वन्दध्यै। વંદન કરવા.
१६ समुद्रवाससम्–સમુદ્રમધ્યવર્તી.
१७ सचेत–भजेत।
१८ विवस्वभिः–ઋત્વિજો વડે.
१९ आदित्–અનન્તર જ.
२० प्रत्न–ચિરન્તન.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ३ जो.

३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
अग्निं वो वृधन्तमध्वराणां पुरूतमम्।
२ ३ २ ३ १ २
अच्छा नप्त्रे सहस्वते ॥१॥

अन्व० वः अध्वरोणाम् नप्त्रे सहस्वते वृधन्तम् पुरूतमम् अग्निम् अच्छा ॥

अ० હે ઋત્વિજો! તમે હિંસા–ન–કરવાયોગ્ય બલવાનોના બન્ધુ બલવાન જ્વાલાઓ વડે વૃદ્ધિપામનાર અગ્નિ પ્રત્યે અધિક અભિગમન કરો. વા તેનું પૂજન કરો. ૧

३ २ ३ १ २ ३ २ ३ २ ३ २ ३ २ १ २ ३ १ २
अग्निस्तिग्मेन शोचिषायꣳ साद्विश्वं न्या३त्रिणम् अग्निर्नो
३ २
वꣳसते रयिम् ॥२॥

अन्व० अयं अग्निः तिग्मेन शोचिषा विश्वं अत्रिणम् नियंसत् अग्निः नः रयिम् वंसते ॥

अ० આ અગ્નિ, તીક્ષ્ણ તેજવડે સકલ ભક્ષક રાક્ષસાદિકને નષ્ટ કરો. અગ્નિ અમને ધન અર્પણ કરો. ૩

१ २ ३ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २२
अग्ने मृड महाꣳ अस्यय आ देवयुं जनम्।
३ १ २ ३ २ ३ १ २
इयेथ बर्हिरासदम् ॥३॥

अन्व० अग्ने मृड महान् असि अयः देवयुम् जनम् बर्हिः आसदम् आ ईयेथ॥

अ० હે અગ્નિદેવ! અમને સુખ દ્યો. તું મહાન છે. ગમન–કરવાવાળો–તું દેવતાઓનાં દર્શનચહાનાર યજમાનની સમીપ દર્ભાસન પર વિરાજવા આવે છે. ૩

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २
अग्ने रक्षाणो अꣳहसः प्रति स्म देव रीषतः।
१ २ ३ १ २
तविष्ठैरजरो दह ॥४॥

अन्व० अग्ने नः अंहसः रक्षा देव अजरः रीषतः तपिष्ठैः प्रति दह स्म॥

अ० હે અગ્નિદેવ! તું અમને પાપથકી રક્ષા કર. હે પ્રકાશમાન વિભાવસો! જરારહિત—તું હિંસા–કરવા–ચાહાનાર–શત્રુને અત્યંતતાપ દેનાર તેજોવડે ભસ્મ કર. ૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २र ३ १ २ ३ १ २
अग्ने युंक्ष्वा हि ये तवाश्वासो देवसाधवः ।
२ ३ १ २ ३ १ २
अरं वहन्त्या शवः ॥५॥

अन्व० देव अग्ने युंक्ष्वा ये हि तव आशवः साधवः अश्वासः अरम् बहन्ति॥
અ० હે પ્રકાશવાન્ અગ્ને ! તે ઘોડાને તારા રથમાં જોડો જે તારા શીઘ્રગામી સુશીલ ઘોડાઓ ત્હારા રથને ઠીક લઇ જાય છે. ૫

१ २ ३ १ २ ३ २
नित्वा नक्ष्य विश्पते द्युमन्तं धीमहे वयम् ।
३ १ २
सुवीरमग्न आहुत ॥६॥

अन्व० नक्ष्य विश्पते आहुत अग्ने द्युमन्तम् सुवीरम् त्वा वयम् निधीमहे ॥
અ० ઉપાસનાકરવાયોગ્ય ! **ધનપતે** ! અનેકયજમાનો વડે હોમેલ હે **અગ્નિદેવ** ! દીપ્તિમાન્ તથા જેની સ્તુતિકરનાર કલ્યાણભાગી હોય છે એવા તૂંને અમે સ્થાપન કર્યો છે. ૬

३ २ ३ २ ३ २ ३ १ २र ३ २ ३ २
अग्निर्मूर्ध्वा दिवः ककुत्पतिः पृथिव्या अयम् ।
३ १ २र
अपा ँरेता ँसि जिन्वति ॥७॥

अन्व० मूर्ध्वा दिवः ककुत् पृथिव्याःपतिः अयं अग्निः अपां रेतांसि, जिन्वति ॥
અ० દેવતાઓમાં શ્રેષ્ઠ દ્યુલોકથી ઉંચો પૃથિવીનો સ્વામી આ અગ્નિ જલોનાં વીર્યરૂપ સ્થાવરજંગમ પ્રાણિઓને પ્રેરણા કરે છે. ૭

३ २ ३ २उ ३ १ २ ३ १ २ ३१र २र
इममूषु त्वमस्माक ँसनिं गायत्रं नव्या ँसम् ।
१ २ ३ २ १ २
अग्ने देवेषु प्र वोचः ॥८॥

अन्व० अग्ने अस्माकम् ईममूषुम् सनिम् नव्यासम् गायत्रम् देवेषु प्रवाचः ॥
અ० હે **અગ્નિદેવ** ! અમારા આ અનુષ્ઠાનકરાતા હવિર્દાનને તથા અતિ નવીન સ્તુતિરૂપ વચનને દેવતાઓની આગળ કહો. ૮

१ २ ३ १ २ ३ १ २र
तं त्वा गोपवनो गिरा जनिष्ठदग्ने अङ्गिरः ।
१ २ ३ १ २
स पावक श्रुधी हवम् ॥९॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० अग्ने तं त्वाम् गोपवनः गिरा जनिष्ठत अङ्गिरः पावक हवम् श्रुधि॥

અ૦ હે અગ્નિદેવ! તે-તૂંને ગોપવન ઋષિ સ્તુતિ વડે ઉત્પન્ન કરે છે તથા વધારે છે. હે સર્વત્ર-ગમન-કરવાવાળા શોધક અગ્નિદેવ! તૂં આહ્વાનને સાંભળ. ૯

२ ३ १ २ ३ २.३ २ ३ १ २
परि वाजपतिः कविरग्निर्हव्यान्यक्रमीत् ।
२ ३ १ २ ३ १ २
दधद्रत्नानि दाशुषे ॥१०॥

अन्व० वाजपतिः कविः दाशुषे रत्नानि दधत् अग्निः हव्यानि पर्यक्रमीत् ॥

અ૦ અન્નોનો પાલક અતીતવિષયોને દેખવાવાળો હવિદેનાર યજમાનને અર્થે રમણીય ધન દેનાર અગ્નિદેવ, હવ્યોને વ્યાપ્ત કરે છે. ૧૧

२ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः ।
३ १ २र ३ १ २
दृशे विश्वाय सूर्यम् ॥ ११ ॥

अन्व० केतवः विश्वाय दृशम् त्यम् जातवेदसम् देवम् सूर्यम् उद्वहन्ति-उ ॥

અ૦ સૂર્યનાં કિરણો, સકલભુવનોને જોવા પ્રસિદ્ધ પ્રાણિઓના જ્ઞાતા દીપ્તિમાન સૂર્યને ઉપર વહન કરે છે. ૧૧

३ २ ३ १ २र ३ १ २ ३ २
कविमग्निमुप स्तुहि सत्यधर्माणमध्वरे ।
३ १ २ ३ १ २
देवममीवचातनम् ॥ १२ ॥

अन्व० अध्वरे कविम् सत्यधर्माणम् देवम् अमीवचातनम् अग्निम् उपस्तुहि॥

અ૦ હે ઉપાસકો! યજ્ઞમાં મેધાવી સત્યવચનરૂપ ધર્મથીયુક્ત દ્યોતમાન શત્રુનાશક અગ્નિને ઉપસ્થિત થઇ સ્તુતિ કરો. ૧૨.

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
शं नो देवीरभिष्टये शं नो भवन्तुपीतये ।
२उ ३ १ २
शं योरभिस्रवन्तु नः ॥ १३ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० नः शम् देवी आपः अभिष्टये भवन्तु नः पीतये शं भवन्तु शम् याः नः अभि स्रवन्तु ॥

અ૦ અમારૂં પાપ દૂર થઈ સુખ પ્રાપ્ત હો. દિવ્ય જલ, અમારા યજ્ઞનું અંગ બનો. અમારા પાનાર્થે તે સુખરૂપ હો. ઉત્પન્નરોગોને શાન્ત કરનાર હો. ન ઉત્પન્ન-થયેલ-રોગોને દૂર કરો, અમારા ઉપર તે અમૃતરૂપે ટપકે. ૧૩

१ २ ३ १ २र ३ १ २
कस्य नूनं परीणसि धियो जिन्वसि सत्पते ।
१ २ ३ १ २ ३ १ २
गोषाता यस्य ते गिरः ॥ १४ ॥

अन्व० हे सत्पते नूनम् कस्य धियः परीणसि जिन्वसि यस्य ते गिरः गोषाता [भवन्तु] ॥

અ૦ હે સજ્જનોના પાલક **અગ્ને**! આ સમય કોના કર્મને બ્રહ્મમાં પહોંચાડી રહ્યા છો. જે-ત્હારા-સંબંધી સ્તુતિયો ગાયોનો લાભ કરાવનારી હો. અર્થાત્ આ સમય કયા ભગવદ્ભક્તનું કાર્યસાધન કરતા કયાં છો? આ સમય અમને ગાયો પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. ૧૪

इति तृतीयः खण्डः समाप्तः ॥३॥

खण्ड ३

१ पुरूतम–અતિશય બહુ.
२ अच्छा–अभिगच्छत–અભિગમન કરો વા પૂજો.
३ अत्रिणम्–अत्तारम्–રાક્ષસાદિકને.
४ वसते–ददातु–દે.
५ अयः–ગન્તા.
६ देवयुं–દેવોનો કામયિતા.
७ इयेथ–आगच्छसि ।
८ रीषतः–હિંસા કરનાર શત્રુને.
९ तपिष्ठ–અત્યંત તાપક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१० अरं अलं ।
११ नक्ष्य–ઉપાસના કરવા યોગ્ય.
१२ ककुभ्–પૃથિવી
१३ सनिं–હવિર્દાન.
१४ अंगिरः–સર્વત્રગન્તા વા અંગિરાનો પુત્ર.
१५ केतवः–સૂર્યરશ્મિઓ.
१६ अमीवचातन–રોગ વા શત્રુનો નાશક.
१७ अभिष्टये–यज्ञाय । यज्ञांगभावाय ।
१८ परीणसि-ब्रह्मणि ।
१९ जिन्वसि–प्रीणयसि ।
२० गोषाता–गोसातौ–ગાયોના લાભપરત્વે.

अ. १ खण्ड ४ थो.

३ १२ ३ १२ ३ १२ ३ १२
यज्ञायज्ञा वो अग्नये गिरागिरा च दक्षसे ।
१ २ ३२ ३१२ ३ १२ ३ २ ३ १ २र
प्रप्र वयममृतं जातवेदसं प्रियं मित्रं न शꣳसिषम् ॥१॥

अन्व० वः च यज्ञायज्ञा दक्षसे अग्नये गिरागिरा वयमपि अमृतम् मित्रं न प्रियम् जातवेदसं प्रप्रशंसिषम् ॥

अ० હે સ્તોતાઓ! તમે પણ સર્વ યજ્ઞોમાં વૃદ્ધિનેપામેલ અગ્નિના અર્થ સ્તુતિરૂપ વાણી વડે [સ્તુતિ કરો] અમે પણ મરણરહિત મિત્રની સમાન અનુકૂલ તથા પ્રાણિમાત્રના જ્ઞાતા અગ્નિની સ્તુતિ કરીએ છીએ. ૧

३ १ २ ३ १२ ३ २ २ ३ २ १
पाहि नो अग्न एकया पाह्युउत द्वितीयया ।
३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
पाहि गीर्भिस्तिसृभिरूर्जां पते पाहि चतसृभिर्वसो ॥२॥

अन्व० अग्ने नः एकया उत द्वितीयया पाहि ऊर्जाम् पते तिसृभिः गीर्भिः पाहि वसो चतसृभिः पाहि ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ હે અગ્નિદેવ! અમારી એકઋચારૂપી વાણીવડે તથા બીજી ઋચા વડે રક્ષા કરો. બલ વા અન્નોના સ્વામિન્ અગ્ને! ત્રણ સ્તુતિઓ વડે રક્ષા કરો. હે અગ્ને! ચાર સ્તુતિઓ વડે રક્ષા કરો. ૨

३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
बृहद्भिरग्ने अर्चिभिः शुक्रेण देव शोचिषा।
३ १ २ ३ १ २ ३ १ २
भरद्वाजे समिधानो यविष्ठ रेवत्पावक दीदिहि ॥३॥

अन्व० देव यविष्ठ पावक अग्ने शुक्रेण शोचिषा भरद्वाजे समिधानः बृहद्भिः तेजोभिः नः रेवत् दीदिहि ॥

અ૦ દાનાદિગુણયુક્ત અત્યન્તતરૂણ શોધન કરનાર હે અગ્ને! નિર્મલ તેજ વડે અમારા ભ્રાતાસંબંધમાં પ્રજ્વલિત એ મહાન્ તેજવડે અમારા નિમિત્ત ધનયુકત થઈ દેદીપ્ત હો, ૩

१ २ ३ १ २ ३ १ २
त्वे अग्ने स्वाहुत प्रियासः सन्तु सूरयः ।
३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २
यन्तारो ये मघवानो जनानामूर्वं दयन्त गोनाम् ॥४॥

अन्व० स्वाहुत अग्ने त्वे सूरयः प्रियासः सन्तु ये मघवानः यन्तारः जनानाम् गोनाम् ऊर्वम् दयन्त ॥

અ૦ યજમાનોદ્વારા રૂડીરીતે હવનકરેલ હે અગ્નિદેવ! તમારા પ્રેરક સ્તોતા પ્રિય હો. જે ધનવાન્ દાતાઓ અમારા પુરૂષોના તથા ગાયોના સમૂહને દે છે [તે પણ તમને પ્રિય હો]. ૪

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
अग्ने जरितर्विश्पतिस्तपानो देव रक्षसः ।
१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २
अप्रोषिवान् गृहपते महाँ असि दिवस्पायुर्दुरोणयुः ॥५॥

अन्व० अग्ने देव जरितः विश्पतिः रक्षसः तपानः असि गृहपते अप्रोषिवान् महान् असि दिवः पायुः दुरोणयुः असि ॥

અ૦ હે અગ્નિદેવ! તમે સ્તુતિનેયોગ્ય પ્રજાઓના પાલક તથા રાક્ષસના સંતાપ દેનારા છો. હે યજમાનના ઘરની રક્ષાકરનાર અગ્ને! યજમાનના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘરનો ત્યાગ–ન–કરનાર તમે મહાન્ પરમપૂજ્ય છો. દ્યુલોકના રક્ષક તથા યજમાનને ઘેર સદા વર્તમાન છો. ૫

२ ३ १ २ ३ १ २ ३ १ २र

अग्ने विवस्वदुषसश्चित्रं राधो अमर्त्य।

२ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २

आ दाशुषे जातवेदो वहा त्वमद्या देवां उषर्बुधः ॥६॥

अन्व० अमर्त्य जातवेदः अग्ने त्वम् उषसः विवस्वत चित्रम् राधः दाशुषे आवह अद्य उषर्बुधः देवान् आवह ॥

અ૦ હે મરણધર્મરહિત પ્રાણિમાત્રના જ્ઞાતા **અગ્નિદેવ**! તમે ઉષા દેવતા સકાશથી વિશિષ્ટનિવાસયુક્ત નાનાપ્રકારનું ધન હવ્યદેનાર યજમાનને અર્થ લાવી પ્રાપ્ત કરાવો. આજ ઉષાકાળે જાગેલા દેવોને લઇ આવો. ૬

१ २ ३ २ ३ २उ ३ १ २

त्वं नश्चित्र ऊत्या वसो राधांसि चोदय।

३ २ ३ १ २र ३ १ २ ३ २ ३ २ ३ १ २र

अस्य रायस्त्वमग्ने रथीरसि विदा गाधं तुचे तु नः ॥७॥

अन्व० वसो अग्ने चित्रः ऊत्या राधांसि नः चोदय अस्य राधः रथीः असि नः तुचे गाधं तु विदाः ॥

અ૦ હે વ્યાપક **અગ્નિદેવ**! દર્શનીય તમે રક્ષાસહિત ધનની અમારા અર્થ પ્રેરણા કરો. આ લોકમાં દેખાતા ધનના તમે પ્રેરક છો. અમારા પુત્રના અર્થ પ્રતિષ્ઠા જલ્દી દ્યો. ૭

२उ ३ १ २ ३ १ २ ३२ ३ २

त्वमित्सप्रथा अस्यग्ने त्रातर्ऋतः कविः।

१ २र ३ १ २ ३ १ २

त्वां विप्रासः समिधान दीदिव आ विवासन्ति वेधसः ॥८॥

अन्व० त्रातः अग्ने ऋतः कविः त्वमित सप्रथाः असि समिधानः दीदिवः विप्राः वेधसः त्वाम् आविवासन्ति ॥

અ૦ હે રક્ષક **અગ્નિદેવ**! સત્ય તથા જ્ઞાનદૃષ્ટિરૂપ તમે જ સર્વથી મોટા છો. હે પ્રજ્વલિત! હે દેદીપ્ત **અગ્ને**! મેધાવી સ્તુતિકરનારા તમારી ઉપાસના કરે છે. ૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
आ नो अग्न वयोवृधꣳरयिं पावक शꣳस्यम् ।
१ २ ३ २ ३ १ २ ३ १ २
रास्वा च न उपमाते पुरुस्पृहꣳसुनीती सुयशस्तरम् ॥९॥

अन्व० पावक अग्ने वयोवृधम् शंस्यम् रयिम् नः आभर उपमाते नः सुनीती पुरुस्पृहम् सुयशस्तरम् रास्व ॥

અ० હે શોધક અગ્નિદેવ ! તમે અન્નને વધારનાર તથા સ્તુતિને યોગ્ય ધન અમારા અર્થે [લાવો]. હે ધૃતની સમીપતાવાળા અગ્ને ! અમારા અર્થે સુંદર નીતિ–નયન–નીદ્વારા અનેક ને ચ્હાવાયોગ્ય સર્વથા અસારી કીર્ત્તિરૂપ ધન દ્યો. ૯

२उ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २र
यो विश्वादयते वसु होता मन्द्रो जनानाम् ।
२ ३ १ २र ३ १ २ ३ १ २र ३ १ २
मधोर्न पात्रा प्रथमान्यस्मै प्र स्तोमा यन्त्वग्नये ॥१०॥

अन्व० होता मन्द्रः यः जनानाम् विश्वा वसु दयते अस्मै अग्नये मधोः प्रथमानि पात्रा न स्तोमाः प्रयन्तु ॥

અ० દેવતાઓનું આહ્વાનકરનાર આનન્દદેનાર જે અગ્નિ યજમાનોને સકલ ધન દે છે તે આ અગ્નિના અર્થે મદકારક સોમનાં મુખ્યપાત્રોની સમાંન સ્તોત્ર પ્રાપ્ત હો ૧૦

इति चतुर्थः खण्डः समाप्तः ॥४॥

खण्ड ४

१ दक्षसे–प्रवृद्धाय–પ્રવૃદ્ધ
२ वसो–अग्ने ।
३ रेवत्–ધનયુક્ત.
४ भरद्वाजे–અમારા ભ્રાતાના વિષયમાં
५ यन्तारः–प्रदातारः ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

६ ऊर्वम्–સમૂહ.
७ दयन्त–દે છે. [प्रयच्छन्ति]।
८ जरितः–સ્તુતિયોગ્ય.
९ तपानः–સંતાપક.
१० पायुः–પાલન કરનાર; રક્ષક.
११ अप्रोषिवान्–યજમાનના ઘરનો ત્યાગ ન કરનાર.
१२ दुरोणयुः–યજમાનને ઘેર સદા વર્ત્તમાન.
१३ विवस्वत्–વિશિષ્ટનિવાસયુકત.
१४ वसो–વ્યાપક.
१५ ऊत्या–રક્ષાસહિત.
१६ रथीः–પ્રેરક.
१७ तुचे–अपत्याय–પુત્રને
१८ गाधम्–પ્રતિષ્ઠા.
१९ सप्रथाः–સર્વથી મોટો.
२० वेधसः–સ્તુતિ કરનાર.
२१ आविवासन्ति–ઉપાસના કરે છે.
२२ वयोवृध्–અન્નને વધારનાર.
२३ रास्व–દે.
२४ उपमाते–उपास्मात् समीपे मातिर्घृतम् इति उपमातिः। અર્થાત્ ઘૃતની સમીપતાવાળો.
२५ सुनीती–સુંદરનયન વડે.
२६ मन्द्रः–આનન્દ દેનાર.
२७ मधोः–મદકારી સોમનાં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. १ खण्ड ५ मो.

३ १ २ ३ १ २र ३ १ २र ३ १ २
एना वो अग्निं नमसोर्जो नपातमा हुवे ।
३ १ २र ३ १ २ ३ १ २र ३ २ ३ १ २
प्रियं चेतिष्ठमरतिꣳस्वध्वरं विश्वस्य दूतममृतम् ॥१॥

अन्व० वः ऊर्जः नपातम् अस्माकम् प्रियम् चेतिष्ठम् अरतिम् स्वध्वरम् विश्वस्य दूतम् अमृतम् अग्निम् एना नमसा आहुवे ॥

અ० હે સ્તોતાઓ! તમારા નિમિત્ત બલના પુત્ર વા રક્ષક અમારા પ્રિય પૂર્ણજ્ઞાતા ગન્તા વા સ્વામી સુંદરયજ્ઞવાળા સકલયજમાનોના દૂત તથા નિત્ય અગ્નિને આ સ્તોત્રવડે આહ્વાન કરૂં છું. ૧

२९ ररिमा-दद्मः। [यदाने]।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड २

२उ ३ २ ३ १ २ ३ १ २र
उद्घेदमभि श्रुतामघं वृषभं नर्य्यापसम् ।
१ २
अस्तारमेषि सूर्य्य ॥१॥

अन्व० सूर्य श्रुतामघम् वृषभम् नर्यापसम् अस्तारम् इदम् उदेषि घ ॥

અ० હે સૂર્યરૂપ-શ્રેષ્ઠ-વીર-ઇન્દ્ર! જેનું ધન સર્વદા દેવાયોગ્ય પ્રસિદ્ધ છે એથીજ યાચકોની નિમિત્ત ધનના-વરસાદ-કરનાર તથા મનુષ્યોનાં હિતકારી-કર્મ-કરનાર તથા ઉદારસ્વભાવ એવા આપના પ્રભાવને તમે ચોમેર પ્રકાશિત કરો છો એ પ્રસિદ્ધ છે. ૧

२ ३ १ २र ३ १ २ ३ १ २
यदद्य कच्च वृत्रहन्नुदगा अभि सूर्य्य ।
२ ३ १ २ ३ १ २
सर्वं तदिन्द्र ते वशे ॥२॥

अन्व० वृत्रहन् सूर्य अद्य अभि उदगाः इंद्र तत् सर्वम् ते वशे ॥

અ० હે જલને-રોકનાર-મેઘના-નાશક! હે સૂર્યરૂપ ઇન્દ્ર! આજરોજ જે કાંઈ પદાર્થસમૂહ ઉન્નતદશામાં પ્રકાશિત કર્યા છે હે ઇન્દ્ર! તે સર્વ ત્હારા વશમાં છે. ૨

१ २र २ ३ ३ १ २ ३ २ ३ १ २
य आनयत्परावतः सुनीती तुर्वशं यदुम् ।
२ ३ २ ३ २ ३ १ २
इन्द्रः स नो युवा सखा ॥३॥

अन्व० यः तुर्वशम् यदुम् सुनीती परावतः आनयत् युवा सः इन्द्र नः सखा ॥

અ० જે ઇન્દ્રે, તુર્વશ તથા યદુરાજા શત્રુઓદ્વારા-દૂર-ફેંકાયલા-તેમને, શ્રેષ્ઠ-નયન-દ્વારા તે દૂરદેશથી આણેલા તરૂણ એવા તે ઇન્દ્ર અમારા મિત્ર હો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ २ २३ १२३१ २र
मा न इन्द्राभ्या३दिशः सूरो अक्तुष्वा यमत् ।
२ ३१ २ ३ २
त्वा युजा वनेम तत् ॥४॥

अन्व० इन्द्र आदिशः सूरः अक्तुषु नः मा अभ्यामयत् तत् त्वा युजा वनेम ॥

અ० હે ઇન્દ્ર ! ચોમેર–શસ્ત્ર–વરસાવનાર તથા સર્વત્ર–વિચરનાર રાક્ષસ રાત્રિમાં અમારી અભિમુખ આવી ન શકો. અને આવે તો તે રાક્ષસને અમે તમારી સહાયતાવડે નષ્ટ કરીએ. ૪

१२ ३२ ३२ ३१२ ३१२
एन्द्र सानसिं रयिं सजित्वानं सदासहम् ।
१२ ३१२
वर्षिष्ठमूतये भर ॥५॥

अन्व० इन्द्र ऊतये सानसिम् सजित्वानम् सदासहम् वर्षिष्ठम् रयिम् आभर॥

અ० હે ઇન્દ્ર ! અમારી રક્ષા અર્થે સમ્યક્પ્રકારે ભોગવવાયોગ્ય સમાન શત્રુઓ ઉપર જય–દેવડાવનાર તથા શત્રુઓનો તિરસ્કાર કરવાના સાધનરૂપ અતિશય ધન આપો. ૫

१२ ३१२ ३२उ ३१२
इन्द्रं वयं महाधन इन्द्रमर्भे हवामहे ।
१२ ३१२ ३ १२
युजं वृत्रेषु वज्रिणम् ॥६॥

अन्व० वयम् अर्भे इन्द्रम् महाधने युजम् वृत्रेषु वज्रिणम् इन्द्रम् हवामहे ॥

અ० અમે અલ્પધનનિમિત્ત ઇન્દ્રનું આહ્વાન કરીએ છઇએ તથા બહુધન નિમિત્ત સહાયક, ધનલાભમાં વિઘ્નનાંખનારનું નિવારણ કરવા વજ્રધારી ઇન્દ્રનું આહ્વાન કરીએ છઇએ. ૬

१२ ३१२ ३१ २र ३१२
अपिबत्कद्रुवः सुतमिन्द्रः सहस्रबाह्वे ।
१२ ३ १ २
तत्राददिष्ट पौंस्यम् ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

भरतनिधि, करौंदी वाराणसी-5

अ० इन्द्रः कद्रुवः सुतम् अपिबत् सहस्रबाहूवे [अहनत्] तत्र पौंस्यम् आरदिष्ट ॥

અ૦ ઈન્દ્રે કૅદ્રુ નામના ઋષિએ કાઢેલ સોમરસનું પાન કર્યું અને સહસ્ર-બાહુ નામના શત્રુને [હણ્યો] તે સમય ઇન્દ્રની વીરતા પ્રકાશિત થઈ. ૭

३ १ २ ३ २ ३ १ २र

वयमिन्द्र त्वायवोऽभि प्र नोनुमो वृषन् ।

३ २ १ २

विद्धी त्वा३स्य नो वसो ॥८॥

अन्व० वृषन् इन्द्र त्वायवः अभि प्र नोनुमः वसो अस्य नः विद्धी ॥

અ૦ હે મનોરથોને-વરસાવનાર-ઈન્દ્ર ! તમારી કામના કરવાવાળા અમે તમારી અભિમુખ બહુબહુ પ્રણામ કરીએ છઇએ. હે વ્યાપક ઇન્દ્ર ! આ અમારા સ્તોત્રને સમજી લ્યો. ૮

२ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २

आ घा ये अग्निमिन्धते स्तृणन्ति बर्हिरानुषक् ।

२ ३ २ ३ २ ३ १ २

येषामिन्द्रो युवा सखा ॥९॥

अन्व० ये आ घा अग्निम् इन्धते येषाम् युवा इन्द्रः सखा आनुषक् बर्हिः स्तृणन्ति ॥

અ૦ જે [ઋષિઓ] નિશ્ચે, અભિમુખ હોઈ અગ્નિને દેદીપ્ત કરે છે અને જેના સદાતરૂણ ઈન્દ્ર મિત્ર હોય છે તેઓ ક્રમે કુશાસન આચ્છાદન કરે છે. ૯

३ २उ ३ २३ २३ २३ १ २ ३ १ २र

भिन्धि विश्वा अप द्विषः परि बाधो जही मृधः ।

१ २ ३ १ २र

वसु स्पार्हं तदा भर ॥१०॥

अन्व० विश्वाः द्विषः अप भिन्धि बाधः मृधः परिजहि स्पार्हम् तत् वसु आभर ॥

અ૦ હે ઈન્દ્ર ! સમ્પૂર્ણદ્વેષ-કરવાવાળી શત્રુસેનાઓને વિદીર્ણ કરો. નાશકરવાવાળા સંગ્રામોને નષ્ટ કરો. તદન્તર સ્પૃહાકરવાયોગ્ય તે-પ્રસિદ્ધ-ધન અમને લાવી દ્યો. ૧૦

इति द्वितियः खण्डः समाप्तः ॥२॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड २

१ श्रुतामघं–सर्वदा देयत्वेन विख्यातधनम्–જેનું ધન સર્વદા દેવાયોગ્ય પ્રસિદ્ધ છે તે.

२ वृषभ–ધનવર્ષિતા.

३ नर्य्यापसम्–नरहितं नर्य्यं नरहितकर्माणम्–મનુષ્યોનાં હિતકારી કર્મ કરનાર

४ अस्तारं–ઔદાર્યવંત; ઉદારસ્વભાવ.

५ घ–પ્રસિદ્ધિવાચક પદ છે.

६ कच्च–किंचित् पदार्थजातम्–જે કાંઈ પદાર્થસમૂહ.

७ उद्गाः–उदयं प्राप्तवान्–પ્રકાશિત કર્યો.

८ परावतः–દૂર પ્રદેશથી.

९ सुनीती–सुनीत्या–શોભન નયનપૂર્વક.

१० आदिशः–आदेष्टा–ચોમેર શસ્ત્ર વરસાવનાર.

११ सूरः–સર્વત્ર વિચરનાર. [सृगतौ]।

१२ अक्तुषु–રાત્રિયો વિષે.

१३ आयमत्–आ अभिमुख्येन नियन्ता। गन्ता भवतु–અભિમુખ આવે.

१४ वनेम–हन्याम। નષ્ટ કરીએ.

१५ सानसिं–सम्भजनीय. સમ્યક્પ્રકારે ભોગવવા યોગ્ય.

१६ सजित्वानम्–સમાન શત્રુઓ ઉપર વિજય દેનાર.

१७ सदासहम्–સર્વદા શત્રુને અભિભવ–તિરસ્કાર–કરવાના સાધનરૂપ.

१८ वर्षिष्ठम्–અતિશય વૃદ્ધ–પ્રભૂત.

१९ अर्भ–સ્વલ્પ. [अर्भक]।

२० युजं–सहकारिणं–સહાયક.

२१ सहस्रबाह्वे–सहस्रबाहुम्।

२२ ददृष्ट–दीप्यत–પ્રકાશિત થયું,

२३ त्वायवः–त्वत्कामाः–તમારી કામના કરવાવાળા.

२४ वसो–વ્યાપક. [वासयितः]।

२५ आनुषक्–आनुपूर्व्येण–ક્રમપૂર્વક.

२६ बाधः–हिंसित्राः–નાશ કરનાર.

२७ मृधः–સંગ્રામો.

२८ स्पार्हं સ્પૃહણીય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ३

३ १ २ ३ २ ३ १ २ ३ १ २र
इहेव शृण्व एषां कशा हस्तेषु यद्वदान् ।
१ २र ३ १ २
नि यामं चित्रमृञ्जते ॥१॥

अन्व० एषाम् हस्तेषु कशाः यद्वदान् इहेव शृण्वे यामम् चित्रम् न्यृञ्जते॥
અ૦ આ મરૂતોના હાથોમાંસ્થિત પોતપોતાના વાહનોને તાડન કરવાની ચાબુકો જે ધ્વનિ કરે છે તે ધ્વનિને અહીંજ સ્થિત હોઈ હું સાંભળુ છું. તે ધ્વનિ, સંગ્રામમાં નાનાપ્રકારની શૂરતાને શોભિત કરે છે. ૧

३१ २ ३ १ २ ३ १ २ ३ १ २
इम उ त्वा वि चक्षते सखाय इन्द्र सोमिनः ।
३ १ २ ३ १ २ ३ २
पुष्टावन्तो यथा पशुम् ॥२॥

अन्व० इन्द्र सोमिनः सखाय इमे उ पुष्टावन्तः पशु यथा त्वा विचक्षते ॥
અ૦ હે ઇન્દ્ર! સોમરસ–ધારણ–કરનાર આ અમારા સખાપુરૂષ, પાશધારી જેમ પશુનું નિરીક્ષણ કરે છે તેમ જ એકાગ્રચિત્ત હોઈ તમને વિશેષ નિઃસંદેહ નિરીક્ષણ કરી કહે છે. ૨

१ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २
समस्य मन्यवे विशो विश्वा नमन्त कृष्टयः ।
३ १ २ ३ १ २
समुद्रायेव सिन्धवः ॥३॥

अन्व० विशः विश्वाः कृष्टयः अस्य मन्यवे समुद्राय सिन्धवः इव संनमन्त॥
અ૦ બેઠેલી–હોનાર સર્વ પ્રજા, આ ઇન્દ્રના ક્રોધનિમિત્ત વા મનનના સાધનરૂપ સ્તોત્રનિમિત્ત જેમ સમુદ્રપ્રત્યે વહેનારી નદીઓ સ્વયંજ નમતી–ઝુકતી ચાલી જાય તેમ ભલેપ્રકાર પોતેજ નમતી ચાલી જાય છે. ૩

३ २ ३ १ २र ३ १ २र ३ २
देवानामिदवो महत्तदा वृणीमहे वयम् ।
१ २ ३ २ २ ३ १ २
वृष्णामस्मभ्यमूतये ॥४॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० देवानाम् इत् महत् अवः वृष्णाम् सत वयम् अस्मभ्यम् ऊतये आवृणीमहे ॥

અ० હે દેવતાઓ ! ચોમેર પોતાના તેજદ્વારા દેદીપ્યમાન આપનું જ જે પૂજનીય પાલન છે, તે મનોરથોના-વરસાદ-વરસાવનાર આપના નિજ ધનરૂપ પાલનની, અમે-યજમાન અમારી રક્ષા અર્થે ચોમેર પ્રાર્થના કરીએ છઇએ. ૪

३ २ ३ १ २ ३ २ ३ १ २
सोमानाꣳ स्वरणं कृणुहि ब्रह्मणस्पते ।
३ १ २ ३ १ २ ३ २
कक्षीवन्तं य औशिजः ॥५॥

अन्व० ब्रह्मणस्पते सोमानाम् कक्षीवन्तम् यः औशिजः स्वरणम् कृणुहि ॥

અ० હે બ્રહ્મણસ્પતિદેવ ! તમે સોમના રસકાઢનાર—હું-અનુષ્ઠાતાને-જેમ ઉશિજક પુત્ર કક્ષીવાન્ દેવતાઓમાં પ્રધાન છે તેમ તેની સમાન જ દેવતાઓમાં પ્રકાશવાળો કરો. ૫

१ २ ३ १२ ३१ २र
बोधन्मना इदस्तु नो वृत्रहा भूर्यासुतिः ।
३ १ २ ३ २ ३ १ २
श्रृणोतु शक्र आशिषम् ॥६॥

अन्व० वृत्रहा भूर्यासुतिः नः बोधन्मनाः इत् अस्तु शक्रः आशिषम् ॥

અ० વૃત્રાસુરના નાશક તથા જેનાનિમિત્ત અનેક દેશોમાં સોમરસ કાઢયો જાય છે એવા (ઇન્દ્ર), અમારા મનોરથોના સર્વદા જાણનાર જ હો વા આ રીતના ઈન્દ્ર અમારા યજ્ઞમાં હો. સંગ્રામમાં શત્રુઓનો નાશ કરવાને સમર્થ આ ઈન્દ્ર અમારી સ્તુતિને સાંભળો. ૬

३ १ २ ३ १ २ ३ १ २
अद्य नो देव सवितः प्रजावत्सावीः सौभगम् ।
१२ ३ १ २
परा दुष्वप्न्यꣳ सुव ॥७॥

अन्व० सवितः देव नः अद्य प्रजावत् सौभगम् सावीः दुःस्वप्न्यम् परासुव ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ હે સૂર્યદેવ! અમને આ યજ્ઞના દિવસ-આજ-પુત્રાદિસંપન્ન કરો. ખોટાસ્વપ્નસમાન દુઃખદાયક દારિદ્યને દૂર કરો ૭

२ १ २३१ २र ३२३१२
क्वाऽस्य वृषभो युवा तुविग्रीवो अनानतः ।
३१ २र
ब्रह्मा कस्तꣳ सपर्य्यति ॥८॥

अन्व० सः वृषभः युवा तुविग्रीवः अनानतः क्व कः ब्रह्मा तम् सपर्यति ॥

અ૦ તે મનોરથોને-પૂર્ણકરનાર, નિત્યતરૂણ, વધીગયેલ ગ્રીવાવાળા, કોઈ વાર કોઈને-ન-નમનાર ઇન્દ્ર ક્યાં છે તે વાતને કોણ જાણે? કોણ સ્તોતા આ ઇન્દ્રને પૂજે છે? ૮

३ १ २३१ २३१ २ ३१२
उपह्वरे गिरीणाꣳ सङ्गमे च नदीनाम् ।
३१ २र
धिया विप्रो अजायत ॥९॥

अन्व० गिरीणाम् उपह्वरे च नदीनाम् सङ्गमे धिया विप्रः अजायत ॥

અ૦ પર્વતોના પ્રદેશમાં અને નદીયોના સંગમઉપર કરેલી સ્તુતિવડે મેધાવી ઈન્દ્ર, સ્તુતિ સાંભળવા પ્રગટ થાય છે. ૯

२ ३१२ ३१ २र ३ १२ ३२
प्र सम्राजं चर्षणीनामिन्द्रꣳ स्तोता नव्यं गीर्भिः ।
१२ ३२३ १ २
नरं नृषाहं मꣳहिष्ठम् ॥१०॥

अन्व० चर्षणीनाम् सम्राजम् गीर्भिः नव्यम् नरम् नृषाहम् मंहिष्ठम् इन्द्रम् प्रस्तोता ॥

અ૦ મનુષ્યોમાં ભલેપ્રકાર-વિરાજમાન અથવા મનુષ્યોના-અધીશ્વર, સ્તોત્રોવડે-સ્તુતિ-કરવાયોગ્ય. નેતારૂપ, શત્રુ-મનુષ્યોના-તિરસ્કાર-કરનાર પરમ દાતા ઈન્દ્રની અધિક સ્તુતિ કરો. ૧૦

इति तृतीयः खण्डः समाप्तः ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ३

१ कशाः–ચાબુકો.
२ वदान्–वदति–ધ્વનિ કરે છે.
३ यामम्–संग्रामे–સંગ્રામમાં.
४ न्यृञ्जते–नितरां (नि) अलंकरोति–અત્યન્ત શોભિત કરે છે. [ऋञ्जतिः–प्रसाधनकर्मा]।
५ पुष्टावन्तः–सम्भृतपाशाः–પાશધારી.
६ विशः–निविशन्त्यः–બેઠેલી.
७ इत्–एव–જ.
८ अवः–પાલન; રક્ષા.
९ वृष्णाम्–कामानां वर्षितॄणां–મનોરથોને–વરસાવનાર.
१० स्वर्णं–प्रकाशनवन्तम्–પ્રકાશવાળો.
११ बोधन्मनाः–સર્વદા મન–મનોરથો–ને જાણનાર.
१२ भूर्यासुतिः–બહુ દેશોમાં જેના માટે સોમરસ કઢાય છે તે વા, જેના અર્થે સોમાદિક બહુ હવ્ય હોમાય છે તેવા.
१३ आशिवम्–સ્તુતિ.
१४ सावीः–प्रेरय–ધી.
१५ परासुव–દૂર પ્રેરિત કર.
१६ तुविग्रीवः–પ્રવૃદ્ધ–ગ્રીવાવાળા.
१७ अनानतः–कदाचिदप्यनवनतः–કદાપિ ન નમનાર.
१८ सपर्य्यति–પૂજે છે.
१९ उपह्वरे–પ્રદેશમાં.
२० धिया–સ્તુતિવડે.
२१ चर्षणीनाम्–મનુષ્યો મધ્યે.
२२ नव्यं–સ્તુત્ય.
२३ नृषाहम्–શત્રુ–મનુષ્યોનો અભિભવિતા–તિરસ્કારકરનાર.
२४ मंहिष्ठ–પરમદાતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ४

१ २   ३ १ २   ३ १ २   ३ १ २
अपादु शिप्र्यन्धसः सुदक्षस्य प्रहोषिणः ।
२ ३ २ ३   १ २
इन्दोरिन्द्रो यवाशिरः ॥१॥

अन्व० शिप्री इन्द्रः प्रहोषिणः सुदक्षस्य यवाशिरः इन्दोः अन्धसः उ अपात्॥

અ૦ સુંદર હનુ–કપોલ–વાળા વા સુંદરપાઘડીવાળા ઇન્દ્રે, પ્રકર્ષપૂર્વક–અધિકતાની સાથ—દેવતાઓનિમિત્ત હવિહોમનાર સુદક્ષઋષિના યવોની સાથ પકવેલ સોમલતા થકી સર્વ પાત્રોમાં ટપકતા સોમરૂપ અન્નનું નિશ્ચે પાન કર્યું. ૧

३ १ ३   ३ १   २र ३ १ २
इमा उ त्वा पुरुवसोऽभि प्र नोनवुर्गिरः ।
१ २   ३ २उ   ३ १ २
गावो वत्सं न धेनवः ॥२॥

अन्व० पुरुवसो त्वा अभि इमाः गिरः प्रनोनवुः गावः धेनवः व सं न् ॥

અ૦ હે બહુધનવાળા ઇન્દ્ર! તમારી આસપાસ આ અમારી સ્તુતિઓ, અધિકતાયે વારંવાર પ્રાપ્ત થાય છે જેમ ધેનુ પોતાના ઘેરબાંધેલ વાછડાની પાસે આવી પહોંચે છે તેમ. ૨

२उ ३ १ २   ३ २ ३ १ २ ३क २र
अत्राह गोरमन्वत नाम त्वष्टुरपीच्यम् ।
३ २   ३ १ २   ३ २
इत्था चन्द्रमसो गृहे ॥३॥

अन्व० अत्रा ह गोः चन्द्रमसः गृहे त्वष्टुः अपीच्यम् नाम इत्था अमन्वत॥

અ૦ આજ ગમનકરવાવાળા ચંદ્રમાના મણ્ડલમાં ત્વષ્ટાનામક આદિત્ય [ઇન્દ્ર]નું રાત્રિમાં અન્તર્ધાન થયલ જે પોતાનું તેજ છે તે સૂર્યનાં કિરણ છે એ પ્રકારે માન્યું ગયું છે; અર્થાત્ જલમય સ્વચ્છ ચન્દ્રમણ્ડલમાં પ્રતિબિમ્બિત સૂર્યનાં કિરણજ તે ચેષ્ટા કરે છે. અર્થાત્ દિનરાત્રીનો પ્રકાશક ઇન્દ્ર જ છે. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२उ ३ १२३१२ ३२३१ २र

यदिन्द्रो अनयद्रितो महीरपो वृषन्तमः ।

१२ ३१ २३ १ २

तत्र पूषाभुवत्सचा ॥४॥

अन्व० यत् वृषन्तमः इन्द्रः रितः महीः अपः अनयत् तत्र पूषा सचा भुवत्॥

અ૦ જ્યારે અતિશય-વર્ષા-કરનાર ઈન્દ્ર, જનારાં અનેક વર્ષાજલને આ લોકમાં પહોંચાડે છે ત્યારે પૂષા-પોષકદેવ-ઈન્દ્રનો સહાય થાય છે. ૪

१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २

गौर्धयति मरुताᳬ श्रवस्युर्माता मघोनाम् ।

१ २उ ३ १ २

युक्ता वह्नी रथानाम् ॥५॥

अन्व० मघोनाम् मरुताम् माता रथानाम् वह्निः युक्ता गौः श्रवस्युः धयति॥

અ૦ ધનવાન્ મરૂતોની રચનાર, મરૂતોને વડવાઓસહ સંયોગકરનારી સર્વત્ર-પૂજિત પૃશ્નિરૂપા ગાય, અન્નની કામના કરતી પોતાના પુત્રોનું પોષણ કરે છે. ૫

१२ ३ १२ ३ २ ३ १ २

उप नो हरिभिः सुतं याहि मदानां पते ।

१२ ३ १ २ ३ २

उप नो हरिभिः सुतम् ॥६॥

अन्व० मदानाम् पते हरिभिः नः सुतं उपयाहि हरिभिः नः सुतं उपयाहि ॥

અ૦ હે સોમોના-સ્વામિન્-ઇન્દ્ર ! સેંકડો-સહસ્ર-અશ્વોસહિત અમારા યજ્ઞમાં રસકાઢેલ સોમનું પાન કરવા શીઘ્ર આવો. (પુનરૂક્તિ આદરાર્થ છે]. ૬

३ १ २र ३ १ २ ३ १ २ ३ २

इष्टा होत्रा असृक्षतेन्द्रं वृधन्तो अध्वरे ।

१ २ ३ १ २र

अच्छावभृथमोजसा ॥७॥

अन्व० अध्वरे वृधन्तः इष्टाः होत्रा अवभृथं अच्छ ओजसा इन्द्रम् असृक्षत॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ અમારા યજ્ઞમાં હવિયોવડે વધારનાર, યજ્ઞકરનાર સાતહોતાઓ, યજ્ઞાંતસ્નાનપર્યંત પોતાના તેજવડે સંપન્ન હોઇ ઇન્દ્રને આહુતિદાન કરેછે. ૭

३ २उ ३ १ २र ३ २ ३ १ २ ३ १ २
अहमिद्धि पितुष्परि मेधामृतस्य जग्रह ।
३ १ २र
अहꣳ सूर्य्य इवाजनि ॥८॥

अन्व० अहम् इत् पितुःऋतस्य मेधाम् परिजग्रह हि सूर्यः इव अजनि ॥

અ૦ મેંજ પાલનકર્ત્તા તથા સત્યસ્વરૂપ ઈન્દ્રની અનુગ્રહરૂપા આ બુદ્ધિને ગ્રહણ કરી છે. કેમકે, જેમ સૂર્ય પ્રકાશ કરતો પ્રગટ થાય છે તેમજ હું પ્રગટ થયો છું. ૮

३ १ २ ३ २ ३ १ २ ३ १ २
रेवतीर्नः सधमाद इन्द्रे सन्तु तुविवाजाः ।
३ २ ३ २ ३ १ २
क्षुमन्तो याभिर्मदेम ॥९॥

अन्व० क्षुमन्तः याभिः मदेम इन्द्रे सधमादे नः रेवतीः तुविवाजा सन्तु ॥

અ૦ અન્નસંપન્ન-અમે જે ગાયોવડે હર્ષિત થઇએ છીએ, તે અમારી ગાયો, ઇન્દ્ર અમારી સાથ હર્ષયુકત થયે દૂધ-ઘી-આદિ-ધનવાળી તથા અધિક બલવતી હો. ૯

१ २ ३ १ २ ३ १ २ ३ २
सोमः पूषा च चेततुर्विश्वासा ꣳ सुक्षितीनाम् ।
३ २ ३क २ ३ २
देवत्रा रथ्योर्हिता ॥१०॥

अन्व० देवत्रा रथ्यः अर्हिता सोमः पूषा च विश्वासाम् सुक्षितीनाम् चेततुः ॥

અ૦ દેવતાઓમાં રથનેયોગ્ય સ્વારહોનાર સોમ તથા સૂર્ય, સકલશ્રેષ્ઠ-મનુષ્યોએ ઈન્દ્રનાનિમિત્ત કરેલ હવિયોને જાણે. ૧૦

इति चतुर्थः खण्डः समाप्तः ॥४॥

---

૧૦ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ४

१ अपात्-अपिबत्-પાન કર્યું.
२ शिप्री-સુંદર હનુ વા નાસિકાસંપન્ન વા સુંદરપાઘડીવાળા.
३ प्रहोषिण-प्रकर्षेन (प्र) जुह्वतः-અધિકતાયે દેવતાઓ નિમિત્ત હવિ હોમનાર.
४ यवाशिरः-आमिश्रितयवैः सहपक्वम्-યવોની સાથ પકવેલ. [श्रीञ्पाके]।
५ पुरुवसो-બહુધનવાળા.
६ प्रनोनवुः-प्रकर्षेण पुनःपुनः स्तुवन्ति प्राप्नुवन्तीत्यर्थः-અધિકતાયે વારંવાર આવી પ્રાપ્ત થાય છે. [नौतिर्व्याप्तिकर्मा]।
७ ह-एव।
८ गोः-गन्तुः-ગમનકરનારના.
९ अपीच्यम्-रात्रौ अन्तर्हितं-રાત્રિમાં અન્તર્ધાન થએલ.
१० नाम-तेजः-સૌર તેજ.
११ गृह-મણ્ડલ.
१२ रितः-गच्छतीः-જાતી હવી.
१३ महीः-महतीः-અધિક.
१४ सचा-सहायः।
१५ भुवत् भवति।
१६ धयति-સોમપાન કરે છે વા પોષણ કરે છે.
१७ श्रवस्युः-अन्नं कामयमाना-અન્નની કામના કરતી હવી.
१८ मघोनां-ધનવાન્.
१९ युक्ता-સર્વત્રપૂજિત.
२० रथानां-મરૂતોની.
२१ वह्निः-વહનકરાવનાર; સંયોજયિત્રી.
२२ मदः-સોમ.
२३ इष्टाः-इष्टवंतः-યજ્ઞ કરનાર.
२४ होत्रा-હોતા (होत्रकाः)।
२५ अच्छ-अभिप्रति-પ્રત્યે.
२६ वृधन्तः वर्धयन्त-વધારનાર.
२७ मेधा અનુગ્રહરૂપા બુદ્ધિ.
२८ सधमादे-સાથ હર્ષયુકત સતે.
२९ क्षुमन्त-અન્નસંપન્ન.
३० तुविवाजाः-અધિક બલવતી.
३१ रेवतीः-દૂધ ઘી આદિ ધનવાળા.
३२ सुक्षितीनाम्-શ્રેષ્ઠ મનુષ્યોની.
३३ रथ्यः-રથયોગ્ય.
३४ अर्हिता-आरोढा-સ્વાર હોનાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ५

२ ३ २ ३ १ २३ १ २ ३ १ २र
पान्तमा वो अन्धस इन्द्रमभि प्र गायत ।
३ १ २ ३ १ २ ३ १ २ ३ २
विश्वासाहꣳ शतक्रतुं मꣳहिष्ठं चर्षणीनाम् ॥१॥

अन्व० वः विश्वासाहम् शतक्रतुम् चर्षणीनाम् मंहिष्ठम् अन्धसः आपान्तम् इन्द्रम् अभिप्रगायत ॥

અ० હે ઋત્વિજો! તમે સકલશત્રુઓના–તિરસ્કાર–કરનાર, વિચિત્રકર્મા, મનુષ્યોના પરમધનદાતા તથા સોમરૂપ અન્નને—અભિમુખ—પીનાર ઇન્દ્રની વિશેષ સ્તુતિ કરો. ૧

२ ३ १ २ ३ १ २ ३ १ २
प्र व इन्द्राय मादनꣳ हर्य्यश्वाय गायत ।
१ २ १ १ २
सखायः सोमपाव्ने ॥२॥

अन्व० सखायः वः हर्यश्वाय सोमपाव्ने इन्द्राय मादनम् प्रगायत ॥

અ० હે સખાઓ ! તમે હરિનામક–અશ્વવાળા સોમપાનકરનાર ઇન્દ્રાર્થ પ્રસન્નકરવાવાળું સ્તોત્ર ગાઓ. ૨

३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
वयमु त्वा तदिदर्था इन्द्र त्वायन्तः सखायः ।
१ २ ३ १ २
कण्वा उक्थेभिर्जरन्ते ॥३॥

अन्व० इन्द्र त्वायन्तः सखायः वयम् तदिदर्थाः त्वा कण्वाः उ उक्थेभिः जरन्ते ॥

અ० હે ઇન્દ્ર ! તમને પોતાનો બનાવવાની ઇચ્છા કરતા મિત્રરૂપ અમે, કેવલ આપની સ્તુતિ કરવાને જ પોતાનું કર્તવ્ય માનતા તમારી સ્તુતિ કરીએ છીએ. કણ્વગોત્રી અમારા પુત્રો પણ વેદમંત્રોવડે તમારી સ્તુતિ કરે છે. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १२ ३ १ २र ३ १ २
इन्द्राय मद्वने सुतं परिष्टोभन्तु नो गिरः।
३ १ २ ३ १ २
अर्कमर्चन्तु कारवः ॥४॥

अन्व० मद्वने इन्द्राय सुतम् नः गिरः परिष्टोभन्तु कारवः अर्कम् अर्चन्तु ॥

અ० પ્રસન્નસ્વભાવઈન્દ્રાર્થ–કાઢેલ–સોમની, અમારી સ્તુતિયો સર્વથા પ્રશંસા કરો. તદનન્તર સ્તુતિકરવાવાળાઓ સર્વના પૂજનીય સોમને પૂજો. ૪

३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
अयं त इन्द्र सोमो निपूतो अधि बर्हिषि।
१ २ ३ २उ ३ १ २
एहीमस्य द्रवा पिब ॥५॥

अन्व० इन्द्र ते अयं सोमः बर्हिषि अधि निपूतः इदम् अस्य एहि द्रव पिब ॥

અ० હે ઈન્દ્ર! તમારેનિમિત્ત આ સોમ, વેદિ ઉપર બિછાવેલ કુશોઉપર દશાપવિત્રવડે શુદ્ધ કર્યો ગયો છે. તમે આ સમય આ સોમની સમીપ આવો અને આવી જ્યાં રસરૂપ સોમનું હવન કરાય છે તે સ્થાનઉપર શીઘ્ર આવો અને તદનન્તર તે સોમને પીઓ. ૫

३ २ ३ १ २ ३ १ २ ३ १ २
सुरूपकृत्नुमूतये सुदुघामिव गोदुहे।
३ २ ३ १ २
जूहूमसि द्यविद्यवि ॥६॥

अन्व० सुरूपकृत्नुम् ऊतये गोदुहे सुदुघाम् इव द्यविद्यवि जुहूमसि ॥

અ० શોભનરૂપયુકત–કર્મના–કર્તા ઈન્દ્રને, અમારી રક્ષાનિમિત્ત તથા ગૌ-દોહનનિમિત્ત સુન્દરદુધવાળી ગાયને જેમ બોલાવે તેમ અમે પ્રતિદિન આહ્વાન કરીએ છીએ. ૬

३ १ २ ३ २ ३ १ २ ३ १ २
अभि त्वा वृषभा सुते सुतꣳ सृजामि पीतये।
३ १ २ ३ १ २
तृम्पा व्यश्नुहि मदम् ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० वृषभ त्वा सुते सुतम् पीतये अभिसृजामि तृप्यम् मदम् व्यश्नुहि ॥

અ૦ હે મનોરથોને-પૂર્ણકરવાવાળા-ઇન્દ્ર! તમને સોમનો અભિષવ હોવાઉપર આ અભિષવકરેલ સોમને પાન કરવા અર્પણ કરૂં છું. તૃપ્તકરવાવાળા તથા આનન્દદાયક સોમને વિશેષ ગૃહણ કરો. ૭

१ २ ३ १ २र३ १ २ ३ २
य इन्द्र चमसेष्वा सोमश्चमूषु ते सुतः ।
१ २र ३ १ २
पिबेदस्य त्वमीशिषे ॥८॥

अन्व० इन्द्र ते सुतः सोमः चमसेषु चमूषु आ अस्य त्वम् पिब इत् ईशिषे ॥

અ૦ હે ઇન્દ્ર! તમારેનિમિત્ત અભિષવકરેલ જે સોમને ચમસનામક પાત્રોમાં તથા ગ્રહનામકપાત્રોમાં પૂર્ણ ભરેલ છે તે સોમને તમે અવશ્ય પિઓ. હે ઇન્દ્ર! તમે ઇશ્વરરૂપ છો. ૮

१ २ ३ १-२ ३ १ २
योगेयोगे तवस्तरं वाजेवाजे हवामहे ।
१ २ ३ १ २ ३ १ २
सखाय इन्द्रमूतये ॥९॥

अन्व० योगे योगे वाजे वाजे तवस्तरम् इन्द्रम् ऊतये सखायः हवामहे ॥

અ૦ પ્રત્યેકકર્મના આરંભમાં પ્રવેશહોવાસમય કર્મવિઘાતકોની સાથ સંગ્રામહોવાઉપર અતિબલવાન્ ઇન્દ્રને, રક્ષાનિમિત્ત મિત્રોની-સમાન-પ્રીતિકરવાવાળા-અમે આહ્વાન કરીએ છઇએ. ૯

२उ ३ १ २ ३ १ २ ३ १ २र
आ त्वेता निषीदतेन्द्रमभि प्र गायत ।
१ २ ३ १ २
सखायः स्तोमवाहसः ॥१०॥

अन्व० स्तोमवाहसः सखायः आ तु आ इत निषीदत इन्द्रम् अभिप्रगायत॥

અ૦ સોમને-પહોંચાડવાવાળા-હે સખા-ઋત્વિજો! તમે અતિશીઘ્ર આવો અને આવીને વિરાજો અને ઇન્દ્રની સર્વપ્રકારે સ્તુતિ કરો. ૧૦

इति पञ्चमः खण्डः समाप्तः ॥५॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ५

१ पान्तम्-पिबन्तं-પાન કરતો.
२ विश्वासाहम्-विश्वेषां सर्वेषां शत्रूणामभिभवितारं-સકલ શત્રુઓના તિરસ્કાર કરનાર.
३ सोमपाव्ने-સોમપાન કરવાવાળા.
४ मादनं-મદકર સ્તોત્ર.
५ तदिदर्थाः-यत् त्वद्विषयं स्तोत्रं तदेवार्थः प्रयोजनं येषां तादृशाः-આપની સ્તુતિ તેજ પોતાનું કર્તવ્ય માનનાર.
६ जरन्ते-स्तुवन्ति-સ્તુતિ કરે છે.
७ मद्वने-मदनशीलाय-પ્રસન્નસ્વભાવવાળા.
८ परिष्टोभन्तु-परितः स्तुवन्तु-સર્વથા પ્રશંસા કરે. [स्तोमतिः स्तुतिकर्मा]।
९ अर्कम्-अर्चनीयं-સર્વના પૂજનીય સોમને.
१० कारवः-સ્તુતિકરવાવાળા.
११ द्रव-શીઘ્ર જાઓ.
१२ सुरूपकृत्नुम्-शोभनरूपोपेतस्य कर्मणः कर्तारं-સુરૂપકર્મના કર્તા.
१३ जुहूमसि-आह्वयामः-આહ્વાન કરીએ છઇએ.
१४ अभिसृजामि-અર્પણ કરૂં છું.
१५ तृम्प-तृप्यं-તૃપ્તકરવાવાળો.
१६ मदं-મદકર.
१७ योगे-प्रवेशे-પ્રવેશ હોવાસમય.
१८ वाजे-સંગ્રામહોવા ઉપર;
१९ एत-आ+इत-આવો.
२० सोमवाहसः-સોમને પહોંચાડવાવાળા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ६

३ १ २र ३ १ २
इद छं ह्यन्वोजसा सुत छं राधानां पते।
२ ३ २ १ २
पिबा त्वा ३ स्य गिर्वणः ॥१॥

अन्व० राधानाम् पते गिर्वणः ओजसा इदम् अनु ओजसा सुतम् अस्य तु पिब हि॥

અ० હે ધનોના-સ્વામિન્! હે સ્તુતિયોવડે પ્રાર્થના-કરવાયોગ્ય-ઇન્દ્ર! બલદ્વારા-પત્થરવડે-કાઢેલ-આ-સોમને તમે શીઘ્ર પીઓ. ૧

३ १ २र ३१२ ३ १ २ ३ १ २
महाछं इन्द्रः पुरश्च नो महित्वमस्तु वज्रिणे।
१ २र३ १ २र
द्यौर्न प्रथिना शवः ॥२॥

अन्व० नः इन्द्रः महान् परः वज्रिणे महित्वम् अस्तु द्यौर्न शवः प्रथिना॥

અ० અમારા આ ઇન્દ્ર શરીરે મહાન્ છે. ગુણોવડે શ્રેષ્ઠ છે. વજ્રધારી ઇન્દ્રાર્થ, પૂર્વોકત બે પ્રકારનું ગૌરવ સર્વદા હો. અને દ્યુલોકસમાન ઇન્દ્રનું સેનારૂપ બલ અધિક પ્રસિદ્ધ હો. ૨

१ २र ३ १ २ ३ २ ३ १ २र
आ तू न इन्द्र क्षुमन्तं चित्रं ग्राम छं सं गृभाय।
३ १ २र
महाहस्ती दक्षिणेन ॥३॥

अन्व० इन्द्र महाहस्ती तु नः क्षुमन्तम् चित्रम् ग्रामम् दक्षिणेन आ संगृभाय॥

અ० હે ઇન્દ્ર! મોટાહાથવાળા તમે આ સમય અમને દેવા, સ્તુતિયોગ્ય નાનાપ્રકારના ગૃહણુકરવાયોગ્ય ધનને જમણેહાથે અભિમુખ ગ્રહણુ કરો. ૩

३ १ २र ३१२ ३ १ २ ३ २
अभि प्र गोपतिं गिरेन्द्रमर्च यथा विदे।
३ २ ३ २ ३ १ २
सूनुछं सत्यस्य सत्पतिम् ॥४॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० गोपतिम् सत्यस्य सूनुम् सत्पतिम् इन्द्रम् गिरा अभि अर्च यथा विदे॥

અ૦ ગાયોનાસ્વામી યજ્ઞનાપુત્ર તથા યજમાનોના પાલક એ ઇન્દ્રને સ્તુતિવડે પૂર્ણ પૂજો કે જે પ્રકારે તે અમારી સ્તુતિને વા યજ્ઞમાં અવશ્ય જવું જોઇએ તે વાતને જાણી શકે. ૪

१ २ ३ १ २र ३ २ ३ १ २ ३ १ २
कया नश्चित्र आ भुवदूती सदावृधः सखा ।
२ ३ १ २ ३ २
कया शचिष्ठया वृता ॥५॥

अन्व० सदा वृधः चित्रः सखा कया ऊती नः आ भुवत् शचिष्ठया कया वृत्ता ॥

અ૦ સર્વદા–વૃદ્ધિને–પ્રાપ્ત વિચિત્રગુણોવાળા મિત્ર ઈન્દ્ર, કયા તૃપ્તિ–સાધકકર્મવડે અમારી અભિમુખ થાય? પ્રજ્ઞાસહિત અનુષ્ઠાન કરેલ કયા કર્મવડે તે અભિમુખ થાય? ૫

१ २ २ २ ३ १ २ ३ १ २
त्यमु वः सत्रासाहं विश्वासु गीर्ष्वायतम् ।
१ २ ३ १ २
आ च्यावयस्यूतये ॥६॥

अन्व० सत्रासाहम् वः विश्वासु गीर्षु आयतम् त्यम् उ ऊतये आच्यावयसि॥

અ૦ [યજમાન કહે છેઃ–] હે સ્તોતા! અનેકના–તિરસ્કાર–કરનાર, તમારા સકલસ્તોત્રોમાં વ્યાપ્ત આ ઇન્દ્રને જ અમારી રક્ષા અર્થે અભિમુખ મોકલો. ૬

१ २ ३ २ ३ १ २ ३ १ २र ३ १ २
सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्य काम्यम् ।
३ २ ३ १ २
सनिं मेधामयासिषम् ॥७॥

अन्व० मेधाम् अद्भुतम् इन्द्रस्य प्रियम् काम्यम सनिम् सदसस्पतिम् अयासिषम् ॥

અ૦ બુદ્ધિ પ્રાપ્તકરવા નિમિત્ત, આશ્ચર્યકરવાવાળા ઈન્દ્રના પ્યારા ચાહવાયોગ્ય ધનદાતા **સદસ્પતિ**–દેવતાને હું પ્રાપ્ત થયો છું. ૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २ ३ २ ३ उ ३क २र ३ १ २
ये ते पन्था अधो दिवो येभिर्विश्वमैरयः ।
३ १ २ ३ १ २
उत श्रोषन्तु नो भुवः ॥८॥

अन्व० दिवः अधः ये पन्थानः येभिः विश्वम् ऐरयः ते उत नः भुवः श्रोषन्तु ॥

અ૦ હે ઈન્દ્ર! દ્યુલોકની નીચે જે માર્ગ છે તથા જે માર્ગોવડે તમે સર્વ જગત્‌ને પ્રાપ્ત થયા છો તે માર્ગ યજમાનોને સ્તુતિકરવાયોગ્ય છે. વળી, અમારાં નિવાસસ્થાનોને યજમાન [તમારા અનુગ્રહ થકી] સાંભળો. ૮

३ १ २ ३ २ ३ २ ३ १ २
भद्रं भद्रं न आ भरेषमूर्जꣳ शतक्रतो ।
१ २ ३ १ २
यदिन्द्र मृडयासि नः ॥९॥

अन्व० शतक्रतो इन्द्र भद्रं भद्रम् नः आभर इषं ऊर्जम् नः यत् मृडयासि ॥

અ૦ સેંકડો-કર્મ-કરવાવાળા-હે ઈન્દ્ર! પરમસુખકારક ધન અમને દ્યો. તથા બલવાન્ અન્ન દ્યો. અમને જો સુખદેવા ચાહતા હો તો ધન આદિ દ્યો. ૯

२ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २
अस्ति सोमो अयꣳ सुतः पिबन्त्यस्य मरुतः ।
३ २ ३ १ २ ३ १ २
उत स्वराजो अश्विना ॥१०॥

अन्व० अयम् सोमः सुतः अस्ति अस्य स्वराजः मरुतः पिबन्ति उत अश्विना ॥

અ૦ આ સોમ મરુતોના અર્થ અમારાદ્વારા અભિષુત કરાયો છે તેથી, આ સોમને પોતાના તેજવડે દેદીપ્યમાન મરુતો પ્રાતઃકાળે પીએ છે અને અશ્વિનીકુમાર પણ પ્રાતઃસવનમાં પિએ છે. ૧૦

इति षष्ठः खण्डः समाप्तः ॥६॥

---

૮ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ६

૧ राधानाम्-ધનોના.

૨ गिर्वणः-સ્તુતિયોવડે પ્રાર્થના કરવા યોગ્ય.

૩ प्रथिना-पृथुत्वेन (पृथ्थताम्) અધિક પ્રસિદ્ધ હો.

૪ शवः-બલ.

૫ क्षुमन्तं-शब्दवन्तं-સ્તુતિને યોગ્ય.

૬ ग्राभं-ग्राहकं ग्रहणार्हं वा धनं-ગ્રહણ કરવાયોગ્ય ધન.

૭ गृभाय-गृहाण-ગ્રહણ કરો.

૮ विदे-जानाति-જાણે.

૯ सत्पतिम्-યજમાનોના પાલક.

૧૦ सदावृधः-સર્વદા વર્દ્ધમાન્.

૧૧ शचिष्ठया-प्रज्ञावत्तमया-પ્રજ્ઞાપૂર્વક અનુષ્ઠીયમાન.

૧૨ वृता-वर्त्तनेन-કર્મવડે.

૧૩ आयतम्-વિસ્તૃત.

૧૪ त्यम्-तम्-તે.

૧૫ आच्यावयसि-आभिमुख्येन गमय । [च्युङ्गतौ]-અભિમુખ મોકલો.

૧૬ सत्रासाहम्-सत्रा-અર્થાત્ અનેકનો અભિભવ કરનાર.

૧૭ सनिम्-ધનના દાતા.

૧૮ अयासिषम्-प्राप्तवान्-પ્રાપ્ત થયો છું.

૧૯ प्रैरयः-प्राप्तवान् अस्मि-પ્રાપ્ત થયો છું.

૨૦ भुवः-નિવાસસ્થાનો.

૨૧ श्रोषन्तु-शृण्वन्तु-સાંભળો.

૨૨ यद्-यदि-જો.

૨૩ मृडयासि-સુખદેવાને ઇચ્છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ७

३ १२ ३२३ १२ ३ १ २र
ईङ्खयन्तीरपस्युव इन्द्रं जातमुपासते ।
३ १२ ३१२
वन्वानासः सुवीर्य्यम् ॥१॥

अन्व० ईङ्खयन्तीः अपस्युवः जातम् तम् उपासते सुवीर्यम् वन्वानासः ॥

અ० સ્તુતિ–આદિદ્વારા ઇન્દ્રને પ્રાપ્તથતી પોતાના કર્મને ચાહાતી ઇન્દ્રની માતા, પ્રગટ–થયલ–તે–ઇન્દ્રને સેવે છે અને સુંદરવીરતાયુકત ધનને તે ઇન્દ્રથકી પ્રાપ્ત કરે છે. ૧

१ २ ३ १ २र
न कि देवा इनीमसि न क्या योपयामसि ।
३ १ २
मन्त्रश्रुत्यं चरामसि ॥२॥

अन्व० देवाः न कि इनीमसि न कि योपयामसि मंत्रश्रुत्यम् आ चरामसि ॥

અ० હે ઇન્દ્રાદિ–દેવતાઓ ! તમારાવિષયમાં અમે કાંઇ પણ હાનિ કરતા નથી અને વિપરીત અનુષ્ઠાન વડે મોહિત પણ કરતા નથી. અમે મંત્રમાં અનેકવાકયોવડે વર્ણનકરેલ તમારા સંબંધી કર્મનું આચરણ કરીએ છઇએ. ૨

३ १ २र ३१ २३ १२
दोषो आगाद्बृहद्गाय द्युमद्गामन्नाथर्वण ।
३ २ ३१ २३१२
स्तुहि देवꣳ सवितारम् ॥३॥

अन्व० बृहद्गाय द्युमद्गामन् आथर्वण दोषः आगात् सवितारम् देवम् स्तुहि ॥

અ० હે બૃહત્–સામના ગાનકરવાવાળા પ્રકાશયુકત ગમનકરવાવાળા **આથર્વણ** ! તૂં ઋત્વિજ તથા યજમાનના અપરાધવડે જો કોઇ દોષ આવે તો તેને દૂર કરવા સવિતાદેવની સ્તુતિ કર. ૩

૩ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ २ ३ १ २र ३क २र ३ २ ३ २
एषो उषा अपूर्व्या व्युच्छति प्रिया दिवः ।
३ १ २ ३ २
स्तुषे वामश्विना बृहत् ॥४॥

अन्व० एषः प्रिया अपूर्व्या उषा दिवः व्युच्छति अश्विनौ वाम् बृहत् स्तुषे॥

अ० આ અમને દેખાતી સર્વને પ્રસન્નતાની કારણરૂપા, પહેલા મધ્યરાત્રિ-આદિ સમયમાં ન રહેવાવાળી આ સમયની ઉષાદેવતા, દ્યુલોકથી આવી અન્ધકારનો નાશ કરે છે. હે **અશ્વિનીકુમારો** ! હું તમને બહુ સ્તુતિ કરૂં છું. ૪

१ २ ३ २ ३ १ २ ३ १ २र
इन्द्रो दधीचो अस्थभिर्वृत्राण्यप्रतिष्कुतः ।
३ १ ३ ३ १ २र
जघान नवतीर्नव ॥५॥

अन्व० अप्रतिष्कुतः इन्द्रः दधीचः अस्थभिः नव नवतीः वृत्राणि जघान ॥

अ० પ્રતિકૂલ–શબ્દરહિત–ઇન્દ્રે, આથર્વણદધીચિઋષિની પાંસલી તથા શિર–આદિ–હાડકાંવડે આઠસોદશ અસુરોને હણ્યા. ૫

२उ ३ १ २२ ३ १ २ ३ १ २
इन्द्रेहि मत्स्यन्धसो विश्वेभिः सोमपर्वभिः ।
३ १ २ ३ १ २र
महाँ अभिष्टिरोजसा ॥६॥

अन्व० इन्द्र एहि विश्वेभिः सोमपर्वभिः अन्धसः मत्सि ओजसा महान् अभिष्टिः ॥

अ० હે ઇન્દ્ર ! આ કર્મમાં આવો અને આવી સર્વ સોમરસરૂપ અન્નો વડે પ્રસન્ન થાઓ. તદનન્તર, બલવડે મોટા થઇ શત્રુઓના તિરસ્કાર કરનાર થાઓ. ૬

१ २र ३ २ ३ २ ३ १ २
आ तू न इन्द्र वृत्रहन्नस्माकमर्द्धमा गहि ।
३ २ ३ १ २ ३ १ २
महान्महीभिरूतिभिः ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० वृत्रहन् नः आ तु महीभिः ऊतिभिः अस्माकम् अर्धम् आ गहि ॥
અ० હે શત્રુઓના-નાશક-ઇન્દ્ર! તમે અમારી સમીપ શીઘ્ર આવો. હે ઇન્દ્ર! મહાન્ એવા તમે મોટી રક્ષાઓસાથ અમારીસમીપ આવો. ૭

२ ३१ २ ३२उ ३१२
ओजस्तदस्य तित्विष उभे यत्समवर्त्तयत् ।
२ ३ १ २ ३ १ २
इन्द्रश्चर्मेव रोदसी ॥८॥

अन्व० अस्य तत् ओजः तित्विषे यत् इन्द्रः उभे रोदसी चर्म इव समवर्त्तयत् ॥
અ० આ ઇન્દ્રનું તે પ્રસિદ્ધબલ પ્રદીપ્ત થયું જે બલવડે આ ઇન્દ્ર, દ્યાવાપૃથિવીઉભયને ચર્મસમાન વર્તાવે છે. અર્થાત્, કદાચિત્ વિસ્તારેછે તથા કદાચિત્ સંકોચેછે. ૮

३ १२ ३ १ २ ३ १ २ ३ २
अयमु ते समतसि कपोत इव गर्भधिम् ।
२ ३ १ २
वचस्तच्चिन्न ओहसे ॥९॥

अन्व० अयम् उ ते समतसि कपोत इव गर्भधिम् तच्चित् नः वचः ओहसे॥
અ० હે ઇન્દ્ર! આ દૃશ્યમાન સોમ પણ તમારા અર્થ તૈયાર કર્યો છે; જે સોમને નિરન્તર સમ્યક્પ્રકારે પ્રાપ્ત થાઓ છો. જેમ કબૂતર ગર્ભધારણ કરવા કપોતી [કબૂતર માદા]ને પ્રાપ્ત થાય છે તેમ. તે કારણથી તમે અમારા વચનને પ્રાપ્ત થાઓ છો. ૯

२ ३ १ २ ३२ ३ १ २ ३ १ २ ३ २
वात आ वातु भेषजꣳ शम्भुमयोभु नो हृदे ।
३ १ २
प्र न आयूꣳषि तारिषत् ॥१०॥

अन्व० वातः नः हृदे शम्भु मयोभु भेषजम् आ वातु नः आयुंषि प्रतारिषत्॥
અ० વાયુ, અમારા હૃદયના અર્થ રોગશાન્તિકરવાવાળા તથા સુખદેવાવાળા ઔષધ વા જલને પ્રાપ્ત કરાવે અને અમારાં આયુષ્યને વધારે. ૧૦

इति सप्तमः खण्डः समाप्तः ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ७

૧ ईंखयन्तीः–गच्छन्त्यः–સ્તુત્યાદિ વડે ઇન્દ્રને પ્રાપ્ત થતી.
૨ अपस्युवः–अपःकर्म आत्मन इच्छन्त्यः–પોતાના કર્મને ચાહતી.
૩ वन्वानासः–संभक्तवत्यः–પ્રાપ્ત કરે છે.
૪ सुवीर्य्यम्–સુંદરવીર્યતાયુકત ધન.
૫ किं–किमपि–કાંઇપણ.
૬ इनीमसि–हिंस्मः (मीङ्हिंसायां)–હાનિ કરીએ છઇએ.
૭ क्या–कि+आ
૮ योपयामसि–योपयामः–अननुष्ठानेन अन्यथानुष्ठानेन वा मोहयामः–અનનુષ્ઠાન વા વિપરીત અનુષ્ઠાન વડે મોહિત કરીએ છઇએ. [युप् विमोहने]
૯ मन्त्रश्रुत्यं–मन्त्रेण स्मार्यं–શ્રુતિવિષે વિધિવાક્ય વડે પ્રતિપાદ્ય.
૧૦ चरामसि–चरामः ।
૧૧ बृहद्गाय–બૃહત્ સામનું ગાન કરનાર.
૧૨ द्युमद्यामन्–दीप्तगमन–પ્રકાશયુક્ત ગમનકરવાવાળા.
૧૩ अपूर्व्या–ઇદાનીન્તના.
૧૪ व्युच्छति–तमो वर्जयति–અન્ધકારનો નાશ કરે છે.
૧૫ अप्रतिष्कुतः–परैःअप्रतिशब्दितः–પ્રતિકૂલશબ્દરહિત.
૧૬ मत्सि–माद्य–હૃષ્ટ હો.
૧૭ अभिष्टिः–શત્રુના અભિભવિતા.
૧૮ अर्द्धम्–સમીપ.
૧૯ तित्विषे–दिदीपे–પ્રદીપ્ત થયું [त्विषदीप्तौ]
૨૦ समतसि–सम्यक् सातत्येन प्राप्तोषि–નિરન્તર સમ્યક પ્રસરે પ્રાપ્ત કરે છે.
૨૧ तच्चित्–तस्मादेव–તેજ કારણથી.
૨૨ ओहसे–પ્રાપ્ત કરે છે.
૨૩ प्रतारिषत–પ્રવૃદ્ધ કરો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आर्य प्रतिनिधि सभा गुरुकुल कांगड़ी

अ. २ खण्ड ८

१ २र ३ १२ ३ १२ ३ १ २ ३ २
यꣳ रक्षन्ति प्रचेतसो वरुणो मित्रो अर्य्यमा ।
२ ३ १ २ ३ १ २
न किः स दभ्यते जनः ॥१॥

अन्व० प्रचेतसः वरुणः मित्रः अर्यमा यम् रक्षन्ति सः जनः न किः दभ्येत॥

અ० શ્રેષ્ઠજ્ઞાનવાળા વરૂણદેવતા, મિત્રદેવતા, તથા અર્યમાદેવતા જે યજમાનની રક્ષા કરે છે તે યજમાન પુરૂષ કોઇયે વડે હિંસિત થતો નથી. ૧

३ २उ ३ १२ ३२३ १ २र३२
गव्यो षु णो यथा पुराश्वयोत रथया ।
३ २ ३१२
वरिवस्या महोनाम् ॥२॥

अन्व० यथा पुरा नः सु गव्या उ अश्वया उत रथया महोनाम् वरिवस्या॥

અ० હે ઇન્દ્ર ! જેપ્રકારે પહેલાં અમારા યજ્ઞમાં ગાય-આદિ દેવા આપ આવેલા તેજપ્રકારે હમણાં અમને સુંદરગાય દેવાની ઇચ્છા કરી, અશ્વ દાનની ઇચ્છા કરી તથા રથદેવાની ઇચ્છા કરી, પ્રતિષ્ઠા-કરવાવાળાં ધનો દેવા આવો. ૨

३ १ २ ३ १ २ ३१ २ ३ १ २
इमास्त इन्द्र पृश्नयो घृतं दुहत आशिरम् ।
३ २ ३ १ २ ३ १ २
एनामृतस्य पिप्युषीः ॥३॥

अन्व० इन्द्र ते इमाः पृश्नयः ऋतस्य पिप्युषीः घृतम् एनाम् आशिरम् दुहते ॥

અ० હે ઇન્દ્ર ! તમારી આ શ્રેષ્ઠવર્ણની સત્ય-ઇન્દ્રને વા યજ્ઞને વધારનારી ગાય, ટપકવાવાળા આ દૂધને પાત્રમાં પૂર્ણ કરી દે છે. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ २ ३ १ २ ३ १ २र
अया धिया च गव्यया पुरुणामन् पुरुष्टुत ।
१ २र ३ १ २
यत्सोमे सोम आभुवः ॥४॥

अन्व० पुरुणामन् पुरुष्टुत सोमे सोमे यद् आभुवः अया गव्यया धिया ॥

અ૦ હે અનેકનામવાળા ! હે અનેકોવડે-સ્તુતિ-કરાયલ ઇન્દ્ર ! મારા સર્વસોમયાગમાં તમે જ્યારે તેનું પાન કરવા આવો ત્યારે અમે પોતાના અર્થ-ગાયોને ચાહવાવાળી બુદ્ધિવડે યુક્ત હોઇએ અર્થાત્, જ્યારે તમે સોમ પીઓ ત્યારે અમે ગાય-આદિ ધનવડે યુક્ત થઇએ. ૪

३ २ ३ १२ ३ १ २ ३ १ २
पावका नः सरस्वती वाजेभिर्वाजिनीवती ।
३ १ २ ३ १ २
यज्ञं वष्टु धिया वसुः ॥५॥

अन्व० पावका वाजिनीवती धियावसुः सरस्वती वाजेभिः नः यज्ञम् वष्टु ॥

અ૦ પવિત્રકરવાવાળી અન્નદાયકશક્તિરૂપા તથા કર્મવડે પ્રાપ્તહોવાયોગ્ય ધનની કારણરૂપા **સરસ્વતી**દેવી, દેવાયોગ્ય અન્નસહિત અમારા યજ્ઞને ચાહે તથા પૂર્ણ કરે. ૫

२ ३ १ २र ३ ३उ ३ १ २
क इमं नाहुषीष्वा इन्द्रꣳ सोमस्य तर्पयात् ।
२ ३ २ २ १ २
स नो वसून्याभरात् ॥६॥

अन्व० नाहुषीषु इमम् इन्द्रम् कः तर्पयात् सः नः वसूनि आभरत् ॥

અ૦ માનુષી-પ્રજાઓમાં આ ઇન્દ્રને કોણ તૃપ્ત કરી શકે ? તે માનુષી-પ્રજાવડે તૃપ્ત કરવાને અશક્ય એવા ઇન્દ્ર, અમારા યજ્ઞમાં તૃપ્ત હોઇને ધનો દે. ૬

१ २ ३ २उ ३ ३ २ २ ३ १ २ ३ २
आ याहि सुषुमा हि त इन्द्र सोमं पिबा इमम् ।

૬ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२उ ३ १ २ २ १ २
एदं बर्हि सदो मम ॥७॥

अन्व० इन्द्र आयाहि ते सुषुमा हि इमम् सोमम् पिब मम इदम् बर्हिः आसदः ॥

अ० હે ઇન્દ્ર ! તમે આવો. અમે તમ્હારેનિમિત્ત સોમનો અભિષવ કર્યો છે તે આ સમ્પાદન-કરેલ-સોમને પિઓ, તમારેનિમિત્ત સ્થાપનકરેલ મારા આ વેદીપર બિછાવેલ કુશાસનપર વિરાજમાન હો. ७

१ २ ३ १ २र ३ २ ३ १ २ ३ २
महि त्रीणामवरस्तु द्युक्षं मित्रस्यार्यम्णः ।
३ २ ३ १ २
दुराधर्षं वरुणस्य ॥८॥

अन्व० मित्रस्य अर्यम्णः वरुणस्य त्रीणाम् द्युक्षम् दुराधर्षम् महि अवः अस्तु॥

अ० મિત્રનું અર્યમાનું વરૂણનું [આ] ત્રણે દેવોનું દેદીપ્ત તથા બીજાવડે બાધિત ન હોનાર મોટું રક્ષણ અમને હો. ८

१ २ ३ १ २
त्वावतः पुरूवसो वयमिन्द्र प्रणेतः ।
१ २
स्मसि स्थातर्हरीणाम् ॥९॥

अन्व० पुरूवसो प्रणेतः हरीणाम् स्थातः इन्द्र त्वावतः वयम् स्मसि ॥

अ० બહુ-ધનવાળા કર્મોને ઉત્તમતાએ-પારપાડનાર તથા હરિનામક અશ્વોના અધિષ્ઠાતા-હે ઇન્દ્ર ! અમે તમારા સ્વભૂત-નિજરૂપ છઇએ. ९

इति अष्टमः खण्डः समाप्तः ॥८॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ८

१ कि:-केनापि-કોઇપણ વડે.
२ प्रचेतसः-શ્રેષ્ઠજ્ઞાનવાળા.
३ गव्या-गवामिच्छया-અમને ગાય દેવા.
४ महोनां-धनानाम् । महान्ति धनानि-પ્રતિષ્ઠા કરાવનાર ધનો.
५ वरिवस्य-परिचर-દેવા આવો.
६ पृश्नयः-શ્રેષ્ઠવર્ણની.
७ घृतं-ક્ષરણશીલ; ટપકનાર.
८ आशिरम्-आश्रयणद्रव्यं-દૂધ.
९ पिप्युषीः-વધારનાર.
१० अया-अनया-આવડે.
११ वाजिनीवती-અન્નદાયકશક્તિ.
१२ धियावसुः-કર્મપ્રાપ્યધનની નિમિત્તભૂત.
१३ वष्टु-कामयतां-ચાહે.
१४ नाहुषी-માનુષી પ્રજા.
१५ सुषुम-अभिषुतवन्तः-સોમનો અભિષવ કર્યો છે.
१६ सद-सीद-વિરાજમાન્ હો.
१७ महि-महत्-મોટું.
१८ द्युक्षं-દેદીપ્ત.
१९ दुराधर्षम्-न्यैः धर्षितुम् अशक्यं-અન્યવડે બાધિત ન થનાર.
२० त्वोवतः-त्वत्सदृशस्य । तवस्वभूताः-તમારાનિજરૂપ.
२१ प्रणेतः-કર્મોને પ્રકર્ષપણે પાર આણનાર.
२२ स्थातः-અધિષ્ઠાતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ९

१ २ ३ १ २ ३ १ २र
उ त्वा मदन्तु सोमाः कृणुष्व राधो अद्रिवः ।
२ ३ १ २
अव ब्रह्मद्विषो जहि ॥१॥

अन्व० त्वा सोमाः उत मदन्तु अद्रिवः राधः कृणुच्व ब्रह्मद्विषः अवजहि ॥

अ० હે ઇન્દ્ર ! તમને સોમ ઉત્તમ પ્રસન્નતા દે. હે વજ્રધારિન્ ઇન્દ્ર ! તમે અમને ધન દો અને બ્રાહ્મણોના દ્વેષીયોને નષ્ટ કરો. ૧

१ २ ३ १ २ ३ २र ३ १ २
गिर्वणः पाहि नः सुतं मधोर्धाराभिरज्यसे ।
२ ३ १ २ ३ १ २र
इन्द्र त्वादातमिद्यशः ॥२॥

अन्व० गिर्वणः नः सुतम् पाहि मधोः धाराभिः अज्यसे इन्द्र त्वादातं इत् यशः ॥

अ० હે–સ્તુતિયોવડે–પ્રાર્થના–કરવા–યોગ્ય ઇન્દ્ર ! અમારા–સમ્પાદન કરેલ–આ-સોમને પિઓ કેમકે મદકારી સોમની ધારાઓ વડે તમે સિંચિત થાઓ છો. હે ઇન્દ્ર ! તમોવડે શુદ્ધકરેલ અન્ન અમારી પાસ હોય છે. ૨

१ २ ३ २ ३ १ २ ३ २ उ ३ १ २ २र ३ २
सदा व इन्द्रश्चर्कृषदा उपो नु स सपर्यन् ।
२ ३ २ ३ २ उ ३ १ २
नः देवो वृतः शूर इन्द्रः ॥३॥

अन्व० इन्द्रः सदा उपो नु सपर्यन् वः आचर्कृषत् नः वृतः इन्द्रः देवः शूरः॥

અ૦ હે ઋત્વિક્–યજમાનો ! ઇન્દ્ર, " સર્વદા તમે હવિર્ભોગ કરવા મને આહ્વાન કરો" એમ તમારીસમીપ વારંવાર પ્રાર્થના કરતો યજ્ઞાનુષ્ઠાનનું નિમિત્ત કરવા ચાહે છે. અમોએ વરણકરેલ ઇન્દ્રદેવ શૂરા છે. ૩

૩ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३१२३ १ २
आ त्वा विशन्त्विन्दवः समुद्रमिव सिन्धवः ।
२उ ३ १ २
न त्वामिन्द्रातिरिच्यते ॥४॥

अन्व० इन्दवः सिन्धवः समुद्रं इव त्वा आविशन्तु इन्द्र न अतिरिच्यते ॥

અ० હે ઇન્દ્ર ! અમેદ્દીધેલ ટપકતોસોમ, વહેનારી નદીયો જેમ સમુદ્રને પ્રાપ્ત થાય તેમ તમને પ્રાપ્ત હો. તેકારણ હે ઇન્દ્ર ! કોઇપિણ દેવતા, ધન વા બલવડે તમારી અપેક્ષાએ મોટા હોઇ શકતા નથી. ૪

२ ३ २ ३ १ २ ३१ २र३ १ २३ १ २
इन्द्रमिद्गाथिनो बृहदिन्द्रमर्केभिरर्किणः ।
२ ३ १ २
इन्द्रं वाणीरनूषत ॥५॥

अन्व० गाथिनः इन्द्रम् इत् बृहत् अनूषत अर्किणः अर्केभिः वाणीः इंद्रम ॥

અ. ગાયાં–જાય–તેવાં સામવડેયુક્ત ઉદ્ગાતા, ઇન્દ્રનીજ બૃહત્–સામદ્વારા સ્તુતિ કરે છે. અર્ચનના મંત્રોસહિત હોતા, ઉકથરૂપમંત્રોવડે સ્તુતિ કરે છે અને અધ્વર્યુઓ યજુરૂપવાણીયો વડે ઇન્દ્રની સ્તુતિ કરે છે. ૫

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २
इन्द्र इषे ददातु न ऋभुक्षणमृभुꣳरयिम् ।
३ १ २ ३ १ २
वाजी ददातु वाजिनम् ॥६॥

अन्व० इन्द्रः ऋभुक्षणम् रयिम् ऋभुम् नः इषे ददातु वाजो वाजिनम् ददातु ॥

અ० અમોવડે આપ્રકારે–સ્તુતિ–કરાયલ ઇન્દ્ર, સર્વમાં શ્રેષ્ઠદાતારૂપ તથા સોમપાન વડે અમરથયલ ઋભુનામકદેવતા અમને અન્નના અર્થ દ્યો તથા બલવાન ઇન્દ્ર, બલવાન્ નાનો (વાજ નામનો) ભાઇ દ્યો. ૬

१ २ ३२ ३२३२३१ २र
इन्द्रो अङ्ग महद्भयमभीषदपचुच्यवत् ।
२उ ३ १ २र
स हि स्थिरो विचर्षणिः ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० स्थिरः विचर्षणिः इन्द्रः महत् भयम् अङ्ग हि अभोषत् अपचुच्युवत्॥

અ૦ કોઈ વડે ચલાયમાન ન હોઈ શકે તેવા વિશ્વના દ્રષ્ટા ઇન્દ્ર, નિશ્ચે અધિકભયને શીઘ્ર તિરસ્કૃત કરે છે તથા દૂર પણ કરે છે. ૭

२ १ २ ३ १ २ ३ १ २ ३ १ २

इमा उ त्वा सुतेसुते नक्षन्ते गिर्वणो गिरः ।

१ २ २ ३ उ ३ १ २

गावो वत्सं न धेनवः ॥८॥

अन्व० गिर्वणः सुते सुते इमाः गिरः धेनवः गावः वत्सं न त्वां नक्षन्ते ॥

અ૦ હે–ઋચાઓવડે–સ્તુતિ–કરવા–યોગ્ય ઇન્દ્ર ! સોમને અભિષવ હોવાપર આ અમારી સ્તુતિઓ દૂધદેનારી ગાયો જેમ શીઘ્રજ વાછડા સમીપ પહોંચે છે તેમજ તમને પ્રાપ્ત થાયછે. ૮

२ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २

इन्द्रा नु पूषणा वयꣳसख्याय स्वस्तये ।

३ २ ३ १ २

हुवेम वाजसातये ॥९॥

अन्व० इन्द्रा पूषणा नु वयम् स्वस्तये सख्याय वाजसातये हुवेम ॥

અ૦ ઈન્દ્ર તથા પૂષાદેવતાને આજ જ અમે કલ્યાણરૂપ મિત્રભાવ–નિમિત્ત અન્ન તથા જલની પ્રાપ્તિના અર્થે આહ્વાન કરીએ છઇએ. ૯

१ २ ३ १ २ २ ३ १ २ र

न कि इन्द्र त्वदुत्तरं न ज्यायो अस्ति वृत्रहन् ।

२ ३ २ उ ३ २

न क्येवं यथा त्वम् ॥१०॥

अन्व० वृत्रहन् इन्द्र त्वत् उत्तरः न कि अस्ति ज्यायान् त्वम् यथा एवम् न कि अस्ति ॥

અ૦ વૃત્રાસુરના–નાશક–હે ઇન્દ્ર ! ઈન્દ્રલોકમાં પણ તમારાથી કોઈ ઉત્તમ હોતો નથી. તમારાથી શ્રેષ્ઠ પણ હોતો નથી. હે ઇન્દ્ર ! તમે લોકમાં જે પ્રકારે પ્રસિદ્ધ છો તેમ કોઈએ પણ હોતો નથી. ૧૦

इति नवमः खण्डः समाप्तः ॥९॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ९

१ अद्रिवः–વજ્રધારી.
२ अज्यसे–सिच्यसे–સિંચિત થાય છે.
३ त्वादातम्–त्वया शोधितं–તું વડે શુદ્ધકરેલ.
४ गिर्वणः–गीर्भिः स्तुतिभिः वननीय–સ્તુતિયોવડે પ્રાર્થનાકરવાયોગ્ય.
५ चर्कृषत्–आकृषत् कर्त्तमिच्छति–કરવાને ઇચ્છે છે.
६ सपर्यन्–सपर्यां कुर्वन्–પ્રાર્થના કરતા.
७ वृतः–વરણુકરેલ.
८ वाणीः–યજુરૂપવાણી.
९ अर्किणः–અર્ચનહેતુરૂપ મંત્રોવડેયુકત હોતાઓ.
१० अर्के–ઉકથરૂપ મંત્ર.
११ ऋभुक्षण–શ્રેષ્ઠ વા સૌધન્વા.
१२ रयिम्–દાતા.
१३ अंग–શીઘ્ર.
१४ अभीषत्–अभिभवत्–તિરસ્કૃત કરો.
१५ विचर्षणि–વિશ્વનો દ્રષ્ટા.
१६ अपचुच्यवत्–अपच्यावयेत्–દૂર કરો.
१७ नक्षन्ते–વ્યાપ્ત કરે છે.
१८ वाजसाति–અન્ન વા જલની પ્રાપ્તિ.
१९ उत्तरं–उत्कृष्टतरः–ઉત્તમ.
२१ किः–एकोपि–કોઇએ પણ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[library stamp]

अ. २ खण्ड १०

३ १ २ ३ १ २ ३ १ २ २ ३ १ २
तरणिं वो जनानां त्रदं वाजस्य गोमतः ।
३ २ ३ १ २
समानमु प्र शंसिषम् ॥१॥

अन्व० वः जनानाम् तरणिम् त्रदम् गोमतः वाजस्य समानम् उ प्रशंसिषम्॥

અ० હે અમારા પુરૂષો ! હું તમારા પુત્રપૌત્રાદિકના તારક, શત્રુઓનેભય-દેનાર, પશુસંપન્ન અન્નનાદાતા–ઇન્દ્રની નિરન્તર જ સ્તુતિ કરૂં છું. ૧

१ २ ३ २ ३ २ ३ १ २र
अस्त्रग्रमिन्द्र ते गिरः प्रति त्वामुदहासत ।
३ १ २ ३ १ २र
सजोषा वृषभं पतिम् ॥२॥

अन्व० इन्द्र ते गिरः असृग्रम् वृषभम् पतिम् त्वाम् प्रति उदहासत सजोषाः॥

અ० હે ઇન્દ્ર! તમારી સ્તુતિયોને મેં રચી છે તે સ્તુતિયો, સ્વર્ગમાંસ્થિત તથા મનોરથોની–વર્ષા–વરસાદ–કરનાર તથા સોમપીનાર તમોસમીપ પહોંચી. તમે તેનું સેવન કર્યું. ૨

३ २ ३ २उ ३ २ ३ २ ३ १ २ ३ २
सुनीथो घा स मर्त्यों यं मरुतो यमर्यमा ।
३ २उ ३ १ २
मित्रास्पान्त्यद्रुहः ॥३॥

अन्व० यम् अद्रुहः मरुतः यम् अर्यमा मित्रः पान्ति सः मर्त्यः सुनीथः घ॥

અ० જેને દ્રોહ–ન–કરનાર મરૂત્ તથા જેને અર્યમા અને મિત્રદેવતા રક્ષા કરે છે તે યજમાન, સુંદર યજ્ઞ વા સુન્દર નેત્રોવાળો થાય છે તે વાત પ્રસિદ્ધ છે. ૩

२ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २
यद्वीडाविन्द्र यत्स्थिरे यत्पर्शाने पराभृतम् ।
१ २ ३ १ २र
वसु स्पार्हं तदाभर ॥४॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० इन्द्र वीडौ यत् यत् स्थिरे यत् पर्शाने पराभृतम् तत् स्पार्हम् वसु आभर ॥

અ० હે ઈન્દ્ર ! કોઈવડે ચલાયમાન ન હોશકનાર—પુરૂષમાં, સ્વયં-અચલ-પુરૂષમાં તથા વિમર્શ-સહન-ન-કરનાર-પુરૂષમાં જે ધનસ્થાપિત કર્યું છે તે ચાહવાયોગ્ય ધન અમને દ્યો. ૪

३ १ २ ३ १ २ ३ १ २र ३ २
श्रुतं वो वृत्रहन्तमं प्र शर्धं चर्षणीनाम् ।
३ २ ३ १ २ ३ २
आशिषे राधसे महे ॥५॥

अन्व० श्रुतम् वृत्रहन्तमम् शर्धम् चर्षणीनाम् वः महे राधसे प्र आशिषे ॥

અ० પ્રસિદ્ધ. વૃત્રાસુરના—અતિશય—નાશક, પરમવેગવાળા ઈન્દ્રને મનુષ્યોમાં તમારા બહુઅન્નના અર્થ સ્તુતિવડે પ્રસન્નકરી તમને વિશેષ અર્પણ કરૂ છું. ૫

१ २ ३ १ २ ३१ २ ३ १ २
अरं त इन्द्र श्रवसे गमेम शूर त्वावतः ।
१ २ ३ १ २
अरꣳ शक्र परेमणि ॥६॥

अन्व० शूर इन्द्र ते श्रवसे अरम् गमेम शक्र त्वावतः परेमणि अरम् ॥

અ० વીર હે ઇન્દ્ર ! અમે તમારી કીર્તિને સાંભળવા પર્યાપ્તપણે પ્રવૃત્ત થઇએ. હે ઇન્દ્ર! તમારી-સમાન-શ્રેષ્ઠ-અન્યદેવતાની કીર્તિને પણ અમે પર્યાપ્તપણે પ્રાપ્ત કરીએ. ૬

३ १ २ ३ १ २ ३१२ ३ १ २
धानावन्तं करम्भिणमपूपवन्तमुक्थिनम् ।
१ २ ३ १ २
इन्द्रं प्रातर्जुषस्व नः ॥७॥

अन्व० इन्द्र धानावन्तम् करम्भिणम् अपूपवन्तम् उक्थिनम् नः प्रातः जुषस्व॥

અ० [યજમાન કહે છે-] હે ઇન્દ્ર ! તમે ભુંજેલયવવાળા દધિમિશ્રિત સક્તુઓવાળા યજ્ઞીયપુરોડાશવડેયુક્ત તથા સ્તુતિકરાયલ અમારા આ સોમનું પ્રાતઃકાલના સવનમાં સેવન કરો. ૭

૬ આ મંત્ર સ્વતંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २र३ १२३ १ २ ३ १ २
अपां फेनेन नमुचेः शिर इन्द्रोदवर्तयः ।
२ ३ १ २र३ १ २
विश्वा यदजय स्पृधः ॥८॥

अन्व० यत विश्वाः स्पृधः अजयः इन्द्रः अपां फेनेन नमुचेः शिरः अवर्त्तयः॥

અ० જ્યારેસ્પર્ધા કરવાવાળી અસુરોની સર્વેય સેનાઓને જીતી લીધી ત્યારે ઇન્દ્રે, વજ્રરૂપ જલનાંફીણ વડે **નમુચિ**નામક અસુરનું મસ્તક કાપી લીધું. ૮

३१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
इमे त इन्द्र सोमाः सुतासो ये च सोत्वाः ।
१ २
तेषां मत्स्व प्रभूवसो ॥९॥

अन्व० इन्द्र ते इमे सोमाः सुतासः च ये सोत्वाः प्रभूवसो तेषाम् मत्स्व॥

અ० હે ઇન્દ્ર! તમારા અર્થ જે સોમ સમ્પાદન કર્યા છે અને જે સમ્પાદન કરાશે હે બહુધનવાળા ઇન્દ્ર! તમે તે સર્વેય સોમરસોવડે પ્રસન્ન હો. ૯

१ २ ३ २ ३ १ २ ३ २ ३ १ २
तुभ्यꣳ सुतासः सोमाः स्तीर्णं बर्हिर्विभावसो ।
३ १ २
स्तोतृभ्य इन्द्र मृडय ॥१०॥

अन्व० विभावसो तुभ्यम् सोमाः सुतासः बर्हिः स्तीर्णम् इन्द्र स्तोतृभ्यः मृडय ॥

અ० હે દીપ્તિરૂપધનવાળા ઇન્દ્ર! તમારા અર્થ સોમ સમ્પાદન કરેલ છે તથા કુશાસન બિછાવેલ છે તેથી હે ઇન્દ્ર! તમે કુશાસનપર બેસી સોમોને પી અમે–સ્તુતિ–કરનારાને સુખ દ્યો. ૧૦

इति दशमः खण्डः समाप्तः ॥१०॥

---

૯ આ મંત્ર સ્વતંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड १०

१ तरणिम्-તારક.
२ त्रदं-शत्रणाम् तर्दयितारम्-શત્રુઓને ભયદેનાર.
३ प्रशंसिम-પ્રકર્ષપણે સ્તુતિ કરૂં છું.
४ उदहोसत-उद्गत्य प्राप्नुवन्-પહોંચી.
५ असृग्रं-सृष्टवानस्मि-રચ્યાં
६ सजोषाः-सेवितवानसि-સેવન કર્યું.
७ सुनीथः-સુયજ્ઞ વા સુનયન.
८ वीडौ-दृढे-કોઈવિડેચલાયમાન ન હોનાર.
९ पर्शाने-विमर्शाक्षमे-વિમર્શ ન-સહેનાર.
१० पराभृतं-સ્થાપિત કરેલ.
११ स्पार्हम्-સ્પૃહણીય; ચાહવાયોગ્ય.
१२ श्रुतं પ્રસિદ્ધ.
१३ शार्धम्-પરમવેગવાળા.
१४ आशिषे-अस्नवै प्रयच्छामि-પ્રસન્ન કરી અર્પણ કરૂ છું.
१५ अरम्-अलं-પર્યાપ્ત.
१६ त्वावतः-त्वत्सदृशस्य-તમારા સમાન.
१७ परेमणि-परत्वे उत्कर्षनिमित्तम्-અન્ય શ્રેષ્ઠ.
१८ गमेम-गच्छेम પ્રાપ્ત થઈએ.
१९ धानावन्तम्-ભુંજેલયવવાળા.
२० करम्भिणम्- દધિમિશ્રિતસકતુવાળા.
२१ अपूपवन्तम्-સવનીય-યજ્ઞીય પુરોડાશયુકત.
२२ उदवर्त्तयः-शरीरादुद्गतमवर्त्तयः-કાપી લીધું.
२४ सुतासः-सुताः अभिषुताः।
२५ सोत्वाः-इत ऊर्ध्वमभिषोतव्यः-હવે પછી સમ્પાદનથનાર.
२६ प्रभूवनो-પ્રભૂતધનવન્.
२७ विभावसो-દીપ્તિરૂપ ધનવાળા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. २ खण्ड ११

२ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
आ व इन्द्र क्रिविं यथा वाजयन्तः शतक्रतुम् ।
१ २ ३ १ २
मꣳहिष्ठꣳ सिञ्च इन्दुभिः ॥१॥

अन्व० वाजयन्तः वः शतक्रतुम् मंहिष्ठम् इन्द्रम् क्रिविं यथा इन्दुभिः आसिञ्चे॥

अ० અન્નની–ચાહનાકરવાવાળા–અમે, હે **ઋત્વિક્–યજમાનો** ! તમારા સેંકડો–પરાક્રમ–કરવાવાળા તથા પરમપૂજ્ય ઈન્દ્રને જેમ ખેતીને જલવડે સિંચે તેપ્રકારે સોમોવડે ચોમેર સિંચી તૃપ્ત કરીએ છીએ. ૧

१ २ १ ३ १ २र ३ १ २
अतश्चिदिन्द्र न उपा याहि शतवाजया ।
३ २ ३ १ २
इषा सहस्रवाजया ॥२॥

अन्व० इन्द्र अतश्चित् शतवाजया सहस्रवाजया इषा नः उपयाहि ॥

અ० હે ઈન્દ્ર ! આ દ્યુલોકમાંથીજ સેંકડોપ્રકારનાં બલવડેયુકત તથા સહસ્રપ્રકારનાં અન્નવડેયુકત અન્નરસને સાથમાં લેતા સતા અમારી પાસે આવો. ૨

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
आ बुन्दं वृत्रहा ददे जातःपृच्छाद्वि मातरम् ।
२ ३ १ २र
क उग्राः के ह शृण्विरे ॥३॥

अन्व० जातः वृत्रहा बुन्दम् आददे उग्रा के के इह शृण्विरे मातरम् विपृच्छात्॥

અ० ઉત્પન્ન–થએલ–ઈન્દ્ર, બાણુને ગ્રહણ કરતા હવા. અને તે બાણુને લઇ બલદેખાડનાર કોણ કોણ આ જગતમાં વિખ્યાત થયાછે તે વાત પોતાની માને પૂછવા લાગ્યા. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २ ३ १ २ ३ १ २
वृवदुक्थꣳ हवामहे सृप्रकरस्नमूतये ।
१ २ ३ २ ३ १ २
साधः कृण्वन्तमवसे ॥४॥

अन्व० ऊतये सृप्रकरस्नम् अवसे साधः कृण्वन्तम् वृवदुक्थम् हवामहे ॥

અ૦ લોકની રક્ષાઅર્થે ફેલાવેલ–હાથવાળા–લોકોના પાલન અર્થે સાધક ધન–અર્પણ–કરનાર મહાન્–સ્તુતિવાળા–ઇન્દ્રને અમે આહ્વાન કરીએ છઇએ. ૪

३ २ ३ १२ ३ १ २ ३ २
ऋजुनीती नो वरुणो मित्रो नयति विद्वान् ।
३ २ ३२ ३ १ २
अर्यमा देवैः सजोषाः ॥५॥

अन्व० मित्रः वरुणः विद्वान् नः ऋजुनीती नयति देवैः सजोषाः अर्यमा ॥

અ૦ દિવસના અભિમાનીદેવતા મિત્ર તથા રાત્રીના અભિમાનીદેવ વરૂણ, પહોંચાડવાનેયોગ્ય ઉત્તમસ્થાનને જાણતા અમને સરલગતિદ્વારા અભિમત ફલ પ્રાપ્ત કરાવે છે. અન્યદેવતાઓની સાથ સમાનપ્રીતિવાળા દિવસરાતના વિભાગ–કરવાવાળા સૂર્ય પણ અમને સરળમાર્ગે તે સ્થાનપર પહોંચાડે. ૫

३ २ ३ २ ३ २ ३ २ ३ २ ३ १ २
दूरादिहेव यत्सतोऽरुणप्सुरशिश्वितत् ।
२ ३ २ ३ १ २
वि भानुं विश्वथातनत् ॥६॥

अन्व० दूरात् इह सतः इव अरुणप्सुः यत् अशिश्वितत् भानुम् विश्वथा व्यतनत् ॥

અ૦ દૂર આકાશના પૂર્વભાગમાં સમીપવર્તમાન હોય તેમ પ્રકાશ–સ્વરૂપા ઉષા જ્યારે પ્રકાશ ફેલાવે છે ત્યારે તે દીપ્તિને અનેક પ્રકારે વિસ્તારે છે. ૬

१ २ ३ १ २र
आ नो मित्रावरुणा घृतैर्गव्यूतिमुक्षतम् ।
२ ३ १ २
मध्वा रजाꣳसि सुक्रतू ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० सुक्रतू नः गव्यूतिम् घृतैः आ उक्षतम् रजांसि मध्वा ॥

અ૦ હે શોભનકર્મવાળા–મિત્રાવરૂણ ! અમારી ગાયોના નિવાસસ્થાનને ઘૃતનાં સાધનરૂપ દૂધવડે ચોમેર સિંચો અર્થાત્ અમને દૂધવાળીગાયો દ્યો. અમારાં પારલૌકિક નિવાસસ્થાનોને મધુર દૂધવડે સિંચો. ૭

३२ २ २२३ २३ १२ ३१२

उदु त्ये सूनवो गिरः काष्ठा यज्ञेष्वत्नत ।

३ १ २ ३१ २र

वाश्रा अभिज्ञु यातवे ॥८॥

अन्व० त्ये गिरः सूनवः यज्ञेषु काष्ठाः उत् उ अत्नत वाश्राः अभिज्ञु यात॥

અ૦ તે–પ્રસિદ્ધવાણીને—ઉત્પન્નકરવાવાળા તથા જેઓ તાલુ–ઓષ્ઠ–આદિ સ્થાનમાં વિચરી શબ્દને ઉત્પન્ન કરે છે તે તે મરૂતો–વાયુઓ–એ પોતાના યજ્ઞહોવાપર જલોને ઉત્કર્ષપૂર્વક વિસ્તાર્યાં અને તેને વિસ્તારી તેનું પાનકરવા હંભારવકરતી ગાયોને ઘુંટણના–બલપૂર્વક જાવાને પ્રેરી. ૮

२ २उ ३ १२ ३१ २र ३ २

इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।

१ २ ३ २

समूढमस्य पांसुले ॥९॥

अन्व० विष्णुः इदम् विचक्रमे त्रेधा पदम् निदधे अस्य पांसुले समूढम् ॥

અ૦ ત્રિવિક્રમાવતાર–ધારણ–કરનાર ભગવાન્, આ દૃશ્યમાન-સર્વ–જગતનું વિશેષ લંઘન કરે છે તેસમય ત્રણપ્રકારે ચરણને સ્થાપનકરતા આ વિષ્ણુના ધૂલિયુકતચરણસ્થાનમાં આ સર્વ જગત્ સમ્યક્પ્રકારે અન્તર્ગત થઇ ગયું. ૯

इति एकादशः खण्डः समाप्तः ॥११॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ११

१ कृविं-कृषिं-ખેતી. कृत्यते छिद्यते खन्यते इति ।
२ वाजयन्तः-અન્નને ચાહનારા.
३ इषा-અન્નરસવડે.
४ अतश्चित्-આ દ્યુલોકમાંથી.
५ बुन्दम्-इषुम्-બાણુને.
६ सुप्रकरस्नम्-प्रसृतबाहुं-ફેલાયલ બાહુવાળા.
७ बृवदुक्थम्-महदुक्थः-મહાન્ સ્તુતિવાળા.
८ साधः-સાધકધન.
९ ऋजुनीती-ऋजुनीत्या कौटिल्यरहितेन गमनेन-સરલગતિદ્વારા.
१० अरुणप्सुः-પ્રકાશસ્વરૂપા. [आरोचमानरूपा]।
११ अशिश्वितत्-अश्वेतयत्-પ્રકાશ ફેલાવે છે.
१२ विश्वथा-બહુવિધ.
१३ गव्यूतिम्-गवांमार्गं-ગોનિવાસસ્થાન.
१४ रजांसि-પારલૌકિક નિવાસસ્થાનો.
१५ त्ये-તે પ્રસિદ્ધ.
१६ काष्ठाः-જળ.
१७ वाश्राः-હંભારવોપેત.
१८ अभिज्ञु-जान्वभिमुखं-ઘુંટણનું બલ.
१९ यातवे-गन्तुं-જવા માટે.
२० समूढम्-सम्यगन्तर्भूतम्-સમ્યક્પ્રકારે અન્તર્ગત.
२१ पांसुले-ધૂલિયુક્તચરણમાં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[library stamp]

अ. २ खण्ड १२

१ २ ३ १ २ ३ २ ३ १ २र

अतीहि मन्युषाविणꣳ सुषुवाꣳसमुपेरय ।

३ २ ३ २ ३ १ २

अस्य रातौ सुतं पिब ॥१॥

अन्व० मन्युषाविणम् अतीहि सुषुवांसम् उपेरय अस्य रातौ सुतम् पिब ॥

અ૦ હે ઇન્દ્ર ! ક્રોધપૂર્વક–સોમરસ–કાઢનારનો ત્યાગ કરો અને અહીં સુંદરપ્રકારે રસકાઢનારને મોકલો. આ યજમાનના યજ્ઞસંબંધી દાનમાં સંપાદન કરેલ સોમને પીઓ. ૧

२ ३ १ २ ३ १ २र ३ १ २

कदु प्रचेतसे महे वचो देवाय शस्यते ।

१ २र ३ १ २

तदिदस्य वर्धनम् ॥२॥

अन्व० महे प्रचेतसे देवाय कदु वचः शस्यते तदित् अस्य वर्धनम् ॥

અ૦ મહાન્ તથા શ્રેષ્ઠજ્ઞાનવાળા ·ઇન્દ્રદેવતાઅર્થ અમારૂં કુત્સિત સ્તોત્ર-રૂપ વચન પ્રશંસિત હો. અર્થાત્ યથાર્થ નહી તથાપિ તેવા સ્તોત્રનો અનુગ્રહ પૂર્વક સ્વીકાર કરો. તેજ આ યજમાનની વૃદ્ધિનું સાધન છે. ૨

३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र

उक्थं च न शस्यमानं नागोरयिरा चिकेत ।

१ २ ३ २ ३ १ २

न गायत्रं गीयमानम् ॥३॥

अन्व० अगोः अयिः शस्यमानम् उक्थं च आचिकेत न गायत्रम् ॥

અ૦ સ્તુતિ–ન–કરનારના શત્રુ ઇન્દ્ર, હોતાવડે કહેવાતા સ્તોત્રને જાણે છે તથા તે સમય પ્રસ્તોતા–આદિવડે ગવાતા ગાયત્ર–સામને પણ જાણે છે તેકારણ અમે પણ ઇન્દ્રની સ્તુતિ કરીએ છઇએ. ૩

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २

इन्द्र उक्थेभिर्मन्दिष्ठो वाजानां च वाजपतिः ।

२ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१२ ३ २ ३ १ २
हरिवांत्सुतानाꣳ सखा ॥४॥

अन्व० वाजानाम् वाजपतिः हरिवान् इन्द्रः उक्थेभिः मन्दिष्ठः सुतानाम् सखा॥

અ૦ અન્નોમાં ઉત્તમ અન્નના સ્વામી હરિનામક ઘોડાવાળા હે ઇન્દ્ર! હોતાઓ વડે બોલાતાં સ્તોત્રોવડે અત્યંત તૃપ્ત સતા સોમોના મિત્રવત્ પ્રીતિકર્ત્તા હો. ૪

२ ३ १ २ ३ १ २र ३ १ २
आ याह्युप नः सुतं वाजेभिर्मा हृणीयथाः ।
३ १ २ ३ १ २
मह्ना ꣳ इव युवजानिः ॥५॥

अन्व० सुतम् उपयाहि वाजेभिः मा हृणीयथाः युवजानिः महान् इव ॥

अ० રૂપના અભિમાની ત્વષ્ટાદેવતા, મેઘની અધિષ્ઠાત્રી દેવતા, મંત્રાભિમાની બ્રહ્મણસ્પતિદેવતા તથા પોતાના પુત્ર તથા ભ્રાતાઓસહિત દેવમાતા અદિતિ, વિઘ્નકર્તાઓના કારણ અમને તરવાને અશકય તથા રક્ષાકરવાયોગ્ય યજ્ઞીય સ્તુતિની શીઘ્ર રક્ષા કરો. ૭

३ २ २ २ ३ १ २ ३ १ २ ३ १ २
कदा चन स्तरीरसि नेन्द्र सश्चसि दाशुषे ।
२ ३ १ २र ३ २उ ३ १ २ ३ १ २
उपोपेन्नु मघवन् भूय इन्नु ते दानं देवस्य पृच्यते ॥८॥

अन्व० इन्द्र कदाचन स्तरः न असि दाशुषे सश्चसि मघवन् देवस्य ते भूयः दानम् उपोपेत् पृच्यते ॥

अ० હે ઇન્દ્ર! તમે કયારેય પણ હિંસક હોતા નથી. હવિદેવાવાળા યજમાન અર્થે તમે અમને ઋત્વજોને પ્રાપ્ત થાઓ છો. હે-**ધનવન્**! પ્રકાશસ્વરૂપ તમારૂં પુષ્કળ દાન, અમારી સમીપ પ્રાપ્ત થાય છે. ૮

३ १ २र ३ १ २ ३ १ २
युंक्ष्वा हि वृत्रहन्तम हरी इन्द्र परावतः ।
३ १ २ ३ १ २ ३२ ३ २ ३ १ २
अर्वाचीनो मघवन्तसोमपीतय उग्र ऋष्वेभिरा गहि ॥९॥

अन्व० वृत्रहन्तम हि हरी युंक्ष्व मघवन् उग्रः अर्वाचीनः ऋष्वेभिः मरुद्भिः परावतः आगहि ॥

अ० હે સર્વથા-પાપના-નાશ-કરવાવાળા **ઇન્દ્ર**! તમે નિશ્ચે, આપના ઘોડાને રથમાં જોડો. હે **ધનવન્**! પ્રકટ-બલવાળા-તમે, અમારી અભિમુખ દર્શનીય મરૂતોની સાથ દૂર દ્યુલોકમાંથી આવો. ૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २र ३ १ २
त्वामिदा ह्यो नरोऽपीप्यन् वज्रिन् भूर्णयः ।
१ २ ३ १ २ ३२ ३ २ ३ १ २ ३ १
स इन्द्र स्तोमवाहस इह श्रुध्युप स्वसरमा गहि ॥१०॥

अन्व० वज्रिन् त्वाम् भूर्णयः नरः इदा ह्यः अपीप्यन् इन्द्र सः स्तोमवाहसः इह श्रुधि स्वसरम आगहि ॥

અ० હે વજ્રધારીદેવ ! હવિઅર્પણ-કરવાવાળા કર્મકર્તા યજમાનોએ જે-તમને આજ પહેલે દિવસ સોમ પીવરાવેલો તે તમે, સ્તોત્ર પઢનારા-અમે તેમનાં સ્તોત્રને આ યજ્ઞમાં સાંભળો તથા અમારા સ્થાનમાં આવો. ૧૦

इति सप्तमः खण्डः समाप्तः ॥७॥

खण्ड ७

१ दध्याशिरः-दधिमिश्रणाः-દહીંવડે મળેલ.
२ ओकः-यज्ञसदनम्-યજ્ઞમંડપમાં.
३ आ-अभि-અભિમુખ.
४ चिकित्रे-जोयन्ते-દેખાય છે.
५ मधोः-मदकरस्य-પ્રસન્નતા દેવાવાળા.
६ पपानः-अत्यर्थं पिवन्-અધિકતાયે પાન કરતા.
७ गायत्रवेपसम्-प्रशस्यवेगाम्-પ્રશંસનીય વેગવાળી.
८ इषम्-એષણીયા.
९ अरंकृतम्-अलंकर्त्तारम्-શોભાદેવાવાળા.
१० वीडवः-સર્વતઃ દઢ.
११ मावते-મારા જેવા પુરૂષને.
१२ किः-कश्चित्-કોઇ.
१३ वरन्ते-નિવારણ કરે છે.
१४ वयः-અન્ન.
१५ ई-एनम्-આ.
१६ शिप्री-વેગવાળા.
१७ अव्रतम्-अकर्माणम्-યાગવિરોધીને.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૮ अंशु–સોમ.
૧૯ वसत्य–वस्तव्य–નિવાસયોગ્યસ્થાન.
૨૦ वर्हय–अधिक वर्द्धय–અધિક વધાર.
૨૧ त्रामणम्–રક્ષાકરવાયોગ્ય.
૨૨ स्तर्तीः–હિંસક.
૨૩ सश्चसि–संगच्छसे–પ્રાપ્ત કરે છે.
૨૪ ऋज्वेभिः–દર્શનીય.
૨૫ भूर्णयः–हविर्भरणशीलाः–હવિ–અર્પણ–કરવાવાળા.
૨૬ अर्पाप्यन्–अपाययन्–પાન કરાવેલો.
૨૭ स्वसरम्–गृहं–સ્થાન.
૨૮ इदा–આજ.



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ३ खण्ड ८

१ २ ३ २ १ २ ३ २ ३ २
प्रत्यु अदर्श्यायत्यू३च्छन्ती दुहिता दिवः ।
१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
अपो मही वृणुते चक्षुषा तमो ज्योतिष्कृणोति सूनरी ॥१॥

अन्व० आयती उच्छन्ती दिवः प्रत्यदर्शि उ चक्षुषा मही अप उ वृणुते सूनरी ज्योतिः कृणोति ॥

અ० આગમનકરતી તથા અન્ધકારોને દૂરકરતી દ્યુલોકની પુત્રી ઉષા, સર્વકોઇને નિશ્ચિત દેખાઈ. દર્શનવડે મહાન્ તે, રાત્રિના અન્ધકારને દૂર કરે છે. મનુષ્યોની શ્રેષ્ઠનેત્રરૂપા ઉષા પ્રકાશ કરે છે. ૧

३ १ २ ३ १ २ ३ १ २
इमा उ वां दिविष्टय उस्रा हवन्ते अश्विना ।
३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २र
अयं वामह्वेऽवसे शचीवसू विशंविशꣳहि गच्छथः ॥२॥

अन्व० इमाः दिविष्टयः उ अश्विना उस्रौ वाम् हवन्ते अयम् शचीवसू वाम् अवसे अह्वे हि विशंविशम् गच्छथः ॥

અ० આ દ્યુલોકને ચાહનારી પ્રજા તથા ઋત્વિજો પણ હે **અશ્વિની-કુમારો**! વ્યાપક એવા તમને આહ્વાન કરે છે. આ હું પણ હે કર્મને ધન માનવાવાળા! તમે બન્નેને મારી રક્ષા અર્થે અથવા તમને બન્નેને તૃપ્ત કરવા આહ્વાન કરૂં છું. કેમકે તમે આપની સ્તુતિકરનાર પ્રત્યેક-યજમાનની સમીપ જાઓ છો. ૨

२ ३ १ २ ३ १ २ ३ १ ३
कु ष्ठः को वामश्विना तपानो देवा मर्त्यः ।
३ १ २ ३ १ २र ३ २ ३ २ ३ २ ३ १ २
घ्नता वामश्नया क्षपमाणोऽꣳशुनेत्थमु आद्वन् यथा ॥३॥

अन्व० देवा अश्विना कुष्ठः कः मर्त्यः वाम् तपानः वाम् अश्नया घ्नता अंशुना क्षपमाणः आद्वन् यथा इत्थम् उ ॥

३. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ પ્રકાશવંત-હે-અશ્વિનીકુમારો ! ભૂમણ્ડલપર નિવાસકરવાવાળો કોણ મનુષ્ય તમારો પ્રકાશક હોય છે ? તમારેનિમિત્ત સોમરસ કાઢવાના પાષાણ વડે કૂટેલ સોમવડે થાકેલ યજમાન, યથેચ્છ અન્ન-રસાદિ-ખાવાવાળા-રાજાની સમાન આ પ્રકારે જ ઐશ્વર્યવાન્ થાય છે. ૩

३ २ ३ १ २ ३ २उ ३ १ २
अयं वां मधुमत्तमः सुतः सोमो दिविष्टिषु ।
१ २ २ १ २ ३ १ २र ३ १ २
तमश्विना पिबतं तिरोअह्न्यं धत्तꣳ रत्नानि दाशुषे ॥४॥

अन्व० अश्विना वाम् दिविष्टिषु मधुमत्तमः अयम् सुतः तिरोअह्न्यम् पिबतम् दाशुषे रत्नानि धत्तम् ॥

અ૦ હે અશ્વિનીકુમારો ! તમારા યજ્ઞોમાં અત્યન્તમધુર આ સોમ સમ્પાદન કરેલો છે. તમે પહેલેદિવસ-સમ્પાદન-કરેલ-સોમને પીઓ અને હવિ-દેવાવાળા યજમાનને શ્રેષ્ઠ ધન દો. ૪

२ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
आ त्वा सोमस्य गल्दया सदा याचन्नहं ज्या ।
१ २ ३ १ २र ३ १ २र ३ १ २
भूर्णिं मृगं न सवनेषु चुक्रुधं क ईशानं न याचिषत् ॥५॥

अन्व० इन्द्र भूर्णिम् मृगं न त्वा सवनेषु सोमस्य गल्दया ज्या अहम् सदा याचन् आचुक्रुधं कः ईशानम् न याचिषत् ॥

અ૦ હે ઇન્દ્ર ! ભરણકર્તા તથા સિંહસમાન-તમને યજ્ઞોમાં સોમના રસ વડે વિજયશીલ-સ્તુતિવડે-યુક્ત-હું, સર્વદા યાચના કરતો સતો ક્રોધને દૂર કરૂં છું. કોણ પુરૂષ પોતાના સ્વામીને યાચના નથી કરતો ? અર્થાત્ મારા ઉપર એવી કૃપા કરો જેથી મને કોઇના પર ક્રોધ ન આવે. ૫

१ २ ३ २ ३ २उ ३ १ २
अध्वर्यो द्रावया त्वꣳ सोममिन्द्रः पिपासति ।
१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २
उपो नूनं युयुजे वृषणा हरी आ च जगाम वृत्रहा ॥६॥

अन्व० अध्वर्यो सोमम् द्रावय इन्द्रः पिपासति वृषणा हरी नूनम् उपोयुयुजे वृत्रहा आजगाम ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ० હે યજ્ઞના–નેતા–અધ્વર્યુ ! તમે સોમને ઉત્તરવેદીપર પહોંચાડો કેમકે ઇન્દ્ર સોમને પીવા ચાહે છે. યુવાન ઘોડાને આજ સારથિએ રથમાં જોડયા છે. વૃત્રાસુરના નાશક ઇન્દ્ર આવી ગયા. ૬

३ २ ३२उ ३ २ ३ २ ३ १ २
अभी षतस्तदा भरेन्द्र ज्यायः कनीयसः ।
३ २३१ २ ३१२३ १२ ३ १२
पुरूवसुर्हि मघवन् बभूविथ भरेभरे च हव्यः ॥७॥

अन्व० इन्द्र ज्यायः इषत तत् कनीयसः अभ्याभर मघवन् पुरूवसुः बभूविथ भरे भरे हव्यः ॥

અ० હે ઇન્દ્ર ! હે સર્વથી મોટા ઇન્દ્ર ! યાચના કરાતું તે [પ્રસિદ્ધ] ધન મને ચોમેરથી આણી દ્યો. હે ધનવન્ ! તમે બહુવડે યાચના કરવાયોગ્ય છો. તમે પ્રત્યેક સંગ્રામમાં આહ્વાન–કરવાયોગ્ય તથા હવિ–દેવાયોગ્ય પણ છો. ૭

१ २ ३ १ २३ २ ३ १ २३१२र
यदिन्द्र यावतस्त्वमेतावदहमीशीय ।
३ २२१ २ ३ १ २३ १ २
स्तोतारमिद्दधिषे रदावसो न पापत्वाय रंसिषम् ॥८॥

अन्व० इन्द्र यत् त्वम् यावतः ईशिषे एतावत् अहम् ईशीय रदावसो स्तोतारम् इत् दधिषे पापत्वाय न रंसिषम् ॥

અ० હે ઇન્દ્ર ! જેકારણ તમે જેટલા ધનના સ્વામી છો તેટલાજ ધનનો હું સ્વામી થાઉં. હે–ધનદેવાવાળા–ઇન્દ્ર ! તેથી હું અમારા સામ–ગાન–કરનાર–સ્તોતાને ધન દઈ અવશ્ય ધારણ કરી શકું. હું તેને વૃથા નષ્ટ કરવા નહીં દઉં. ૮

१ २ ३ १२ ३ १ २र ३ १ २
त्वमिन्द्र प्रतूर्त्तिष्वभि विश्वा असि स्पृधः ।
३ १ २ ३ १ २३१२३ १ २ ३ २
अशस्तिहा जनिता वृत्रतूरसि त्वं तूर्य्य तरुष्यतः ॥९॥

अन्व० इन्द्र त्वम् प्रतूर्त्तिषु विश्वाः स्पृधः अभ्यसि तूर्य त्वम् अशस्तिहा जनिता वृत्रतूः असि तरुष्यतः ॥

અ० હે ઇન્દ્ર ! તમે સંગ્રામોમાં સર્વ યુદ્ધકરવાવાળી શત્રુઓની સેનાઓનો તિરસ્કાર કરો છો. હે શત્રુઓના બાધક–ઇન્દ્ર ! તમે દૈવી આપત્તિઓના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાશક છો. તમે અમારા શત્રુઓની આપત્તિ ઉત્પન્ન કરવાવાળો છો તથા સકલ શત્રુ-સમૂહના નાશ કરવાવાળા છો. અમારા વિઘ્નકર્ત્તાઓના નિવારણ કરનાર છો. ૯

१ २र३१ २र ३१ २र ३ १ २
प्र यो रिरिक्ष ओजसा दिवः सदोभ्यस्परि ।
१ २ ३१२ ३१२३२३ १२
न त्वा विव्याच रज इन्द्र पार्थिवमति विश्वं ववक्षिथ ॥१०॥

अन्व० इन्द्र दिवः सदोभ्यः ओजसा प्ररिरिक्षे पार्थिवम् रजः त्वा न विव्याच विश्वम् अति ववक्षिथ ॥

અ૦ હે ઈન્દ્ર! જે તમે દ્યુલોકસ્થાનોથી બલવડે અધિક શ્રેષ્ઠ હો છો. અને હે ઈન્દ્ર! પૃથ્વીપર ઉત્પન્ન લોક, તમને પોતાના મોટા શરીરવડે વ્યાપ્ત કરી શકયા નહિ. એવા બલવાન્ તમે અમને વિશ્વનો ત્યાગ કરી ધારણ કરો અર્થાત્ અમને સર્વથી શ્રેષ્ઠ બનાવો. ૧૦

इति अष्टमः खण्डः समाप्तः ॥८॥

खण्ड ८

१ आयती–આગમન કરતી.
२ उच्छन्ती–तमांसि विवासयन्ती वर्जयन्ती–અન્ધકારોને દૂર કરતી.
३ अपोवृणुते–દૂર કરે છે.
४ सूनरी–जनानां सुष्ठु नेत्री–મનુષ્યોની શ્રેષ્ઠ નેત્રરૂપ.
५ दिविष्टयः–दिवमिच्छन्त्यः–દ્યુલોકને ચાહવાવાળી.
६ उस्रा–उस्रौ वासकौ–વ્યાપક.
७ विशंविशं–પ્રત્યેક યજમાન પ્રત્યે.
८ शचीवसू–કર્મને ધન માનવાવાળા.
९ कुष्ठः–क्षौ पृथिव्यां वर्त्तमानः–ભૂમણ્ડલપર નિવાસ કરવાવાળો.
१० तपानः–तापनः प्रकाशकः–પ્રકાશક.
११ अश्नया–સોમ કૂટવાના અશ્મા–પાષાણ–વડે.
१२ अंशुना–સોમવડે.
१३ क्षपमाणः–क्षयमाणः क्षीयमाणः–થાકેલો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१४ अ द्वन्–अभिमतान्नरसादिभक्षणवान् राजा इव–
यथेच्छ अन्नरसादि खानार राजा समान.
१५ घ्नता–हन्यमानेन अभिषूयमाणेन–કૂટાતા સતા.
१६ दिविष्टिषु–दिवएषणेषु–યજ્ઞોમાં.
१७ तिरो अह्न्यं–तिरोभूते पूर्वस्मिन् दिने अभिषुतं–પહેલે દિવસ સમ્પાદન કરેલ.
१८ गल्दया–गालनेन आस्रवणेन–સોમના રસવડે.
१९ ज्या–जयशीलया स्तुत्या–જયશીલ સ્તુતિવડે.
२० भूर्णिम्–ભરણકર્તા.
२१ द्रावय–प्रापय–પહોંચાડ.
२२ इषतः–યાચના કરાતું.
२३ भरे भरे–પ્રત્યેક સંગ્રામમાં.
२४ हव्यः–આહ્વાનકરવાયોગ્ય.
२५ रदावसो–रदतिर्ददाति वसूनीति–ધનદેવાવાળા.
२६ रंसिषं–श्याम–દઉં.
२७ प्रवृत्तिषु–સંગ્રામોમાં.
२८ स्पृधः–યુદ્ધકરનારી શત્રુસેના.
२९ अशस्तिहा–दैवीनामशस्तीनां हन्ता–દૈવી આપત્તિયોના નાશક,
३० वृत्रतूः–સકલ શત્રુસમૂહના નાશક.
३१ तरुष्यतः–बाधकान्–વિઘ્નકર્ત્તાઓને.
३२ तूर्व्य–શત્રુના બાધક.
३३ विव्याच–व्याप्नोति–વ્યાપ્ત કરે છે.
३४ प्ररिरिक्षे–अतिरिक्तो भवसि–અધિકતાયે શ્રેષ્ઠ હો છો.
३५ सदोभ्यः–સ્થાનો થકી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[stamp]

अ. ३ खण्ड ९

१ २ ३ १ २र ३ २ ३क २र ३ १ २ ३ १ २
असावि देवं गोऋजीकमन्धो न्यस्मिन्निन्द्रो जनुषे ।
१ २ ३ १ २र ३ २ ३ १ २ ३
मुवोच बोधामसि त्वा हर्य्यश्व यज्ञैर्बोधा न स्तोममन्धसो
१ २ ३
मदेषु ॥१॥

अन्व० देवम् गोऋजीकम् अन्धः असावि ईम् इन्द्रः अस्मिन् जनुषा न्युवोच हर्यश्व त्वा यज्ञैः बोधामसि अन्धसः मदेषु नः स्तोमम् बोध ॥

અ० પ્રકાશમય ગોઘૃત તથા દુગ્ધાદિવડે સંસ્કાર-કરેલ-સોમરૂપ-અન્નને અમે સંપાદન કર્યું છે. આ ઇન્દ્ર, આ સમ્પાદન-કરેલ-સોમરૂપ-અન્નવિષયમાં સ્વભાવવડે જ અત્યન્ત તત્પર થાય છે. હે ઇન્દ્ર ! તમને સ્તોત્ર અને હવિયોવડે બોધીયે છઇએ. સોમના મદવિષયમાં તમે અમારા સ્તોત્રને જાણો. ૧

१ २ ३ १ २ ३ १ २र ३ १ २
योनिष्ट इन्द्र सदने अकारि तमा नृभिः पुरुहूत प्र याहि ।
२ ३ १ २ ३ २ ३ २ ३ २ ३ २ २ ३ १ २ ३ १ २
असो यथा नोऽविता वृधश्चिद् ददो वसूनि ममदश्च सोमैः ॥२॥

अन्व० इन्द्र ते सदने योनिः अकारि पुरुहूत नृभिः तम् आ प्रयाहि नः यथा अविता वृधश्चित् असः वसूनि ददः च सोमैः ममदः ॥

અ० હે ઇન્દ્ર ! તમારા વિરાજમાન-હોવા-નિમિત્ત સ્થાન રચ્યું ગયું છે. હે અનેકોવડે-આહ્વાન-કરાયલ-ઈન્દ્ર ! નેતા-મરૂતોની સાથ આ સ્થાનપર આવો કે જે પ્રકારે તમે અમારા રક્ષક તથા વૃદ્ધિકરનાર થાઓ. અમને ધન દ્યો અને અમારા સોમોવડે આનન્દિત હો. ૨

१ २ ३ २ ३ १ २ ३ २उ ३ १ २ ३ १ २ ३ १
अदर्दरुत्समसृजो वि खानि त्वमर्णवान् बद्बधानाँ अरम्णाः ।
३ १ २ ३ १ २ ३ २उ ३ २उ ३ २ ३ १ २ ३ २
महान्तमिन्द्र पर्वतं वि यद्वः सृजद्धारा अव यद्दानवान् हन् ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० इन्द्र त्वम् उत्सम् अदर्दः खानि व्जसृजः बद्धधानान् अर्णवान् अरम्णाः यत् महान्तम् पर्वतम् व्यसृजत् धाराः यत् दानवान् अवहन् ॥

અ૦ હે ઇન્દ્ર! તમે જલભરેલ મેઘને વિદીર્ણ કર્યો. ફરી મેઘસ્થજલ-નિકળવાનાં-દ્વારોને વિશેષ રચ્યાં તથા બાધાદેવાવાળાં જળવાળા મેઘોને ટપકાવ્યા. જે-તમે બહુમેઘોને વિવૃત કર્યા તથા જળની ધારાઓ છોડી. જ્યારે તમે દાનવોને વિનષ્ટ કર્યા [ત્યારે જળની ધારાઓ છોડી]. ૩

२ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
सुष्वाणास इन्द्र स्तुमसि त्वा सनिष्यन्तश्चित्तुविनृम्ण वाजम्।
१ २ ३ १ २र ३ २उ ३ १ २ ३ १ २
आ नो भर सुवितं यस्यकोना तना त्मना सह्याम त्वोताः ॥४॥

अन्व० इन्द्र सुष्वाणासः त्वा स्तुमसि तुविनृम्ण वाजम् सनिष्यन्तः नः सुवितम् आभर यस्य कोना त्वोताः तना त्मना सह्यामः ॥

અ૦ હે ઇન્દ્ર! સોમના-અભિષવકરવાવાળા-અમે તમારી સ્તુતિ કરીએ છીએ. હે બહુધનવાળા ઇન્દ્ર! સુન્દર-પુરોડાશરૂપ-અન્નને વિભાગ કરી દેતા સતા અમે સ્તુતિ કરીએ છીએ. તેકારણ તમે અમને પ્રાપ્ત-હોવા-યોગ્ય શ્રેષ્ઠ ધન દ્યો. જે ધનની અતિપ્રિયત્વપૂર્વક કામના કરો છો તે ધન અમને દ્યો. તમે-રક્ષાકરેલ બહુધનને અમે સ્વયંજ આપના અનુગ્રહથી પામીએ છઇએ. ૪

३ २ ३ १ २ ३ १ २ ३१ २ ३ १ २
जगृह्मा ते दक्षिणमिन्द्र हस्तं वसूयवो वसुपते वसूनाम्।
३ २उ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २र
विद्मा हि त्वा गोपतिꣳशूर गोनामस्मभ्यं चित्रं वृषणꣳ
३ १ २
रयिं दाः ॥५॥

अन्व० वसूनाम् वसुपते ते दक्षिणं हस्तम् वसूयवः जगृह्मा शूर गोनाम् त्वा गोपतिम् विद्मः चित्रम् वृषणम् रयिम् दाः ॥

અ૦ બહુધનોના-હે-**સ્વામિન્**! તમારા દક્ષિણહાથને, ધનની-ઇચ્છા-કરવાવાળા-અમે ગૃહણ કરીએ છઇએ. હે **પરાક્રમીદેવ**! અમે તમને બહુ ગાયોના ગોસ્વામીરૂપ જાણીએ છીએ તે કારણ અમને અનેકપ્રકારના મનોરથોનું પૂરક ધન દો. ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १२ ३१२ ३ १ २र ३१२३ २३ २
इन्द्रं नरो नेमधिता हवन्ते यत्पार्य्या युनजते धियस्ताः ।
२ ३ १२ ३ १२ ३ २ ३ १ २र ३ १२३ १ २
शूरो नृषाता श्रवसश्चकाम आ गोमति व्रजे भजा त्वं नः ॥६॥

अन्व० यत् पार्याः ताः धियः युनजते नरः नेमधिता इन्द्रम् हवन्ते शूरः नृषाता श्रवसः चकामे गोमति व्रजं नः भज ॥

અ૦ જ્યારે યુદ્ધમાં રક્ષાના કારણભૂત પ્રસિદ્ધકર્મનો પ્રયોગ કર્યો જાય છે ત્યારે યજ્ઞ વા સંગ્રામ–કરનાર–મનુષ્ય યજ્ઞ વા સંગ્રામમમાં જે ઇન્દ્રનું આહ્વાન કરે છે તે વીરમનુષ્યોને વિભાગ કરી યથાસ્થાનપર–ખડા–કરનાર–તમે અન્ન વા બલની ચાહનાપર ગાય–આદિ–પશુઓવડે યુકત ગોષ્ઠમાં અમને ભાગી કરો. ૬

१२ ३ १ २र ३ १ २ ३ १२३ १२३ १ २
वयः सुपर्णा उप सेदुरिन्द्रं प्रियमेधा ऋषयो नाधमानाः ।
१ २ ३ १ ३ ३ २ ३ १ २र ३ २ २ ३ १२ ३ २
अप ध्वान्तमूर्णुहि पूर्धि चक्षुर्मुमुग्ध्या३स्मान्निधयेव बद्धान् ॥

अन्व० वयः सुपर्णा प्रियमेधाः ऋषयः नाधमानाः इन्द्रम् उपसेदुः इन्द्र ध्वान्तम् अपोर्णुहि चक्षुः पूर्द्धि निधया इव बद्धान् अस्मान् मुमुग्धि ॥

અ૦ ગમનકરવાવાળાં, સુખદેનાર–પતનવાળાં, યજ્ઞવડે–પ્રેમ–કરવાવાળાં, દેખનારાં તથા પ્રજ્ઞાની યાચનાકરતાં કિરણો, ઇન્દ્રને પ્રાપ્ત થયાં. હે ઇન્દ્ર! તમે અન્ધકારને દૂર કરો. તેજને પૂર્ણ કરો તથા પાશસમૂહવડે બાંધેલ અમને મુકત કરો. ૭

१ २ ३२उ ३ १ २र ३ १ २र ३ १ २
नाके सुपर्णमुप यत्पतन्तꣳ हृदा वेनन्तो अभ्यचक्षत त्वा ।
१ २ ३ १२ ३२ ३२३ १ २ ३ १ २३ २
हिरण्यपक्षं वरुणस्य दूतं यमस्य योनौ शकुनं भुरण्युम् ॥८॥

अन्व० सुपर्णम् पतन्तम् हिरण्यपक्षम् वरुणस्य दूतम् यमस्य योनौ शकुनम् भुरण्युम् त्वा हृदा वेनन्तः नाके अभ्यचक्षत ॥

અ૦ સુન્દરપતનવાળા, અન્તરિક્ષમાં જતાહોનાર, સુવર્ણનીપાંખવાળા, વરૂણ–જલાભિમાનીદેવતા–ના દૂત, નિયામક, વિદ્યુતાગ્નિના સ્થાનરૂપ અન્ત-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રિક્ષમાં પક્ષીરૂપે વર્ત્તમાન તથા વર્ષા–આદિ–દ્વારા જગત્‌ના પોષણકરવાવાળા–તમને મનપૂર્વક ચાહતાહોનાર સ્તોતા અન્તરિક્ષમાં દેખેછે ત્યારે તમે જાઓછો. ૮

१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २

ब्रह्म जज्ञानं प्रथमं पुरस्ताद्विसीमतः सुरुचो वेन आवः ।

२ ३क २र ३ १ २ ३ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २

स बुध्न्या उपमा अस्य विष्ठाः सतश्च योनिमसतश्च विवः ॥

अन्व० वेनः पुरस्तात् जज्ञानम् ब्रह्म प्रथमम् विसीम् अतः सुरुचः आवः सः बुध्न्याः अस्य उपमाः विष्ठाः सतः च असतः योनिम् विवः ॥

અ० વેનનામક ગન્ધર્વે પૂર્વકાલમાં ઉત્પન્ન અથવા જ્ઞાનવાન્ બ્રાહ્મણ–જાતિરૂપ–આદ્યશરીરના મુખવડે (વસું) એમ આનન્દસૂચક શબ્દ કર્યો. અર્થાત્ સર્વને દેખાતી શોભનકાન્તિવડે તે શરીરની રક્ષા કરી અર્થાત્ મહાન્ કાન્તિવડે યુકત કર્યું. તે ગન્ધર્વે અન્તરિક્ષમાંહોનાર આ શરીરની કાન્તિસમાન આદિત્ય–આદિના–પ્રકાશરૂપ-કાન્તિયોને વિશેષ સ્થાપિત કરી તથા આ સમય વિદ્યમાન તથા આગળહોનાર આ સમય અવિદ્યમાન–ઉત્પત્તિના–કારણને વા નિવાસસ્થાનને નિષ્પન્ન કર્યું. ૯

१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ ३

अपूर्व्या पुरुतमान् यस्मै महे वीराय तवसे तुराय ।

३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २

विरप्शिने वज्रिणे शन्तमानि वचांॅस्यस्मै स्थविराय तक्षुः ॥

अन्व० महे वीराय तवसे तुराय विरप्शिने वज्रिणे स्थविराय अस्मै अपूर्व्या पुरुतमानि शन्तमानि वचांसि तक्षुः ॥

અ० મહાન્, અનેકશત્રુનાવધકરનાર, બલવાન્, શીઘ્રતાકરનાર તથા વિશેષસ્તુતિકરવાયોગ્ય વજ્રધારી વૃદ્ધ આ ઇન્દ્ર અર્થ, સ્તોતા નવીન, બહુ તથા પરમસુખદાયક સ્તુતિરૂપ વચનોનું ઉચ્ચારણ કરે છે. ૧૦

इति नवमः खण्डः समाप्तः ॥९॥

---

૯. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ९

१ गोऋजीकं-गोभिः संस्कृतम्-ગોઘૃત-આદિવડે સંસ્કૃત.
२ देवं-दीप्तं-પ્રકાશમય.
३ असावि-अभिषुतम्-સંપાદન કર્યું.
४ जनुषा-સ્વભાવતઃ જ.
५ न्युवोच-नितरां संगतो भवति। (नि+उवोच)-અત્યન્ત તત્પર થાય છે.
६ बोधामसि-बोधयामः-બોધ કરીએ છીએ.
७ ईम्-अयम्-આ.
८ असः-भवसि-થાય છે.
९ ददः-देहि-દ્યો.
१० अदर्दः-विदारितवान्-વિદીર્ણ કર્યું.
११ उत्सम्-જળભરેલ મેઘને. (उत्स्यन्दमानं मेघं)।
१२ खानि-मेघस्थोदकनिर्गमनद्वाराणि-મેઘસ્થજળ નિકળવાનાં દ્વારો.
१३ अर्णवान्-उदकवतः मेघान्-જળવાળા મેઘોને.
१४ बद्बधानान्-બાધાકરનાર.
१५ अरम्णाः-विसर्जयसि-ટપકાવે છે.
१६ सुष्वणावासः-સોમનો અભિષવકરવાવાળા.
१७ सनिष्यन्तः-दत्तवन्तः संभक्तवन्तःवा-વિભાગ કરીદેનાર.
१८ सुवितं-सुष्ठु प्राप्तव्यम धनम्-પ્રાપ્તહોવાયોગ્ય શ્રેષ્ઠ ધન.
१९ कोना-कामयमानः-કામના કરો છો.
२० तना-धन.
२१ त्मना-आत्मना स्वयमेव-સ્વયંજ.
२२ त्वोताः-તમેવડે રક્ષિત.
२३ जगृह्म-गृह्णीमः-ગ્રહણ કરીએ છઇએ.
२४ वृषणं-મનોરથોનું પૂરક.
२५ नेमधिता-नेमधितौ-યજ્ઞ વા સંગ્રામમાં.
२६ पार्य्याः-યુદ્ધમાં રક્ષાના કારણભૂત.
२७ नृषाता-नृणां संभक्ता-મનુષ્યોને વિભાગ કરી યથાસ્થાનપર ખડાકરનાર.
२८ भज-ભાગી કર.
२९ ऋषयः-द्रष्टारः-દેખનાર.
३० नाधमानाः-प्रज्ञां याचमानाः-પ્રજ્ઞાની યાચના કરનાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૧ अपोर्णुहि–દૂર કરો.

૩૨ निधा–પાશસમૂહ.

૩૩ भुरण्युम्–પોષક.

૩૪ वेनन्तः–कामयमानः–ચાહના કરનાર.

૩૫ जज्ञानं–ઉત્પન્ન.

૩૬ बुघ्न्याः–મૂલ વા અન્તરિક્ષ મધ્યે હોનાર.

૩૭ विष्ठाः–વિશેષ સ્થાપિત કર્યાં.

૩૮ विवः–विवृतवान् निष्पादितवान्–નિષ્પન્ન કર્યું.

૩૯ विसीम्–મુખવડે આનન્દકારક શબ્દ કર્યો.

૪૦ तवसे–બલવાન્.

૪૧ तुराय–શીઘ્રતાકરનાર.

૪૨ विरप्शिने–વિશેષ સ્તુતિયોગ્ય.

૪૩ तक्षुः–ततक्षुः । कुर्वन्ति–ઉચ્ચારણ કરે છે.

૪૪ स्थविर–વૃદ્ધ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ३ खण्ड १०

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २
अव द्रप्सो अंशुमतीमतिष्ठदीयानः कृष्णो दशभिः सहस्रैः ।
२ ३ २उ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २
आवत्तमिन्द्रः शच्या धमन्तमप स्नीहितिं नृमणा अधद्राः ॥१॥

अन्व० द्रप्सः दशभिः सहस्रैः इयानः कृष्णः अंशुमती अवातिष्ठत् शच्या धमन्तम् तम् इन्द्रः आवत् अथ नृमणाः स्नीहितिम् अधद्राः ॥

અ० શીઘ્રગમનકરનાર દશહજાર અસુરોસાથ ચઢાઈ કરતો સતો કૃષ્ણ-નામક અસુર **અંશુમતી** નદીપર આવી પહોંચ્યો. તદનન્તર, પોતાના કર્મ વા પ્રજ્ઞાનવડે જગત્‌ને ભયદાયક શબ્દકરનાર કૃષ્ણાસુર પ્રત્યે ઈન્દ્ર મરૂતોસહિત પ્રાપ્ત થયા. તદનન્તર, ઋત્વિજોમાં એકતાન હોઇ જેનું મન લાગી રહ્યું છે તેવા ઈન્દ્રે, તેની હિંસા-કરવાવાળી-સેનાનો વધ કર્યો અર્થાત્ તેને મારી તેની સેનાને પણ મારી નાંખી. ૧

३ १ २ ३ ३ २ १ २ ३ १ २ ३ १ १ ३ १ २र
वृत्रस्य त्वा श्वसथादीषमाणा विश्वे देवा अजहुर्ये सखायः ।
३ १ २ ३ १ २ ३ २ ३ २उ ३ १ २
मरुद्भिरिन्द्र सख्यं ते अस्त्वथेमा विश्वाः पृतना जयासि ॥२॥

अन्व० ये विश्वे देवाः सखायः वृत्रस्य श्वसथात् ईषमाणाः त्वा अजहुः मरुद्भिः ते सख्यम् अस्तु अथ इमाः विश्वाः पृतनाः जयासि ॥

અ० હે ઈન્દ્ર! તમારા જે વિશ્વેદેવતા પહેલાયુદ્ધમાં સહાયતાકરનાર મિત્ર હતા તે સર્વદેવતા, સર્વને આવતા જોઇ વૃત્રાસુરે જે શ્વાસ છોડયો તે વડે ભયભીત થઇ ચોમેર ભાગતા તમને છોડીને ગયા. તેમ થતાં હે ઈન્દ્ર! તમારો સાથ-ન-છોડનાર-મરૂતો સાથ તમારો મિત્રભાવ હો અને તદનન્તર, આ સર્વ શત્રુસેનાને આપના બલવડે જીતો. ૨

३ १ २ ३ १ २र ३ १ २र ३ १ २ ३ १ २
विधुं दद्राणं समने बहूनां युवानं सन्तं पलितो जगार ।
३ १ २ ३ १ २ ३ २उ ३ २ ३ १ २र
देवस्य पश्य काव्यं महित्वाद्या ममार स ह्यः समान ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० विधुम् समने बहूनाम् दद्राणम् युवानम् पलितः जगार देवस्य महित्वा काव्यम् पश्य अद्य ममार सः ह्यः समान ॥

અ૦ (બાલસ્વરૂપ ઈન્દ્રની સ્તુતિ કરાય છે):– યુદ્ધ-આદિના–વિધાતા તથા સંગ્રામમાં બહુશત્રુઓને ભગાડનાર તથાપિ તરૂણપુરૂષને ઈન્દ્રની કૃપાવડે વૃદ્ધપુરૂષ જીતી લે છે. આ તથા આગળ–ઉપર–કહેવાવાતા કાલસ્વરૂપઇન્દ્રના મહત્વભર્યાસામર્થ્યને દેખીને હે જીવાત્મન્! જે જરાને પ્રાપ્ત હોઇ આજ મરે છે તે બીજે દિવસ અન્યજન્મ ધારણ કરી સંસારમાં ગમન કરે છે. ૩

२ ३ २ ३२ ३ १ २ ३१ २ ३ १२
त्वꣳ ह त्यत्सप्तभ्यो जायमानोऽशत्रुभ्यो अभवः शत्रुरिन्द्र ।
३१ २र २ २ २र ३२ ३ १२ ३ १२
गूढे द्यावापृथिवी अन्वविन्दो विभुमद्भ्यो भुवनेभ्यो रणं धाः ॥

अन्व० त्वम् ह त्यत् जायमानः अशत्रुभ्यः सप्तभ्यः शत्रुः अभवः गूढे द्यावा पृथिवी अन्वविन्दः विभुमद्भ्यः भुवनेभ्यः रणम् धाः ॥

અ૦ હે ઇન્દ્ર! તમે નિશ્ચે એવા પરાક્રમ કરવાવાળા છો કે પ્રગટ થતાં વેંતજ શત્રુરહિતકૃષ્ણવૃત્ર તથા નમુચિ–આદિ–સાત–અસુરો સંબંધમાં શત્રુરૂપ થયા વા સત પુરોને નષ્ટકરનારા થયા અથવા, સાત હોતાવાળાયજ્ઞોમાં વિઘ્ન-કરનારના શત્રુરૂપ થયા. અને હે ઇન્દ્ર! તમે અંધકારવડે ઢંકાયલદ્યુલોકને તથા ભૂલોકને સૂર્યરૂપે પ્રકાશિત કરી પ્રાપ્ત કર્યા તથા તમે ગૌરવયુકત લોકો અર્થે રમણ ધારણ કરો છો. ૪

३ १ २र ३ १ २ ३ १ २ ३ १ २ ३२ ३ १ २
मेडिं न त्वा वज्रिणं भृष्टिमन्तं पुरुधस्मानं वृषभꣳ स्थिरप्स्नुम् ।
३ २उ ३ १ २ ३ १ २र ३ १ २३१ २
करोष्यर्य्यस्तरुषीर्दुवस्युरिन्द्र द्युक्षं वृत्रहणं गृणीषे ॥५॥

अन्व० इन्द्र दुवस्युः अर्यः तरुषीः करोषि मेडिं न वृत्रहणम् द्युक्षम् पुरुधस्मानम् वृषभम् स्थिरप्स्नुम् वज्रिणम् भृष्टिमन्तम् त्वा गृणीषे ॥

અ૦ હે ઇન્દ્ર! સ્તુતિ-આદિ–આરાધનાની ઇચ્છા કરતા સતા તમે, અમારા શત્રુઓને (ક્ષીણ) અને અમને વિજયશાલી કરો છો. આકારણે જેપ્રકાર વૃષ્ટિકારિણીવાણીની વર્ષાનિમિત્ત પ્રાર્થના કરે છે તેપ્રકાર :મેઘોના પ્રેરક,

૪. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

वाराणसी

દ્યુલોકમાં વર્ત્તમાન, બહુજલના ધારક વા અનેકશત્રુના નાશક, મનોરથોની વર્ષા કરવાવાળા, સ્થિર, વજ્રધારી તથા શત્રુઓને-ભુંજીનાંખનાર-તમને હું સ્તોત્ર વડે મનાવું છું. ૫

१ २ ३१ २३१२ ३ १२ ३ १ २ ३ १ २
प्र वो महे महेवृधे भरध्वं प्रचेतसे प्र सुमतिं कृणुध्वम् ।
१२ ३१ २र ३ २
विशः पूर्वीः प्र चर चर्षणिप्राः ॥६॥

अन्व० वः महेवृधे महे प्रभरध्वम् प्रचेतसे सुमतिम् प्रकृणुध्वम् चर्षणिप्राः पूर्वीः विशः प्रचर ॥

અ० હે અમારા પુરૂષો ! તમે બહુધનોની—વૃદ્ધિકરવાવાળા—મહાન ઇન્દ્રના અર્થ સોમ અર્પણ કરો. શ્રેષ્ટજ્ઞાનવાન્-ઇન્દ્રના અર્થ શ્રેષ્ઠસ્તુતિ કરો. હે ઈન્દ્ર! મનોરથોવડે પ્રજાઓને-પૂર્ણ-કરવાવાળા-તમે, હવિ-સમર્પણ-કરવાવાળી પ્રજાઓને અભિમુખ પ્રાપ્ત હો. ૬

३ १ २ ३ १ २ ३ १ २ ३ २उ ३ १ २ ३ १ २
शुनꣳ हुवेम मघवानमिन्द्रमस्मिन् भरे नृतमं वाजसातौ ।
३ १ २३२३१२३२३ १२ ३१ २ ३२ ३१२
श्रृण्वन्तमुग्रमूतये समत्सु घ्नन्तं वृत्राणि सञ्जितं धनानि ॥७॥

अन्व० वाजसातौ अस्मिन् भरे शुनम् मघवानम् नृतमम् इन्द्रम् हुवेम शृण्वन्तम् उग्रम् समत्सु वृत्राणि घ्नन्तम् धनानि सञ्जितम् ऊतये ॥

અ० અમે અન્નની-પ્રાપ્તિકરાવનાર-આ-યોદ્ધાઓને વિજયલક્ષ્મી પ્રાપ્ત કરાવનાર, સંગ્રામમાં ઉત્સાહવડે પ્રવૃદ્ધ, ધનવાન્, તથા સકલજગત્‌ના સર્વોપરિ-નેતા ઇન્દ્રને યજ્ઞનિમિત્ત આહ્વાન કરીએ છઇએ તથા અમારી સ્તુતિને સાંભળનાર, શત્રુઓને ભયદાયક, સંગ્રામોમાં-રાક્ષસોને-મારવાવાળા તથા શત્રુઓના-ધનોને-જીતવાવાળા-તમને રક્ષા અર્થ બોલાવીએ છઇએ. ૭

२ ३ १ २ ३ १ २ ३ १ २
उदु ब्रह्माण्यैरत श्रवस्येन्द्रꣳ समर्य्ये महया वशिष्ठ ।
१ २र ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
आ यो विश्वानि श्रवसा ततानोपश्रोता म ईवतो वचाꣳसि ॥८

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० श्रवस्या ब्रह्माणि उदैरत वशिष्ठ समर्ये इन्द्रम् महय यः विश्वानि श्रवसा आततान ईयतः मे वचांसि उपश्रोता ॥

અ૦ અન્નની ઇચ્છાવડે સ્તોત્ર તથા હવિયોને, સર્વઋષિ ઇન્દ્રના અર્થ અર્પણ કરો. હે જિતેન્દ્રિયોમાં **પ્રતિષ્ઠિત** ! તૂં પણ યજ્ઞમાં ઇન્દ્રને સ્તોત્ર તથા હવિવડે પૂજ અને જે ઇન્દ્ર લોકોને અન્ન વા કીર્તિવડે વૃદ્ધિગત કરે છે તે, ઉપાસના–કરવાવાળો–હું તેનાં વચનો સાંભળો ૮

३ १ २र ३ १ २र ३ १ २र ३ १ २र

चक्रं यदस्याप्स्वा निषत्तमुतो तदस्मै मध्विच्चच्छद्यात् ।

३ १ २र ३ २उ ३ २ ३ १ २ २ ३ १ २

पृथिव्यामतिषितं यदूधः पयो गोष्वदधा ओषधीषु ॥९॥

अन्व० अस्य चक्रम् अप्सु आ निषत्तम् उतो अस्मै मध्वित् चच्छद्यात् पृथिव्यां अतिषितम् यदूधः पयोगोषु आदधाः ॥

અ૦ આ ઇન્દ્રનું આયુધ, અન્તરિક્ષમાં ચોમેર મેઘહનનનિમિત્ત સ્થિત હતું અને તેપણ આ ઇન્દ્રના અર્થ જલને પણ વશમાં કરે છે. પૃથિવીમાં છોડેલું જે જલ છે તેને ઔષધિયોમાં સ્થાપન કરે છે. ૯

इति दशमः खण्डः समाप्तः ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड १०

१ द्रप्सः-शीघ्र गमनकरनार. (द्रुतं सरति गच्छति सः)।
२ इयानः-इयमानः-चढाई करतो.
३ शच्या-कर्म वा प्रज्ञानवडे.
४ धमन्तम्-जगत्‌ने भयदायक शब्दकरनार.
५ स्त्रीहितिम्-हिंसाकरवावाळी सेनाने.
६ अपद्राः-अपगमयत्। अवधीत्-वध कर्यो.
७ श्वसथात्-(सर्वान् आगच्छतान् दृष्ट्वा) श्वासमकार्षीत्-
[सर्वने आवता जोई] श्वास छोडयो.
८ ईषमाणाः-सर्वतः पलायमानाः-चोमेर पलायन थया.
९ विधुम्-युद्धआदिना विधाता
१० समने-संग्राममां. (सम्यगननोपेते संग्रामे)।
११ दद्राणम्-द्रावकम्-भगाडनार.
१२ पलितः-पळीयांवाळो वृद्धपुरुष.
१३ जगार-निगिरति-गीते छे.
१४ काव्यं-सामर्थ्य
१५ समान-सम्यग्जीवति-पुनःजन्मांतरमां प्रादुर्भूत थाय छे.
१६ ममार-म्रियते-मरे छे.
१७ त्यत्-तदेतत्।
१८ विभुमद्भ्यः-गौरवयुक्त.
१९ रणं-रमणम्-रमणु.
२० धाः-धारयसि-धारणु करो छो.
२१ दुवस्युः-स्तुति आदि आराधनानी इच्छा करनार.
२२ अर्यः-अरीन्-शत्रुओने.
२३ तरुषीः-तारकान् जेतॄन्-जयशाली.
२४ मेहिं-वाणी.
२५ द्युक्षं-द्युलोकमां वर्तमान.
२६ पुरुधस्मानं-बहुउदकना धारक वा अनेकशत्रुओना नाशक.
२७ स्थिरप्स्नुम्-स्थिररूप.
२८ भृष्टिमन्तम्-शत्रूणां भंजनवन्तम्-शत्रुने भुंजीनाखनार.
२९ चर्षणिप्राः-प्रजानां पूरयिता-मनोरथोवडे प्रजाने पूर्णकरनार.
३० पूर्वीः-हविषां पूरयित्रीः-हवि समर्पण करवावाळी.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૧ महेवृधे–महतां धनानां वर्धयित्रे–બહુધનોની વૃદ્ધિકરનાર.

૩૨ शुनम्–उत्साहेन प्रवृद्धम्–ઉત્સાહ પ્રવૃદ્ધ.

૩૩ भर–સંગ્રામ.

૩૪ वाजसातौ–અન્નની પ્રાપ્તિ કરાવનાર.

૩૫ सजितं–सम्यग्जेतारम्–શત્રુના ધનોને જીતનાર.

૩૬ समत्सु–સંગ્રામોમાં.

૩૭ नृतमं–જગતના સર્વોપરી નેતા.

૩૮ श्रवस्या–અન્નની ઇચ્છાવડે.

૩૯ उदैरत–અર્પણ કરો.

૪૦ समर्य्ये–યજ્ઞમાં.

૪૧ इषतः–उपगमनवतः–ઉપાસના કરનાર.

૪૨ महय–પૂજો.

૪૩ निषत्तं–निषण्णं–સ્થિત.

૪૪ मध्वित्–ઉદકને પણ. (मधु+इत)

૪૫ चच्छद्यात्–વશમાં આણે છે.

૪૬ ऊधः–ઉદક.

૪૭ अतिषितम्–વિમુકત.

૪૮ वसिष्ठ–જિતેન્દ્રિયમાં પ્રતિષ્ઠિત.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ३ खण्ड ११

२ ३ २ ३ १२३१२ ३ १ २ ३ २ २ १ २
त्यमू षु वाजिनं देवजूतꣳ सहोवानं तरुतारꣳ रथानाम् ।
१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २
अरिष्टनेमिं पृतनाजमाशुꣳ स्वस्तये तार्क्ष्यमिहा हुवेम ॥१॥

अन्व० त्यम् वाजिनम् देवजूतम् सहोवानम् रथानाम् तरुतारम् अरिष्टनेमिम् पृतनाजम् आशुम् तार्क्ष्यम् स्वस्तये इह हुवेम ॥

અ० તે (પ્રસિદ્ધ) અન્નયુક્ત વા બલવાન્ સોમને લાવવાનિમિત્ત દેવતાઓવડે પ્રેરિત, શક્તિમાન્, અન્યદીયરથોને-સંગ્રામમાં-તારનાર, તીક્ષ્ણ-આયુધવાળા, શત્રુસેનાઓને-જીતનાર, શીઘ્રગામી, તૃક્ષથીઉત્પન્ન-તૃક્ષપુત્ર સુપર્ણ-ને અમે, કલ્યાણ અર્થ આ કર્મમાં વારંવાર બોલાવીએ છઈએ. ૧

३ २३१२ ३२३२ ३ १२ ३२३ २३१२
त्रातारमिन्द्रमवितारमिन्द्रꣳ हवेहवे सुहवꣳ शूरमिन्द्रम् ।
३२उ ३ १ २ ३ १ २र ३ २ ३ २ ३ १ २ ३ १ २
हुवे नु शक्रं पुरुहूतमिन्द्रमिद ँ हविर्मघवा वेत्विन्द्रः ॥२॥

अन्व० त्रातारम् इन्द्रम् हुवे अवितारम् इन्द्रम् हवे हवे सुहवम् शूरम् शक्रम् पुरुहूतम् इन्द्रम् मघवान् इदम् हविः वेतु ॥

અ० હું શત્રુઓ-થકી-રક્ષાકરનાર-ઇન્દ્રને આહ્વાન કરૂં છું. મનોરથોવડે-તૃપ્તકરનાર-ઇન્દ્રને આહ્વાન કરૂં છું. સકલ-સંગ્રામોમાં-સુખે-બોલાવવાયોગ્ય, વીર, સકલકાર્યોમાં સમર્થ તથા જેને અનેકોએ રક્ષા અર્થ બોલાવેલ એવા ઇન્દ્રને આહ્વાન કરૂં છું. ધનવાન્-તે-ઇન્દ્ર આ હવિનું ભક્ષણ કરો. ૨

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २ १ २
यजामह इन्द्रं वज्रदक्षिणꣳ हरीणा ँ रथ्या३ विव्रतानाम् ।
१ २र ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ १ २र
प्र श्मश्रुभिर्दोधुवदूर्ध्वधा भुवद्वि सेनाभिर्भयमानो वि राधसा ॥३॥

अन्व० वज्रदक्षिणम् विव्रतानाम् हरीणाम् रथ्यम् इन्द्रम् यजामहे श्मश्रुभिः दोधुवत् ऊर्ध्वधाः विभुवत् सेनाभिः भयमानः राधसा वि ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ દક્ષિણહાથમાં વજ્રધારણકરનાર, રથોને-લઇ જવા-આદિ-અનેક કર્મકરવાવાળા, હરીનામકઘોડાને-વશમાં-રાખી-ચલાવનાર-ઇન્દ્રને સોમરૂપ હવિયોવડે અમે પૂજીએ છઇએ. તે ઇન્દ્ર, સોમપાન અનન્તર પોતાની દાઢી-મૂછોને વારંવાર ધુણાવતા સતા ઉપર પ્રગટ થાય છે અને પોતાની દેવસેનાઓ વડે શત્રુઓને ભયભીત કરતા નાનાપ્રકારનું ધન સ્તુતિકરવાવાળાને દે છે. ૩

३ २३ १२३ २३१ २ ३१२३१२३२ २१२

सत्राहणं दाधृषिं तुम्रमिन्द्रं महामपारं वृषभं सुवज्रम् ।

२३ २३१ २२३२उ ३१२३१२ ३१२ ३१२

हन्ता यो वृत्रं सनितोत वाजं दाता मघानि मघवा सुराधाः॥

अन्व० सत्राहणम् दाधृषिम् तुम्रम् महाम् अपारम् वृषभम् सुवज्रम् इन्द्रम् यः वृत्रं हन्ता उत वाजम् सनिता सुराधाः मघवा मघानि दाता॥

અ૦ અમે સ્તુતિકરનાર, અનેક-શત્રુઓને-મારનાર, અત્યન્ત-ધમકાવનાર, શત્રુઓને-ભગાડનાર, મહાન્, વિનાશરહિત, મનોરથોનીવ-ર્ષા-કરનાર તથા શ્રેષ્ઠ-વજ્રને-ધારણકરનાર-ઇન્દ્રની સ્તુતિ કરીએ છઇએ. જે ઇન્દ્ર વૃત્રાસુરનો વધ કરે છે અને અન્નનો દાતા હોય છે. શ્રેષ્ઠ ધનવાળા જે ઇન્દ્ર ધનોના દાતા હોય છે. ૪

१ २ ३१२३२३ २३१२ ३१२ ३१२

यो नो वनुष्यन्नभिदाति मर्त्त उगणा वा मन्यमानस्तुरो वा ।

३२३१ २२ ३१२३१ २ ३१२

क्षिधी युधा शवसा वा तमिन्द्राभी ष्याम वृषमणस्त्वोताः॥५॥

अन्व० यः मर्त्तः नः वनुष्यन् अभिदाति मन्यमानः क्षिधी युधा शवसा उगणाः तुरः त्वोताः वृषमणः तम् अभिष्याम॥

અ૦ જે મનુષ્ય અમને મારવાની ઇચ્છા કરતો સતો ચઢાઈ કરી આવે છે અને પોતાને મોટો માનતો સતો જે મનુષ્ય ક્ષયકારી આયુધ લઇ વેગે શ્રેષ્ઠ સમૂહરૂપ પ્રહારકરવાવાળી અમારી પ્રજાઓ ઉપર ચઢાઇ કરી આવે છે તેને તમોવડે રક્ષિત-અમે, વૃષસમાન આચરણ કરતા તિરસ્કૃત કરીએ. ૫

२३१२ ३२३ १२ ३ ३ ३१३ ३१२३ १२

यं वृत्रेषु क्षितयः स्पर्धमाना यं युक्तेषु तुरयन्तो हवन्ते ।

૫ આ મંત્ર સ્વતંત્ર છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २र ३ २३१ २र ३ १ २र ३ १ २ ३ १ २र

यं॑शूरसातौ यमपामुपज्मन्यं विप्रासो वाजयन्ते स इन्द्रः ॥

अन्व० वृत्रेषु स्पर्धमानाः क्षितयः यम् हवन्ते युक्तेषु तुरयन्तः यम् शूरसातौ यम् अपाम् यम् उपज्मन् यम् विप्रासः वाजयन्ते सः इन्द्रः ॥

अ० યુદ્ધોમાં ક્રોધયુક્તપુરૂષો જેને પોકારે છે. આયુધ–ઉઠાવેલ–સંગ્રામોમાં પરસ્પર હિંસાકરતા સતા પુરૂષ જેને પોકારે છે, યોદ્ધાઓના વિભાગ હોવાપર વા યોદ્ધાઓનીપ્રાપ્તિ અર્થ જેને પોકારે છે, જલોની પ્રાપ્તિના વિષયમાં જેને પોકારે છે, વર્ષાની પ્રાપ્તિ અર્થ જેની શરણમાં જાય છે અને બુદ્ધિમાન્ યજમાન જેને હવિ અર્પણ કરી બલવાન્ કરે છે તે ઇન્દ્ર છે. ૬

१ २ ३ २र ३ २उ ३ १ २ ३ १ २

इन्द्रापर्वता बृहता रथेन वामीरिष आ वहतꣳ सुवीराः ।

३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २

वीतꣳ हव्यान्यध्वरेषु देवा वर्द्धेथां गीर्भिरिडया मदन्ता ॥७॥

अन्व० इन्द्रापर्वता बृहता रथेन वामी सुवीराः इषः आ वहत देवा अध्वरेषु वीत इडया मदन्ता गीर्भिः वर्द्धेथाम् ॥

अ० હે ઇન્દ્ર અને **પર્વત** ! તમે મોટા રથવડે આવી પ્રાર્થના કરવાયોગ્ય શ્રેષ્ઠ પુત્રોસહિત અન્નો અર્પણ કરો. હે પ્રકાશવાન્ ઇન્દ્ર તથા **પર્વત** ! અમારા યજ્ઞોમાં હવિયોનું ભક્ષણ કરો. અમોએ–અર્પણ–કરેલ–અન્નવડે પ્રસન્ન સતા તમે સ્તુતિરૂપ અમારી વાણિઓવડે વધો. ૭

१ २ ३ २ ३ १ २ ३ १ २र३२ ३ १ २

इन्द्राय गिरो अनिशितसर्गा अपः प्रैरयत्सगरस्य बुध्नात् ।

१ २२ ३ २ ३ १ २ ३ २ २ ३ १ २ ३ २ ३ २

यो अक्षेणेव चक्रियौ शचीभिर्विष्वक्तस्तम्भ पृथिवीमुत द्याम् ॥

अन्व० इन्द्राय अनिशितसर्गाः गिरः सगरस्य बुध्नात् अपः प्रेरयत् यः शचीभिः पृथिवीम् उत द्याम् चक्रियौ अक्षेण इव विष्वक् तस्तम्भ ॥

अ० ઇન્દ્રને અર્થ નિરંતર ઉચ્ચસ્વરે ઉચ્ચારણ કરાતી જે સ્તુતિયો છે તે વડે અંતરિક્ષના સ્થાન થકી જલોને પ્રેરણા કરે છે. જે ઇન્દ્ર યજ્ઞાદિ કર્મોવડે પૃથિવી અને દ્યુલોકને પણ, રથનાં પહિયાં જેમ ધુરામાં થંભી રહે છે તેમ ચોમેર સ્તંભિત કરે છે. ૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
आ त्वा सखायः सख्या ववृत्युस्तिरः पुरू चिदर्णवां जगम्याः ।
३ १ २र ३ १ २ ३ २ ३ १ २र ३ १ २र
पितुर्नपातमा दधीत वेधा अस्मिन् क्षये प्रतरां दीद्यानः ॥९॥

अन्व० सखायः सख्या त्वा आववृत्युः तिरः पुरु अर्णवम् जगम्याः अस्मिन् क्षये प्रतराम् दीद्यानः वेधाः पितुः नपातम् आदधीत ॥

અ૦ હે ઇન્દ્ર ! સ્તોતા, પ્રિયસ્તુતિયોવડે તમને અભિમુખ કરે છે કેમકે તમે ઉડવાવાળા હોઇ વિસ્તારવાળા અન્તરિક્ષમાં ચાલ્યા ગયા હતા. આ નિવાસ-સ્થાનરૂપ યજ્ઞમાં અત્યન્ત–તેજવડે–દેદીપ્યમાન આ વિધાતા ઇન્દ્ર, મારા પિતાના પૌત્રને અર્થાત્ મને પુત્ર દે. ૯

२ ३ १ २ ३ २उ ३ २ ३ १ २ ३ १ २ ३ २
को अद्य युंक्ते धुरि गा ऋतस्य शिमीवतो भामिनो दुर्हृणायून् ।
३ १ २ ३ १ २ ३ १ २र ३ २ ३ २ ३ १ २
आसन्नेषामप्सुवाहो मयोभून्य एषां भृत्यामृणधत्स जीवात् ॥

अन्व० अद्य ऋतस्य धुरि गाः शिमीवतः भामिनः दुर्हृणायून् अप्सुवाहः मयोभून् आसन् कः युक्ते यः एषाम् भृत्याम् ऋणधत् सः जीवात् ॥

અ૦ આજ આ કર્મમાં યજ્ઞમાં–જાવાવાળા–ઇન્દ્રના રથની ધુરામાં જોડેલા, વીરતાનું–કામ–કરવાવાળા, તેજસ્વીશત્રુઓના—અસહ્ય—ક્રોધવડેયુકત, યજ્ઞાદિ કર્મોમાં–ઇન્દ્રને–લઇજનાર સુખદાયક અશ્વોને વા તેમની લગામોને સુખવડે ઉચ્ચારણકરેલ સ્તોત્રદ્વારા કોણ નિયુકત કરી શકે છે ? જે યજમાન, આ ઘોડાની રથને લઇ જવાની ક્રિયાની સ્તુતિ કરે છે તે યજમાન આયુષ્યમાન્ થાય છે. ૧૦

इति एकादशः खण्डः समाप्तः ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ११

१ त्यम्–तम् प्रसिद्धम्।
२ उ–एव।
३ देवजूतम्–દેવોવડેપ્રેરિત.
४ सहोधानं–अन्नवन्तं बलवन्तं वा–શકિતમાન્.
५ तरुतारम्–તારનાર.
६ अरिष्टनेमिम्–अहिंसितरथं वा अहिंसितायुधम्–તીક્ષ્ણ આયુધવાળા.
७ पृतनाजम्–शत्रुसेनानां प्राजितारं प्रगमयितारं जेतारं वा–
શત્રુસેનાઓને જીતનાર.
८ वेतु–ભક્ષણ કરો.
९ चित्रतानाम्–રથવાહન આદિ વિવિધકર્મ કરનાર.
१० भयमानः–शत्रून् कम्पयन्–શત્રુને ભયભીત કરતા.
११ सत्राहणम्–બહુશત્રુઓને હણનાર.
१२ दाधृषिम्–અતિશયે કરીને ધમકાવનાર
१३ तुम्रम्–શત્રુનાપ્રેરક–ભગાડનાર.
१४ वनुष्यन्–हन्तुमिच्छन्–મારવાની ઇચ્છા કરતો.
१५ अभिदाति–आभिमुख्येन आगच्छति–ચઢાઈ કરીને આવે છે.
१६ क्षिधी–क्षिः क्षयो धीयते क्रियते अनेनेति–ક્ષયકારી.
१७ वृषमणः–વૃષની સમાન આચરણ કરતા.
१८ उगणाः–उत्कृष्टगणाः उद्गूर्णगणाः–શ્રેષ્ઠસમૂહરૂપ.
१९ तुरः–हिंसीत्राः अस्मदीयाः प्रजाः अभिगच्छति–
પ્રહારકરવાવાળી અમારી પ્રજાપર ચઢાઈ કરી આવે છે.
२० अभिष्याम–अभिभवेम–તિરસ્કૃત કરીએ.
२१ क्षितयः–क्षयन्ति निवसन्त्यत्रेतिक्षितयः–મનુષ્યો.
२२ वृत्रेषु–आवरकेषु युद्धेषु–યુદ્ધોમાં.
२३ युक्तेषु–सनद्धेषु–આયુધયુક્ત સંગ્રામોમાં.
२४ तुरयन्तः–પરસ્પર હિંસા કરતા
२५ उपज्मन्–वृष्टिप्रदानार्थम–વૃષ્ટિની પ્રાપ્તિ અર્થે.
२६ वामी–वननीयाः–પ્રાર્થના કરવાયોગ્ય.
२७ इडया–અન્નવડે.
२८ वीतं–भक्षयतं–ભક્ષણ કરો.
२९ अभिशितसर्गाः–अतनूकृतविसर्गाः–નિરંતર ઉચ્ચસ્વરે ઉચ્ચારણ કરેલી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૦ सगर-અન્તરિક્ષ.

૩૧ चक्रियौ–રથચક્રો.

૩૨ ववृत्युः–અભિમુખ કરે છે.

૩૩ वेधा–વિધાતા.

૩૪ क्षय–નિવાસભૂત યજ્ઞ.

૩૫ दीद्यानः–દેદીપ્યમાન.

૩૬ प्रतराम्–અત્યન્ત.

૩૭ अर्णवम्–અન્તરિક્ષ.

૩૮ तिरः–तिर्यग्भूत्वा–ઉડવાવાળો હોઇ.

૩૯ पुरु–વિસ્તારવાળું.

૪૦ गाः–गतिमतः–જોડેલાઅશ્વો વા લગામ.

૪૧ शिमीवतः–વીર્ય્યકર્મોપેત.

૪૨ भामिनः–તેજસ્વી.

૪૩ दुर्हृणायून्–અસહ્યક્રોધવડે યુકત.

૪૪ अप्सुवाहः–યજ્ઞાદિકર્મોમાં ઇન્દ્રને લઇજનાર.

૪૫ भृत्यां–भरणक्रियां–રથને લઇજવાની ક્રિયા.

૪૬ जीवात्–जीवति–આયુષ્યમાન્ થાય છે.

૪૭ ऋणधत्–ऋद्धिमतींकरोति–સ્તુતિ કરે છે.

૪૮ आसन्–आस्येन तज्जनितेन स्तोत्रेण–મુખવડે ઉચ્ચારણ કરેલ સ્તોત્રવડે.



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

[stamp]

अ. ३ खण्ड १२

१ २ ३ १ २र ३ २ ३ १ २
गायन्ति त्वा गायत्रिणोऽर्चन्त्यर्कमर्किणः ।
३ १ २ ३ २३ १ २
ब्रह्माणस्त्वा शतक्रत उद्वंशमिव येमिरे ॥१॥

अन्व० शतक्रतो त्वा गायत्रिणः गायन्ति अर्किणः अर्कम् अर्चन्ति ब्रह्माणः वंशमिव त्वा उद्येमिरे ॥

अ० હે ઈન્દ્ર! તમને ઉદ્‍ગાતા સ્તુતિ કરે છે. પૂજનનામન્ત્ર બોલતા સતા હોતા, પૂજનીય-ઈન્દ્રની મંત્રોવડે પ્રાર્થના કરે છે. અન્યબ્રાહ્મણ, જેમ વાંસના અગ્રભાગ ઉપર નાચનાર નટ દૃઢ વાંસને ઉંચો કરે છે તેમ તમને ઉન્નતિ પર પહોંચાડે છે. ૧

२ ३ १ २ ३ १ २ ३ १ २
इन्द्रं विश्वा अवीवृधन्त्समुद्रव्यचसं गिरः ।
३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
रथीतमꣳ रथीनां वाजानाꣳ सत्पतिं पतिम् ॥२॥

अन्व० विश्वाः गिरः समुद्रव्यचसम् रथीनाम् रथीतमम् वाजानाम् पतिम् सत्पतिम् इन्द्रम् अवीवृधन् ॥

अ० અમારી સકલ સ્તુતિયોએ સમુદ્રનીસમાન મહાન્, યોદ્ધાઓમાં શ્રેષ્ઠ યોદ્ધા, અન્નોનાસ્વામી તથા સજ્જનોના—પાલક—ઈન્દ્રને વધાર્યા. ૨

३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
इममिन्द्र सुतं पिब ज्येष्ठममर्त्यं मदम् ।
३ १ २ ३क २र ३ १ २ ३ २ ३ १ २
शुक्रस्य त्वाभ्यक्षरन् धारा ऋतस्य सदने ॥३॥

अन्व० इन्द्र इमम् ज्येष्ठम् मदम् अमर्त्यम् सुतम् पिब ऋतस्य सदने शुक्रस्य धाराः त्वा अभ्यक्षरन् ॥

અ० હે ઈન્દ્ર! આ પરમપ્રશંસનીય, આનન્દદાયક, અન્યમદોની સમાન નષ્ટ—ન—કરનાર, સમ્પાદન—કરેલ—સોમને પિઓ. યજ્ઞના મણ્ડપમાં વર્ત્તમાન દીપ્ત સોમની ધારાઓ, તમારી અભિમુખ ચાલી આવી રહી છે. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३२उ ३ १२
यदिन्द्र चित्र म इह नास्ति त्वादातमद्रिवः ।
२ ३ १ २ ३ १ २
राधस्तन्नो विदद्वस उभयाहस्त्या भर ॥४॥

अन्व० चित्र अद्रिवः विदद्वसो इन्द्र यत् त्वादातम् राधः इह मे नास्ति तत् नः उभया हस्त्या आभर ॥

અ० હે વિચિત્રગુણસમ્પન્ન વજ્રધારી પ્રાપ્તધન ઇન્દ્ર! જે તમારે–દેવા–યોગ્ય–ધન આ લોકમાં મ્હારૂં નહિ હોય તે ધન અમને ઉભય હસ્તોવડે દ્યો. ૪

३ १ २र ३२उ ३ १ २ ३ १ २
श्रुधी हवं तिरश्च्या इन्द्र यस्त्वा सपर्य्यति ।
३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
सुवीर्य्यस्य गोमतो रायस्पूर्धि महाँ२ऽअसि ॥५॥

अन्व० इन्द्र यः त्वो सपर्यति तिरश्च्या हवम् श्रुधि सुवीर्यस्य गोमतः रायः पूर्द्धि महान् असि ॥

અ० હે ઇન્દ્ર! જે તમને હવિયોવડે આરાધન કરે છે તે હું–તિરશ્ચ્ય (નામના ઋષિ) ની સ્તુતિને સાંભળો અને સાંભળી તમે શ્રેષ્ઠવીરતા વા પુત્રોવડેયુક્ત ગો–આદિ–પશુસહિત ધન દઇ અમને પૂર્ણ કરો; તમે સર્વ દેવતાઓમાં શ્રેષ્ઠ છો. ૫

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
असावि सोम इन्द्र ते शविष्ठ धृष्णवागहि ।
१ २ ३ २उ ३ २ ३ २ ३ १ २
आ त्वा पृणक्त्विन्द्रियꣳ रजः सूर्य्यो न रश्मिभिः ॥६॥

अन्व० इन्द्र ते सोमः असावि शविष्ठ धृष्णो आगहि सूर्यः रश्मिभिः रजः न इन्द्रियम् त्वा आ पृणक्तु ॥

અ० હે ઇન્દ્ર! તમારેનિમિત્ત સોમ સંપાદન કર્યો છે. હે પરમબલી! હે–શત્રુઓના–તિરસ્કાર–કરનાર! તમે આ દેવયજનના સ્થાનમાં આવો. જેમ સૂર્ય્ય કિરણોવડે અન્તરિક્ષને પૂર્ણ કરે છે તેમ સોમપાનવડે ઉત્પન્ન મોટી ભારે શાન્તિ તમને પૂર્ણ કરો. ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २
एन्द्र याहि हरिभिरुप कण्वस्य सुष्टुतिम् ।
३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
दिवो अमुष्य शासतो दिवं यय दिवावसो ॥७॥

अन्व० इन्द्र कण्वस्य सुष्टुतिम् हरिभिः उपायाहि अमुष्य दिवः शासतः दिवावसो दिवम् यय ॥

અ० હે ઈન્દ્ર! તમે કણ્વની શ્રેષ્ઠસ્તુતિની સમીપ અશ્વોદ્વારા આવો. આ દ્યુલોકનું શાસન કર્યે સતે, અમે સુખ પામીએ છઈએ. હે દીપ્તહવિવાળા-ઈન્દ્ર! તમે સ્વર્ગ પ્રત્યે જાઓ. ૭

२ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
आ त्वा गिरो रथीरिवास्थुः सुतेषु गिर्वणः ।
३ २ ३ १ २ ३ १ २ ३ २उ ३ १ २
अभि त्वा समनूषत गावो वत्सं न धेनवः ॥८॥

अन्व० गिर्वणः सुतेषु गिरः रथीरिव त्वा आस्थुः त्वा अभि वत्सं धेनवः गावः न समनूषत ॥

અ० વેદમંત્રોવડે-સ્તુતિકરવાયોગ્ય-હે-ઈન્દ્ર! સોમરસોના સંપાદન હોવા પર અમારી સ્તુતિની વાણીયો, જેમ રથી રથવડે જઇ વીરોને પહોંચવા યોગ્ય-સ્થાનપર પહોંચી જાય છે તેમ શીઘ્ર જ તમારી અભિમુખ પહોંચે છે. હે ઈન્દ્ર! અમારી વાણીયો, તમારી અભિમુખ હોઇ જેમ પ્રેમભરી ગાય હમ્ભારવ કરતી વાછડાની અભિમુખ જાય છે તેમ ભલેપ્રકાર સ્તુતિ કરે છે. ૮

२ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
एतो न्विन्द्रꣳ स्तवाम शुद्धꣳ शुद्धेन साम्ना ।
३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
शुद्धैरुक्थैर्वावृध्वाꣳसꣳ शुद्धैराशीर्वान्ममत्तु ॥९॥

अन्व० नु एत उ शुध्धेन साम्ना शुध्धैः उक्थैः शुद्धम् स्तवाम वावृध्वसम शुध्धैः आशीर्वान् ममत्तु ॥

અ० (ઋષિઓ પરસ્પર કહે છે–) તમે શીઘ્રજ આવો અને આવીને શુદ્ધિ કરવાવાળા સામદ્વારા તથા શુદ્ધકરવાવાળા મંત્રરૂપ શાસ્ત્રોવડે શુદ્ધ કરીને આપણે ઈન્દ્રની સ્તુતિ કરીએ. તદનન્તર પાપરહિત હોવાને લીધે વૃદ્ધિપામેલ–

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ–ઈન્દ્રને સ્તોત્રોવડે તથા ગો-દુગ્ધાદિવડે સંસ્કારકરાયલ સોમ આનન્દ દાયક હો. ૯

२ ३१ २ ३१२३ २ ३२३१२
यो रयिं वो रयिन्तमो यो द्युम्नैर्द्युम्नवत्तमः ।
१२ ३१ २र३ १ २ ३ १२
सोमः सुतः स इन्द्र तेऽस्ति स्वधापते मदः ॥१०॥

अन्व० इन्द्र यः रयिन्तमः यः द्युम्नैः द्युम्नवत्तमः सः सोमः वः रयिम् स्वधापते सुतः ते मदः अस्ति ॥

અ० હે ઇન્દ્ર! જે અત્યન્ત ધનવાન્ છે, જે પ્રકાશવાન્યશોવડે પરમ-યશસ્વી છે તે સોમ તમારા ઉપાસકોને ધન દે છે. હે સોમરૂપ–અન્નનાપાલક-ઇન્દ્ર! અભિષુત હોવાપર તે સોમ તમને મદકારી થાય છે. ૧૦

इति तृतीयाध्यायस्य द्वादशः खण्डः समाप्तः ॥१२॥

खण्ड १२

१ गायत्रिणः–ઉદ્ગાતા.
२ अर्किणः–પૂજનના મંત્ર બોલનાર હોતા.
३ अर्कम्–પૂજનીય ઇન્દ્રને.
४ उद्येमिरे–ઉન્નતિપર પહોંચાડે છે.
५ समुद्रव्यचसम्–સમુદ્રની સમાન મહાન્. (समुद्रंव्याप्तवन्तम)।
६ अमर्त्यम्–अमारकम् નષ્ટ ન કરનાર.
७ विदद्वस–પ્રાપ્તધન.
८ त्वादातम्–त्वयादातव्यं–તમારે દેવાયોગ્ય.
९ अद्रिवः–વજ્રધારી.
१० सपर्यन्ति–हविभिः परिचरति–હવિયોવડે આરાધન કરે છે.
११ धृष्णो–शत्रूणां धर्षयितः–શત્રુનો તિરસ્કાર કરનાર.
१२ दीवावसो–દીપ્ત હવિવાળા.
१३ यय–गच्छत–જાઓ.
१४ धेनवः–પ્રીતિયુક્ત વા ગમનશીલ.
१५ आशीर्वान्–ગોદુગ્ધાદિવડે સંસ્કૃત. (आश्रयणवान्)।
१६ ममत्त–मादयतु–આનન્દદાયક હો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड १

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
प्रत्यस्मै पिपीषते विश्वानि विदुषे भर ।
२ २ ३ २ ३ १ २ ३ १ २
अरङ्गमाय जग्मयेऽपश्चादध्वने नरः ॥१॥

अन्व० नरः अस्मै पिपीषते विश्वानि विदुषे अरङ्गमाय जग्मये अपश्चादध्वने प्रति भर ॥

અ૦ હે **અધ્વર્યો**! કર્મમાં–નેતા–એવો–તૂં આ સોમને પીવાની ઇચ્છા કરનાર, સકલ–જાણવાયોગ્ય–વસ્તુને–જાણનાર, ઠીક–ઠીક–ગમનકરનાર, યજ્ઞોમાં જનાર તથા સર્વથી–આગળ–પહોંચવાવાળા–ઇન્દ્રને સોમ અર્પણ કર. ૧

१ २ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २
आ नो वयोवयःशयं महान्तं गह्वरेष्ठां महान्तं पूर्विनेष्ठाम् ।
३ २उ ३ १ २
उग्रं वचो अपावधीः ॥२॥

अन्व० वयस्य अयम् महान्तम् गृह्वरेष्ठम नः वयः आ हर महान्तम् पूर्विनेष्ठाम् उग्रम वचः अपावधीः ॥

અ૦ હે મિત્રરૂપ **ઇન્દ્ર**! તમે પર્વતની ગુફામાં બહુવર્ત્તમાન અમારા સોમરૂપ અન્નને લાવી બહુપહેલેથી સંસારમાં વર્ત્તમાન ભૂખપ્યાસને કારણ ભયાનક અમારાં વચનને નષ્ટ કરો અર્થાત્ અમને દેવયોનિમાં પહોંચાડો. ૨

२ ३ २ ३ २ ३ १ २ ३ १ २
आ त्वा रथं यथोतये सुम्नाय वर्त्तयामसि ।
३ १ २ ३ २ ३ १ २ ३ १ २
तुविकूर्मिमृतीषहमिन्द्रꣳ शविष्ठ सत्पतिम् ॥३॥

---

૨. આ સ્વતંત્ર મંત્ર છે.

ટિપ્પણઃ–દેવોને ભૂખપ્યાસ હોતી નથી. જુઓ " न वै देवा अश्नन्ति न पिबन्ति " તથા " अशनायापिपासे ह त्वा ऊमं वचः "

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० शविष्ठ ऊतये सुम्नाय रथं यथा तुविकूर्मिम् ऋतीषहम् सत्पतिम् त्वा इन्द्रम् वर्त्तयामसि ॥

અ० હે પરમબલી ઇન્દ્ર! અમારી રક્ષા અર્થ, સુખને અર્થ જેમ રથને ભ્રમણ કરાવે છે તેમ વિચિત્રપરાક્રમી, હિંસકોના–તિરસ્કાર–કરનાર, સજ્જનોના–પાલક–તમે–ઇન્દ્રને અમે ભ્રમણ કરાવીએ છઈએ. ૩

२ ३ २ ३ १ २ ३ १ २र

स पूर्व्यो महोनां वेनः क्रतुभिरानजे ।

२ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ २

यस्य द्वारा मनुः पिता देवेषु धिय आनजे ॥४॥

अ० सः पूर्व्यः महोनाम् क्रतुभिः वेनः आनजे यस्य द्वारा धियः देवेषु पिता मनुः आनजे ॥

અ० મુખ્ય એવા તે ઇન્દ્ર, પૂજ્ય યજમાનોના યજ્ઞોદ્વારા તેમના હવિયોને ચાહતા સતા આવે છે. જે ઇન્દ્રની પ્રાપ્તિના ઉપાયરૂપકર્મોને દેવતાઓમાં સર્વનાપાલક મનુ પ્રાપ્ત કરે છે. ૪

२ ३ १ २ ३ २ ३ १ २ ३ २ ३ २

यदी वहन्त्याशवो भ्राजमाना रथेष्वा ।

१ २ ३ २र ३ २ ३ १ २

पिबन्तो मदिरं मधु तत्र श्रवांसि कृण्वते ॥५॥

अन्व० यदि रथेषु भ्राजमानाः आशवः आवहन्ति तत्र मदिरम् मधु पिबन्तः श्रवांसि कृण्वते ॥

અ० જે યજ્ઞમાં રથોમાં દેદીપ્યમાન શીઘ્રગામી તમારા મરૂતો તમને અભિમુખ કરી પહોંચાડે છે તે યજ્ઞમાં, મદકારી તથા રસીલાસોમને પીતા સતા તેઓ અન્નોને વૃષ્ટિદ્વારા ઉત્પન્ન કરે છે. ૫

१ २ ३ १ २ ३ १ २र ३ १ २

त्यमु वो अप्रहणं गृणीषे शवसस्पतिम् ।

१ २ ३ २ ३ १ ३ १ २ ३ १ २

इन्द्रं विश्वासाहं नरꣳ शचिष्ठं विश्ववेदसम् ॥६॥

૫ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० वः त्यमु अप्रहणम् शवसः पतिम् विश्वासाहम् नरम् शचिष्ठम् विश्ववेदसम् गृणीषे ॥

અ० હે ઋત્વિગ્યજમાનો! હું તમારે અર્થે તેજ ભકતોની ઉપર અનુગ્રહ કરવાવાળા, બલનાપાલક, સકલશત્રુઓના–તિરસ્કાર–કરનાર, નેતા, યજ્ઞાદિકર્મમાં–સ્થિત, વિશ્વ જ છે ધન જેનું તેવા ઇન્દ્રની સ્તુતિ કરૂં છું. ૬

३ १ २ ३ १ २र ३ १ २

दधिक्राव्णो अकारिषं जिष्णोरश्वस्य वाजिनः ।

३ २ ३ १ २ ३ २ ३ १ २

सुरभि नो मुखा करत्प्र न आयूंषि तारिषत् ॥७॥

अन्व० जिष्णोः अश्वस्य वाजिनः दधिक्राव्णः अकारिषम् नः मुखा सुरभि करत् नः आयूंषि प्रतारिषत् ॥

અ० જયશીલ, અશ્વરૂપધારી, વેગવાન્ દધિક્રાવાનામક અગ્નિદેવતાની હું સ્તુતિ કરૂં છું. તે અગ્નિદેવ અમારી મુખ–આદિ–ઇન્દ્રિયોને શકિતસમ્પન્ન કરો તથા અમારાં આયુષ્યને વધારો. ૭

३२ ३१ २र ३१ २र

पुरां भिन्दुर्युवा कविरमितौजा अजायत ।

३ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २

इन्द्रो विश्वस्य कर्मणो धर्त्ता वज्री पुरुष्टुतः ॥८॥

अन्व० इन्द्रः पुराम् भिन्दुः युवा कविः अमितौजाः विश्वकर्मणः धर्त्ता वज्री पुरुष्टुतः अजायत ॥

અ० તે ઇન્દ્ર શત્રુઓનાં–નગરોને–તોડવાવાળા, સદાતરૂણ, બુદ્ધિમાન્, પરમબલી, સકલ–કર્મકાણ્ડના–પોષણકર્ત્તા, યજમાનની રક્ષા અર્થે સદા–વજ્રધારણ કરનાર તથા અનેકોવડે–સ્તુતિ–કરાતા એવા ગુણવાળા છે. ૮

इति प्रथमः खण्डः समाप्तः ॥१॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड १

१ अरंगमाय-पर्याप्तगमनाय-ઠીક ઠીક ગમન કરનાર.
२ जग्मये-યજ્ઞમાં ગમનશીલ.
३ अपश्चाद्दध्वने-સર્વના આગળ પહોંચનાર.
४ गह्वरेष्ठाम्-ગિરિ-ગુહા-આદિ વિષે વર્ત્તમાન.
५ पूर्विनेष्ठाम्-આદિમાં સંસારમાં વર્ત્તમાન.
६ वयस्य-મિત્રભૂત.
७ तुविकूर्मिम्-बहुकर्माणं-વિચિત્ર પરાક્રમી.
८ ऋतीषहम्-હિંસકોના તિરસ્કાર કરનાર.
९ महोनां-પૂજ્ય યજમાનોના.
१० आनजे-आगच्छति-પ્રાપ્ત કરે છે.
११ यदि-જે યજ્ઞમાં.
१२ मदिरं-મદકારી.
१३ अग्रहणं-अग्रहर्तारम्-ભકતોનો અનુગ્રહ કરનાર.
१४ विश्वासाहम्-विश्वस्य शत्रोरभिभवितारम्-સકલ શત્રુના તિરસ્કારકરનાર.
१५ वेदसु-ધન.
१६ जिष्णोः-જયશીલના.
१७ सुरभि-શકિતસંપન્ન.
१८ मुखा-मुखानि-ચક્ષુ આદિ ઇન્દ્રિયો.
१९ कविः-મેધાવી.
२० प्रतारिषत्-प्रवर्धयतु-વધારો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड २

१२ ३ २३ १२ ३ १ २ ३ १ २
प्रप्र वस्त्रिष्टुभमिषं वन्दद्वीरायेन्दवे ।
३ १ २ ३ १ २ ३ २ २ १ २
धिया वो मेधसातये पुरन्ध्या विवासति ॥१॥

अन्व० वः त्रिष्टुभम् इषम् वन्दद्वीराय इंदवे प्र प्र वः मेधसातये पुरन्ध्या धिया आविवासति ॥

અ૦ હે અધ્વર્યુ–આદિઓ ! તમે ત્રણુસ્તોભોવડેયુકત–અન્નને વીરોની–પ્રશંસા–કરવાવાળા–ઇન્દ્રના અર્થે પહોંચાડો અને તે ઇન્દ્ર, તમને યજ્ઞાનુષ્ઠાન-નિમિત્ત પરમપ્રજ્ઞાયુકતકર્મ વડે પરિચર્યા કરે છે અર્થાત્ ઇચ્છિતફલ દઇ તમારો સત્કાર કરે છે. ૧

३ १ २ ३ २ ३ २ ३ २ ३ २ ३ १ २
कश्यपस्य स्वर्विदो यावाहुः सयुजाविति ।
२ ३ २ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २
ययोर्विश्वमपि व्रतं यज्ञं धीरा निचाय्य ॥२॥

अन्व० कश्यपस्य यौ ययोः विश्वम् अपि व्रतम् यज्ञम् इति निचाय्य सयुजौ स्वर्विदः धीराः आहुः ॥

અ૦ જે સર્વજ્ઞ ઇન્દ્રના અશ્વ છે, જે અશ્વોનું સર્વેયકર્મ યજ્ઞ પ્રત્યે છે એવો નિશ્ચયકરીને સાથેજ જોડયા જાય તેવા અને જે સ્વર્ગને પમાડનારા છે એમ પુરૂષો કહે છે. ૨

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
अर्चत प्रार्चत नरः प्रियमेधासो अर्चत ।
१ २ ३ २ ३ २उ ३ २ ३क २र
अर्चन्तु पुत्रका उत पुरमिद्धृष्णवर्चत ॥३॥

अन्व० नरः अर्चत प्रार्चत प्रियमेधासः अर्चत उत पुत्रकाः पुरमित धृष्णु अर्चन्तु अर्चत ॥

---

२. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ હે કર્મના-નેતા-અધ્વર્યું-આદિઓ ! તમે ઇન્દ્રની પૂજા કરો. વિશેષ પૂજા કરો. હે **યજ્ઞનાપ્રેમિઓ** ! પૂજો. અને હે **પુત્રો** ! ભકતોના-મનોરથોને-અવશ્ય-પૂર્ણ-કરવાવાળા, તથા શત્રુઓને - ધમકાવનારા-ઇન્દ્રનું-વારંવાર પૂજન કરો. ૩

३ १ २र ३ २ ३ १२ ३ १ २

उक्थमिन्द्राय शꣳस्यं वर्द्धनं पुरुनिःषिधे ।

३ १ २र ३ १ २ ३ १ २ ३ १ २

शक्रो यथा सुतेषु णो रारणत्सख्येषु च ॥४॥

अन्व० पुरुनिःषिधे इन्द्राय वर्द्धनम् उक्थम् शक्रः नः सुतेषु च सख्येषु यथा रारणत् शंस्यम् ॥

અ૦ અનેકશત્રુઓના—નાશકરવાવાળા—ઇન્દ્રના અર્થ વૃદ્ધિના સાધનરૂપ મંત્રરૂપશસ્ત્ર, ઇન્દ્ર અમારા પુત્રોમાં તથા મિત્રોમાં જેપ્રકારે અત્યન્ત શબ્દ કરે તે પ્રકારે પ્રશંસાકરવાયોગ્ય છે. ૪

३ १ २ ३ २ ३ १ २ ३ १ २

विश्वानरस्य शवस्पतिमनानतस्य शवसः ।

१ २ ३ २ ३ १ २ ३ १ २

एवैश्च चर्षणीनामूती हुवे रथानाम् ॥५॥

अन्व० विश्वानरस्य अनानतस्य शवसः पतिम् वः चर्षणीनाम् एवैः रथानाम् ऊती हुवे ॥

અ૦ શત્રુઓના-ઉપર-ચઢાઇ-કરવાવાળા, શત્રુઓને-ન-નમનાર તથા બલના-સ્વામી-ઇન્દ્રને, હે **મરૂતો** ! તમારા સૈનિકોના ગમનોસહિત રથોની રક્ષાનિમિત્ત હું આહ્વાન કરૂં છું. ૫

२ ३ १ २ ३ १ २र ३ १ २र ३ १ २

स घा यस्ते दिवो नरो धिया मर्त्तस्य शमतः ।

३ १ २र ३ २ ३ २ ३ २उ ३ १ २

ऊती स बृहतो दिवो द्विषो अꣳहो न तरति ॥६॥

अन्व० शमतः मर्त्तस्य दिवः ते धिया नरः सखा सः यः बृहतः दिवः ऊती द्विषः अंहो न तरति ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ કર્માનુષ્ઠાનવડેશાંત, પોતાને-માર્ગે-ચાલનાર-મનુષ્યોમાં દ્યોતન-આદિ-ગુણયુકત-તમે-તેની સ્તુતિકરવા વડે મનુષ્ય સ્તોતારૂપ થાય છે. તે મનુષ્ય, જે-મહાન્-પ્રકાશવાન્-તમે-તેની રક્ષાવડે શત્રુઓનું, પાપનીસમાન ઉલ્લંઘન કરે છે. ૬

३ १ २ ३ १२ ३ २ ३ १ २
विभोष्ट इन्द्र राधसो विभ्वी रातिः शतक्रतो ।
१ २ ३ १ २
अथा नो विश्वचर्षणे द्युम्नꣳ सुदत्र मꣳहय ॥७॥

अन्व० शतक्रतो इन्द्र विभोः राधसः ते रातिः विभ्वा अथ विश्वचर्षणे सुदत्र नः द्युम्नम् मंहय ॥

અ૦ હે-વિચિત્ર-પરાક્રમી-ઇન્દ્ર ! બહુધનનું તમારૂં દાન બહુ ભારે હોય છે તેકારણ સર્વનાદ્રષ્ટા, મંગલમય-દાન-કરવાવાળા-હે-ઇન્દ્ર ! તમે અમને ધન દ્યો. ૭

१२ ३ १ २ ३ १ २र
वयश्चित्ते पतत्रिणो द्विपाच्चतुष्पादर्जुनि ।
२ ३ १ ३ ३ १ २र ३ १ २र ३ १ २
उषः प्रारन्नृतूꣳरनु दिवो अन्तेभ्यस्परि ॥८॥

अन्व० अर्जुनि उषः ते ऋतून् अनु द्विपात् चतुष्पाद् पतत्रिणः वयश्चित् दिवः अन्तेभ्यः परि प्रारन् ॥

અ૦ હે-શુભ્રવર્ણ-ઉષાદેવતે ! તારા સર્વત્રપ્રકાશરૂપગમનની અનન્તર મનુષ્ય-આદિ, ગૌ-આદિ તથા પાંખોવાળાંપક્ષીઓ પણ આકાશના પ્રાંતભાગની ઉપર યથેચ્છ વિચરે છે. ૮

३ १ २र३ २ ३ २ ३ १ २ २ २ ३ २
अमी ये देवा स्थन मध्य आ रोचने दिवः ।
१ २ ३ २उ ३ २ ३ २ ३ २ ३ १ २
कद्व ऋतं कदमृतं का प्रत्ना व आहुतिः ॥९॥

अन्व० देवाः ये अमी दिवः आरोचने मध्ये स्थन वः ऋतम् कत् अमृतम कत् वः प्रत्ना आहुतिः का ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ० હે ઇન્દ્રાદિ-દેવતાઓ ! જે-આ-તમે દીપ્તસૂર્યના પ્રકાશિત હોવા પર અન્તરિક્ષલોકમાં હો છો તે તમારા સ્તોત્રસંબંધી સત્ય કયાં છે ? અનૃત કયાં છે ? તમારી પુરાતની આહુતી કેવી હોય છે ? અર્થાત્ તમારું દાન કયું થયું ? એવા દુઃખના અનુભવવડે મને અનુમાન થાય છે કે મેં કરેલ યજ્ઞ, તમને પ્રાપ્ત થયો નથી. ૯

२ ३ १ २ ३ २ २ १ २ ३ १ २
ऋचथं साम यजामहे याभ्यां कर्माणि कृण्वते ।
१ २र ३ २ ३१२
वि ते सदसि राजतो यज्ञं देवेषु वक्षतः ॥१०॥

अन्व० याभ्याम् कर्माणि कृण्वते ऋचं साम यजामहे ते सदसि विराजतः देवेषु यज्ञम् वक्षतः ॥

અ० હોતા અને ઉદ્દ્ગાતા જે ઋક્ તથા સામવડે સ્તોત્ર-આદિ-કર્માનુષ્ઠાન કરે છે તે ઋક્સામ, ઋત્વિક્સભામાં સ્તોત્રાદિરૂપે પ્રકાશિત થાય છે અને તે ઋક્સામ, ઇન્દ્રાદિદેવતાઓમાં યજ્ઞીયભાગને પહોંચાડે છે. ૧૦

इति द्वितीयः खण्डः समाप्तः ॥२॥

खण्ड २

१ त्रिष्टुभम्-ત્રણસ્તોભવડે યુક્ત.
२ इंदवे-इन्द्राय-ઈન્દ્રાર્થે.
३ पुरन्ध्या-बहुप्रज्ञया-પરમપ્રજ્ઞાયુક્ત.
४ वन्दद्वीराय-વીરોની પ્રશંસા કરનાર.
५ मेधसातये-यज्ञसम्भजनाय-યજ્ઞાનુષ્ઠાનનિમિત્ત.
६ आविवासति-પરિચર્યા કરે છે.
७ कश्यप-સર્વજ્ઞ ઈન્દ્ર.
८ स्वर्विदः-સ્વર્ગને પામનાર.
९ निचाय्य-નિશ્ચય કરીને.
१० प्रियमेधासः-યજ્ઞનાપ્રેમીઓ.
११ पुरम्-ભક્તોના મનોરથના પૂરક.
१२ पुरुनिःषिध्वे-અનેક શત્રુનો નાશકરનાર.
१३ विश्वानर-શત્રુઓ ઉપર ચઢાઈ કરનાર. (शत्रून् प्रत्यृतस्य) ।
१४ एवैः-ગમનવડે.

૧૦. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१५ ऊती–ऊतिभिः–रक्षानिमित्त.
१६ न–इव ।
१७ विभोः–प्रभूतस्य–પુષ્કળ; બહુ.
१८ सुदत्र–कल्याणदानेन्द्र–મંગલમય દાનકરનાર ઇન્દ્ર.
१९ मंहय–प्रयच्छ–દો.
२० अर्जुनि–શુભ્રવર્ણની.
२१ ऋतून्–गमनानि–સર્વત્ર પ્રકાશરૂપ ગમન.
२२ वयः–પક્ષી.
२३ स्थन–भवथ–હોય છે.
२४ प्रत्ना–પુરાણી.
२५ अमृतं–अमृतम् ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ३

२ ३ १२ ३१२३ १२ ३१२ ३११ ३१२
विश्वाः पृतना अभिभूतरं नरः सजूस्ततक्षुरिंद्रं जजनुश्च
३१२ २३ १२ ३२३१२३१ २र ३१२
राजसे । क्रत्वे वरे स्थेमन्यामुरीमुतोग्रमोजिष्ठं तरसं
३ १२
तरस्विनम् ॥१॥

अन्व० विश्वा नरः पृतनाः सजूः अभिभूतरम् इन्द्रम् ततक्षुः च राजसे जजनुः उत क्रत्वे वरे स्थेमनि आमुरीम् उग्रम् ओजिष्ठम् तरसम् तरस्विनम् ॥

અ० બહુવ્યાપ્ત :ચઢાઈકરવાવાળી સેનાઓએ પરસ્પર એકઠી થઈ, શત્રુઓના–અત્યન્ત–તિરસ્કાર–કરનાર–ઇન્દ્રને આયુધસંપન્ન કર્યા, અને સ્તોતા. પોતાના પ્રકાશના અર્થે સૂર્યાત્મા–ઇન્દ્રને સ્તોત્ર–આદિ–દ્વારા પોતાના યજ્ઞમાં પ્રગટ કરે છે અને પોતાના વૃત્રવધ–આદિ–કર્મ :અર્થે શ્રેષ્ઠ–સ્થિરસ્થાનપર–સ્થિત, શત્રુઓનેમારનાર, તીવ્રસ્વભાવ, પરમતેજસ્વી, બલી તથા વેગવાન્–ઇન્દ્રની ધનપ્રાપ્તિ અર્થે સ્તુતિ કરે છે. ૧

१२ ३१२ ३२उ ३२उ ३ १२ ३२३२
श्रत्ते दधामि प्रथमाय मन्यवेऽहन्यद्दस्युं नर्यं विवेरपः ।
३२उ ३ १२३ १२३२३ १२३ १२ ३१
उभे यत्वा रोदसी धावतामनु भ्यसाते शुष्मात् पृथिवी
२
चिदद्रिवः ॥२॥

अन्व० अद्रिवः ते प्रथमाय मन्यवे श्रद्दधामि यत् दस्युम् अहन् निर्य्यम् अपः ववेः यत् उभे रोदसी त्वां अनुधावताम् पृथिवीचित् ते शुष्मात् भ्यसाते ॥

અ० હે–વજ્રધારિન્–ઇન્દ્ર! તમારા મુખ્યક્રોધની શ્રદ્ધા કરૂં છું. જે કોપ વડે કર્મના વિઘ્નકર્તા અસુરને માર્યો. નિઃશેષભાવે તેનો વધ કરી તમે મેઘોવડે ઢંકાયલ જલોને આ લોકમાં પહોંચાડયાં. જ્યારે બન્નેદ્યાવાપૃથિવી તમને આધીન થાય છે તેસમય વિસ્તારવાળું અન્તરિક્ષ પણ તમારા બળથી ભયભીત થાય છે. ૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३२३ २ ३ १ २ ३ १ २ ३२उ ३ १ २र ३ १
समेत विश्वा ओजसा पतिं दिवो य एक इद्भूरतिथिर्ज-
२ २ ३ १ २र ३ १ २ ३ १ २ ३ १ २र ३
नानाम् । स पूर्व्यो नूतनमाजिगीषंतं वर्त्तनीरनु वावृत
२ ३ २
एक इत् ॥३॥

अन्व० विश्वाः दिवः ओजसा पतिम् समेत यः एक इत् जनानाम् अतिथिः पूर्व्यः सः आजिगीषन्तम् नूतनम् एक इत् वर्त्तनीः अनुवावृते ॥

અ० હે સકલપ્રજાઓ! તમે સ્વર્ગના બલવડે સ્વામીઇન્દ્રને સ્તોત્ર તથા હવિવડે ભલેપ્રકારે પ્રાપ્ત હો. જે ઇન્દ્ર એકલાજ યજમાનોના અતિથિ સમાન પ્રિય હોય છે. પુરાતન તે ઈન્દ્ર, પોતાના શત્રુઓને જીતવાની ઇચ્છા કરવાવાળા નૂતન-આ સમયના-સ્તોતાને એકજ, વિજયના માર્ગપર ચલાવે છે અર્થાત્ વિજય કરાવે છે. ૩

३ १ २ ३ २ ३ १ २ ३ ३ ३ २ ३ १ २
इमे ते इन्द्र ते वयं पुरुष्टुत ये त्वारभ्य चरामसि प्रभूवसो।
२उ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
न हि त्वदन्यो गिर्वणो गिरः सघत् क्षोणीरिव प्रति तद्धर्य्य
३ १ २
नो वचः ॥४॥

अन्व० प्रभूवसो पुरुष्टुत इन्द्र ये त्वा आरभ्य चरामसि ते इमे वयम ते गिर्वणः त्वदन्यः गिरः न हि सघत् तत् नः वचः क्षोणीरिव प्रतिहर्य ॥

અ० અધિકધનવાળા, અનેકયજમાનોવડે-સ્તુતિ-કરાયલ-હે-ઈન્દ્ર! જે અમે તમારા આશ્રયવડે આલમ્બન કરીને યજ્ઞમાં પ્રવૃત્ત થઇએ છઇએ તે અમે તમારા છઇએ. હે મંત્રોવડે-સ્તુતિ-કરવા-યોગ્ય-ઇન્દ્ર! તમારાથી અન્ય સ્તુતિયોને પ્રાપ્ત હોતા નથી એથી તમે અમારા સ્તોત્રને, જેમ પૃથિવી પોતાવિષે ઉત્પન્ન-પ્રાણિમાત્રનો સ્વીકાર કરે છે તેમ સ્વીકાર કરો. ૪

૩. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २ ३१ २ ३ २ २ ३ १ २ ३ २ ३क २र

चर्षणीधृतं मघवानमुक्थ्या३मिन्द्रं गिरो बृहतीरभ्यनूषत।

३ १ २ ३१ २ ३ २ ३ २ २ ३ १ २ ३ १ २

वावृधानं पुरुहूतꣳ सुवृक्तिभिरमर्त्यं जरमाणं दिवेदिवे॥५॥

अन्व० बृहतीः गिरः चर्षणीधृतम् मघवानम् उक्थ्यम् वावृधानम् पुरुहूतम् अमर्त्यम् सुवृक्तिभिः दिवे दिवे जरमाणम् इन्द्रम् अभ्यनूषत॥

અ૦ અમારી સ્તોત્રની અનેક વાણીયો, ઇચ્છિતફલ દઈ મનુષ્યોના પોષણ કરનાર, ધન વા યજ્ઞવાળા, પ્રશંસનીય, બલ-ધન-આદિ સંપત્તિવડે પ્રતિક્ષણ વધનાર, અનેકોવડે બોલાવાયલ, અમર, સુંદર સ્તુતિવાકયોવડે પ્રતિદિન-સ્તુતિ-કરાયલ-ઈન્દ્રની ચોમેર સ્તુતિ કરો. ૫

१ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ ३ १ २

अच्छा व इन्द्रं मतयः स्वर्युवः सध्रीचीर्विश्वा उशतीरनूषत।

१ २ ३ १ २ ३ २ ३ २ ३ २ ३ २ ३ २ ३ २ २ ३ १ २

परिष्वजन्त जनयो यथा पतिं मर्य्यं न शुन्ध्युं मघवानमूतये

अन्व० यथा जनयः मर्य्यं पतिम् न शुन्ध्युम् मघवानम् ऊतये परिष्वजन्त स्वर्युवः सध्रीचीः विश्वाः उशतीः मतयः इन्द्रम् अच्छानूषत॥

અ૦ જેમ સ્ત્રિઓ મનુષ્યપતિને અને શુદ્ધ-દોષરહિત-ધનવાન્‌ને રક્ષા-નિમિત્ત આલિંગન કરે છે તેમ જ સ્વર્ગસાથ મળવાવાળી એકઠીથએલ વ્યાપ્ત તથા કામનાકરતી સ્તુતિયો, ઇશ્વરની ચોમેર સ્તુતિ કરે છે. ६

३ २उ ३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ २

अभि त्यं मेषं पुरुहूतमृग्मियमिन्द्रं गीर्भिर्मदता वस्वो अर्ण-

२ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १

वम्। यस्य द्यावो न विचरन्ति मानुषं भुजे मꣳहिष्ठमभि

२र

विप्रमर्चत ॥७॥

अन्व० त्यम् मेषम् पुरुहूतम् ऋग्मियम् वस्वो अर्णवम् गीर्भिः अभिमदत यस्य मानुषम् द्यावः न विचरन्ति भुजे मंहिष्ठम् विप्रम् अभ्यर्चत॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ તે પ્રસિદ્ધ, શત્રુઓસાથ સ્પર્ધાકરવાવાળા, અનેક-યજમાનોએ-બોલાવેલ, વેદમંત્રોવડે-સ્તુતિ-કરાયલ, ધનોના-નિવાસસ્થાન-ઇન્દ્રને હે સ્તોતાઓ! સ્તુતિયોવડે અભિમુખ હોઇ પ્રસન્ન કરો. જે ઇન્દ્રનાં મનુષ્યોને-હિતકારી-કર્મ, સર્વને હિતકારી સૂર્યનાં કિરણોની સમાન વિશેષરૂપે વર્ત્તમાન હોય છે. ભોગને નિમિત્ત અત્યન્ત વૃદ્ધિપામેલ ઇન્દ્રને પૂજો. ૭

२उ ३ १ २ ३ १२ ३ १ २र ३ १ २ ३ १ २र

त्यꣳ सुमेषं महया स्वर्विदꣳ शतं यस्य सुभुवः साकमीरते।

२ ३ ६ २र ३ २ ३ २३ १ २ ३ १ २ ३ १ २

अत्यं न वाजꣳ हवनस्यदꣳ रथमिन्द्रं ववृत्यामवसे सुवृक्तिभिः॥

अन्व० यस्य सुभुवः साकम ईरते त्यम् मेषम् स्वर्विदम् रथम् अत्यं वाजं न हवनस्यदम् इन्द्रम् अवसे सुवृक्तिभिः मह्य शतम् आववृत्याम् ॥

અ૦ જેની શ્રેષ્ઠભૂમિયો સાથે પ્રાપ્ત થાય છે તે શત્રુઓસાથ સ્પર્ધાકરવાવાળા, ધનના દાતા, રથસમાન-અભીષ્ટ-સ્થાનપર-પહોંચાડવાવાળા, ગમનના સાધનરૂપ ઘોડાની સમાન યાગસ્થાનમાં શીઘ્ર પહોંચાડવાવાળા ઇન્દ્રને રક્ષા અર્થ શ્રેષ્ઠસ્તુતિયોવડે પૂજો. જેની હું સેવાર પ્રદક્ષિણા કરૂં છું. ૮

३ १ २ ३ १ २ ३ २ ३ २ ३ १ १ ३ १ २ ३ १ २

घृतवती भुवनानामभिश्रियोर्वी पृथ्वी मधुदुघे सुपेशसा।

१ २ ३ १ २र ३ १२३ २ ३ २ ३ १ २

द्यावापृथिवी वरुणस्य धर्मणा विष्कभिते अजरे भूरिरेतसा॥९॥

अन्व० द्यावापृथिवी घृतवती भुवनानाम् अभिश्रिया उर्वी पृथ्वी मधुदुघे सुपेशसा वरुणस्य धर्मणा विष्कभिते अजरे भूरिरेतसा ॥

અ૦ દ્યુલોક અને પૃથિવીલોક જલવાળાં, ભૂતોને—આશ્રય—કરવાયોગ્ય, વિસ્તીર્ણ, બહુકાર્યરૂપે પ્રસિદ્ધ, જલને-પૂરિત-કરવાવાળાં, સુંદરરૂપવાળાં, તથા ઇશ્વરની સર્વનિયામક શકિતને ધારણ કરવાથી પૃથક્-ધારિત, નિત્ય તથા બહુ બીજવાળાં છે. ૯

३ १ २र ३ १ २ ३ २ ३ १ २

उभे यदिन्द्र रोदसी आपप्राथोषा इव।

३ १ २ ३ १ २ ३ १ २ ३ २

महान्तं त्वा महीनाꣳ सम्राजं चर्षणीनाम्।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २र ३ १ २र

देवी जनित्र्यजीजनद्भद्रा जनित्र्यजीजनत् ॥१०॥

अन्व० इन्द्र उभे रोदसी यत् उषा इव आपप्राथ महताम् महान्तम् चर्षणीनाम् सम्राजम् इन्द्रम् त्वा देवी जनित्री अजीजनत् अजीजनत् भद्रा जनित्री ॥

અ૦ હે ઇન્દ્ર! દ્યાવાપૃથિવી બન્નેને જે તમે, જેમ ઉષા પોતાના પ્રકાશવડે સર્વજગત્‌ને પૂર્ણ કરી દે છે તેમ પોતાના તેજવડે પૂર્ણ કરો છો એવા દેવતાઓના નાયક, મનુષ્યોના–ઇશ્વરરૂપ–તમે–ઇન્દ્રને દેવમાતા અદિતિદેવીએ ઉત્પન્ન કર્યા. એવા પુત્રને ઉત્પન્ન કર્યા તે કારણ તે શ્રેષ્ઠજનની છે. ૧૦

२ ३ १ २ ३ १ २ ३ ३ ३ २ ३ १ २ ३ १ २ ३

प्र मन्दिने पितुमदर्चता वचो यः कृष्णगर्भा निरहन्नृ-

१ २ ३ २ ३ १२३ १ २ ३ १ २ ३ १ २

जिश्वना। अवस्यवो वृषणं वज्रदक्षिणं मरुत्वन्तꣳ सख्याय

हुवेमहि ॥११॥

अन्व० मन्दिने पितुमत् वचः प्रार्चत यः ऋजिश्वना कृष्णगर्भाः निरहन् अवस्यवः वृषणम् वज्रदक्षिणम् मरुत्वन्तम् सख्याय हुवेमहि ॥

અ૦ હે ઋત્વિજો! સ્તુતિયોગ્ય ઇન્દ્રના અર્થે હવિરૂપ અન્નવડેયુક્ત સ્તુતિનું અધિક ઉચ્ચારણ કરો. જે ઇન્દ્રે ઋજિશ્વાને સાથે લઇ કૃષ્ણ નામના અસુરની ગર્ભવતી સ્ત્રિયોનો કૃષ્ણાસુરસહિત નિઃશેષ વધ કર્યો. રક્ષાની–ઇચ્છાવાળા–અમે, મનોરથોની–વર્ષા–કરવાવાળા, દક્ષિણહાથમાં–વજ્રધારણકરનાર–ઇન્દ્રને મિત્રની સમાન અનુકૂલતા કરવા બોલાવીએ છીએ. ૧૧

इति तृतीयः खण्डः समाप्तः ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ३

१ अभिभूतरं–શત્રુનો અત્યન્ત અભિભવ–તિરસ્કાર–કરનાર.
२ नरः–नेत्र्यः–ચઢાઇ કરવાવાળી.
३ सजूः–परस्परं संगताः–પરસ્પર એકઠી થઇ.
४ जजनुः–जनयामासुः–પ્રગટ કર્યા.
५ राजसे–विराजनार्थे–પ્રકાશનના અર્થે.
६ क्रत्वे–વૃત્રવધ આદિ કર્મના અર્થે. (कर्मणे)।
७ स्थेमनि–स्थैर्य्ययुक्ते स्थाने स्थितम्–સ્થિર સ્થાનપર સ્થિત.
८ आमुरीम्–શત્રુનામારનાર.
९ नर्य्यम्–નિઃશેષભાવે.
१० विवेः–इमं लोकं प्रायागमयः–આ લોકમાં પહોંચાડયો.
११ भ्यसाते–बिभेति–ભયભીત થાય છે.
१२ अनुवावृते–અનુવર્ત્તાવે છે.
१३ वर्त्तनीः–વિજયનો માર્ગ.
१४ सघत्–प्राप्नोति–પ્રાપ્ત કરે છે.
१५ क्षोणी–પૃથિવી.
१६ प्रतिहर्य्य–कामयस्व–સ્વીકાર કરો.
१७ जरमाणं–स्तूयमानं–સ્તુતિકરાતા.
१८ सुवृक्तिभिः–સુન્દર સ્તુતિવાકયો વડે.
१९ स्वर्युवः–स्वर्गेण मिश्रयित्र्यः–સ્વર્ગસાથ મળનારી.
२० सध्रीचीः–संगताः–એકઠી થયલ.
२१ जनयः–સ્ત્રીઓ.
२२ शुन्ध्युं–શુદ્ધ.
२३ अच्छा–अभि।
२४ मेषं–શત્રુઓસાથ સ્પર્ધાકરનાર
२५ ऋग्मियम्–ऋग्भिर्विक्रीयमाणम्–વેદમંત્રોવડે સ્તુતિ કરાતા.
२६ वस्वः–ધનોના.
२७ अर्णवम्–આવાસભૂમિ; નિવાસસ્થાન.
२८ भुजे–ભોગાર્થે.
२९ स्वर्विदम्–ધનનાદાતા.
३० अत्यं–ગમન સાધનરૂપ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३१ ह्वनस्यदम्–ह्वनमाह्वानं यागं वा प्रति वेगेन गच्छन्तम्–
યાગસ્થાન પ્રત્યે શીઘ્રતાયે પહોંચાડનાર.

३२ महय–पूजय–પૂજો.

३३ घृतवती–ઉદકયુકત.

३४ अभिश्रिये–આશ્રય કરવાયોગ્ય.

३५ विष्कभिते–पृथक धारिते–પૃથક્ ધારણકરેલ.

३६ भूरिरेतसः–बहुरेतस्के बहुकार्य्ये वा–બહુ બીજવાળાં.

३७ महीनाम्–મહાન્ દેવતાઓના.

३८ पितुमत्–હવિરૂપ અન્નવડે યુકત.

३९ अवस्यवः–રક્ષાની ઇચ્છાવાળા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ४

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ उ २ क
इन्द्र सुतेषु सोमेषु क्रतुं पुनीष उक्थ्यम् ।
३ २ ३ २ ३ १ २ ३ २
विदे वृधस्य दक्षस्य महाꣳ हि षः ॥१॥

अन्व० इन्द्र सोमेषु सुतेषु वृधस्य दक्षस्य विदे क्रतुम् उक्थ्यम् पुनीषे सः महान् हि ॥

અ० ઇન્દ્ર! સોમો નિષ્પન્નહોવાપર તેને પીને તમે વર્ધક બલના લાભાર્થ કર્મકર્ત્તા તથા સ્તોતાને પણ પવિત્ર કરો છો. તે ઇન્દ્ર નિશ્ચે મહાન્ હો. ૧

१ २ ३ १ २र ३ १ २ ३ २
तमु अभि प्र गायत पुरुहूतं पुरुष्टुतम् ।
१ २ ३ १ २ ३१ २र
इन्द्रं गीर्भिस्तविषमा विवासत ॥२॥

अन्व० पुरुहूतम् पुरुष्टुतम् तमु प्रगायत तविषम् गीर्भिः आविवासत ॥

અ० હે સ્તોતાઓ! તમે, અનેકોએ બોલાવેલ અનેકોવડે સ્તુતિકરાયલ તે ઇન્દ્રનીજ અભિમુખ હોઇ વારંવાર સ્તુતિ કરો. મહાન્ ઇન્દ્રની મંત્રોવડે આરાધના કરો. ૨

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २
तं ते मदं गृणीमसि वृषणं पृक्षु सासहिम् ।
३ १ २ ३ १ २
उ लोककृत्नुमद्रिवो हरिश्रियम् ॥३॥

अन्व० अद्रिवः ते तम् वृषणम् पृक्षु सासहिम् लोककृत्नुम् उ हरिश्रियम् मदम् गृणीमसि ॥

શ० હે વજ્રધારી ઇન્દ્ર! તમારા તે મનોરથોની વર્ષાકરવાવાળા, વૈરિસંબંધી સંગ્રામોમાં શત્રુઓનો–તિરસ્કાર–કરવાવાળા, લોકોના કર્ત્તા અને હરિ નામક અશ્વોવડે–સેવનીય–સોમપાનજનિત–હર્ષની અમે પ્રશંસા કરીએ છીએ. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २र ३ १ २ ३ १ २ ३ २ ३ २
यत्सोममिन्द्र विष्णवि यद्वा घ त्रित आप्त्ये ।
१ २ ३ २ ३ १ २ ३ १ २र
यद्वा मरुत्सु मन्दसे समिन्दुभिः ॥४॥

अन्व० इन्द्र विष्णवि यत् सोमम् यद्वा आप्त्ये त्रिते यद्वा मरुत्सु मन्दसे समिन्दुभिः ॥

અ૦ હે ઇન્દ્ર! શ્રીવિષ્ણુના સોમપાનનિમિત્ત આવવાપર બીજાયાગમાં જો કે તમે સોમનું પાન કરો છો અને જો કે આપ્તનાપુત્ર ત્રિતના યજ્ઞમાં સોમનું પાન કરો છો અને જોકે મરૂતોના સોમપાનનિમિત્ત આવવાપર અન્યના યજ્ઞમાં સોમ પીને પ્રસન્ન થાઓ છો તથાપિ તમે અમારા શ્રેષ્ઠ સોમો વડે પ્રસન્ન થાઓ. ૪

२ ३ १ १ ३ १ २ ३ १ २ ३ १ २
एदु मधोर्मदिन्तरꣳ सिञ्चाध्वर्यो अन्धसः ।
३ २उ ३ १ २र ३ १ २
एवा हि वीर स्तवते सदावृधः ॥५॥

अन्व० अध्वर्यो मधोः अंधसः मदिन्तरम् इत् आसिञ्च वीरः सदावृधः एव स्तवते हि ॥

અ૦ હે યજ્ઞનેતા ઋત્વિક્! મદકારી સોમના અત્યન્ત આનન્દ દેવાવાળા સોમરસને જ ઇન્દ્રનિમિત્ત ટપકાઓ. સમર્થ તથા સર્વદા હવિયોવડે વધારવા યોગ્ય ઇંદ્રિનીજ સ્તોત્રાદિવડે સ્તુતિ કરાય છે. ૫

२ ३ १ २ ३ १२ ३ १ २र
एन्दुमिन्द्राय सिञ्चत पिबाति सोम्यं मधु ।
१ २र ३ २
प्र राधाꣳसि चोदयते महित्वना ॥६॥

अन्व० इन्दु इन्द्राय आसिञ्चत सोम्यम् मधु पिबाति महित्वना राधांसि प्रचोदयते ॥

અ૦ હે ઋત્વિજો! ટપકવાવાળા સોમને ઇન્દ્રને અર્થે અભિમુખ હોઇ સિંચો. તદનન્તર, સોમમય મદકારી રસને ઇન્દ્ર પીએ અને પીને તે ઇન્દ્ર પોતાના મહિમાવડે સ્તુતિ કરવાવાળાને અધિકતાયે અન્ન દે. ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
एतो न्विन्द्रꣳ स्तवाम सखायः स्तोम्यं नरम् ।
३ १ २र ३ २उ ३ २
कृष्टीर्यो विश्वा अभ्यस्त्येक इत् ॥७॥

अन्व० सखायः नु एतः स्तोम्यम् नरम् तम् स्तवाम् यः एक एव विश्वाः कृष्टीः अभ्यस्ति ॥

અ० હે મિત્રસમાન ઋત્વિજો ! તમે શીઘ્ર જ આવો. સ્તોત્રયોગ્ય સર્વ-નેતા એવા આ ઈન્દ્રની આપણે સ્તુતિ કરીએ. જે ઈન્દ્ર એકલો જ સકલશત્રુઓની સેનાનો તિરસ્કાર કરે છે. ૭

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २
इन्द्राय साम गायत विप्राय बृहते बृहत् ।
३ १ २ ३ १ २ ३ १ २
ब्रह्मकृते विपश्चिते पनस्यवे ॥८॥

अन्व० विप्राय बृहते ब्रह्मकृते विपश्चिते पनस्यवे इन्द्राय बृहत् गायत ॥

અ० હે ઉદ્‌ગાતાઓ ! મેધાવી, મહાન્, અન્નકર્ત્તા, વિદ્વાન્ તથા સ્તુતિ-ચાહવાવાળા-ઈન્દ્ર-અર્થ તમે બૃહત્સામ ગાઓ. ૮

२उ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
य एक इद्विदयते वसु मर्त्ताय दाशुषे ।
१ २ ३ १ २ ३ १ २ ३ २
ईशानो अप्रतिष्कुत इन्द्रो अङ्ग ॥९॥

अन्व० यः एक इत् दाशुषे मर्त्ताय वसु विदयते अप्रतिष्कुतः इन्द्रः अङ्ग ईशानः ॥

અ० જે ઈન્દ્ર એકલાજ હવિ-સમર્પણ-કરવાવાળા-મનુષ્યના-અર્થ ધન વિશેષરૂપે દે છે. પ્રતિકૂલશબ્દરહિત તે ઈન્દ્ર, શીઘ્ર સર્વજગતના સ્વામી થાય છે. ૯

१ २ ३ १ २ ३ १ २र ३ १ २
सखाय आ शिषामहे ब्रह्मेन्द्राय वज्रिणे ।
३ २ ३ २ ३ १ २ ३ १ २
स्तुष ऊ षु वो नृतमाय धृष्णवे ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० सखायः वज्रिणे ब्रह्म आशिषामहे वः नृतमाय धृष्णवे सुस्तुषे ॥

અ० હે મિત્રરૂપ ઋત્વિજો ! અમે વજ્રધારી ઇન્દ્રના અર્થ સ્તોત્રની પ્રાર્થના કરીએ છઇએ. તમે-સર્વેય-નિમિત્ત હું સર્વોપરિનેતા, શત્રુઓને-ભય-દેવાવાળા-ઇન્દ્રના અર્થ સ્તુતિ કરૂં છું. ૧૦

इति चतुर्थः खण्डः समाप्तः ॥४॥

खण्ड ४

१ क्रतुम्-કર્મકર્તાને.

२ वृधस्य-वर्धकस्य-વર્ધક.

३ तविषम्-महान्तम्-મહાન.

४ पृक्षु-वैरिसम्पर्कजनितेषु संग्रामेषु-વૈરિસમ્બન્ધિ સંગ્રામોમાં.

५ लोककृत्नुम्-લોક-સ્થાન-ના કર્તા.

६ सासहिम्-શત્રુનો તિરસ્કાર કરનાર.

७ हरिश्रियम्-હરિનામક અશ્વોવડે શ્રવણીય-સેવ્ય.

७ विष्णवि-विष्णौ सोमपानार्थमागते सति- શ્રીવિષ્ણુ સોમપાનનિમિત્ત આવતાં.

९ मदिन्तरम्-અત્યન્ત આનન્દ દેનાર.

१० सदावृधः-સર્વદા હવિયોવડે વધારવાયોગ્ય.

११ महित्वना-સ્વમહિત્વવડે.

१२ ऐतः-આવો.

१३ अभ्यसति-તિરસ્કાર કરે છે. (अभिभवति)।

१४ पनस्यवे-સ્તુતિને ચાહનાર.

१५ अंग-શીઘ્ર.

१६ अप्रतिष्कुतः-परैरप्रतिशब्दितः-પ્રતિકૂલ શબ્દરહિત.

१७ नृतम-સર્વોપરિનેતા.

१८ आशिषामहे-પ્રાર્થના કરીએ છઇએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ५

३ १ २र ३ १ २ ३ २ ३ १ २
गृणे तदिन्द्र ते शव उपमां देवतातये ।
१ २र ३ १ २र
यद्धꣳसि वृत्रमोजसा शचीपते ॥१॥

अन्व० इन्द्र ते तत् शवः उपमाम् देवतातये गृणे यत् शचीपते ओजसा वृत्रम् हंसि ॥

અ० હે ઇન્દ્ર! તમારા પ્રસિદ્ધ બલની સમીપ યજમાન વા યજ્ઞનિમિત્ત હું સ્તુતિ કરૂં છું. કેમકે, હે ઇન્દ્ર! બલવડે તમે વૃત્રને નષ્ટ કરો છો. ૧

२ ३ १ २र३ २ ३ १ २ ३ १ २
यस्य त्यच्छम्बरं मदे दिवोदासाय रन्धयन् ।
३ १ २र ३ १ २र
अयꣳ स सोम इन्द्र ते सुतः पिब ॥२॥

अन्व० इन्द्र यस्य मदे त्यत् शम्बरम् दिवोदासाय रन्धयन् सः अयम् सोमः ते सुतः पिब ॥

અ० હે ઇન્દ્ર! તમે જે સોમને પીવાથી હર્ષ ઉત્પન્ન થવાપર તે શમ્બરાસુરને દિવોદાસના અર્થ મારો છો તે આ સોમ, તમારેનિમિત્ત સમ્પાદન કરેલો છે તેકારણ તમે તે પિઓ. ૨

१ २ ३ १ २
एन्द्र नो गधि प्रिय सत्राजितगोह्य ।
३ २उ ३ १ २ ३ १ २र ३ २
गिरिर्न विश्वतः पृथुः पतिर्दिवः ॥३॥

अन्व० प्रिय सत्राजित् अगोह्य इन्द्र गिरिः न विश्वतः पृथुः दिवः पतिः नः आगहि ॥

અ० સર્વને પ્રિય, શત્રુઓના જીતવાવાળા તથા જેનો કોઇપણ તિરસ્કાર ન કરી શકે એવા-હે ઇન્દ્ર! પર્વતની સમાન ચોમેર મહાન્, સ્વર્ગનાપતિ તથા ઇશ્વરરૂપ તમે અમારી સમીપ આવો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३१२३ ३२ ३ १२
य इन्द्र सोमपातमो मदः शविष्ठ चेतति ।
२३ २ ३ २ २३ १२
येना हꣳसि न्या३त्रिणं तमीमहे ॥४॥

अन्व० इन्द्र यः सोमपातमः शविष्ठ मदः चेतति येन अत्रिणम् निहन्सि तम् ईमहे ॥

अ० હે ઇન્દ્ર ! જે તમે અધિક સોમપીનાર છો હે પરમબલી ! તે સોમપીનાર તમે તેનો જે મદ વૃત્રવધ આદિ કાર્યો કરવાનું જાણે છે તથા જે સોમપાનના મદવડે તમે રાક્ષસાદિને દુર્ગતિપૂર્વક મારો છો તમારા-તે-મદની અમે પ્રાર્થના કરીએ છઇએ. ૪

३१ २र३ २उ १२३ १२३१२
तुचे तुनाय नो तत्सु द्राघीय आयुर्जीवसे ।
१ २ ३१२
आदित्यासः सुमहसः कृणोतन ॥५॥

अन्व० सुमहसः आदित्यासः नः तुचे तुनाय जीवसे द्राघीयः तत् आयुः सुकृणोतन ॥

अ० હે-શ્રેષ્ઠતેજવાળા-અદિતિનાપુત્ર-દેવતાઓ ! અમારા પુત્રને અર્થે તથા જીવનને અર્થ તે લાંબુ આયુષ્ય શોભનપ્રકારે દ્યો. ૫

२३ १ २र ३१२ ३१२
वेत्था हि निर्ऋतीनां वज्रहस्त परिवृजम् ।
१२ ३ १ २३१२
अहरहः शुन्ध्युः परिपदामिव ॥६॥

अन्व० वज्रहस्त निर्ऋतीनाम् परिवृजम् वेत्था हि अहरहः शुन्ध्युः परिपदां इव॥

अ० હે વજ્રધારી ઇન્દ્ર ! વિઘ્નકર્ત્તા રાક્ષસોને દૂર કરવાનું તમેજ જાણો છો (તેમાં દૃષ્ટાંત કહે છે કે-) પ્રતિદિન સૂર્યોદય હોવાપર બ્રાહ્મણ પોતાનું કર્મ કરી શુદ્ધ થાય છે એવી શુદ્ધિના હેતુરૂપ આદિત્ય, ચોમેર-ઉડવાવાળા-પક્ષીઓના સ્વસ્થાનપરિત્યાગને પ્રતિદિન જાણે છે. અર્થાત્ જેમ પ્રતિદિન સૂર્યનો ઉદય હોવાપર પક્ષી પોતાના સ્થાનનો ત્યાગ કરી ચોમેર ચાલ્યાં જાય છે તેમ જ હે ઇન્દ્ર ! તમારા બલનો પ્રકાશ હોવાપર શત્રુ, પોતાના નગરોનો ત્યાગ કરી ભાગી જાય છે. ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २र३ २३ २ ३ १ २ ३ २

अपामीवामप स्त्रिधमप सेधत दुर्मतिम् ।

१ २ ३ १ २ ३ १ ३

आदित्यासो युयोतना नो अꣳहसः ॥७॥

अन्व० आदित्यासः अमीवाम् अपसेधत स्त्रिधम् अप दुर्मतिम् अप नः अंहसः युयोतन ॥

અ૦ હે **આદિત્યો !** રોગને અમારી સમીપમાંથી હટાડો. બાધા–ઉપદ્રવ–દેનાર–શત્રુને અમારાથી દૂર કરો. અમને–દુઃખદેવા–વિચારકરનારાને અમારાથી દૂર કરો. અમને પાપથી અલગ કરો. ૭

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २

पिबा सोममिन्द्र मन्दतु त्वा यं ते सुषाव हर्यश्वाद्रिः ।

३ २ ३ १ ३ १ २ ३ १ २

सोतुर्बाहुभ्याꣳ सुयतो नार्वा ॥८॥

अन्व० इन्द्र सोमम् पिब त्वा मन्दन्तु हर्यश्व ते सोतुः बाहुभ्याम् अर्वा न सुयतः अयम् अद्रिः सुषाव ॥

અ૦ હે ઇન્દ્ર ! સોમને પિઓ. આ સોમ તમને આનન્દ દ્યો. હે ઇન્દ્ર ! તમારેનિમિત્ત સોમ–સમ્પાદન–કરવાવાળાના બાહુઓવડે રશ્મિઓ–લગામ–વડે ઘોડાનીપેરે સુન્દરતાની સાથ ગૃહણકરેલા આ પાષાણે સોમને સંપાદિત કર્યો છે. ૮

इति पञ्चमः खण्डः समाप्तः ॥८॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ५

૧ उपमास्-अन्तिकं-સમીપમાં.

૨ देवतातये-યજમાન વા યજ્ઞનાનિમિત્ત.

૩ रन्धयन-हन्ताभवसि-મારો છો.

૪ सत्राजित-महतां शत्रूणां जेतः-મહાન્ શત્રુને જીતનાર.

૫ अगोह्य-કોઇપણવડે તિરસ્કાર કરી શકાય નહિ તેવા.

૬ आगधि-आगच्छ-આવો.

૭ चेतति-સમ્યક્ રીતે જાણે છે.

૮ ईमहे-પ્રાર્થના કરીએ છઇએ.

૯ कृणोतन-कुरुत-ધી.

૧૦ तुचे-पुत्राय-પુત્રને અર્થે.

૧૧ तुनाय-પૌત્રાર્થે.

૧૨ सुमहसः-शोभनतेजस्काः-શ્રેષ્ઠ તેજવાળા.

૧૩ निर्ऋतीनाम्-વિઘ્નકર્ત્તા રાક્ષસોના.

૧૪ परिवृजम्-परिवर्जनं-દૂરકરવાપણું.

૧૫ शुन्ध्युः-આદિત્ય.

૧૬ परिपदाम्-पद्यमानानां यजमानानां यज्ञापरितःपततां पक्षिणाम्--
યજમાનોના વા ચોમેર ઉડતાં પક્ષીઓના.

૧૭ अमीवाम्-રોગને.

૧૮ स्रिधम्-બાધા કરનાર શત્રુને.

૧૯ युयोतन-पृथक्कुरुत-અલગ કરો.

૨૦ सोतुः-अभिषवकर्त्तुः-સોમ સમ્પાદન કરનારના.

૨૧ सुयतः-सुष्ठुपरिगृहीतः-સુન્દરતાની સાથ ગ્રહણ કરેલ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ६

३ २ ३ २ २र ३ १ २ ३ १ २
अभ्रातृव्यो अना त्वमनापिरिन्द्र जनुषा सनादसि ।
३ १ २ ३ १ २
युधे दापित्वमिच्छसे ॥१॥

अन्व० इन्द्र त्वम् जनुषा अभ्रातृव्यः अना सनात् अनापि आपित्वम् इच्छसे युधेत् ॥

अ० હે ઇન્દ્ર! તમે જન્મથીજ શત્રુરહિત, નિયન્તારહિત તથા સનાતનથી બન્ધુરહિત છો. અને જ્યારે તમે કોઇ બાન્ધવની ઇચ્છા કરો છો ત્યારે યુદ્ધ કરતાં તમે સ્તુતિકરનારના સખા થઇ જાઓ છો. ૧

१ २ ३ १ २ ३ १ २र ३ २ ३ १ २
यो न इदमिदं पुरा प्रवस्य आनिनाय तमु व स्तुषे ।
१ २ ३ १ १ ३ १ २
सखाय इन्द्रमूतये ॥२॥

अन्व० सखायः यः पुरा इदम् प्रवस्यः नः प्राणिनाय तमु इन्द्रम् वः ऊतये स्तुषे ॥

अ० હે મિત્રરૂપ ઋત્વિગ્યજમાનો! જે ઇન્દ્ર પહેલાં આ શ્રેષ્ઠધનને અમારે અર્થ અધિક દે છે તેજ ધનને–લાવવાવાળા–ઇન્દ્રને હું તમને ધનપ્રાપ્ત હોવા અર્થ તથા રક્ષાને અર્થ પણ સ્તુતિ કરૂં છું. ૨

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
आ गन्ता मा रिषण्यत प्रस्थावानो माप स्थात समन्यवः ।
३ १ २
दृढा चिद्यमयिष्णवः ॥३॥

अन्व० प्रस्थावानः आगन्त मा रिषण्यत समन्यवः दृढाचित् यमयिष्णवः मापस्थात ॥

અ૦ હે પ્રસ્થાન––કરવાવાળા–મરૂતો! તમે અમારી સમીપ આવો. ન આવવાવડે અમને હાનિ ન પહોંચાડો. સમાનતેજવાળા દૃઢપર્વતાદિકને પણ નિયમમાં–રાખવાવાળા–હે–મરૂતો! અમને ત્યાગ કરી તમે અન્યત્ર ન રહો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २३२उ ३ १ २ ३ १ २३ १
आ याह्ययमिन्द्‌वेऽश्वपते गोपत उर्वरापते ।
१ २
सोमꣳ सोमपते पिब ॥४॥

अन्व० अश्वपते गोपते उर्वरापते इंद्रवे अयम् आयाहि सोमपते सोमम् पिब ॥

અ૦ હે અશ્વોના સ્વામી! હે ગાયોનાસ્વામી! હે સકલ અન્નોવડે ભરીભૂમિના સ્વામી ઇન્દ્ર! પ્રકાશવાન્-આપને અર્થ આ સોમ સમ્પાદન કર્યો છે. આવો, હે સોમનાસ્વામી! તમે સોમને પિઓ. ૮

१ २ ३ २ ३ १ २र ३ १ २
त्वया ह स्विद्युजा वयं प्रति श्वसन्तं वृषभ ब्रुवीमहि ।
३ १ २र ३ १ २
सꣳस्थे जनस्य गोमतः ॥५॥

अन्व० वृषभ गोमतः जनस्य संस्थे श्वसंतम् युजा त्वया ह स्वित् प्रतिब्रुवीमहि ॥

અ૦ હે મનોરથ-પૂર્ણ-કરવાવાળા-ઇન્દ્ર! ગૌ-આદિ-પશુધનવાળા-ભક્તના સ્થાન વા યુદ્ધમાં અમારા ઉપર વધુક્રોધહોવાકારણ શ્વાસ-લેતા-સતા-શત્રુને તમારી સંહાયતાવડે જ અમે ઉત્તર દઇ શકીએ અર્થાત્ શત્રુને હટાવી શકીએ છીએ. ૫

१ २ ३क २र ३ २ ३ १ २
गावश्चिद्घा समन्यवः सजात्येन मरुतः सबन्धवः ।
३ १ २ ३ १ २ ३ २
रिहते ककुभो मिथः ॥६॥

अन्व० समन्यवः गावश्च सजात्येन सबन्धवः ककुभः मिथः लिहते ॥

અ૦ હે-સમાન-તેજવાળા-મરૂતો! તમારી માતારૂપ ગાયો પણ સમાન જાતિની હોવાથી સમાનબાન્ધવવાળી થઇ પૂર્વાદિ દિશાઓને પ્રાપ્ત થઇ પરસ્પર ચાહે છે. ૬

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
त्वं न इन्द्रा भर ओजो नृम्णꣳ शतक्रतो विचर्षणे ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३१ २ ३१२
आ वीरं पृतनासहम् ॥७॥

अन्व० शतक्रतो विचर्षणे त्वम् नः ओजः नृम्णम् आभर वीरम् पृतनासहम् आ ॥

અ० વિવિધપરાક્રમી-હે-અનેક-દૃષ્ટિવાળા-ઈન્દ્ર! તમે અમને બલ તથા ધન દ્યો. વીરતાયુકતસેનાઓના તિરસ્કાર-કરવાવાળા-તમને અમે આહ્વાન કરીએ છઈએ. ૭

१ ३क २र ३ १२ ३ १२ ३१२ ३ १
अधा हीन्द्र गीर्वण उप त्वा काम ईमहे ससृग्महे ।
३२३ १ २ ३१२
उदेव ग्मन्त उदभिः ॥८॥

अन्व० गीर्वणः अधा हि त्वा कामः ईमहे उपससृग्महे उदेव ग्मन्तः उदभिः॥

અ० હે ઈન્દ્ર! અમે આ સમય તમારી સમીપ ઈચ્છિત પદાર્થોની યાચના કરીએ છઈએ. આપને સ્તુતિયોવડે યુકત કરીએ છઈએ. [દૃષ્ટાંત કે-] જેમ જલસહિત-જાનાર-પુરૂષ, અંજલિવડે જલ ઉછાળી સમીપના પુરૂષોને ક્રીડામાં સંયુકત કરે છે તેમ. ૮

१ २ ३ २३ २३ १ २ ३ १२ ३ २ ३१२
सीदन्तस्ते वयो यथा गोश्रीते मधौ मदिरे विवक्षणे ।
३ १ २र
अभि त्वामिन्द्र नोनुमः ॥९॥

अन्व० इन्द्र गोश्रीते मदिरे विवक्षणे ते मधौ वयो यथा त्वा अभि नोनुमः॥

અ० હે ઈન્દ્ર! ગાયનાં-ઘી-દૂધથી-મિશ્રિત, હર્ષદાયક, સ્વર્ગમાં-પહોંચાડનાર-તમારા-સોમની સમીપ એકઠા થઇ બેઠેલાં પક્ષિયોની સમાન અમે, તમારી અભિમુખ હોઇ વારંવાર પ્રણામ કરીએ છઈએ. ૯

३२३ १ २ ३ २उ ३ १ २ ३ १ २
वयमु त्वामपूर्व्य स्थूरं न कच्चिद्भरन्तोऽवस्यवः ।
१ २ ३ १ २
वज्रिं चित्रᳲ हवामहे ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्च० वज्रिन् अपूर्व्य भरन्तः चित्रम् त्वामु अवस्यवः हव महे स्थूरं न कच्चित् ॥

અ० વજ્રધારી ત્રણે સવનમાં પ્રગટ હોવાથી હે નવીન ઇન્દ્ર ! સોમરૂપ અન્નવડે પોતાનું-પોષણ-કરનાર-અમે, વિવિધરૂપવાળા આપને જ આપની રક્ષા અર્થ ચાહતા સતા આહ્વાન કરીએ છઇએ. જેમકે અન્નઆદિવડે પોતાના ઘરને ભરવાવાળા અધિકગુણી કોઇ મનુષ્યને બોલાવે છે તેમ. ૧૦

इति षष्ठः खण्डः समाप्तः ॥६॥

खण्ड ६

१ जनुषा-જન્મવડે.
२ अभातृव्यः-શત્રુરહિત.
३ अना-अनेतृकः । अनियन्तृकः-નિયન્તાવડે રહિત.
४ अनापिः-બન્ધુવર્જિત.
५ सनात्-चिरात्-સનાતન કાળથી.
६ प्राणिनाय-પ્રકર્ણપણે આણ્યું.
७ वस्यः-वसीयः-પ્રશસ્ત ધન.
८ रिषण्यत-હાનિ-હિંસા ન પહોંચાડો.
९ प्रस्थावानः-प्रस्थातारः प्रगन्तारः-પ્રસ્થાન કરનાર.
१० यमयिष्णवः-નિયમમાં રાખવાવાળા.
११ उर्वरा-शस्याढ्याभूमिः-અન્નવડે ભરી ભૂમિ.
१२ संस्थ-સ્થાન.
१३ रिहते-लिहन्ति-ચાટે છે.
१४ ककुभः-દિશાઓ.
१५ विचर्षणे-વિવિધ દૃષ્ટિવાળા.
१६ अधा-સંપ્રતિ.
१७ उदेव-ઉદકવડે.
१८ ग्मन्तः-ગમન કરનાર પુરૂષો.
१९ स्थूरं-ગૃહ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ७

३ २ ३ १ २३२३ १ २ ३क २र
स्वादोरित्था विषूवतो मधोः पिबन्ति गौर्य्यः ।
१ २र ३ १ २३२ ३ १ २ ३ २ ३ २ ३ १२
या इन्द्रेण सयावरीर्वृष्णा मदन्ति शोभथा वस्वीरनु
१ १ २
स्वराज्यम् ॥१॥

अन्व० स्वादोः इत्था विषूवतः मधोः गौर्यः पिबन्ति याः वृष्णा सयावरीः मदंति शोभथाः व वीः स्वराज्यम् अनु ॥

અ० રસયુકત, આ પ્રકારે સર્વ–યજ્ઞોમાં–કામઆવનાર–મીઠાસોમને શ્વેત-વર્ણની ગાયો પિએ છે. જે ગાયો મનોરથોની વર્ષા–કરવાવાળા–ઇન્દ્રની સાથ ગમનકરતી સતી, પ્રસન્ન થાય છે તથા શોભાને પ્રાપ્ત થાય છે. દૂધદેતી સતી નિવાસ કરવાવાળી તે ગાયો, પોતાના સ્વામીના રાજ્યમાં સ્થિત રહે છે. ૧

३ २र ३ २उ ३ १ २ ३ २ ३ १ २
इत्था हि सोम इन्मदो ब्रह्म चकार वर्द्धनम् ।
१ २ ३ १ २ ३ १ २र ३ २ ३ २ ३ १ २
शविष्ठ वज्रिन्नोजसा पृथिव्या निःशशा अहिमर्चन्ननु
३ १ २
स्वराज्यम् ॥२॥

अन्व० शविष्ठ वज्रिन् इत्था हि सोमे मदः वर्द्धनम ब्रह्म चकार स्वराज्यम अनु अर्चन् ओजसा पृथिव्याः अहिम् निःशशाः ॥

અ० હે વજ્રધારી–બલવાન્–ઇન્દ્ર! આ પ્રકારે શાસ્ત્રોકતરીતિએ તમારા સોમને ગ્રહણ–કરી–લેવાપર સ્તુતિકરવાવાળાઓ તમારા વૃદ્ધિ–કરનાર–સ્તોત્રને સંપાદન કરે છે તે કારણ તમે, પોતાના રાજ્યમાં સ્વામિત્વ પ્રગટ કરતા સતા બલનીદ્વારા પૃથિવીમાંથી વૃત્રાસુરને પૂર્ણરૂપે શાસન કરો. અર્થાત્ તેનો વધ ન કરતાં તેને ભૂમિમણ્ડલમાંથી કાઢી મૂકો. ૨

२ ३ १ २ ३ १ २ ३ १ २र
इन्द्रो मदाय वावृधे शवसे वृत्रहा नृभिः ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२उ ३ २ ३ ३ ३ १ २र ३ २र ३ १ २
तमिन्महत्स्वाजिषूतिमर्भे हवामहे स वाजेषु प्र नोऽविषत् ॥३॥

अन्व० वृत्रहा इन्द्रः मदाय शवसे नृभिः वावृधे तमित् महत्सु आजिषु अर्भे ऊतीम् हवामहे सः वाजेषु नः प्राविषत् ॥

अ० વૃત્રાસુરના–નાશક–ઇન્દ્ર, હર્ષના અર્થ તથા બલના અર્થ યજ્ઞકર્ત્તા-ઓવડે વૃદ્ધિને પમાડાયા. કેમકે સ્તુતિકરવાવડે દેવતાઓમાં બલ આવે છે. મોટા મોટા સંગ્રામોમાં તથા નાના સંગ્રામોમાં રક્ષા કરનારા તેજ ઈન્દ્રને અમે આહ્વાન કરીએ છઇએ. અમોએ–આહ્વાન-કરેલ–તે–ઈન્દ્ર, સંગ્રામોમાં અમારી અધિક રક્ષા કરો. ૩

२ ३ २ ३ १ २ ३ १ २ ३क २र
इन्द्र तुभ्यमिदद्रिवोऽनुत्तं वज्रिन् वीर्य्यम् ।
२ ३ २ २ १ २ ३ २उ ३ २ ३ १ २र ३ २ ३ १ २ ३ १ २
यद्ध त्यं मायिनं मृगं तव त्यन्माययावधीरर्चन्ननु स्वराज्यम् ॥

अन्व० अद्रिवन् वज्रिन् इन्द्र तुभ्यमित् वीर्यम् अनुत्तम् यद्ध स्वराज्यम् अनु अर्चन् मायिनम् मृगम् त्यम् वृत्रम् तव मायया अवधीः ॥

अ० હે–મેઘરૂપ–વાહનવાળા—વજ્રધારી—ઇન્દ્ર ! તમારૂં જ સામર્થ્ય શત્રુઓવડે તિરસ્કૃત થયું નથી. જે સામર્થ્યદ્વારા નિશ્ચે, પોતાના રાજ્યમાં પોતાની પ્રભુતા–દેખાડનારા–તમે માયાવી, મૃગરૂપ ધારી તે વૃત્રાસુરને પોતાની માયાવડે મારી નાંખેલો છે. તે કારણ જ તમારી વીરતા પ્રસિદ્ધ છે. ૪

२ ३ १ २ ३ २उ ३ २ ३ १ २
प्रेह्यभीहि धृष्णुहि न ते वज्रो नि यथंसते ।
१ २ ३ २उ ३ २ ३ १ २ ३ १ २र ३ २ ३ १ २
इन्द्र नृम्णथं हि ते शवो हनो वृत्रं जया अपोऽर्चन्ननु
३ १ २
स्वराज्यम् ॥५॥

अन्व० इन्द्र प्रेहि अभीहि धृष्णुहि ते वज्रः न नियंसते ते शवः नृम्णम् हि स्वराज्यम् अनु अर्चन् वृत्रं हनः अपः जयाः ॥

अ० હે ઇન્દ્ર ! તમે પ્રકર્ષપણે ચઢાઇ કરો. અભિમુખ જઈ મારવાયોગ્ય શત્રુઓને પકડી લો. તે શત્રુઓનો તિરસ્કાર કરવાપર તમારૂં વજ્ર શત્રુવડે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રોકાતું નથી. તમારૂં બલ મનુષ્યોને નમાવનાર છે. એમ છે તે કારણે પોતાના રાજ્યમાં પોતાની પ્રભુતા—દેખાડતા—અસુરને મારો. તે પછી તેણે—રોકેલ—જલને જીતી લઇ લો. ૫

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २

यदुदीरत आजयो धृष्णवे धीयते धनम् ।

३ १ २ ३ २ ३ २ ३ २उ ३ १ २र ३ १ २ ३

युंक्ष्वा मदच्युता हरी कꣳ हनः कं वसौ दधोऽस्माꣳ इन्द्र

१ २

वसौ दधः ॥६॥

अन्व० यत् आजयः उदीरते धृष्णवे धनम् धीयते इन्द्र मदच्युता हरी युङ्क्ष्व कम् हनः कम् वसौ दधः वसौ दधः ॥

अ० જ્યારે સંગ્રામ આરંભાય છે તે સમય જે શત્રુઓને જીતે છે તેના અર્થ ધન સ્થાપન કર્યું જાય છે. અર્થાત્ જીતનારને ધન મળે છે. હે ઇન્દ્ર! એવાં યુદ્ધો ચાલવાપર તમે શત્રુઓના ગર્વને નષ્ટકરનાર—ઘોડાઓને જોડો અને કોઈ આપની આરાધના—ન—કરનાર—રાજાઓને મારો. કોઇ આપની આરાધના કરનારને ધનમાં સ્થાપન કરો. અર્થાત્ હારજીત તમેજ દો છો એથી હે ઇન્દ્ર! અમારા રાજાઓને ધનમાં સ્થાપન કરો. ૬

२ ३ १ २ ३ १ २ ३ १ २

अक्षन्नमीमदन्त ह्यव प्रिया अधूषत ।

१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २उ ३क १र ३ १ २

अस्तोषत स्वभानवो विप्रा नविष्ठया मती योजा न्विन्द्र ते हरी॥

अन्व० इन्द्र अक्षन् हि अमीमदन्त प्रियाः अवाधूषत स्वभ नवः विप्राः नविष्ठया मती अस्तोषत ते हरी नु योज ॥

અ૦ હે ઇન્દ્ર! યજમાનોએ તમે દીધેલ અન્નો ખાધાં અને ખાઇને નિશ્ચય તૃપ્ત થયા. પરમોત્તમ રસનો સ્વાદ લઇ તેને કહેવાને અસમર્થ હોઈ. તેમણે આનંદના કારણ પોતાના શિર હલાવ્યાં. તદનન્તર, તેજવડે દીપતા બુદ્ધિમાન્ ઋત્વિજોએ અતિનવીન સ્તુતિવડે સ્તુતિ કરી. તે કારણ આપના હરિનામક ઘોડાઓને તમે રથમાં જોડો. ૭

२ ३ १ २ ३ २उ ३ १ २ ३ १ २

उपो षु शृणुही गिरो मघवन्मातथा इव ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २ ३ १ २ ३ २३२३१ २ ३२उ ३क २र ३ १ २
कदा नः सूनृतावतः कर इदर्थयास इद्योजा न्विन्द्र ते हरी ॥८॥

अन्व० मघवन् इन्द्र गिरः उशो सुशृणुहि अतथा इव नः सूनृतावतः कदा करः अर्थयासइत् ते हरी नु योज ॥

અ० હે ધનવાન્ ઇન્દ્ર ! અમારી સ્તુતિઓને સમીપ આવી સમ્યક્પ્રકારે સાંભળો. અને તમે પહેલાં જેવા હતા તેથી વિપરીત મ બનો. અર્થાત્ પહેલાં જેમ અનુગ્રહ કરતા હતા તેમજ કરતા રહો. અને અમને તમે સ્તુતિરૂપ પ્યારી અને સત્યવાણીવડે યુક્ત ક્યારે કરશો? તમે, અમોએ કરેલી સ્તુતિઓનો સ્વીકાર કરો છો જ તે કારણ આપના ઘોડાને શીઘ્ર આપના રથમાં જોડો. ૮

३ १ २ ३ २ १ २र ३ १ २ ३ २
चन्द्रमा अप्स्वा३न्तरा सुपर्णो धावते दिवि ।
१ २ ३ १ २ ३ १ २ ३ १
न वो हिरण्यनेमयः पदं विन्दन्ति विद्युतो वित्तं मे अस्य
२
रोदसी ॥९॥

अन्व० अप्सु अन्तः सुपर्णः चंद्रमाः दिवि आधावते हिरण्यनेमयः विद्युतः वः पदम् अग्रम् न विन्दन्ति द्यावापृथिवी मे अस्य वित्तम् ॥

અ० અન્તરિક્ષમાંના જલમય મણ્ડલમાં અંદર વર્ત્તમાન સુષુમ્નાનામક સૂર્યના કિરણવડે યુક્ત ચન્દ્રમા. દ્યુલોકમાં એકસમાનગતિવડે શીઘ્ર ગમન કરે છે. તે ચંદ્રમાવડે સંબંધરાખવાવાળાં, હે સુવર્ણની સમાન પર્યંતભાગવાળાં અથવા હિત અને રમણીય પ્રાંતવાળા પ્રકાશવાન્ કિરણો ! તમારા ચરણરૂપ અગ્રભાગને કૂપવડે ઢાંકેલ હોવાથી મારી ઇન્દ્રિયો પ્રાપ્ત કરી શકતી નથી તે કારણ આપ મને કૂપમાંથી કાઢો. હે દ્યુલોક તથા પૃથિવીલોકના અભિમાની દેવતાઓ ! તમે મારા સ્તોત્રને જાણો.

१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
प्रति प्रियतमꣳ रथं वृषणं वसुवाहनम् ।
३ १ २ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
स्तोता वामश्विनावृषि स्तोमेभिर्भूषति प्रति माध्वी मम
३ १२
श्रुत ꣳ हवम् ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० अश्विनौ वाम् प्रियतमम् वृषणम् वसुवाहनम् रथम् स्तोता ऋषिः स्तोमेभिः प्रतिप्रतिभूषति माध्वी श्रुतम ॥

અ૦ હે **અશ્વિનીકુમારો** ! તમારાં અતિપ્યારાંફ઼ીઓની-વર્ષા-કરવાવાળા-ધનનાવાહક-રથને, સ્તુતિ કરવાવાળા-ઋષિ સ્તોમોવડે શોભિત કરે છે તે કારણુ હે મધુવિદ્યાના જાણુવાવાળા તમે સાંભળો. १०

इति सप्तमः खण्डः समाप्तः ॥७॥

खण्ड ७

१ विषूवतः-સર્વયજ્ઞોમાં વ્યાપ્તિયુકત.
२ सयावरीः-सहगच्छन्त्यः सत्यः-સાથે ગમન કરતી સતી.
३ वस्वीः-पयः प्रदानेन निवासकारिण्यः-દૂધદેતી સતી નિવાસકરવાવાળી.
४ शोभथा-शोभन्ते-શોભાને પ્રાપ્ત થાય છે.
५ अर्चन्-पूजयन्-સ્વસ્વામિત્વ પ્રકટ કરતાં.
६ निःशशा-निःशेषेण शशाः-પૂર્ણરૂપે શાસન કરો.
७ अहिम्-हन्तारंवृत्रम्-વૃત્રાસુરને.
८ अर्भ-નાનાસંગ્રામ.
९ अनुत्तम्-शत्रुभिरतिरस्कृतम्-શત્રુઓવડે અતિરસ્કૃત.
१० मृगं-મૃગરૂપધારી વૃત્ર.
११ वक्षौ-धने ।
१२ आजयः-સંગ્રામો.
१३ अक्षन्-भुक्तवन्तः-ખાધું.
१४ अवाधूषत-अकम्पयन्-હલાવ્યાં.
१५ नविष्ठा-અતિશય નવીન.
१६ योज-योजय-જોડ
१७ अर्थयास-अर्थयसे-સ્વીકારો છો.
१८ सुपर्णः-સુષુમ્ણા સૂર્યરશ્મિ.
१९ माध्वी-मधुविद्याविदितारौ-મધુવિદ્યાને જાણુવાવાળા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड १

१ २ ३ १ २ ३ १ २
आ ते अग्न इधीमहि द्युमन्तं देवाजरम्।
२ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २र ३ २ ३
यद्ध स्या ते पनीयसी समिद्दीदयति द्यवीषꣳ स्तोतृभ्य
१ २
आ भर ॥१॥

अन्व० अग्ने देव द्युमन्तम् अजरम् ते आ इधीमहि यद्ध ते स्या पनीयसी समित् द्यवि दीदयति स्तोतृभ्यः इषम् आभर ॥

अ० હે અગ્નિદેવ! દીપ્તિમાન્ જરારહિત એવા તૂંને અમે ચોમેર પ્રજ્વલિત કરીએ છઇએ. નિશ્ચય, તારી આ સ્તુતિનેયોગ્ય દીપ્તિ દ્યુલોકમાં દેદીપ્યમાન થાય છે. તૂં અમને સ્તુતિકરનારાને અન્ન દે.

१ २र ३ १ २
आग्निं न स्ववृक्तिभिर्होतारं त्वा वृणीमहे।
३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
शीरं पावकशोचिषं वि वो मदे यज्ञेषु स्तीर्णबर्हिषं विवक्षसे ॥२॥

अन्व० न स्ववृक्तिभिः होतारम् वः यज्ञेषु स्तीर्णबर्हिषम् शीरम् पावक शोचिषम् त्वा अग्निम् विमदे आवृणीमहे विवक्षसे ॥

अ० હે અગ્ને! આ સમય આપની કરેલી નિર્દોષ સ્તુતિયોવડે દેવતાઓને બોલાવનાર વા હોમને-સિદ્ધ-કરનાર તમારા યજ્ઞોમાં જેના નિમિત્ત કુશોનું આસાદન કર્યું ગયું છે એવા ઔષધિ-આદિમાં સર્વત્રવ્યાપ્ત તથા શુદ્ધ કરનાર છે દીપ્તિ જેની એવા તમે-અગ્નિને, સોમપાનવડે વિશેષ હર્ષ પ્રાપ્ત હોવાનિમિત્ત અભિમુખ હોઇ અમે આરાધના કરીએ છઇએ. હે અગ્ને! તમે મહાન છો. ૨

३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
महे नो अद्य बोधयाषो राये दिवित्मती।
१ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २
यथा चिन्नो अबोधयः सत्यश्रवसि वाय्ये सुजाते अश्वसूनृते ॥३

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० अद्य उषः द्विवित्मती नः महे राये बोधय यथाचित् नः अबोधयः सुजाते अश्वसूनृते वाय्ये सत्यश्रवसि ॥

અ૦ આજ આ યાગને દિવસ હે ઉષાદેવિ! દીપ્તિવાળાં તમે અમને બહુ ધનના અર્થ પ્રકાશિત હો. અર્થાત્ પ્રકાશ હોવાપર યજ્ઞનીદ્વારા ધનની પ્રાપ્તિ હોઇ શકે છે. જેમ અમને પહેલાં પ્રકાશિત કરેલા હે શ્રેષ્ઠ-જન્મવાળાં! હે સત્યપ્રિયસ્તુતિવાળાં! તેમ તમે વયનાપુત્ર-હું-સત્યશ્રવાપર અનુગ્રહ કરો. ૩

३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २र

भद्रं नो अपि वातय मनो दक्षमुत क्रतुम् ।

१ २ ३ १ २र ३ २ ३ २ ३ १ ३ २ ३ १ २र३

अथा ते सख्ये अन्धसो वि वो मदे रणा गावो न यवसे

१ २

विवक्षसे ॥४॥

अन्व० विवक्षसे अन्धसः विमदे नः मनः दक्षम् उत क्रतुम् भद्रम् वातय अथा ते सख्ये यवसे रणाः गावः न ॥

અ૦ હે સોમ! તમે મહાન્ છો. તે કારણ સોમસંબંધી વસ્તુઓ વિશેષ હર્ષદાયક હોવાપર તમે અમારા મનને, અન્તરાત્માને અને પ્રજ્ઞાનને કલ્યાણ પહોંચાડો. અર્થાત્ એવી કૃપા કરો કે મારૂં મન શુભસંકલ્પ કર્યા કરે. મારો અન્તરાત્મા શુભકારી હો. અને મારૂં જ્ઞાન શુભ નિશ્ચય કરે, અને સ્તોતા તમારા મિત્રભાવમાં રમણ કરે. જેમ ઘાસમાં ગાય પ્રેમનીસાથ રમણ કરે છે તેમ. ૪

१ २ ३ १ ३ ३ २ ३ १ २र ३ १ २

क्रत्वा महाँ अनुष्वधं भीमं आ वावृते शवः ।

१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २र ३ १ २ ३ १ २ २ २

श्रिय ऋष्व उपाकयोर्नि शिप्री हरिवां दधे हस्तयोर्वज्रमायसम् ॥

अ० क्रत्वा महान् भीमः अनुष्वधम् शवः आववृते ऋष्वः शिप्री हरिवान् उपाकयोः हस्तयोः आयसं वज्रम् श्रिये निदधे ॥

શ૦ પ્રજ્ઞાવડે મહાન્ તથા શત્રુઓને-ભયદેનાર-ઈન્દ્ર, સોમરૂપ અન્નના પાન હોવાપર પોતાના બલને અભિમુખ દેખાડે છે. તદનન્તર, સુન્દર મોટી નાસિકાવાળા, હરિનામક અશ્વોવડેયુકત ઇન્દ્ર, સમીપવર્તી હાથોમાં લોઢાના વજ્રને સંપદાને અર્થ ધારણ કરે છે. ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २र ३ २३१२ ३ १ २
स घा तं वृषणꣳ रथमधि तिष्ठाति गोविदम् ।
१ २र ३२ ३१२३ १ २ ३ २ ३क २र
यः पात्रꣳ हारियोजनं पूर्णमिन्द्र चिकेतति योजा न्विन्द्र
३ १ २
ते हरी ॥६॥

अन्व० सघा वृषणम् गोविदम् रथं अधितिष्ठाति हारियोजनम् पूर्णम् पात्रम् चिकेतति ते हरी नु योज ॥

અ૦ તે મિત્રભૂત ઇન્દ્ર, મનોરથોની–વર્ષા–કરવાવાળા, ગાયોની–પ્રાપ્તિ–કરાવવાવાળા રથપર ચઢો. જે રથ ધાનાઓવડેયુકત–સોમવડે–ભરેલ–પાત્રને જ્ઞાપિત કરે છે. તે પોતાના ઘોડાને શીઘ્ર રથમાં જોડો. ૬

२ १ २र ३ २उ ३ २ ३ १ २र ३ १ २
अग्निं तं मन्ये यो वसुरस्तं यं यन्ति धेनवः ।
२ ३ १ २ ३ २उ ३ १ २ ३ २ ३ १ २ ३ २ २
अस्तमर्वन्त आशवोस्तं नित्यासो वाजिन इषꣳ स्तोतृभ्य
१ २
आ भर ॥७॥

अन्व० यः वसुः अस्तम् यम् धेनवः यन्ति अस्तम् आशवः अर्वन्तः अस्तम् नित्यासः वाजिनः तम् अग्निं मन्ये स्तोतृभ्यः इषम् आभर ॥

અ૦ જે ઉપાસકોનું ધન છે, ઘરની સમાન આશ્રયરૂપ જે અગ્નિને ગાયો તૃપ્ત કરવા જાય છે, જે આશ્રયરૂપ અગ્નિને શીઘ્રગામી અશ્વ પ્રાપ્ત થાય છે, જે આશ્રયરૂપ અગ્નિને નિત્ય ઉપાસનામાં લાગેલા હવિ–લઈ–જનાર–યજમાનો પ્રાપ્ત થાય છે તે અગ્નિની હું સ્તુતિ કરૂં છું. જે અમે સ્તુતિકરનારાઓને અન્ન દો. ૭

२उ ३ १ २२१ २र ३ १ २
न तमꣳहो न दुरितं देवासो अष्ट मर्त्यम् ।
३ १ २ ३ १ २ ३ २ ३ १ २र ३ २ २ ३ २ ३ १ २
सजोषसो यमर्यमा मित्रो नयति वरुणो अति द्विषः ॥८॥

अन्व० देवासः सजोषसः अर्यमा मित्रः वरुणः अतिद्विषः यम् नयति तं मर्त्यम् अंहः न दुरितम् न अष्ट ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय, ब्रह्मनिधि, करौंदी, वाराणसी-5

અ० હે દેવતાઓ ! એકસમાન પ્રસન્નહોનાર, શત્રુઓને-દંડદેનાર-અર્યમા, રક્ષાકરનાર મિત્ર, પાપોનાનાશક વરૂણ, શત્રુઓને પાર કરી જેને ઉન્નતિના પદપર પહોંચાડી દે છે તે મનુષ્યને પાપ વ્યાપ્ત કરે નહિ તથા પાપના ફલરૂપ દુર્ગતિ વ્યાપ્ત કરે નહી. ૮

इति अष्टमः खण्डः समाप्तः ॥८॥

खण्ड ८

१ समित्-દીપ્તિ.
२ दोदयति-दीप्यते-દેદીપ્યમાન થાય છે.
३ पनीयसि-સ્તુત્યર્હા.
४ विवक्षसे-महान् भवसि-મહાન્ છો.
५ वाग्ये-वयपुत्रे-વયનાપુત્ર.
६ अश्वसूनृते-પ્રિય તથા સત્યસ્તુતિવાળી.
७ वातय-गमय-પહોંચાડો.
८ रणाः-પ્રીતિયુક્ત.
९ यवसे-ઘાસમાં.
१० ऋष्वः-દર્શનીય; સુંદર.
११ अनुष्वधं-સોમલક્ષણ स्वधा-અન્નનું પાન સતે.
१२ उपाकयोः-समीपवर्त्तिनः-સમીપવર્તી.
१३ चिकेतति-ज्ञापयति-જ્ઞાપિત કરે છે.
१४ अस्तं-ઘરસમાન આશ્રયરૂપ.
१५ अति-અતિક્રમણ-પાર કરીને.
१६ अष्ट-વ્યાપ્ત કરે છે.

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ९

२३ २ ३१२ ३२३१ ३१ २र
परि प्र धन्वेन्द्राय सोम स्वादुर्मित्राय पूष्णे भगाय ॥१॥

अन्व० सोम स्वादुः इन्द्राय मित्राय पूष्णे भगाय परिप्रधन्व ॥

અ० હે સોમ ! સ્વાદુરસવાળો તું ઇન્દ્રના અર્થ, મિત્રદેવતાના અર્થ, પૂષાના અર્થ તથા ભગદેવતાના અર્થ સર્વપાત્રોમાં પૂર્ણ વરસ. ૧

२३ १ २३ १२ ३१२ ३१२ २१२
पर्य्यू षु प्र धन्व वाजसातये परि वृत्राणि सक्षणिः ।
३२३१२ ३१ २
द्विषस्तरध्या ऋणया न ईरसे ॥२॥

अन्व० सु वाजसातये परिप्रधन्व सक्षणिः वृत्राणि परि नः ऋणया द्विषः तरध्यै ईरसे ॥

અ० હે સોમ ! ભલેપ્રકાર અમને અન્ન દેવા અર્થ ચોમેર પાત્રોમાં પૂર્ણ હો. સહનશીલ તમે શત્રુઓપર ચઢીને જાઓ અમારા ઋણોના–નાશ–કરવાવાળા–તમે, શત્રુઓને પાર કરવાનિમિત્ત વા મારવાને ચઢીને જાઓ છો. ૨

१२ ३१२ ३२ ३२ ३२३ २ ३ १ २र
पवस्व सोम महांत् समुद्रः पिता देवानां विश्वाभि धाम ॥३॥

अन्व० सोम महान् समुद्रः पिता देवानाम् विश्वा धाम पवस्व ॥

અ० હે સોમ ! ગૌરવવાળારસરૂપે વહેવાવાળો, સર્વનો–પાલન–કરનાર–તું, દેવતાઓના સર્વસ્થાનો–શરીરોને–અભિલક્ષી પાત્રોને પૂર્ણ કર. ૩

१२ ३२उ २ २ ३ २ ३ २ ३ १ २र
पवस्व सोम महे दक्षायाश्वो न निक्तो वाजी धनाय ॥४॥

अन्व० सोम अश्वो न नक्तः वाजी महे दक्षाय धनाय पवस्व ॥

અ० હે સોમ ! અશ્વની સમાન જલોવડે શુદ્ધકરેલ, વેગવાળો તું, મહાન્ બલને અર્થ ધનનિમિત્ત પાત્રોને પૂર્ણ કર. ૪

१२ ३ २३१२ ३२३१२ ३१ २र
इन्दुः पविष्ट चारुर्मदायापामुपस्थे कविर्भगाय ॥५॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० चारुः कविः इन्दुः अपां उपस्थे भगाय मदाय पविष्ट ॥

અ૦ કલ્યાણરૂપ, બુદ્ધિવર્ધક **સોમ**, જલોની અંદર સેવનીય ધનની અર્થે હર્ષનિમિત્ત ક્ષરિત થાય છે. ૫

२ ३ १ २ ३१ २ ३ १ २ ३१ २ ३१ २
अनु हि त्वा सुतꣳ सोम मदामसि महे समर्य्यराज्ये ।
१ २ ३ १ २ ३ १ २
वाजाꣳ अभि पवमान प्र गाहसे ॥६॥

अन्व० सोम सुतम् त्वा अभिमदामसि हि पवमान महे समर्यराज्ये वाजान् अभि प्रगाहसे ॥

અ૦ હે **સોમ** ! સમ્પાદનકરેલ–તમને અમે ક્રમપૂર્વક સ્તુતિ કરીએ છીએ. હે પૂયમાન **સોમ** ! તે તૂં. મનુષ્યોસહિત પોતાનાં મહાન્ રાજ્યની રક્ષાકરવા શત્રુઓની સેનાપર ચઢાઇ કરી જાય છે. ૬

१ ३क २र ३ २ ३ १ २ ३१ ३ २ ३ २ ३ १ २
क ईं व्यक्ता नरः सनीडा रुद्रस्य मर्य्या अथा स्वश्वाः ॥७॥

अन्व० व्यक्ताः नरः सनीडाः मर्याः अथा स्वश्वाः इमम् के रुद्रस्य ॥

અ૦ કાન્તિયુક્ત–પ્રભુતા–કરવાવાળા, સમાન સ્થાનવાળા, મનુષ્યોનું–હિત-કરવાવાળા, અને શ્રેષ્ઠઘોડાવાળા એવા દીનતાપૂર્વક રૂદન–પ્રાર્થના–કરવા-વાળાને કોણ પોતાનાં હોય ? ७

२ ३ २ ३ २ २ २उ ३ २ ३ १ २ १ २ ३ १ २
अग्ने तमद्याश्वं न स्तोमैः क्रतुं न भद्रꣳ हृदिस्पृशम् ।
३ १ २ ३ १ २
ऋध्यामा त ओहैः ॥८॥

अन्व० अग्ने अद्य ओहैः स्तोमैः अश्वं न क्रतुं न भद्रम् हृदिस्पृशम् तम ऋध्यामः ॥

અ૦ હે **અગ્ને** ! આજને દિવસ અમે, ઋત્વિજ–આદિ, ઇન્દ્રાદિને–પ્રાપ્ત–કરાવનાર–સ્તોત્રાવડે ઘોડાની સમાન, હવિ–પહોચાડનાર–કર્ત્તાની સમાન અર્થાત્ ઉપકાર કરવાવાળા, કલ્યાણરૂપ, પરમપ્રિય, પ્રસિદ્ધ તમને વૃદ્ધિયુક્ત કરીએ છીએ. ८

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १२ ३ १ २र ३ १२ ३ १२ ३ २ ३ २
आविर्मर्य्या आ वाजं वाजिनो अग्मं देवस्य सवितुः सवम् ।
३ १ २
स्वर्गाँ॥ अर्वन्तो जयत ॥९॥

अन्व० मर्त्याः आविः वाजिनः सवितुः सवम् वाजम् अग्मन् स्वर्गम् अर्वन्तः जयत ॥

અ० મનુષ્યોને હિતકારી, પ્રકાશવાન્, હવિ-પ્રાપ્ત-કરનાર વાજીનામના દેવતાઓએ, પ્રેરકદેવના સંપાદનીય અન્નરૂપ સોમને પ્રાપ્ત કર્યો. તે કારણ હે યજમાનો ! તમે સ્વર્ગ તથા ઘોડાને જીતો. ૯

१२ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २ ३ २
पवस्व सोम द्युम्नी सुधारो महाँ॥ अवीनामनु पूर्व्यः ॥१०॥

अन्व० सोम द्युम्नी सुधारः पूर्व्यः महान् अवीनाम् अनुपवस्व ॥

અ० હે સોમ ! અન્નવાળો વા યશસ્વી, શોભનધારાયુક્ત, પુરાતન તથા મહાન્ એવો તું, રોમ થકી ક્રમે સંપાદિત હો. ૧૦

इति नवमः खण्डः समाप्तः ॥९॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ९

१ प्रधन्व-पात्रेषु प्रक्षर-પાત્રોમાં પૂર્ણરૂપે વરસ.
२ सक्षणिः-સહનશીલ.
३ तरध्यै-तरीतुम्-મારવા.
४ ईरसे-परिगच्छसे-જાય છે.
५ ऋणया-ऋणानां यापयिता विनाशयिता-ઋણોને નાશ કરનારા.
६ समुद्रः-समुद्रवन्ति रसाः तादृशः-રસરૂપે વહેવાવાળા.
७ पवस्व-परिक्षर-પ્રાત્રોને પૂર્ણ કર.
८ निक्तः-જલવડે શુદ્ધકરેલ. (वसतीवरीभिरद्भिर्विनिर्णिक्तः)।
९ उपस्थ-उपस्थान अन्तरिक्ष पवित्र वा-અંદર સ્થાન.
१० कविः-બુદ્ધિવર્ધક.
११ समर्य्यराज्ये-મનુષ્યોસહિત પોતાના રાજ્યની રક્ષાકરવા.
१२ वाजान्-શત્રુની સેના.
१३ व्यक्ताः-કાન્તિયુકત.
१४ नरः-नेतारः-પ્રભુતા કરવાવાળા.
१५ सनीडा-સમાન સ્થાનવાળા.
१६ ओहैः-इन्द्रादिप्रापकैः-ઇંદ્રાદિને પ્રાપ્ત કરાવનાર.
१७ ऋध्याम-समर्ध्ययामः-વૃદ્ધિયુકત કરીએ છઇએ.
१८ आविः-પ્રકાશવાન્.
१९ मर्य्याः-મનુષ્યોને હિતકારી.
२० सवम्-अभिषोतव्यं-સંપાદનીય.
२१ अवीनाम्-रोम्णां रोमभ्यः-રોમ થકી.
२२ द्युम्नो-अन्नवान् यशस्वी-અન્નવાળા વા યશસ્વી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड १०

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
विश्वतोदावन् विश्वतो न आ भर यं त्वा शविष्ठमीमहे ॥१॥

अन्व० विश्वतोदावन् विश्वतः नः आभर शविष्ठम् यं त्वम् ईमहे ॥

અ० હે સર્વત્ર શત્રુઓને છેદન અને ભકતોને-દાનદેનારા-ઇન્દ્ર! તમે ચોમેર અમને ઇચ્છિત પદાર્થ દો. અત્યન્ત બલવાન જે તમે તેની સમીપ અમે અભીષ્ટફલની યાચના કરીએ છઇએ. ૧

३ २ ३ २उ ३ २ ३ २ ३ १ २ ३ २ ३ २
एष ब्रह्मा य ऋत्विय इन्द्रो नाम श्रुतो गृणे ॥२॥

अन्व० ऋत्वियः यः नामश्रुतः एषः ब्रह्मा गृणे ॥

અ० વસંત-આદિ-ઋતુમાં-પ્રકટહોનાર જે ઇન્દ્ર પોતાવડે પ્રસિદ્ધ છે તે સ્તોતાઓના મનોરથોને વધારનાર છે તેની હું સ્તુતિ કરૂં છું. ૨

३ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ २ ३ १ २
ब्रह्माण इन्द्रं महयन्तो अर्कैरवर्द्धयन्नहये हन्तवा उ ॥३॥

अन्व० अहये हंतवे अर्कैः महयन्तः ब्रह्माणः इन्द्रम् अवर्धयन् ॥

અ० વૃત્રાસુર મારવાનિમિત્ત પ્રશંસાયોગ્ય સ્તોત્રોવડે પૂજનાર બ્રાહ્મણો ઇન્દ્રને પ્રસન્ન કરે છે ૩

१ २ ३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
अनवस्ते रथमश्वाय तक्षुस्त्वष्टा वज्रं पुरुहूत द्युमन्तम् ॥४॥

अन्व० अनवः (ऋभवः) ते अश्वाय रथम् ततक्षुः पुरुहूत त्वष्टा वज्रम् द्युमन्तम् ॥

અ० હે ઇન્દ્ર! મનુષ્યદેવતા તમારા ઘોડાના અર્થ રથને રચે છે. હે અનેકોએ-બોલાવેલા-ઇન્દ્ર! વિશ્વકર્માએ વજ્રને પ્રકાશયુકત કર્યું. ४

२ ३२ ३१ २ ३ २ ३ १ २र ३ १ २ ३ १
शं पदं मघꣳ रयीषिणो न काममव्रतो हिनोति न
२ ३ २
स्पृशद्रयिम् ॥५॥

१-२ આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० रयीषिणः शम पदम् मवम् अव्रतः न हिनोति कामम् रयिम न स्पृशत॥

અ० હવિ-અર્પણ-કરવાવાળા-પુરૂષો, સુખને, સ્થાનને તથા ધનને પણ પામે છે. ઇન્દ્રનિમિત્ત યજ્ઞાદિ-ન-કરનાર-પુરૂષ, દાનાદિ કરવા સમર્થ હોતો નથી. તથા પોતાના ઇચ્છિત ધનને સ્પર્શ પણ કરી શકતો નથી. ૫

२ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २३१२

सदा गावः शुचयो विश्वधायसः सदा देवा अरेपसः ॥६॥

अन्व० गावः सदा शुचयः विश्वधायसः सदा देवाः अरेपसः ॥

અ० ઇન્દ્રને-શરણ-જાનારા, સર્વદાનિર્મલ. વિશ્વનું-પોષણ-કરવાની-શક્તિ-વાળા. સર્વદા-દાનાદિગુણયુક્ત તથા પાપરહિત પણ હોય છે. ૬

१ २ ३ १ २ ३ १ २र ३ १ २र

आ याहि वनसा सह गावः सचन्त वर्त्तनिं यदूधभिः ॥७॥

अन्व० उषः वनसा सह आयाहि गावः वर्त्तनिम् सचन्त यत् ऊधभिः ॥

અ० હે ઉષાદેવિ! તમે ચાહવાયોગ્ય તેજની સાથ આવો. ઉષાની વાહન-રૂપ ગાયો રથનું સેવન કરે છે. જે ગાયો મોટા અવવાળી છે. ૭

१२३१ २र ३२३ १२ ३२ १२

उप प्रक्षे मधुमति क्षियन्तः पुष्येम रयिं धीमहे ते इन्द्र ॥८॥

अन्व० इन्द्र मधुमति प्रक्षे ते क्षियन्तः रयिम् पुष्येम धीमहे ॥

અ० હે ઇન્દ્ર! મધુરતાયુક્ત રાજકર્તૃક ન્યગ્રોધના ચમસમાં, તમારી-સમીપ-સ્થિત-હોનાર અમે, રમણીય અન્ન પોષીએ છઇએ અને તમારૂં ધ્યાન પણ કરીએ છઇએ. ૮

१ २ ३ २ ३१२ ३ १ २र ३२उ ३ १२र

अर्चन्त्यर्कं मरुतः स्वर्का आ स्तोभति श्रुतो युवा स इन्द्रः ॥९॥

अन्व० स्वर्काः मरुतः अर्कं अर्चन्ति युवा श्रुतः स इन्द्रः आस्तोभति ॥

અ० સુંદર અન્ન વા સ્તોત્રવાળા મરૂત, પૂજવાયોગ્ય ઇન્દ્રને હવિ અને સ્તોત્રવડે પૂજે છે. નિત્યતરૂણ તે ઇન્દ્ર, તેના શત્રુઓને ચઢાઈ કરી મારે છે. ૯

२ ३ १ २ ३१२ ३

प्र व इन्द्राय वृत्रहन्तमाय ।

૬-૮-૯. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ २ ३ १ २
विप्राय गाथं गायत यं जुजोषते ॥१०॥

अन्व० विप्राः वृत्रहन्तमाय इन्द्राय गाथम् प्रगायत यम् जुजोषते ॥

અ० હે બ્રાહ્મણો! અતિશય—વૃત્રનાનાશક—ઇન્દ્રને અર્થ તે સ્તોત્ર અધિક ગાઓ. જે સ્તોત્રને પ્રસન્ન હોઇ તે સ્વીકાર કરે છે. ૧૦

इति दशमः खण्डः समाप्तः ॥१०॥

खण्ड १०

१ विश्वतोदावन्–સર્વત્ર શત્રુનું છેદન તથા ભક્તોને દાન કરનાર,
२ ऋत्वियः–ઋતુસમયે પ્રકટહોનાર.
३ अहये–वृत्राय–વૃત્રાસુરને.
४ हन्तवै–हन्तुम्–હણવા.
५ अनवः–મનુષ્યરૂપ.
६ स्पृशत्–स्पृशति–સ્પર્શ કરે છે.
७ रयीषिणः–હવિર્લક્ષણ ધન અર્પણ કરનારા. (प्रेषयन्तः)।
८ गावः–गन्तारः–શરણ જનારા.
९ विश्वधायसः–વિશ્વનું પોષણ કરવાની શક્તિવાળા.
१० अरेपसः–પાપરહિત.
११ वनसा–वननीयेन तेजसा–ચાહવાયોગ્ય તેજ સાથ.
१२ वर्त्तनिम्–રથ.
१३ ऊधभिः–અવવડે.
१४ प्रक्षे–राजकर्तृकन्यग्रोधचमसे–રાજાએ બનાવેલ ન્યગ્રોધના ચમસમાં.
१५ क्षियन्तः–સમીપમાં રહેલા.
१६ स्वर्काः–સુન્દર અન્ન વા સ્તોત્રવાળા.
१७ आस्तोभति–शत्रुजातानि अभिमुख्येन हिनस्ति–શત્રુને ચઢાઇ કરી મારે છે.
१८ जुजोषते–सेवते–પ્રસન્ન થઇ સ્વીકારે છે.
१९ गाथम्–સ્તોત્ર.

૧૦. આ સ્વતંત્ર મંત્ર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ४ खण्ड ११

१ २ ३ १ २र ३ २उ ३ १ २
अचेत्यग्निश्चिकितिर्हव्यवाट्न सुमद्रथः ॥१॥

अन्व० हव्यवाट् चिकितिःसुमद्रथः रथः न अग्निः अचेति ॥

अ० હવિયોને પહોંચાડનાર, વિશેષ બુદ્ધિમાન્, શ્રેષ્ઠ હવિયોવડેયુક્ત, રથની–સમાન–પહોંચાડનાર–અગ્નિ, હવિ–દેવાવાળા–યજમાનને જાણે છે. ૧

२ ३ २ ३ १ २ ३२ ३ २ ३ १ २ ३क २र
अग्ने त्वं नो अन्तम उत त्राता शिवो भुवा वरूथ्यः ॥२॥

अन्व० अग्ने वरूथ्यः त्वम् नः अन्तमः उत त्राता शिवः भुवः ॥

अ० હે અગ્નિ! સેવા–કરવા–યોગ્ય તમે, અમારા અધિક સમીપસ્થ અને રક્ષાદાયક તથા સુખદાયક હો. ૨

२ ३ २ ३ २ ३ २ ३ २ ३ १ २ १ २
भगो न चित्रो अग्निर्महोनां दधाति रत्नम् ॥३॥

अन्व० महोनाम् भगो न चित्रः अग्निः रत्नम् दधाति ॥

अ० મહાન્મધ્યે સૂર્યનીસમાન વિચિત્રગુણોવાળા, વા પૂજનીય અગ્નિ, યજ્ઞ કરવાવાળાને શ્રેષ્ઠ ધન દે છે. ૩

१ २ ३ १ २ ३ २ ३ १ २र ३ १ ३ २
विश्वस्य प्र स्तोभ पुरो वासन् यदि वेह नूनम् ॥४॥

अन्व० विश्वस्य प्रस्तोभः यदि वा इह नूनम् पुरोवासन् ॥

अ० તે સર્વ શત્રુઓને નષ્ટ કરે છે. અને આ યજ્ઞમાં નિશ્ચય પૂર્વભાગમાં સ્થિત સતા તે અગ્નિની ઋત્વિજોવડે સ્તુતિ કરાય છે. ૪

३ २उ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
उषा अप स्वसुष्टमः सं वर्त्तयति वर्त्तनिꣳ सुजातता ॥५॥

अन्व० उषाः स्वसुः तमः अपसंवर्त्तयति सुजातता वर्त्तनिम् ॥

અ० અધ્વર્યુઓવડે–પ્રેરણા–કરાયલ, વર્ષા અને હવિ પહોચાડવા દ્વારા દ્યાવાપૃથિવીનો–ઉત્પન્ન–કરનાર, અન્નને દેતો, આયુધોને સમ્યક્પ્રકારે તીક્ષ્ણ કરતો, સકલ ધનોને અમને દેવાનિમિત્ત હાથોમાં ધારણ કરતો (**સોમ**) પ્રાપ્ત થાય છે. ૪

२ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ १ २र
तक्षद्यदी मनसो वेनतो वाग्ज्येष्ठस्य धर्मं द्युक्षोरनीके ।
१ २ ३ २ ३ १ २ ३ २उ ३ १ २ ३ २ ३ २ ३ १ २
आदीमायन् वरमा वावशाना जुष्टं पतिं कलशे गाव इन्दुम् ॥५॥

अन्व० वेनतः मनसः वाक् यत् तक्षत् धर्मन् ज्येष्ठस्य द्युक्षोः अनीके आ वरम् जुष्टम् पतिम् कलशे ईम् इन्दुम् वावशानाः गावः आयन् ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ કામયમાન સ્તોતાની સ્તુતિરૂપ વાણી જેને સંસ્કારયુક્ત કરે છે, યજ્ઞમાં પ્રશંસનીય સવનની આગળ, અર્થાત્ જ્યારે યજ્ઞોમાં સવનના સ્તોતાની વાણી સોમની પ્રશંસા કરે છે તદનન્તરજ શ્રેષ્ઠ દેવતાઓના મદનિમિત્ત પર્યાપ્ત, સર્વનાપાલક, કલશમાં સ્થિત આ સોમને ચાહતી ગાયો પોતાના દૂધ વડે મિશ્રિત કરવા–મેળવવા–આવે છે. ૫

२ १ २ ३ १ २ ३ २३ १ २ ३ २ ३ १ २

साकमुक्षो मर्जयन्त स्वसारो दश धीरस्य धीतयो धनुत्रीः।

२ ३ १ २ ३ १ २र ३ १ २ ३ २ ३ २ ३ २

हरिः पर्य्यद्रवज्जाः सूर्य्यस्य द्रोणं ननक्षे अत्यो न वाजी॥६॥

अन्व० साकमुक्षः स्वसारः मर्जयन्त दश धीतयः धीरस्य धनुत्रीः हरिः सूर्यस्य जाः पर्यद्रवत् अत्यः वाजी न द्रोणं ननक्षे॥

અ૦ એકસાથ સીંચવાવાળી, કર્મકરવા અહીં તહીં ચાલતી આંગળીયો સોમને શુદ્ધ કરે છે. તે દશ આંગળીયો, દેવતાવડે કામના કરાતા સોમની પ્રેરણા કરવાવાળી છે. તદનન્તર, લીલાવર્ણનો સોમ, સૂર્યની દિશાઓની ચોમેર જાય છે. ગમનશીલ અશ્વની સમાન સોમ કલશમાં જાય છે. ૬

२ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १

अधि यदस्मिन् वाजिनीव शुभः स्पर्द्धन्ते धियः सूरे न

२र ३ १ २ ३ १ २ ३ १ ३ १ २र ३ १ २

विशः। अपो वृणानः पवते कवीयान् वज्रं न पशुवर्द्ध-

३ १ २

नाय मन्म ॥७॥

अन्व० यद् अस्मिन् वाजिनीव शुभः सूरे विशः न धियः अधिस्पर्धन्ते अपः वृणानः कवीयान् पवते पशुवर्धनाय मन्म व्रजं न॥

અ૦ જ્યારે આ સોમના વિષયમાં ઘોડાના વસ્ત્રાદિક અલંકારોની સમાન જેમ સૂર્યમાં કિરણોનો ઉદય થાય છે તેમ હું 'પહેલી શુદ્ધ કરીશ, હું પહેલી શુદ્ધ કરીશ' એ પ્રકારે આંગળીયો ઉપસ્થિત થાય છે તદનન્તર, આ સોમ, વસતીવરી જલોને આચ્છાદન કરતો સ્તોતાઓની ઈચ્છા કરતો કલશમાં પ્રાપ્ત થાય છે. જેમ પશુઓની વૃદ્ધિ કરવા રક્ષા કરવાયોગ્ય ગોષ્ઠમાં ગોપાલ જાય છે તેમ. ૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २ ३ २ ३ २ ३ १ २
इन्दुर्वाजी पवते गोन्योघा इन्द्रे सोमः सह इन्वन्मदाय ।
२ ३ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
हन्ति रक्षो बाधते पर्य्यरातिं वरिवस्कृण्वन् वृजनस्य राजा ॥८॥

अन्व० इन्दुः वाजी गोन्योघाः इन्द्रे सहः इन्वन् वरिवः कृण्वन् वृजनस्य राजा सोमः मदाय पवते रक्षः हन्ति अरातिः परिबाधते ॥

અ० ક્ષરણુશીલ, બલવાન્, ગમનશીલ, નીચે જનાર, ઇન્દ્રનિમિત્ત બલદાયક-રસને-પ્રેરણા-કરનાર, યજમાનને-ધન-દેવાવાળો, બળનો ઇશ્વરરૂપ **સોમ,** ઇન્દ્રને મદ થવા નિમિત્ત પાત્રમાં ટપકે છે તથા રાક્ષસોને નષ્ટ કરે છે તથા શત્રુઓને ચોમેરથી બાધા દે છે. ૮

१ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ १ २ ३ १ २
अया पवा पवस्वैना वसूनि मांश्चत्व इन्द्रो सरसि प्र धन्व ।
३ २ २ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २ २ १ २ ३ १ २
ब्रध्नश्चिदस्य वातो न जूतिं पुरुमेधाश्चित्तकवे नरं धात् ॥९॥

अन्व० अया पवा एना वसूनि पवस्व इन्द्रो मांश्चत्वे सरसि प्रधन्व यस्य ब्रध्नश्चित् वातो न नरम् जूतिम् धात् पुरुमेधाश्चित् तकवे ॥

અ० હે **સોમ** ! આ પવમાન ધારાની સાથ આ ધનોને વરસાવ. હે **સોમ** ! તૂં **માન્યોને** ચાહવાયોગ્ય **વસતીવરી**નામક કલશમાં પહોંચ. તદનન્તર જે સોમને, સર્વના મૂલભૂત **આદિત્ય** વાયુની સમાન પ્રેરકવેગને ધારણ કરતા, તથા અનેક પ્રકારની બુદ્ધિવાળા **ઇન્દ્ર** પણ પ્રાપ્ત હો. ૯

३ १ २र ३ १ २ ३ १ २र ३ २
महत्तत्सोमो महिषश्चकारापां यद्गर्भोऽवृणीत देवान् ।
१ २ ३ २ ३ १२ ३ १ २र ३ २ ३ २ ३ १ २
अदधादिन्द्रे पवमान ओजोऽजनयत्सूर्य्ये ज्योतिरिन्दुः ॥१०॥

अन्व० महिषः सोमः महत् तत् चकार यत् अपां गर्भः देवान् अवृणीत पवमानः इन्द्रे ओजः न्यधात् इन्दुः सूर्ये ज्योतिः अजनयत् ॥

અ० મહાન્ **સોમે** તે બહુ મોટાં કર્મો કર્યાં. તે એ કે:- જે જલોના ઉત્પાદક હોવાથી ગર્ભરૂપ આ સોમ દેવતાઓને ભજે છે. અને પૂયમાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સોમ ઈન્દ્રમાં સોમપાનજનિત બલ ધારણ કરે છે. તથા સોમે સૂર્યમાં તેજ ઉત્પન્ન કર્યું તે-. ૧૦

१ २ ३ २ ३ २ ३ २ ३ २ २ ३ ३ १ २ ३ १ २ ३ २

असर्जि वक्वा रथ्ये यथाजौ धिया मनोता प्रथमा मनीषा।

२ ३ २ २ ३ २ ३ २ ३ १ २ ३ २ ३ २ ३

दश स्वसारो अधि सानो अव्ये मृजन्ति वह्निं

१ २ ३ १ २

सदनेष्वच्छ ॥११॥

अन्व० मनोता प्रथमा मनीषा वक्वा आजौ धिया रथ्ये यथा असर्जि दश स्वसारः सदनेषु वह्निम् सानौ अधि अव्ये अच्छ मृजन्ति ॥

અ० જેમાં દેવતાઓનાં મન ઓતપ્રોત હોઇ રહ્યાં છે, તે મુખ્ય-સ્તુતિ-કરાતો શબ્દાયમાન **સોમ**, યજ્ઞમાં સ્તોત્રની સાથ જે પ્રકારે સંગ્રામમાં ઘોડાને સંસૃષ્ટ કર્યા જાય છે તેમ [પાત્રોમાં] સંયુકત કર્યો જાય છે. દશ આંગળીયો, યજ્ઞગૃહોમાં પાત્રો પ્રત્યે અભિમુખ કરી આનન્દપદ પર પહોંચાડનાર **સોમને** ઊંચા સ્થાનપર ઊનના પવિત્ર પરત્વે ભલેપ્રકાર પ્રેરણા કરે છે. ૧૧

३ २ ३ २ ३ २ ३ १ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २

अपामिवेदूर्मयस्तर्तुराणाः प्र मनीषा ईरते सोममच्छ ।

३ २ ३ १ २ ३ २ ३ १ २र ३ २ ३ १ २

नमस्यन्तीरुप च यन्ति सं चाच विशन्त्युशतीरुशन्तम् ॥१२॥

अन्व० अपां ऊर्मयः इव तर्तुराणाः इत् मनीषाः सोमम् अच्छ प्रेरयन्ति उशतीः नमस्यन्तीः उशन्तम् तम् उपयन्ति च सं च आविशन्ति च ॥

અ० જેમ જલના તરંગો શીઘ્રતા કરે છે તેમજ કર્મમાં દેવતાઓની સ્તુતિકરવાનિમિત્ત શીઘ્રતા-કરવાવાળા-ઋત્વિજ, સ્તુતિયોની સોમના પ્રત્યે પ્રેરણા કરે છે. સ્તુતિયો, સત્કાર કરતી સતી કામના કરવાવાળા તે સોમની સમીપ પહોંચે છે તથા સંયુકત થાય છે તથા તેમાં પોતાનો પ્રવેશ પણ કરે છે. ૧૨

इति सप्तमः खण्डः समाप्तः ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ७

१ गव्यन्–ગાય આદિની ઇચ્છા કરતો.
२ इन्द्रहवान्–ઇન્દ્રનાં આહ્વાનોને.
३ रभसानि–वेगेनागमननिमित्तानि–વેગપૂર્વક આગમન નિમિત્ત.
४ संशिशानः–સમ્યક્પ્રકારે તીક્ષ્ણ કરતો.
५ वेनतः–कामयमानस्य–ચાહના કરાતો.
६ मनसः–સ્તોતાની.
७ धर्मन्–ધારક યજ્ઞ વિષે.
८ द्युक्षोः–दीप्तस्तुतिकस्य सवनस्य–સવનની.
९ अनीके–प्रमुखे–આગળ.
१० साकमुक्षः–એકસાથ સીંચવાવાળી. (उक्षसेचने)।
११ स्वसारः–કર્મકરવા ઇત ઉત સુષ્ટુપ્રકારે ગમનકરતી આંગળીયો.
१२ धनुत्रीः–प्रेरयित्र्यः–પ્રેરણા કરવાવાળી.
१३ जाः–प्रादुर्भूता जायादिशः–દિશાએ.
१४ अत्यः–અતનશીલ; ગમનશીલ,
१५ मन्म–મનનીય; રક્ષાકરવાયોગ્ય.
१६ सूरे–સૂર્ય વિષે.
१७ विशः–રશ્મિએ.
१८ कवीयान्–સ્તોતાઓની ઇચ્છા કરતો.
१९ गोन्योधाः–गमनशीलनीचोनाग्र रससंघातः–
ગમનશીલ નીચે જનારો રસસમૂહ.
२० वरिवः–વરણીય ધન.
२१ वृजनस्य–બલનો.
२२ पवा–पवमानया।
२३ मांश्चत्वे–मन्यमानानां चातके–માન્યોને ચાહવાયોગ્ય
२४ प्रधन्व–प्रगच्छ–પહોંચ.
२५ सरसि–ઉદકવિષે; વસતીવરી નામક કલશમાં.
२६ व्रध्नश्चित्–સર્વનો મૂલભૂત.
२७ तकवे–अभिगच्छताम्। (तकतिर्गति कर्मसु)।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨૮ नरम्–પ્રેરક.

૨૯ जूतिम्–વેગને.

૩૦ महिषः–મહાન્ વા પૂજ્ય.

૩૧ वक्वा–શબ્દાયમાન. (वचपरिभाषणे)।

૩૨ रथ्ये–रथ्यार्हे–રથેજોડવાયોગ્ય.

૩૩ मनोता–यस्यां देवानां मनांसि प्रोतानि सः–
જેમાં દેવતાઓનાં મન ઓતપ્રોત થયાં છે તે.

૩૪ मनीषा–मनसःईषातद्वान्–સ્તુતિસંપન્ન.

૩૫ ततुंराणाः–त्वरमाणाः–શીઘ્રતા કરવાવાળો.

૩૬ उशतोः–स्तुतयः–સ્તુતિયો.

૩૭ नमस्यन्त्यः–सोमं योजयन्त्यः–સોમને સત્કાર કરતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ५ खण्ड ८

३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
पुरोजिती वो अन्धसः सुताय मादयित्नवे ।
२ ३ १ ३ ३ १ २ ३क २र
अप श्वानꣳ श्नथिष्टन सखायो दीर्घजिह्व्यम् ॥१॥

अन्व० सखायः वः पुरोजिती अन्धसः सुताय मादयित्नवे दीर्घजिह्वयम् श्वानम् अपश्नथिष्टन ॥

अ० હે મિત્ર **સ્તોતાઓ** ! તમે જેની સામે વિજય સ્થિત છે એવા સોમના ખેંચેલા અત્યન્તમદદાયક રસ અર્થે લાંબી જીભવાળા કુતરાને હટાડો. ૧

३ २ ३ २ ३ २उ ३ १ २ ३ १ २
अयं पूषा रयिर्भगः सोमः पुनानो अर्षति ।
१ ३ १ २ ३ २ २ ३क २र ३ १ २ ३ २
पतिर्विश्वस्य भूमनो व्यख्यद्रोदसी उभे ॥२॥

अन्व० पूषा भगः रयिः अयम् पुनानः अर्षति विश्वस्य भूमनः पतिः सोमः उभे रोदसी व्यख्यत् ॥

अ० પોષક, સેવનયોગ્ય તથા ધનપ્રાપ્તિના કારણરૂપ આ **સોમ**, દશાપવિત્રમાં શુદ્ધ હોતો સતો કલશમાં પ્રાપ્ત થાય છે. તથા સકલ પ્રાણિમાત્રનો પાલન કરનાર **સોમ**, દ્યુલોક અને પૃથિવીલોક બન્નેને પોતાના તેજવડે પ્રકાશિત કરે છે. ૨

३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
सुतासो मधुमत्तमाः सोमा इन्द्राय मन्दिनः ।
३ १ २ ३ १ २ ३ १ २
पवित्रवन्तो अक्षरं देवान् गच्छन्तु वो मदाः ॥३॥

अन्व० मधुमत्तमाः मन्दिनः सुतासः पवित्रवन्तः इन्द्राय क्षरन् वः मदाः देवान् गच्छन्तु ॥

अ० અત્યન્ત મધુરતાયુક્ત મદકારી ખેંચેલો **સોમ** પવિત્રમાં વર્ત્તમાન હોતો સતો, ઇન્દ્ર અર્થે પાત્રોમાં ટપકે છે. હે **સોમો** ! તમારો મદકારીરસ ઇન્દ્રાદિ–દેવતાઓને પ્રાપ્ત હો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १२ ३ १ २ ३ १ २

सोमाः पवन्त इन्दवोऽस्मभ्यं गातुवित्तमाः ।

३ २ ३ १ २३१२ ३क २र ३ १ २

मित्राः स्वाना अरेपसः स्वाध्याः स्वर्विदः ॥४॥

अन्व० गातुवित्तमाः मित्राः स्वानाः अरेपसः स्वाध्यः स्वर्विदः इन्दवः सोमाः पवन्ते ॥

અ० શ્રેષ્ઠ માર્ગપર લઇજનાર, દેવતાઓના મિત્રરૂપ, સુસિદ્ધ કરેલા, પાપ-રહિત, ભલેપ્રકાર-ધ્યાન-કરાવનાર તથા સ્વર્ગપ્રાપક **સોમો** અમારે નિમિત્ત આવે છે. ૪

३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २

अभी नो वाजसातमꣳ रयिमर्ष शतस्पृहम् ।

१ २ ३ १ २ ३ १ २ ३ १ २

इन्दो सहस्रभर्णसं तुविद्युम्नं विभासहम् ॥५॥

अन्व० इन्दो शतस्पृहम् सहस्रभर्णसम् तुविद्युम्नम् बिभासहम् वाजसातमम् रयिम् नः अभ्यर्ष ॥

અ० હે દીપ્તિમાન્ **સોમ !** સેંકડોવડે ચાહવાયોગ્ય, સહસ્રોનું-ભરણ-કરનાર, બહુઅન્ન તથા યશવાળા, પ્રકાશના-તિરસ્કાર-કરનાર અર્થાત્ અત્યન્ત તેજસ્વી તથા બલદાયક પુત્રધન અમને પ્રાપ્ત કરાવો. ૫

३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २

अभी नवन्ते अद्रुहः प्रियमिन्द्रस्य काम्यम् ।

३ २उ ३ १ २ ३ १ २ ३ १ २

वत्सं न पूर्व आयुनि जातꣳ रिहन्ति मातरः ॥६॥

अन्व० न मातरः पूर्वे आयुनि जातम् वत्सम् रिहन्ति अद्रुहः इन्द्रस्य प्रियम् काम्यम् अभिनवन्ते ॥

અ० જેમ વાછડાની માતા ગાય પેહેલી વયમાં ઉત્પન્ન થયલ વાછડાને ચાહે છે તેમજ દ્રોહરહિત **વસતીવરી** નામનું જળ, ઇન્દ્રના પ્યારા સર્વ-કોઇએ-ચાહના-કરેલ-સોમને પ્રાપ્ત થાય છે. ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २३ १२ ३२३ १२ ३ १ २
आ हर्य्यताय धृष्णवे धनुष्टन्वन्ति पौंᳲस्यम् ।
३ २उ ३ १ २ ३ १ २ ३ १२र ३ १ २
शुक्रा वि यन्त्यसुराय निर्णिजे विपामग्रे महीयुवः ॥७॥

अन्व० हर्यताय धृष्णवे पौंस्यम् धनुरातन्वन्ति विपाम अग्रे महीयुवः शुक्राः असुराय निर्णिजे वयन्ति ॥

અ० સર્વને-ઇચ્છા-કરવાયોગ્ય તથા શત્રુઓનો-તિરસ્કાર-કરનારા-સોમ અર્થ પુરૂષત્વના પ્રકાશક શ્રેષ્ઠ ધનુષપર પ્રત્યઞ્ચા ચઢાવે છે. વિદ્વાનોની આગળ પૂજા-ચાહવાવાળા-અધ્વર્યુ, શ્વેત ગોદુગ્ધને, બલવાન્ સ્વરૂપને શુદ્ધ કરવા આચ્છાદન કરે છે. ૭

२३ १ २३१ २र ३१ २ ३ १२
परि त्यᳲ हर्य्यतᳲ हरिं बभ्रुं पुनन्ति वारेण ।
२ ३२उ ३ २उ ३ १२ ३१ २र
यो देवान् विश्वाᳲ इत्परि मदेन सह गच्छति ॥८॥

अन्व० हर्यतः हरिम् बभ्रुम् त्यम् वारेण परिपुनन्ति यः विश्वान् देवान् इत् मदेन सह परिगच्छति ॥

અ० સર્વને-સ્પૃહા-કરવાયોગ્ય, હરિતવર્ણના તથા બભ્રુવર્ણના આ સોમને ઊનના પવિત્રમાં શુદ્ધ કરે છે. જે સોમ, સકલ ઇન્દ્રાદિ દેવતાઓને જ મદકારી રસ સાથ પ્રાપ્ત થાય છે. ૮

१ २ ३ १२र ३ २ ३ १ २ ३ १ २र
प्र सुन्वानायान्धसो मर्त्तो न वष्ट तद्वचः ।
२ ३ १ २३१२ ३ २ ३ १ २र
अप श्वानमराधसᳲ हता मखं न भृगवः ॥९॥

अन्व० सुन्वानाय अन्धसः तत् वचः मर्त्तः न प्रवष्ट अराधसं मखं भृगवः न श्वानम् अपहत ॥

અ० સુસિદ્ધ-કરાતા-સોમના પ્રસિદ્ધ વચનને, કર્મમાં વિઘ્ન કરનાર ન સાંભળો. તથા હે સ્તોતાઓ ! જેમ પહેલા દક્ષિણાહીન મખને ભૃગુઓએ હટાવેલો તેમ કૂતરાને દૂર કરો. ૯

इति अष्टमः खण्डः समाप्तः ॥८॥

Dr. Urmila Sharma Collection, Varanasi

खण्ड ८

१ पुरोजिती-જેની આગળ વિજયસ્થિત હોપ છે તેના. (पुरःस्थितजयस्य)।
२ अवश्नथिष्टन-अपश्नथयत-હટાડો.
३ भूमनः-ભૂતજાતનો; પ્રાણિમાત્રનો.
४ मादयित्नवे-अत्यन्त मदकराय-અત્યન્ત મદદાયક.
५ गातुवित्तमाः-अतिशयेन मार्गस्यलम्भकाः-શ્રેષ્ઠ માર્ગપર લઇજનાર.
६ स्वाध्याः-शोभनध्यानाः-ભલેપ્રકાર ધ્યાન કરાવનાર.
७ स्वर्विदः-સ્વર્ગપ્રાપક.
८ सहस्रभर्णसम्-बहुविध भरणम्-સહસ્રોના ભરણ કરનાર.
९ विभासहम्-પ્રકાશના તિરસ્કાર કરનાર.
१० अभिनक्षन्ते-अभिगच्छन्ति-પ્રાપ્ત થાય છે.
११ आयुनि-वयांसि-વયમાં.
१२ हर्य्यत-સર્વવડે સ્પૃહણીય.
१३ वियन्ति-આચ્છાદન કરે છે.
१४ निर्णिजे-स्वरूपाय शोधनार्थम्-સ્વરૂપ શુદ્ધ કરવા.
१५ विपाम्-मेधाविनाम्-વિદ્વાનોનાં.
१६ महीयवः-पूजाकामाः-પૂજા ચાહવાવાળા.
१७ वष्ट-कामयताम्-સાંભળો.
१८ अराधसम्-દક્ષિણાહીન.



CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ५ खण्ड ९

३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३२उ ३ २३
अभि प्रियाणि पवते चनोहितो नामानि यह्वो अधि येषु
१ २ २र ३ २ ३२उ ३ २३ १ २
वर्द्धते। आ सूर्यस्य बृहतो बृहन्नधि रथं विश्वञ्चमरुह-
द्विचक्षणः ॥१॥

अन्व० चनोहितः प्रियाणि नामानि अभिपवते येषु यह्वः अभिवर्द्धते बृहन् बृहतः सूर्यस्य विष्वञ्चम् रथम् अधि विचक्षणः आरुहत् ॥

અ૦ ભોજન-કરવા-યોગ્ય અને હિતકારી **સોમ**, જગત્‌ને-તૃપ્ત-કરનાર-જલોને ચોમેર પ્રાપ્ત થાય છે. જે જલોમાં આ મહાન્ **સોમ** અધિક વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. તદનન્તર, આ મહાન્ **સોમ**, મોટા સૂર્યના સર્વત્ર ગમન કરનાર રથની ઉપર વિશ્વનો દ્રષ્ટા થતો સતો ચઢે છે. ૧

३ १ २ ३ १ २३ २ ३ १ २ ३२३२३ १२
अचोदसो नो धन्वन्त्विन्दवः प्र स्वानासो बृहद्देवेषु हरयः।
१ २ ३ २ ३२३ १ २ ३ १ २ ३ १ २
वि चिदश्नना इषयो अरातयोऽर्यो नः सन्तु सनिषन्तु
३ १ २
नो धियः ॥२॥

अन्व० अचोदसः हरयः स्वानासः इन्दवः नः बृहद्देवेषु प्रधन्वन्तु अरातयः नः अरयः इषयः अश्ननाः विचित् सन्तु नः धिया सनिषन्तु ॥

અ૦ અન્યની-પ્રેરણાથી-રહિત, પાપહારી વા હરિતવર્ણના સુસિદ્ધ-કરાતા-**સોમ**, અમારા અનેક દેવતાઓવડેયુક્ત યજ્ઞોમાં પ્રાપ્ત હો. ધન-આદિનું-દાન-ન-કરનારા અમારા શત્રુ, અન્નોની ઇચ્છા કરતા ભોજનથી વિયુક્ત હો. અમારાં દેવવિષયક સ્તોત્રો દેવતાઓને પ્રાપ્ત હો. ૨

३२उ ३ १ २ १ २ ३ २ ३ १ २ ३
एष प्र कोशे मधुमाँ अचिक्रददिन्द्रस्य वज्रो वपुषो
२ २ ३ २ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३
वपुष्टमः। अभ्यृ३तस्य सुदुघा घृतश्चुतो वाश्रा अर्षन्ति

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ १ २
पयसा च धेनवः ॥३॥

अन्व० इन्द्रस्य वज्रः वपुषः वपुष्टमः एषः मधुमान् कोशे प्राचिक्रदत् ऋतस्य सुदुघः घृतश्चुतः वाश्राः पयसा धेनवः च अभ्यर्षन्ति ॥

અ૦ બલદાયક હોવાથી ઇન્દ્રના વજ્રરૂપ બીજ વાવનારા, મધ્યે શ્રેષ્ઠ-બીજ-વાવનાર આ મધુર રસયુક્ત **સોમ**,દ્રોણકલશમાં ગર્જના કરે છે. અમોઘ-ફલવાળા-સોમની ફલોને-સુંદરતાયે-વરસાવનારી, જળને રેડનારી શબ્દ કરતી ધારાઓ, પયવડેયુક્ત ધેનુઓની સમાન પ્રાપ્ત થાય છે. ૩

१ २ ३ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २र
प्रो अयासीदिन्दुरिन्द्रस्य निष्कृतꣳ सखा सख्युर्न प्र मिनाति
३ १ २ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
सङ्गिरम् । मर्य्य इव युवतिभिः समर्षति सोमः कलशे
३ १ २ ३ २
शतयामना पथा ॥४॥

अन्व० इन्दुः इन्द्रस्य निष्कृतम् प्रो अयासीत् सखा सख्युः सङ्गिरम् न प्रमिनाति युवतिभिः मर्य इव समर्षत सोमः शतयामना पथा कलशे ॥

અ૦ **સોમ**, ઇન્દ્રના સંસ્કારયુક્ત સ્થાન-ઉદર-પ્રત્યે અધિક જાય છે. અને જઈને મિત્રરૂપ **સોમ**, મિત્ર ઇન્દ્રના સમ્યક્ ગળી જવાના આધારરૂપ ઉદરને કષ્ટ દેતો નથી. અને જેમ તરૂણીયોની સાથ પુરૂષ સંગત હોય છે તેમજ મિશ્રણુશીલ-મેળવવાવાળાં-**વસતીવરી** જલોની સાથ મળે છે અને તે **સોમ**, અનેક છિદ્રયુક્ત દશાપવિત્રના માર્ગે દ્રોણકલશમાં પ્રાપ્ત થાય છે. ૪

३ २ ३ १ २३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
धर्त्ता दिवः पवते कृत्व्यो रसो दक्षो देवानामनुमाद्यो नृभिः ।
१ २ ३ २उ ३ १ २र ३ २ ३ १ २
हरिः सृजानो अत्यो न सत्वभिर्वृथा पाजाꣳसि कृणुते
३ २
नदीष्वा ॥५॥

अन्व० धर्त्ता कृत्व्यः रसः देवानां दक्षः नृभिः अनुमाद्यः हरिः दिवः पवते सत्वभिः सृजानः अत्यो न वृथा पाजांसि नदीषु कृणुते ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ સર્વનો ધારક, શોધવાયોગ્ય, રસરૂપ, દેવતાઓને–બલ–દેનાર, ઋત્વિજોને–સ્તુતિ–કરવા–યોગ્ય, હરિતવર્ણનો **સોમ**, અન્તરિક્ષમાં સ્થિત દશા-પવિત્રમાંથી પવિત્ર થઇ આવે છે. જેમ ઘોડો અનાયાસે જાય તેજ રીતે પ્રયત્ન વિનાજ પોતાના વેગને **વસતીવરી** જલોના પ્રવાહોમાં કરે છે. ૫

१२ ३ १ २ ३ २उ ३ १ २ ३ १ २र

वृषा मतीनां पवते विचक्षणः सोमो अह्नां प्रतरीतोषसां

३ २ ३ १ २र ३ १ २ ३ १ २ ३

दिवः। प्राणा सिन्धूनां कलशाꣳ अचिक्रददिन्द्रस्य हार्द्या-

३ १ २ ३ १ २

विशन्मनीषिभिः ॥६॥

अन्व० मतीनां वृषा विचक्षणः अह्नाम् उषसाम् दिवः प्रतरीता सोमः पवते सिंधूनाम् प्राणा मनीषिभिः इन्द्रस्य हार्दि आविशत् कलशान् अभि अचिक्रदत् ॥

અ૦ સ્તોતાઓના–મનોરથોની–વર્ષા કરનાર, વિશિષ્ટ દ્રષ્ટા, દિવસોનો, ઉષઃકાલનો, દ્યુલોકનો, વા આદિત્યનો–વધારનાર આ **સોમ**, સુસિદ્ધ કર્યો જાય છે. અને જળોવડે પૂર્ણ **સોમ** સ્તુતિયોની સાથ ઇન્દ્રના હૃદયમાં પ્રવેશ કરવા ચાહતો કલશો પ્રત્યે લક્ષ્ય કરી ધારાપૂર્વક પ્રવેશ કરતાં ગર્જના કરે છે. ૬

१ २ ३ २ ३ १ २ ३ ३ २ ३ १ २ ३ १ २

त्रिरस्मै सप्त धेनवो दुदुह्रिरे सत्यामाशिरं परमे व्योमनि।

३ २ ३ १ २र ३ २ ३ १ २ ३ २ ३ १ २र

चत्वार्य्यन्या भुवनानि निर्णिजे चारूणि चक्रे यदृतैरवर्द्धत॥७॥

अन्व० परमे व्योमनि अस्मै त्रिःसप्त धेनवः सत्याम् आशिरम् दुदुह्रिरे यत् ऋतैः अवर्द्धत अन्या चत्वारि भुवना निर्णिजे चारूणि चक्रे ॥

અ૦ શ્રેષ્ઠ યજ્ઞમાં સ્થિત આ સોમના અર્થ એકવીશ ગાયો, યથાર્થ દૂધ આદિ દોહીને પાત્રોમાં પૂર્ણ કરે છે. અર્થાત્ બારે માસ પાંચઋતુ, ત્રણલોક અને આદિત્ય આ એકવીશ મળીને ગાયોમાં દૂધ ઉત્પન્ન કરે છે. અને આ **સોમ** જ્યારે યજ્ઞોવડે વધે છે ત્યારે બીજાં ચાર વસતીવરી–આદિ–જલોને, શુદ્ધ કરવા કલ્યાણરૂપ કરે છે. ૭

१ २ ३ १ २ ३ १ २ ३ १ २र ३ १ ३ ३ २

इन्द्राय सोम सुषुतः परि स्रवापामीवा भवतु रक्षसा सह।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २ ३ २ ३ २ २ ३ २ १ २

मा ते रसस्य मत्सत द्वयाविनो द्रविणस्वन्त इह सन्त्विन्द्‌वः ॥८

अन्व० सोम सुषुतः इन्द्राय परिस्रव अमीवा रक्षसा सह अपभवतु ते रसस्य मा मत्सत द्वयाविनः इन्दवः इह द्रविणस्वन्तः सन्तु ॥

અ० હે **સોમ !** તૂં સુન્દર પ્રકારે સિદ્ધ કરેલો ઇન્દ્રના અર્થ ચોમેર રસ છોડ. રોગ, રાક્ષસની સાથ દૂર હો. તારા રસના પોતાના અંશને પીને સત્ય તથા અનૃતવડેયુકત પાપીઓ મદયુકત ન હો. તારા રસ આ યજ્ઞમાં અમારા અર્થ ધનવાન્ હો. ૮

१ २ ३ १ २ ३ २उ ३ २ ३ १ २ ३ ३ २ ३ १

असावि सोमो अरुषो वृषा हरी राजेव दस्मो अभि गा

२र ३ २उ ३ १ २ ३ १ २ ३ १ २र

अचिक्रदत्। पुनानो वारमत्येष्यव्ययꣳ श्येनो न योनिं

३ १ २ ३ १ २

घृतवन्तमासदत् ॥९॥

अन्व० अरुषः वृषा हरिः सोमः असावि राजेव दस्मः गाः अभि अचिक्रदत पुनानः अव्यं वारम् अत्येषि श्येनः न घृतवन्तम् योनिम् आसदत ॥

અ० દમકદાર, કામનાઓની–વર્ષા–કરનાર **સોમ** સંપાદિત થયો છે. તથા રાજાની સમાન દર્શનીય સતો જલોને ચોમેર લક્ષ્ય કરી પોતાનો રસ નિકળવા સમય તે ગર્જના કરે છે. તે પવિત્ર હોતો સતો મેંઢીના ઊનના પવિત્રને ઉલંઘી નીકળે છે. તદનન્તર, શ્યેનપક્ષીની સમાન પોતાના જલમય સ્થાનને પ્રાપ્ત થાય છે. ૯

२ ३२उ ३ १२ ३ २ ३ १ २ ३ २ ३ २उ ३ १ २

प्र देवमच्छा मधुमन्त इन्दवोऽसिष्यन्दत गाव आ न धेनवः।

३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २

बर्हिषदो वचनावन्तः ऊधभिः परिस्रुतमुस्त्रिया निर्णिजं धिरे॥

अन्व० मधुमन्तः इन्दवः देवं अच्छ प्रासिष्यदन्त न धेनवः गावः आ बर्हिषदः वचनवन्तः उस्त्रियाः ऊधभिः परिस्रुतम् निर्णिजम् धिरे ॥

અ०મધુર રસવાળો **સોમ** ઇન્દ્રદેવપ્રત્યે ગ્રહઆદિ પાત્રોમાં પ્રાપ્ત થાય છે. જેમ દૂધવડે તૃપ્ત કરનાર ગાયો પોતાના વાછડાપ્રતિ દૂધ ટપકાવે (તેમ).

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને યજ્ઞમાં સ્થિત ભેંભારવ કરતી ગાયો, પોતાના દૂધના અવવડે ચોમેર ટપકનાર શુદ્ધ દુગ્ધરૂપ સોમરસને ઇન્દ્ર નિમિત્ત ધારણ કરે છે. ૧૦

३ २२र २र ३ १ ३ १ २ ३ २३क २र

अञ्जते व्यञ्जते समञ्जते क्रतुꣳ रिहन्ति मध्वाभ्यञ्जते ।

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २ ३ १

सिन्धोरुच्छ्वासे पतयन्तमुक्षणꣳ हिरण्यपावाः पशुमप्सु

२

गृभ्णते ॥११॥

अन्व० अञ्जते व्यञ्जते समञ्जते क्रतुम् रिहन्ति मध्वा अभ्यञ्जते सिन्धोः उच्छ्वासे पतयन्तम् उक्षणम् हिरण्यपावः पशुम् गृभ्णते ॥

અ० ઋત્વિજ **સોમ**ને ગાયોના દુગ્ધાદિ સાથ મેળવે છે. અનેક પ્રકારે મેળવે છે. દેવતા બલકર્તા **સોમ**નો સ્વાદ લે છે. અને ફરી ગોઘૃતવડે મેળવે છે. તેજ **સોમ**ને, જલના આધારભૂત ઉચ્ચદેશમાંજ સેચન કરનારને સુવર્ણવડે પવિત્ર કરતા દ્રષ્ટારૂપે ગૃહણ કરે છે. ૧૧

३ १ २ ३ १ २ ३ १ २र ३ १ २ ३ १ २

पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्य्येषि विश्वतः ।

१ २ ३ २उ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २र

अतप्ततनूर्न तदामो अश्नुते शृतास इद्वहन्तः सं तदाशत ॥१२॥

अन्व० ब्रह्मणस्पते ते पवित्रम् विततम् प्रभुः गात्राणि पर्य्येषि विश्वतः अतप्ततनूः आमः नाश्नुते शृतासः इत् वहन्तः तत् समाशत ॥

અ० હે મંત્રના–સ્વામી–**સોમ** ! તારૂં શ્રેષ્ઠ અંગ સર્વત્ર ફેલાયું છે. શકિતમાન્ તૂં પીનારના અંગોને પ્રાપ્ત થાય છે. ચોમેર તારા તે પવિત્રને, પયોવ્રત આદિવડે જેનું શરીર સંતપ્ત થયું નથી એવો પરિપાક રહિત વ્યાપ્ત થતો નથી. પરિપકવ હોઇને જ યજ્ઞના નિર્વાહ કરતા તે પવિત્રને વ્યાપ્ત કરે છે. ૧૨

इति नवमः खण्डः समाप्तः ॥९॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ९

१ चनोहितः–चनसेअन्नायहितः–ભોજન કરવાયોગ્ય અને હિતકારી.
२ नामानि–नमनशीलानि उदकानि–જલો.
३ यंहः–મહાન્
४ विश्वञ्चम्–સર્વત્ર ગમન કરનાર.
५ अचोदनाः–अचोदनाः अनन्यप्रेरिताः–અન્યની પ્રેરણાથી રહિત.
६ प्रधन्वन्तु–प्रगच्छन्तु–પ્રાપ્ત હો.
७ अर्य्यः–अरयः–શત્રુ.
८ इषयः–इषोन्नानि इच्छन्तः–અન્નોની ઇચ્છા કરતા.
९ अश्नना:–अशनेन–ભોજનવડે.
१० विचित्–વિયુક્ત.
११ कोश–દ્રોણકલશ.
१२ वपुष्टमः–अतिशयेनवप्ता–શ્રેષ્ઠ બીજ વાવનાર.
१३ वाश्राः–શબ્દ કરતી.
१४ घृतश्चुतः–ઉદકના રસને ટપકાવનારી
१५ संगिरम्–સમ્યક્પ્રકારે ગળવાના આધારરૂપ ઉદર.
१६ शतयामना–शतयाम्ना–અનેક છિદ્રયુકત.
१७ कृत्व्यः–कर्तव्यः शोध्यः–શોધન કરવાયોગ્ય.
१८ नदीषु–વસતીવરી જળના પ્રવાહો મધ્યે.
१९ पाजांसि–બલ; પોતાનો વેગ.
२० मतीनाम्–સ્તોતાઓનો.
२१ प्रतरीता–प्रवर्द्धयिता–વધારનાર.
२२ हार्दि–હૃદય.
२३ आशिरम्–દૂધ આદિ.
२४ द्वयाविनः–જુઠું તથા સત્યવડેયુકત; અર્થાત્ પાપી.
२५ दस्मः–દર્શનીય.
२६ धिरे–दधिरे–ધારણ કરે છે.
२७ उस्रियाः–ગાયો.
२८ उच्छ्रासे–उच्छ्रिते–ઉચ્ચદેશમાં.
२९ पशुम्–द्रष्टारम् । (पश्यतेः)–દ્રષ્ટારૂપ.
३० आमः–અપરિપકવ.
३१ शृतासः–પરિપકવ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ५ खण्ड १०

२ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २
इन्द्रमच्छ सुता इमे वृषणं यन्तु हरयः ।
३ २ ३ २ ३ १ २ ३ १ २
श्रुष्टे जातास इन्दवः स्वर्विदः ॥१॥

अन्व० श्रुष्टे जातासः इन्दवः स्वर्विदः हरयः सुताः इमे वृषणम् अच्छयन्तु ॥

અ० શીઘ્રસુસિદ્ધ તથા પાત્રોમાં ટપકતા, સર્વજ્ઞ, હરિતવર્ણના ખેંચેલા આ **સોમ**, કામનાઓની–વર્ષા–કરનાર–ઇન્દ્રને પ્રાપ્ત હો. ૧

१ २ ३ १ २ ३ १ २ ३ १ २
प्र धन्वा सोम जागृविरिन्द्रायेन्दो परि स्रव ।
३ २ ३ २ ३ १ २ ३ १ २
द्युमन्तꣳ शुष्ममा भर स्वर्विदम् ॥२॥

अन्व० सोम जागृविः प्रधन्व इन्दो इन्द्राय परिस्रव द्युमन्तम् स्वर्विदम् शुष्म आभर ॥

અન્વ० હે **સોમ** ! જાગરણશીલ–તૂં, પાત્રમાં પ્રાપ્ત હો. હે **સોમ** ! તૂં ઇન્દ્ર અર્થ પાત્રોમાં ચોમેર વરસ. દેદીપ્ત, સ્વર્ગ–પ્રાપ્ત–કરાવનાર તથા શત્રુઓનું શોષક બલ દો. ૨

१ २ ३ १ २र ३ २ ३ १ २
सखाय आ नि षीदत पुनानाय प्र गायत ।
२ ३ २ ३ १ २र ३ २
शिशुं न यज्ञैः परि भूषत श्रिये ॥३॥

अन्व० सखायः आ निषीदत पुनानाय प्रगायत शिशुम् न श्रिये यज्ञैः परिभूषत ॥

અ० હે મિત્ર **સ્તોતાઓ** ! તમે સ્તુતિ કરવા બેસો. પવિત્ર કરાતા સોમ અર્થ સામગાન કરો. જેમ પિતા પોતાના બાલક પુત્રને આભૂષણોવડે સુશોભિત કરે છે તેમ તમે આ સોમને શોભા અર્થ યજનયોગ્ય હવિયોવડે અલંકૃત કરો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ १ २ ३ २ ३ १ २
तं वः सखायो मदाय पुनानमभि गायत ।
२ ३ २ ३ १ २ ३ १ २
शिशुं न हव्यैः स्वदयन्त गूर्तिभिः ॥४॥

अन्व० सखायः वः मदाय पुनानम् तम् अभिगायत शिशुं न हव्यैः गूर्तिभिः स्वदयन्त ॥

अ० હે મિત્ર ઋત્વિજો ! તમે દેવતાઓના મદનિમિત્ત સુસિદ્ધ કરાતા તે સોમની સ્તુતિ કરો. બાલકની સમાન હવિયોવડે તથા સ્તુતિયોવડે સ્વાદિષ્ઠ કરો. ૪

३ १ २२३१२ ३ २ ३ २ ३ १ २
प्राणा शिशुर्महीनाꣳ हिन्वन्नृतस्य दीधितिम् ।
२ ३ १२ ३ १ २३१२ ३ २
विश्वा परि प्रिया भुवदध द्विता ॥५॥

अन्व० प्राणा महीनाम् अपाम् शिशुः ऋतस्य दीधितिम् हिन्वन् विश्वा प्रिया परि भुवत् द्विता ॥

अ० યજ્ઞવિધિને-પરિપૂર્ણ-કરનાર, પૂજનીય-જલોનો-શિશુસમાન-સોમ, યજ્ઞના પ્રકાશક પોતાના રસને પ્રેરણા કરતો સકલ પ્રિય હવિયોને વ્યાપ્ત થાય છે. અને દ્યુલોક તથા ભૂલોક બન્ને સ્થાનપર વર્ત્તમાન હોય છે. ૫

१२ ३१२ ३ २३ १२३१२
पवस्व देववीतय इन्दो धाराभिरोजसा ।
२ ३२३ १२
आ कलशं मधुमान्त्सोम नः सदः ॥६॥

अन्व० इन्दो देववीतये ओजसा धाराभिः पवस्व सोम मधुमान् नः कलशम् आसद ॥

अ० હે સોમ ! દેવતાઓના ભક્ષણ અર્થ બલ સાથ પોતાની ધારાઓ-વડે પાત્રમાં પૂર્ણ હો. હે સોમ ! મદકારી-રસવાળો-તૂં, અમારા દ્રોણકલશમાં સ્થિત હો. ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१ २ ३ २ ३ २उ ३ २ ३ १ २
सोमः पुनान ऊर्मिणाव्यं वारं वि धावति ।
१ २ ३ १ २र ३ १ २
अग्रे वाचः पवमानः कनिक्रदत् ॥७॥

अन्व० पवमानः वाचः अग्रे कनिक्रदत् पुनानः सोमः ऊर्मिणा अव्यं वारम् विधावति ॥

અ० પવિત્ર, સ્તોત્રની આગળ વારંવાર ગર્જના કરતો, સુસિદ્ધ-કરાતો-**સોમ,** પોતાની ધારાવડે ઊનના દશાપવિત્ર પ્રતિ નાનાપ્રકારે ગમન કરે છે. ૭

१ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
प्र पुनानाय वेधसे सोमाय वच उच्यते ।
३ १ २र ३ १ २ ३ १ २
भृतिं न भरा मतिभिर्जुजोषते ॥८॥

अन्व० पुनानाय वेधसे सोमाय वचः प्रोच्यते मतिभिः जुजोषते प्रभर भृतिं न ॥

અ० (સ્તોતા પોતાના આત્માને કહે છે-) પવિત્રવડે-શુદ્ધ-હોનાર, કર્મોના વિધાતા સોમના અર્થ સ્તોત્રનું ઉચ્ચારણ કરો. અને સ્તુતિયોવડે પ્રસન્ન હોનાર અર્થ અધિક સ્તુતિ કરો જેમ સેવકને ધન દે છે (તેમ). ૮

१ २ ३ १ २ ३ १ ३
गोमन्न इन्दो अश्ववत्सुतः सुदक्ष धनिव ।
१ ३ ३ २ ३ २ ३ १ २
शुचिं च वर्णमधि गोषु धारय ॥९॥

अन्व० सुदक्ष इन्दो सुतः नः गोमत् अश्ववत् धनिव शुचिम् वर्णम् गोषु अधि धारय ॥

અ० હે બલશાલી **સોમ!** સુસિદ્ધ-કરેલ-તૂં, અમને ગાયોસહિત, ઘોડા સહિત ધન દે. તદનન્તર, હું પવિત્ર તથા દેદીપ્તરસને ગોરસમાં અધિક પામું. ૯

३ १ २ ३ १ २ ३ १ २र
अस्मभ्यं त्वा वसुविदमभि वाणीरनूषत ।
१ २ २ १ २ ३ १ २
गोभिष्टे वर्णमभि वासयामसि ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० वसुविदम् त्वा अस्मभ्यम् वाणीः अभ्यनूषत ते वर्णम् गोभिः अभिवासवामासि ॥

અ० હે **સોમ**! ધન—દાતા—તૂંને, અમને ધન આદિ દેવા અમારી વાણીયો ચોમેર સ્તુતિ કરે છે. અને અમે તમારા રસને ગાયોના દૂધ-આદિવડે ચોમેર આચ્છાદિત કરીએ છીએ. ૧૦

१ २ ३ २उ ३ २ ३ १ २ ३ १ २
पवते हर्य्यतो हरिरति ह्वराᳬंसि रᳬंह्या ।
३क २र ३ १ २ ३ २ ३ १ २
अभ्यर्ष स्तोतृभ्यो वीरवद्यशः ॥११॥

अन्व० हर्यतः हरिः रंह्या ह्वरांसि अति पवते स्तोतृभ्यः वीरवत् यशः अभ्यर्ष ॥

અ० ઇચ્છાકરવાયોગ્ય, હરિતવર્ણનો **સોમ**, શ્રેષ્ઠ વેગે તિરછા પવિત્રમાંથી બ્હાર નિકળી જાય છે. હે **સોમ**! તૂં સ્તુતિ કરનારાઓને પુત્રયુક્ત કીર્તિ દે. ૧૧

२ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
परि कोशं मधुश्चुतंᳬ सोमः पुनानो अर्षति ।
३ २र ३ १ २ ३ १ २
अभि वाणीर्ऋषीणाᳬं सप्तानूषत ॥१२॥

अन्व० पुनानः सोमः मधुश्चुतम् कोशं परि अर्षति ऋषीणाम् सप्तवाणाः अभ्यनूषत ॥

અ० આ પવિત્ર કરાતો **સોમ**, મધુરતાને ટપકાવનાર પોતાના રસને કલશમાં પહોંચાડે છે. આ **સોમની**, ઋષિઓની સાત છંદોવાળી વાણીયો સ્તુતિ કરે છે. ૧૨

इति दशमः खण्डः समाप्तः ॥१०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड १०

૧ श्रुष्टे-श्रुष्टी-શીઘ્ર.
૨ स्वर्विदः-સર્વજ્ઞ.
૩ हरयः-હરિત વર્ણના.
૪ गूर्त्तिभिः-સ્તુતિયોવડે.
૫ प्राणाः-यज्ञंकुर्वाणाः-યજ્ઞવિધિને પરિપૂર્ણ કરનાર.
૬ महीनाम्-महतीनाम् महनीयानाम् વા-પૂજનીય.
૭ द्विता-द्विधा-દ્યુલોકમાં તથા ભૂલોકમાં.
૮ आसद्-आसीद्-સ્થિત હો.
૯ ऊर्मिया-પોતાની ધારાવડે.
૧૦ भृतिम्-भृतकाय-સેવકને.
૧૧ प्रभर- અધિકતાયે સ્તુતિ કરો.
૧૨ धनिव-धन्व-गमय-દો.
૧૩ वर्णम्-રસ.
૧૪ अभिवासयामः-अभितआच्छादयामः-ચોમેર આચ્છાદિત કરીએ છીએ.
૧૫ रंह्या-साधुवेगेन-શ્રેષ્ઠ વેગવડે.
૧૬ ह्वरांसि-કુટિલ-તિરછાં-(પવિત્રોને).
૧૭ वीरवत्-પુત્રયુકત.
૧૮ हर्यतः-स्पृहणीयः-ઇચ્છાકરવાયોગ્ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ५ खण्ड ११

१२३ १२ ३ १ २ ३ १ २ ३
पवस्व मधुमत्तम इन्द्राय सोम क्रतुवित्तमो मदः ।
१ २ ३ १ २ ३ ३ १
महि द्युक्षतमो मदः ॥१॥

अन्व० सोम मधुमत्तमः क्रतुवित्तमः महि द्युक्षतमः मदः इन्द्राय मदः पवस्व ॥

અ૦ હે **સોમ** ! અત્યન્ત મધુરતાયુક્ત, પ્રજ્ઞા વા કર્મને–પ્રાપ્ત–કરાવનાર, પૂજનીય, પરમદેદીપ્ત તથા હર્ષદાયક તૂં, ઇન્દ્ર અર્થે મદકારી હોતો પવિત્ર હો. ૧

३ २ ३ २ ३२उ ३ १२ ३ १ २ ३३२
अभि द्युम्नं बृहद्यश इषस्पते दिदीहि देव देवयुम् ।
१ २र ३ १ २
वि कोशं मध्यमं युव ॥२॥

अन्व० इषस्पते देव देवयुम् द्युम्नम् बृहत् यशः अभिर्दीदिहि मध्यमम् कोशम् वियुव ॥

અ૦ હે અન્નના–સ્વામી–સ્તુતિયોગ્ય–**સોમ** ! દેવતાઓને પ્રાપ્તહોવા–યોગ્ય–તૂંને અમે સ્તુતિ કરીએ છઇએ. તૂં અમને દેદીપ્યમાન. બહુ અન્ન અભિમુખ હોઇ દે. અન્તરિક્ષમાં સ્થિત મેઘને વર્ષાને લીધે છિન્નભિન્ન કર. ૨

१ २ ३ १ २ ३ २ ३ १ २र ३ १ २ ३ १ २
आ सोता परि षिंञ्चताश्वं न स्तोममप्तुरꣳ रजस्तुरम् ।
३ १२३१२
वनप्रक्षमुदप्रुतम् ॥३॥

अन्व० अश्वं न स्तोमम् अप्तुरम् रजस्तुरम् वनप्रक्षम् उदप्रुतम् आ सोत परिषिञ्चत ॥

અ૦ હે **ઋત્વિજો** ! ઘોડાની–સમાન–વેગવાન્, સ્તુતિનેયોગ્ય, અન્તરિક્ષમાં સ્થિત, જળોના પ્રેરક, તેજોના પ્રેરક, જળોવડે મિશ્રિત વા પાત્રોમાં ફેલાયલ, જળમાં–જનારા–સોમને અભિષુત કરો. તથા ચોમેર **વસતીવરી** આદિવડે સીંચો. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ ३
एतमु त्यं मदच्युतꣳ सहस्रधारं वृषभं दिवोदुहम् ।
२ ३ २ २ ३ १ २
विश्वा वसूनि बिभ्रतम् ॥४॥

अन्व० दिवः मदच्युतम् सहस्रधारम् वृषभम् विश्वा वसूनि बिभ्रतम् एतं त्यमु दुहम् ॥

अ० દેવતાઓની કામના કરનાર ઋત્વિક્ મદના પ્રેરક, અનેક ધારાવાળા, કામના-પૂરી-કરનાર, સકલ-ધનોને-ધારણ-કરનાર આ સોમનેજ દોહે છે. ४

१ ३ ३ १ २र ३ २ ३ १ २ ३ १ २र
स सुन्वे यो वसूनां यो रायामानेता य इडानाम् ।
२ ३ १ २ ३ २
सोमो यः सुक्षितीनाम् ॥५॥

अन्व० यः वसूनाम् यः रायाम् यः इडानाम यः सुक्षितीनाम् आनेता सः सुन्वे ॥

अ० જે ધનોનો, જે દૂધ-આદિ-દેવાવાળી-ગાયોનો, જે ભૂમિયોનો તથા જે શ્રેષ્ઠ મનુષ્યોનો લાવવાવાળો છે તે સોમ, ઋત્વિજોવડે અભિષુત કરાયો છે. ૫

२ १ २ ३ १२ ३ १ २ ३ १ २
त्वꣳ ह्या३ङ्ग दैव्य पवमान जनिमानि द्युमत्तमः ।
३ १ २ ३ १ २
अमृतत्वाय घोषयन् ॥६॥

अन्व० पवमान द्युमत्तमः त्वम् हि दैव्यं जनिमानि अमृतत्वाय अङ्ग घोषयन् ॥

अ० હે પૂયમાન સોમ ! અત્યન્ત દીપ્તિમાન્ તૂંજ, દેવસંબંધી જન્મોને અર્થાત્ દેવતાઓને જાણે છે. તેમના અમરણ અર્થ ઋત્વિજોવડે શીઘ્ર ગર્જના ઉત્પન્ન કરાય છે. ૬

३ १ २र ३ २ ३ १ २ ३ १ ३
एष स्य धारया सुतोऽव्या वारेभिः पवते मदिन्तमः ।
१ २ ३ २ ३ १ २
क्रीडन्नूर्मिरपामिव ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० मदिन्तमः अपां ऊर्मिः इव क्रीडन् स्यः एषः सुतः अव्याः वारेभिः धारया पवते ॥

અ૦ પરમ-આનન્દ-દેવાવાળો, જળના પ્રવાહની સમાન અહીં તહીં ક્રીડા કરતો તે આ-અભિષુત-**સોમ**, ઊનના પવિત્રમાંથી પોતાની ધારાવડે કલશમાં ટપકે છે. ૭

३ ३ २ ३ २ ३ २ ३ १ २३ ३ १ २र ३ १ २
य उस्रिया अपि या अन्तरश्मनि निर्गा अकृन्तदोजसा ।
३ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
अभि व्रजं तत्निषे गव्यमश्व्यं वर्मीव धृष्णवा रुज ।
१ ३ १ २ ३ १ २
ओ३म् वर्मीव धृष्णवा रुज ॥८॥

अन्व० यः उस्रियाः अपि याः अश्मनि अन्तः गाः ओजसा निरकृन्तत् गव्यम् अश्व्यम् व्रजम् अभितत्निषे धृष्णो वर्मीव आरुज ॥

અ૦ જે વેહેવાવાળાં, અન્તરિક્ષમાં અસુરોએ-ધારણ-કરેલાં, મેઘોની અંદરનાં જળોને બળપૂર્વક છિન્નભિન્ન કરે છે તે-તૂં-**સોમ**, અસુરોએ-હરણ-કરેલ-ગાયોના તથા અશ્વોના સમૂહને ચોમેર વ્યાપ્ત કરે છે. હે શત્રુઓને-ભય-દેવાવાળા-**સોમ**! તૂં કવચધારી સમાન અસુરોને નષ્ટ કર. ૮

इति एकादशः खण्डः समाप्तः ॥११॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्ड ११

१ क्रतुवित्तमः—પ્રજ્ઞા વા કર્મને પ્રાપ્ત કરાવનાર.

२ द्युक्षतमः—પરમદીપ્ત.

३ वियुव—विश्लेषय—વૃષ્ટ્યર્થ છિન્નભિન્ન કરો.

४ अप्तुरम्—અન્તરિક્ષસ્થ જલના પ્રેરક.

५ वनप्रक्षम्—उदकैः सम्पृक्तम्—જળોવડે મિશ્રિત.

६ रजस्तुरम्—તેજોના પ્રેરક.

७ उदप्रुतम्—उदकंगच्छन्तं प्लवमानम्—જળમાં જનાર.

८ बिभ्रतम्—धारयन्तम्—ધારણ કરનાર.

९ सुक्षितीनाम्—શ્રેષ્ઠ મનુષ્યોના.

१० जनिमानि—જન્મો.

११ अश्मनि—મેઘ મધ્યે.

१२ उस्रियाः—उत्सरणशीलाः—વહેનાર.

१३ अपियाः—अप्याः—અન્તરિક્ષમાં ધારણ કરેલા.

१४ गाः—જળ.

१५ व्रजम्—સમૂહ.

१६ तत्निषे—વ્યાપ્ત કરે છે.

१७ वर्मी—કવચધારી.

१८ आरुज—जहि—નષ્ટ કરો.

पवमानं पर्व समाप्तम् ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

॥ आरण्यकं पर्व. ॥

अ. ६ खण्ड १

२ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
इन्द्र ज्येष्ठं न आभर ओजिष्ठं पुपुरि श्रवः।
१२२र ३ १ २ ३ १ ३ २र
यद्दिधृक्षेम वज्रहस्त रोदसी उभे सुशिप्र पप्राः ॥१॥

अन्व० वज्रहस्त सुशिप्र इन्द्र यत् दिधृक्षेम उभे रोदसी पप्राः ज्येष्ठम् ओजिष्ठम् पुपुरि श्रवः नः आभर ॥

અ० હાથમાં-વજ્ર-ધારણ-કરવાવાળા; સુંદર-હનુવાળા-હે-ઇન્દ્ર! જેને અમે ધારણ કરવા ચાહીએ છઇએ અને જેને ઉભય દ્યુલોક અને ભૂમિ પૂર્ણ કરે છે તે પરમ પ્રશંસનીય, અત્યન્ત બલદાયક તથા તૃપ્તિ-દેવાવાળા-અન્નને અમારા અર્થ દ્યો. ૧

२ २ २ ३ १ २ ३ १र २उ ३२ ३ १ २ ३ १ २
इन्द्रो राजा जगतश्चर्षणीनामधिक्षमा विश्वरूपं यदस्य।
३ २ ३ १ २ ३ २र ३ १ २ ३ २
ततो ददाति दाशुषे वसूनि चोदद्राध उपस्तुतं चिदर्वाक् ॥२॥

अन्व० इन्द्रः जगतः चर्षणीनाम् राजा यत् अधिक्षमा अस्य विश्वरूपम् ततः दाशुषे वसूनि ददाति उपस्तुतम् राधः अर्वाक् चित् चोदत् ॥

અ० જે જંગમ-પશુ-આદિના તથા મનુષ્યોના રાજા છે. અને જે ભૂતલ-પર આનું સર્વપ્રકારનું ધન છે તેના પણ ઇશ્વર છે. તેમાંથી દાન-આદિ-કરવાવાળા-યજમાનને સર્વ પ્રકારનું ધન દે છે. તે ઇન્દ્ર! ભલેપ્રકાર પ્રશસ્ત ધનને અમારી અભિમુખ પ્રેરણા કરો અર્થાત્ અમને દે. ૨

२ ३ २ ३ २ ३ १ २ ३ २उ ३ २३क २र
यस्येदमा रजो युजस्तुजे जने वनछंस्वः।
१ २ ३ १ २ ३२
इन्द्रस्य रन्त्यं बृहत् ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० रजोयुजः यस्य इदम् स्वः तुजे वनम् इन्द्रस्य रन्त्यम् बृहत् ॥

અ૦ જ્યોતિયોવડે યુક્ત અર્થાત્ અત્યંત તેજસ્વી જે ઈન્દ્રનું આ સ્તોત્ર યુક્ત હવિ છે તે, સ્વર્ગમાં વા સર્વત્ર દાતાયજમાનના વિષયમાં ચાહના-કરવા-યોગ્ય છે. તે કારણ નિઃસન્દેહ ઈન્દ્રનું દાન અતિરમણીય છે. તથા પુષ્કળ રૂપ છે. ૩

१२३१ २ ३ १२३१र २र३१र३र ३ १ २

उदुत्तमं वरुण पाशमस्मदवाधमं विमध्यमꣳ श्रथाय ।

१२ ३ २ ३१२ २र३ २ ३ १ २

अथादित्यव्रते वयं तवानागसो अदितये स्याम ॥४॥

अन्व० वरुण उत्तमम् पाशम् अस्मत् उत् श्रथाय अधमम् अव मध्यमम् वि अथ आदित्य वयम् तव व्रते अदितये अनागसः स्याम ॥

અ૦ હે **વરૂણ!** ઉત્તમ-શિરમાં આંધેલ-પાશને અમારા અર્થ ઉપર ઢીલો કરો. નાભિદેશના મધ્યમ પાશને વિયુક્ત કરો. અર્થાત્ અલગ કરી ઢીલો કરો. તે પછી હે અદિતિના પુત્ર **વરૂણ!** અમે શુનઃશેપ, તમારા કર્મમાં દુઃખ વા ખણ્ડનથી રહિત હોવા અપરાધરહિત થઇએ. ૪

१ २ ३१र ३ १२ ३१र२र ३ १ २

त्वया वयं पवमानेन सोम भरे कृतं विचिनुयाम शश्वत् ।

१ २ ३ १२ २र ३ १ २ ३ १ २ ३ २

तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी

३ २

उत द्यौः ॥५॥

अन्व० सोम पवमानेन त्वया वयम् भरे शश्वत् कृतम् विचिनुयाम तत् मित्रः वरुणः अदितिः सिन्धुः पृथिवी उत द्यौः नः मामहन्ताम् ॥

અ૦ હે **સોમ!** પવિત્રનીદ્વારા-શુદ્ધ-કરાતો-તૂં તેની સહાયતાવડે અમે, સંગ્રામમાં અનેક પરાક્રમ-આદિ-કર્તવ્ય વિશેષ કરીએ છઇએ. તે કારણ **મિત્ર, વરૂણ, અદિતિ**દેવી, **સિન્ધુ, પૃથિવી** તથા **દ્યુલોક** અર્થાત્ તેમના અભિમાની દેવતા અમને ધન આદિ દઇ મોટા કરે. ૫

३ १ २र ३ २उ ३ २

इमं वृषणं कृणुतैकमिन्माम् ॥६॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० एकम् इमम् इत् वृषणम् कृणुत माम् ॥

અ૦ (ઉપર કહેલા હે મિત્રાદિ-દેવતાઓ!) તમે દાન કરવામાં અદ્વિતીય આ એક સોમનેજ મનોરથોની-વર્ષા-કરવાવાળો કરો. મને પણ ફલોની-વર્ષા-કરવાવાળી-ક્રિયાવડે યુક્ત કરો. ૬

२ ३ १ २ ३ १ २ ३ १२ ३ १ २
स न इन्द्राय यज्यवे वरुणाय मरुद्भ्यः ।
३ १र २र
वरिवोवित्परिस्रव ॥७॥

अन्व० सः वरिवोवित् नः यज्यवे इन्द्राय वरुणाय मरुद्भ्यः परिस्रव ॥

અ૦ હે સોમ! તે-અમને-ધન-પ્રાપ્તકરાવનાર-તું, અમારા યજમાનને યોગ્ય અર્થાત્ પૂજનીય ઇન્દ્રાર્થ, વરૂણાર્થ તથા મરૂતોના અર્થ ધારાપૂર્વક ટપક. ૭

३ १र २र ३ २उ २ २ ३ १ २
एना विश्वान्यर्य आ द्युम्नानि मानुषाणाम् ।
१ २
सिषासन्तो वनामहे ॥८॥

अन्व० एना मानुषाणाम् विश्वानि द्युम्नानि अर्यः सिषासन्तः आ वनामहे ॥

અ૦ આ સ્તોત્રવડે મનુષ્યોનાં સર્વ અન્નોને પ્રાપ્ત થતા અમે બાટી લેવા-(વેહેંચી લેવા) ચાહતા યથોચિત બાટી લઇએ છીએ. ૮

३ १ २ ३ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २
अहमस्मि प्रथमजा ऋतस्य पूर्वं देवेभ्यो अमृतस्य नाम ।
२ ३ १ २ ३ २उ ३ १ २ ३ २उ ३ १ ३ २ १ ३
यो मा ददाति स इदेवमावदहमन्नमन्नमदन्तमद्मि ॥९॥

अन्व० अहम् देवेभ्यः पूर्वम् अमृतस्य ऋतस्य प्रथमजा नाम अस्मि यः माम् ददाति सः इत् एवम् आवत् अन्नम् अदन्तम तम् अहम् अन्नम् अद्मि ॥

અ૦ (અન્નની અધિષ્ઠાત્રી દેવતા કહે છે:-) હું અન્ન, અગ્નિ-આદિ-દેવતાઓથી પહેલું છું. હું વિનાશરહિત—સત્યસ્વરૂપ—પરમાત્માનો સર્વથી પહેલો-ઉત્પન્ન-હોનાર પ્રસિદ્ધપદાર્થ છું. જે પુરૂષ હું અન્નને અતિથિયો અથ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દે છે તેજ આ દેખાતી રીતિયે સર્વ પ્રાણિયોની રક્ષા કરે છે. અને જે લોભ-યુકત થઇ પ્રાણિઓને અન્ન દેતો નથી અર્થાત્ કેવલ પોતેજ ખાઇ લે છે તે નાનાપ્રકારના-અન્નોના-ખાનાર-લોભીને હું **અન્નદેવતા** ખાઇ જાઉં છું અર્થાત્ તેનો નાશ કરી દઉં છું. ૯

इति प्रथमः खण्डः समाप्तः ॥१॥

खण्ड १

१ पुपुरि-पूरकम्-તૃપ્તિ દેવાવાળું.

२ दिधृक्षेम-धारयितुमिच्छेम-ધારણ કરવા ચાહીએ છઇએ.

३ पप्राः-आपूरयन्ति-પૂર્ણ કરે છે.

४ अधिक्षमा-अधिक्षमि-ભૂતલપર.

५ रज्ञोयुजः-જ્યોતિયોવડેયુકત; અત્યંત તેજસ્વી.

६ तुजे-दातरि-દાતા યજમાનના વિષયમાં.

७ वनं-वननीयं-ચાહના કરવાયોગ્ય.

८ रन्त्यम्-અત્યન્ત રમણીય.

९ उच्छ्रथाय-उत्कृष्टं शिथिलं कुरु-ઉપરથી ઢીલો કરો.

१० अव-अधस्तात्-નીચેના.

११ विश्रथाय वियुज्य शिथिलंकुरु-વિયુકત-અલગ કરી-ઢીલો કરો.

१२ अदितये-खण्डनराहित्याय-દુઃખ વા ખણ્ડનથી રહિત રહેવા.

१३ भरे-સંગ્રામમાં.

१४ मामहन्ताम्-पूजयन्तु धनादिदानेन-ધન આદિ દઈ મોટા કરે.

१५ आवत्-अवति-રક્ષા કરે છે.

१६ नाम-खलु ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ६ खण्ड २

२ ३ १ २ ३ २ ३ १ २
त्वमेतदधारयः कृष्णासु रोहिणीषु च ।
१ २ ३ २ ३ १ २
परुष्णीषु रुशत्पयः ॥१॥

अन्व० कृष्णासु रोहिणीषु च परुष्णीषु एतत् रुशत्पयः त्वम् अधारयः ॥

અ० હે ઇન્દ્રદેવ! કાળા વર્ણની, લાલ વર્ણની અને અનેકવર્ણોની ગાયોના આ દમકતા શ્વેત દૂધને ધારણ કર્યું છે, તે કારણ અમે તેના સામર્થ્યની પ્રશંસા કરીએ છઇએ. ૧

१ २ २ २ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २ ३ २
अरूरुचदुषसः पृश्निरग्रिय उक्षा मिमेति भुवनेषु वाजयुः ।
३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
मायाविनो ममिरे अस्य मायया नृचक्षसः पितरो गर्भमादधुः

अन्व० उषसः पृश्निः अग्रियः अरूरुचत् उक्षा भुवनेषु वाजयुः मिमीते मायाविनः अस्य मायया ममिरे गर्भम् आदधुः ॥

અ० ઉષાસમ્બન્ધી **આદિત્ય** નામવાળો મુખ્ય સોમ સ્વપ્રકાશિત હોય છે અને સર્વને પ્રકાશિત કરે છે. અને તે જલ વરસાવનાર મેઘરૂપ થઇ લોકોમાં બલ અને આનન્દની ઇચ્છા કરતો અત્યન્ત ગર્જના કરે છે. પ્રજ્ઞાવાળા દેવતાઓએ આ સોમની પ્રજ્ઞાદ્વારા રચના કરી છે. અર્થાત્ અગ્નિ–આદિ–દેવતા, સોમના એક એક ભાગને પીવાના પ્રભાવ થકી પોતપોતાના વ્યાપારવડે જગતની રચના કરે છે. એવા આ સોમના પ્રતાપથી મનુષ્યોને દેખવાવાળા, પાલન કરનાર દેવતા અથવા પિતૃપુરૂષ ઓષધોમાં ગર્ભને ધારણ કરે છે. (આ પ્રકારે અહીં **સૂર્યાત્મા** સોમની સ્તુતિ કરી છે કેમકે સૂર્યનાં કિરણો પ્રવેશ થવાપર જ સોમ વૃદ્ધિને પામે છે.) ૨

२ ३ २उ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २
इन्द्र इद्धर्यो सचा संमिश्र आ वचोयुजा ।
१ २ ३ १ २ ३ १ २
इन्द्रो वज्री हिरण्यया ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० इन्द्र इत् वचोयुजा हर्योः सचा आसंमिश्लः इन्द्रः वज्री हिरण्ययः ॥

અ० ઈન્દ્રજ વચનમાત્રથી રથમાં જોડાઇ જનાર અર્થાત્ સુન્દર-શિક્ષા-પામેલા-હરિનામક-અશ્વોને એકસાથ સર્વત્ર મેળવી દેનાર છે. તે ઈન્દ્ર વજ્રધારી છે અને તેણે સકલ આભૂષણો ધારણ કરેલાં છે. ૩

२ ३ १ २ ३ १ २
इन्द्र वाजेषु नोव सहस्रप्रधनेषु च ।
३२ ३ १ २ ३ १ २
उग्र उग्राभिरूतिभिः ॥४॥

अन्व० इन्द्र उग्रः उग्राभिः ऊतिभिः नः वाजेषु च सहस्रप्रधनेषु अव ॥

અ० હે ઈન્દ્ર ! મહાબલી હોવા કારણ કોઇવડે-ન-દબાનાર-તમે, ન-દબાનારી-પરમતેજસ્વી-રક્ષાઓવડે મને સાધારણ યુદ્ધોમાં અને મહાયુદ્ધોમાં પણ રક્ષા કરો. ૪

१ २ ३ १ २ १ २ ३ १ २र ३ १ ३ १ २
प्रथश्च यस्य सप्रथश्च नामानुष्टुभस्य हविषो हविर्यत् ।
३ १ २र ३ २ ३ १ २ ३ १ २र ३ १ २
धातुर्द्युतानात्सवितुश्च विष्णो रथन्तरमाजभारा वसिष्ठः ॥५॥

अन्व० यस्य प्रथः च सप्रथः वसिष्ठः अनुष्टुभस्य हविषः यत् हविः रथन्तरम् धातुः च द्युतानात् सवितुः आजभारा ॥

અ० જે વસિષ્ઠને **પ્રથ**નામનો પુત્ર છે અને જે ભરદ્વાજને **સપ્રથ**નામનો પુત્ર છે તે બન્નેમાં હું પ્રથના પિતા વસિષ્ઠે અનુષ્ટુભ છંદવડેયુક્ત ધર્મનું જે હવિપણું-પ્રાપ્તકરાવનાર **રથન્તર** નામનું સામ છે તેને **ધાતા** નામના દેવતા થકી અને દ્યોતમાન-સર્વના-ઉત્પાદક-શ્રીવિષ્ણુદેવથી પ્રાપ્ત કર્યું. ૫

३ १ २ ३ १ २ ३ २ ३ १ २
नियुत्वा न्वायवागह्ययꣳ शुक्रो अयामि ते ।
१ २ ३ २ ३२
गन्तासि सुन्वतो गृहम् ॥६॥

अन्व० वायो नियुत्वान् आगहि अयम् शुक्रः ते अयामि सुन्वतः गृहम् गन्तासि ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અ૦ હે વાયુદેવ! વાહનોવડેયુકત થઇ તમે આવો. આ દેદીપ્યમાન સોમ તમારે અર્થ નિયમની સાથ ગૃહણ કરેલો છે. કેમકે, તમે સોમનારસ–તૈયાર–કરનાર–યજમાનને ઘેર જાઓ છો. ૬

१ २र ३१२ ३१२
यज्जायथा अपूर्व्य मघवन् वृत्रहत्याय ।
१२३१२ ३१२ ३१ २र
तत्पृथिवीमप्रथयस्तदस्तभ्ना उतो दिवम् ॥७॥

अन्व० अपूर्व्य मघवन् वृत्रहत्याय यत् जायथाः तत् पृथिवीम् अप्रथयः उत दिवम् अस्तभ्नाः ॥

અ૦ આપની પહેલાં બીજો કોઈ હતો જ નહીં એવા અનાદિ હે સકલધનોના–ભંડારરૂપ–ઇન્દ્રદેવ! વૃત્રાસુરનો નાશકરવા જે સમય તમે પ્રકટ થયલા તે સમય તમે પૃથિવીને પ્રસિદ્ધ અને દૃઢ કરેલી. અને દ્યુલોકને અન્તરિક્ષવડે રૂડી રીતે સ્થિત કરી દીધેલો. આવો પ્રભાવ કોઇયેમાં નથી તમારામાંજ છે.

इति द्वितीयः खण्डः समाप्तः ॥२॥

खण्ड २

१ परुष्णीषु–અનેક વર્ણની.
२ उक्षा–जलस्य सेक्ता–જળ વરસાવનાર.
३ मिमेति–भृशं शब्दायते–અત્યન્ત શબ્દ કરે છે.
४ वाजयुः–બલ અને અન્નદેવાની ઈચ્છાવાળો.
५ ममिरे–निर्मितवन्तः–રચના કરે છે.
६ संमिश्र–संमिश्रयिता–ભેળવી દેનાર.
७ सहस्रप्रधन–જેમાં સહસ્ર હાથી ઘોડા આદિનો લાભ થાય તેવું મોટું સંગ્રામ.
८ द्युतानात्–द्योतमानात्–દ્યોતમાન.
९ आजभार–आहृतवान्–પ્રાપ્ત કર્યું.
१० नियुत्वान्–વાહનોવડેયુકત. (नियुतो वाहनानि) ।
११ अयामि–नियतः गृहीतः–નિયમપૂર્વક ગૃહણ કરેલ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ. ६ खण्ड ३

२ ३ १ ३ २ ३ १ २र ३ २ ३ १ २र
मयिं वर्चो अथो यशोऽथो यज्ञस्य यत्पयः ।
३ २ ३ १ २ ३ १ २र
परमेष्ठी प्रजापतिर्दिवि द्यामिव दृंहतु ॥१॥

अन्व० परमेष्ठी दिवि द्यामिव मयि वर्चः दृंहतु अथो यशः अथो यज्ञस्य यत् पयः ॥

અ० પરમલોકમાં–નિવાસ–કરનાર–પ્રજાપતિ, દ્યોતમાન સ્વર્ગમાં દ્યોતમાન કાન્તિની સમાન મારા શરીરમાં બ્રહ્મતેજને વધારે અને દૃઢ કરે. અને યશ કીર્ત્તિને વધારી દૃઢ કરે. અને યજ્ઞના સંબંધવાળું ઉત્તમ જે હવિરૂપ અન્ન છે તેને પણ વધારે અને દૃઢ કરે. ૧

२ ३ २ ३ १ २ ३ २ ३ १र २र ३ १ २
सन्ते पयांसि समुयन्तु वाजाः संवृष्णान्यभिमातिषाहः ।
३ १ २ ३ १ २ ३ १र २र ३ १ २
आप्यायमानो अमृताय सोम दिवि श्रवांस्युत्तमानि धिष्व ॥२॥

अन्व० सोम अभिमातिषाहः ते पयांसि संयन्तु वाजाः वृष्णानि अमृताय आ दिवि उत्तमानि श्रवांसि धिष्व ॥

અ० હે **સોમ**! શત્રુઓના–નાશકરનાર–તમને શ્રપણાર્થ નિયત કરેલ ક્ષીર પ્રાપ્ત હો. તથા હવિરૂપ અન્ન તમને પ્રાપ્ત હો. વીર્ય પણ તમને પ્રાપ્ત હો. અર્થાત્ આ સર્વને ગ્રહણ કરો. હે **સોમ**! તૂં પોતાના અમરપણાને અર્થ ચોમેર વૃદ્ધિ પામતો સતો, સ્વર્ગમાં અમારે ખાવાયોગ્ય ઉત્તમ હવિરૂપ અન્નોને ધારણ કરે છે. ૨

२ ३ १र २र ३ २ ३ २ ३ १ २ ३ २
त्वमिमा ओषधीः सोम विश्वास्त्वमपो अजनयस्त्वं गाः ।
१र २र ३ २ १ २ ३ १ २र ३ १र २र
त्वमातनोरुर्वा ३न्तरिक्षन्त्वञ्ज्योतिषा वि तमो ववर्थ ॥३॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अन्व० सोम त्वम् इमाः विश्वाः ओषधीः अजनयः त्वम् अपः त्वम् गाः उरु अन्तरिक्षम् त्वम् आतनोः तमः त्वम् ज्योतिषा विववर्थ ॥

અ૦ હે સોમ! તેં આ ભૂમિપર વર્ત્તમાન સકલ ઓષધીયોને ઉત્પન્ન કરી છે. તેં આ ઓષધીયોના કારણભૂત વર્ષાનાં જંલોને ઉત્પન્ન કર્યાં છે. તેં ગૌ--આદિ-સકલ-પશુઓને ઉત્પન્ન કર્યાં છે. વિસ્તારવાળા અન્તરિક્ષને તેં ફેલાવ્યું છે. અને આ અન્તરિક્ષમાં જે અમારી દૃષ્ટિને રોકનાર અન્ધકાર હતો તેને પણ તેં પોતાના પ્રકાશવડે અસ્તવ્યસ્ત વા નષ્ટ કર્યો છે. ૩

३ १ २ ३ १ २ ३ १ २ ३ २ ३ १ २
अग्निमीडे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
१ २ ३ १ २
होतारꣳ रत्नधातमम् ॥४॥

अन्व० यज्ञस्य पुरोहितम् होतारम् रत्नधातमम् अग्निं देवम् ईडे ॥

અ૦ યજ્ઞના પુરોહિતરૂપ અથવા યજ્ઞના પૂર્વભાગમાં આહવનીયરૂપે સ્થિત, દેવતાઓના યજ્ઞમધ્યે હોતા બનવાવાળા, યાગરૂપ રત્નોના અતિશય ધારક અને પોષક અગ્નિદેવતાને હું સ્તુતિ કરૂં છું. ૪

१ २ ३२र ३ २ ३ २ ३ १ २३१र २र
ते मन्वत प्रथमं नाम गोनां त्रिः सप्त परमं नाम जानन् ।
२ २ ३ २ ३क २र ३ २ ३ १ २ ३ १र २र ३ १ २
ता जानतीरभ्यनूषत क्षा आविर्भुवन्नरुणीर्यशसा गावः ॥५॥

अन्व० अग्ने ते प्रथमम् गोनाम् नाम अमन्वत त्रिःसप्त परमम् नाम जानन् ताः जानतीः क्षाः अभ्यनूषत यशसा अरुणीः गावः आविर्भुवन् ॥

અ૦ હે અગ્નિદેવ! તમારી-સ્તુતિકરવાવાળા-અંગિરસોએ, પહેલાં વાણી-સંબંધી સ્તુતિસાધક શબ્દમાત્રને જાણ્યા પછી તે વાણીસંબંધી એકવીસ પરમ ઉત્તમ સ્તુતિના સાધક સ્તોત્રરૂપ નામોને વા ગાયત્રી આદિ છન્દોને જાણ્યા. અર્થાત્ જગતી-આદિ-છંદોવડે-યુકત-મંત્રોદ્વારા અગ્નિની સ્તુતિ કરી. તે-સ્તુતિયોને-જાણનાર-પ્રજાએ, ઉષાકાળમાં સ્તુતિ કરી. તદનન્તર, સૂર્યના તેજની સાથ દીપ્તિમંત થયલ તે વાણીયો પ્રકટ થઇ. ૫

२ ३ १र २र ३ १ २ ३ २ ३ २ ३क २र
समन्या यन्त्युपयन्त्यन्याः समानमूर्वं नद्यस्पृणन्ति ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

२ ३ १ २ १ २ ३ १ २ ३ १र २र३ १ २ ३ १ २

तमू शुचिं शुचयो दीदिवाछंसमपान्नपातमुपयन्त्यापः ॥६॥

अन्व० अन्याः आपः संयन्ति अन्याः उपयन्ति समानम् नद्यः ऊर्वम् पृणन्ति तमु अपान्नपातम् शुचिम् दीदिवांसम् शुचयः उपयन्ति ॥

અ૦ એક વર્ષાનું જળ ભૂમિમાં જઈને પડે છે. પહેલેથી જ ભૂમિમાં સ્થિત બીજાં જળ તેમાં ભળી જાય છે. અને તે સર્વ જળ મળી એકઠું નદીરૂપ થઇ સમુદ્રમાં-વર્ત્તમાન-વડવાનલને તૃપ્ત કરે છે. તેજ જળોના પૌત્ર, નિર્મલ-દીપ્તિમાન-જળને શુદ્ધજળ સમીપ પ્રાપ્ત થાય છે. ૬

१र २र ३ १ ३ २ १र २र ३ १ २र

आप्रागाद्भद्रा युवतिरह्नः केतून्त्समीर्त्सति ।

१ २ ३ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ ३ २

अभूद्भद्रा निवेशनी विश्वस्य जगतो रात्री ॥७॥

अन्व० भद्रा युवतिः आगात् अह्नः केतून् समीर्त्सति भद्रा रात्री विश्वस्य जगतः निवेशनी अभूत् ॥

અ૦ સૂર્યના પ્રકાશથી હોનાર સન્તાપને નિવારણ કરી સુખદેવાવાળી, અન્ધકારને-મિશ્રણ-કરનારી રાત્રી, અભિમુખ આવી રહી છે. તે ચન્દ્રમાનાં કિરણોસાથ સમ્યક્ સંબંધ કરવા ચાહે છે. તે કારણજ કલ્યાણી રાત્રી, સકલ જગત્‌ની રૂડીરીતે શયન કરાવનારી હોય છે. અર્થાત્, દિવસમાં પોતપોતાના વ્યાપારોવડે ખિન્ન થયલાં સર્વ પ્રાણિઓને પોતાના આશ્રયમાં આરામ દે છે. ૭

३ २ ३ १ २ ३ २ ३ २र ३ ३ ३ १ २ ३ १ २ ३

प्रक्षस्य वृष्णो अरुषस्य नू महः प्र नो वचो विदथा जात-

१ २ ३ १ २ ३ १र २र ३ २ ३ १ २ ३

वेदसे । वैश्वानराय मतिर्नव्यसे शुचिः सोम इव पवत

१ २३ १ २

चारुरग्नये ॥८॥

अन्व० प्रक्षस्य वृष्णः अरुषस्य महः नु नः वचः विदथे वैश्वानराय प्र नव्यसे जातवेदसे अग्नये शुचिः चारुः मतिः सोम इव पवते ॥

અ૦ હે વૈશ્વાનર ! સર્વત્ર વ્યાપ્ત વા હવિરૂપ-અન્નવાળા..મનોરથોની-વર્ષા-કરવાવાળા દીપ્તિમાન્ જે તમે તેના પૂજનીય બલ વા તેજની હું શીઘ્ર જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્તુતિ કરું છું. તે લીધેજ અમારું વચન યાગમાં સકલ નરોને અભિલષિત-પદ પર-પહોંચાડનાર-અગ્નિદેવના અર્થ પ્રાપ્ત થાય છે અર્થાત્ સ્તુતિ કરે છે. અતિ નવીન અર્થાત્ હવિવડે અત્યન્ત પ્રજવલિત હોનાર તથા પ્રાણિમાત્રને-જાણનાર-અગ્નિદેવના અર્થ નિર્મલ અથવા સ્તુતિકરવાવાળાના પાપને નાશ કરી દેનાર કલ્યાણકારિણી મનન-કરવાયોગ્ય-સ્તુતિ, જેમ સોમ દશાપવિત્રમાંથી ટપકી જાય છે તે પ્રકારે મારા હૃદયમાંથી સ્વાભાવિક જ નીકળે છે. ૮

१ २ ३ १ २र ३ २ ३ १२ २र ३ १र २र ३ १ २

विश्वे देवा मम शृणवन्तु यज्ञमुभे रोदसी अपान्नपाच्च मन्म।

२ ३ १ २ ३ १ ३ २उ ३ १ २

मा वो वचाꣳसि परिचक्ष्याणि वोचꣳ सुम्नेष्विद्वो अन्तमामदेम ॥९॥

अन्व० विश्वे देवाः मम मन्म यज्ञम् शृणवन्तु अपान्नपात् उभे रोदसी वः परिचक्ष्याणि वचांसि मावोचम वः अन्तमाः सुम्नेषु इत् मदेम॥

અ૦ સકલદેવો મારી માન્ય-કરવાયોગ્ય-પૂજાને વા હવિને ગૃહણ કરો. ઉભય દ્યુલોક અને પૃથિવીલોકના અભિમાની દેવતા. મારા સ્તોત્રને સાંભળી ચિત્તમાં ધારણ કરો. હે દેવતાઓ! તમારા અર્થ ત્યાગ કરવાયોગ્ય જે વચન હોય તેને ઉચ્ચારણ કરતો નથી કિન્તુ, સુન્દર સ્તોત્રોને ઉચ્ચારણ કરૂં છું. તે કારણ તમારી અત્યન્ત સમીપ પહોંચતા અમે, આપે દીધેલ સુખમાં જ આમોદ કરીએ. ૯

१ २ ३ १ २ ३ २र २र ३ २

यशो मा द्यावापृथिवी यशो मेन्द्रबृहस्पती।

३ १ २ ३ १ २ ३ १र

यशो भगस्य विन्दतु यशो मा प्रतिमुच्यताम्।

३ २ २ ३ २ ३ १ २ ३ १ २

